# સંસાર ના દુઃખોના કારણો

# ૧૮ પાપસ્થાનક



શાસનપતિ શ્રી મહાવીરસ્વામિને નમઃ

નમો નમઃ શ્રી પ્રભુધર્મસૂરયે

# સંસાર ના દુઃખો ના કારણો

## ૧૮ પાપસ્થાનક

લેખક :

સ્વ. શાસનદીપક
મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજ ના શિષ્યરત્ન
ન્યાય વ્યાકરણ કાવ્યતીર્થ
પન્યાસ શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ
(કુમાર શ્રમણ)

પ્રકાશક :
શ્રી ખુશાલભાઇ જગજીવનદાસ
મશાલાવાલા બીલ્ડીંગ ન. ૧
મુગલ લેન માહીમ
મુંબઇ ૪૦૦ ૦૧૬ ફોન : ૪૨૨ ૪૦૯૪

દ્રવ્ય સહાયક :
શ્રી શ્વેતામ્બર જૈન અન્ધેરી સંઘ ઇસ્ટ
અન્ધેરી મુંબઇ
શ્રીમતી ગુણીબેન ચંદ્રકાન્ત ગાંધી

પ્રથમ આવૃત્તિ ૨૦૦૦
ઇ.સ. ૧૯૯૩
વિ.સ. ૨૦૪૮
વીરસ. ૨૫૧૮
ધર્મ.સ. ૭૧

મુદ્રકઃ
યશવન્ત એમ શાહ
પ્રીંટપેક
૨૧૫ હેમરસ્મીથ શીતલા દેવી ટેમ્પલ રોડ,
માહીમ, મુંબઇ ૪૦૦૦૧૬
ફોન ૪૫૪૨૩૦ - ૬૨૦૪૯૫૪

## મૂળ નાયક
## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દેરાસર



શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દેરાસર
જૂના નાગરદાસ રોડ
અન્ધેરી ઈસ્ટ
મુંબઈ - ૪૦૦ ૦૫૯

વિક્રમ સ. ૨૦૪૮

અમારી આગ્રહભરી વિનંતિ નો સ્વીકાર કરીને પ. પૂજ્ય પન્યાસ શ્રી પૂર્ણાનંદ

વિજયજી મહારાજ સાહેબ આદિ અમારા શ્રી અન્ધેરી ઈસ્ટ માં ચાર્તુમાસાર્થ પધાર્યા તે

યાદગાર ચાતૂર્માસ ની સ્મૃતી બની રહે તે માટે અમારા સંઘ ના જ્ઞાનખાતા માંથી

૧૮ પાપસ્થાનક પુસ્તક પ્રકાશિત થતા

અમે આનંદ અનૂભવી છીએ શ્રી અન્ધેરી પૂર્વ શ્વે. મૂ.પૂ. સંઘ

દ: શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન સંઘ

જગત્પૂજ્ય, શાસ્ત્રવિશારદ, જૈનાચાર્ય, સ્વ. શ્રી



શ્રીમદ્વિજય ધર્મસુરીશ્વરજી મહારાજ મ. સા.

| | | |
|---|---|---|
| જન્મ : સં. ૧૯૨૪ | દીક્ષા : સં. ૧૯૪૩ | સ્વર્ગ ગમન : સં. ૧૯૭૮ |
| મહુવા (સૌરાષ્ટ્ર) | ભાવનગર | શિવપુરી (મ.પ્ર.) |

પૂજ્ય ગુરૂવર્ય ૧૦૦૮ શ્રી વિદ્યાવિજયજી મ.સા ને સમર્પણ

સંસારની ચોરાશી લાખ શેરીઓમાં રખડનારો

મોહરાજાના સૈનિકોનો ઝપટમાં ઝપડાએલો

માટે જ સર્વથા અનાથ બનેલો એવો હું શિક્ષિત થવા માટે

આપશ્રીના ચરણોમાં દીક્ષીત થયો અને શિલ્પીના હાથે

પડેલો પત્થર ટંકણા તથા હથોડાનો માર ખાઈને

પૂજ્યતમ આકારને પામે તેમ હું પણ કંઈક બનવા પામ્યો છું

આપશ્રીના અનંત ઉપકારનો લાભ મેળવીને કૃતકૃત્ય થયેલો એવો હું

અઢાર પાપસ્થાનક પુસ્તક આપશ્રીના કરકમળોમાં

આદરભાવે અર્પણ કરીને હું ધન્ય બનું છું.

આગમજ્ઞાનદ્વારા જેઓ પ્રવૃત્તિશીલ હોવા છતા પણ પોતાના

આત્મામાં સુવ્યવસ્થિત હતા, જેમના જીવનમાં અહિંસાનો પ્રચાર

સંયમનું સ્થાપન, અને તપનું આરાધન મુખ્ય હતું તે

પ.પુ. ગુરુદેવ ૧૦૦૮ શ્રી વિદ્યા વિજયજી મ. ને મારી ભાવભરી વંદના દેજો

લેખકના ગુરૂવર્ય શાસનદીપક સ્વ. મુનિરાજ શ્રી ૧૦૦૮



શ્રીમદ્ વિદ્યાવિજયજી મહારાજ સાહેબ
સ્વર્ગ ગમન : સં. ૨૦૧૧ માગશર વદિ ૧૨, શિવપુરી (મ.પ્ર.)

# પ્રકાશકીય નિવેદન

**શાસ્ત્ર વિસારદ જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરાય નમઃ**

વાચકોના કરકમળમાં મૂકતા અત્યન્ત આનંદનો અનુભવ થાય છે. ૭૫ વર્ષની ઉમરે સ્વાસ્થ્ય તબીયત ઠીક ન હોવા છતા પણ જોઓએ ખૂબજ પરિશ્રમ કરીને પ.પૂ. પંન્યાસપ્રવર પૂર્ણાનન્દવિજયજી મ. સા. (કુમાર શ્રમણ) ૧૮ પાપસ્થાનક શું છે? તેનાં કટુફળો શું હોયછે? એનું સુંદર અને વિસ્તૃત વર્ણન **"૧૮ પાપસ્થાનક"** પુસ્તકમાં કર્યું છે.

આ પુસ્તકનું વાંચન, મનન, અને નિદિધ્યાસન કરી સમ્યગ્જ્ઞાન મેળવે અને સંસારમાં પરિભ્રમણ કરાવનાર ૧૮ પાપસ્થાનોથી બચવાનો પ્રયત્ન કરી દેવદુર્લભ માનવજન્મને સફળ કરી પરંપરાએ મોક્ષસુખને પ્રાપ્ત કરો એજ અભ્યર્થના.

પ્રેસના માલિક શ્રી યશવન્તભાઇ તથા ખૂબજ ઉદારતાપૂર્વક આ પુસ્તકમાં દ્રવ્ય સહાયક બનનાર શ્રી અંધેરી સંઘ પૂર્વ, તેમજ શ્રીમતી ગુણીબેન ચંદ્રકાંત ગાંધીના અમે સદૈવ ઋણી રહીશું.

પ. પૂ. પંન્યાસજી મ. સા. ને પ્રભુ દીર્ઘાયુ બક્ષે અને તેઓ શાસનસેવા કરે એજ શુભેચ્છા.

લી. ખૂશાલભાઇ

ગ્રન્થ લેખક : ન્યા. વ્યા. કા. તીર્થ પંન્યાસશ્રી



શ્રીમત્ પૂર્ણાનન્દવિજયજી મ. (કુમાર શ્રમણ)

દીક્ષા : વિ. સં. ૧૯૯૪ માગશર શુદિ ૧૦, કરાંચી (સિંધ

## ૐ અર્હં નમઃ
## શાસ્ત્ર વિશારદ જૈનાચાર્ય ૧૦૦૮ શ્રી વિજયધર્મસૂરીશ્વર ગુરુદેવોભ્યો નમઃ

### આમુખ

ભૂતકાળમાં કરેલી પુણ્યાત્મક શુભ ક્રિયાઓને સ્મૃતિમાં લાવી ખૂશ થવાના સ્વભાવવાળો માનવમાત્ર તત્કાળ કરેલી પાપાત્મક અશુભ ક્રિયાઓને એકાદ ક્ષણ માટે પણ જો સ્મૃતિપથમાં રાખી શકતો ન હોય તો ૨૫-30 વર્ષો પહેલા કરેલા પાપકર્મો ક્યાંથી યાદ રાખી શકે? અને જ્યારે 'મેં આ ખોટું કર્યું છે' 'મારાથી પાપો સેવાઈ ગયા છે' ઈત્યાદિ પ્રસંગોમાં પાપોને પાપરૂપે સમજ્વા જેટલી યોગ્યતા કેળવાઈ ન હોય ત્યારે પાપોની સ્વીકૃતિ અને 'મિચ્છામિ દુક્કડં' (મિથ્યા મે દુષ્કૃતમ્) આપવાનો ભાવ પણ કેવી રીતે થશે? અને જો આ પ્રમાણે ન થયું તો, પુણ્યકર્મની રાશિ (ઢગલો) સાથે લઈને જન્મેલો મનુષ્ય, માનવભવને પ્રાપ્ત કરીને પણ, આજીવન (જીવન પર્યન્ત) અવિરતપણે પાપ વ્યાપાર (પાપક્રિયા) કરી, પાપકર્મોનો ભારો મસ્તક પર લઈને ૮૪ લાખ જીવાયોનિમાંથી દુઃખમય અશુભ નરક તિર્યંચયોનિમાં પટકાઇ જશે.

વી પરિસ્થિતિમાં હું મારા સ્વયંને માટે જ વિચારવાનો હકદાર હોવાથી મારો આત્મા કયા પાપોથી ઘેરાયેલો છે? તેનો નિર્ણય કરવો એ મારા દીક્ષિત અને શિક્ષિત જીવનનો ફલાદેશ છે. કેમકે, મનુષ્યજીવનમાં સાવધાન કે અસાવધાન આત્મા, જે કાંઈ શુભાશુભ કર્મો કરે છે, તેને ભોગવવા માટે, દેવગતિ તિર્યંચગતિ અને નરકગતિ વિદ્યમાન છે; જ્યાં, ઉપાર્જિત કરેલા કર્મો ભોગવવા, સર્વથા અનિવાર્ય છે. આ ત્રણે ગતિમાં સમ્યકત્વ ચ્યૂત આત્માઓ, કંઈપણ શુભાત્મક વિચારો કરવા માટે પણ સમર્થ નથી, તો પછી સમ્યક્પ્રવૃત્તિ તેમના ભાગ્યમાં ક્યાંથી રહેશે? માટે જ દ્રવ્યોપાર્જન અને વિષયવિલાસોની મોઝથી અનાસકત બની કેવળજ્ઞાન મેળવવાના માર્ગ પ્રતિ પ્રસ્થાન કરવામાં દેવદુર્લભ અને સર્વોત્કૃષ્ટ મનુષ્યજીવનને ઉપયોગમાં લેનાર ભાગ્યશાળી બનશે; પરન્તુ તે માર્ગને જાણવો એ ધારીએ તેટલો સરળ નથી. માટે જ સામાયિકાદિ વ્રતધર્મો જાણી શકયા અને આદરી પણ શકયાં પણ વ્રતધર્મોને

મલીન કરનારા દોષોનું જાણવાપૂર્વક વર્જન કરવું એ અતિ આવશ્યક હતું, પણ ભવભવાન્તરમાં કરેલા, કરાવેલા અને અનુમોદેલા પાપ સંસ્કારોની ઝટિલતાના કારણે તે તે દોષોને જાણવામાં અને ત્યાગવામાં સાધક, ગમે ત્યાં ભૂલ ખાઇ જાય છે જેના પરિણામરૂપે કરેલા શુભાનુષ્ઠાનોનો ચમત્કાર આત્મામાં સર્જોઇ જવાના બદલે પાપભાવના અને રાગદ્વેષની બહુલતા વધી જાય છે.

પુણ્યકર્મો સમજવા સરળ છે અને આદરવા કઠિન છે. તો પણ તેથી અધિક્રમ કાઠિન્ય પાપકર્મોને સમજવામાં અને ત્યાગવામાં છે. તો પણ હુંડા અવસર્પિણીના પાંચમા આરામાં અમૂલ્ય માનવભવને પ્રાપ્ત કરી ધીમે ધીમે યથાશકિત યથાશકય અને યથા પરિસ્થિતિ એકાદ મોટા પાપને પ્રતિમાસે પ્રતિવર્ષે અને અન્તે પાંચ વર્ષે પણ છોડવા માટે પ્રયત્નશીલ રહેનાર, અવશ્ય ભાગ્યશાળી બનશે. આ સર્વ વાતોને ધ્યાનમાં રાખી, જીવનમાં સર્વપ્રથમ પાપદ્વારોને સમજવા માટેની તત્પરતા જ, મુનિવેષમાં કે ગૃહસ્થવેષમાં રહેલા આત્માને, મોક્ષ તરફ આગળ વધવામાં પૂર્ણ સહાયક બનશે, આમાં કોઇને પણ લેશમાત્ર શંકા નથી.

છદ્મસ્થતાના કારણે પ્રમાદાધીન બનીને મારા આત્માએ પણ, અનેકવિધ અઘટિત અશુભ પાપકાર્યો આચર્યા હશે, તેથી જ ગાઢતમ પાપસંસ્કારોથી મલીન બનેલો મારો આત્મા નિર્મળ બને, અને આ ભવમાં કૃતઅલ્પ પણ આરાધના, આગામી ભવોમાં પૂર્ણ કરી, હું શાશ્વત સુખને (મોક્ષને) પ્રાપ્ત કરવા સમર્થ બની શકું,તેવા પવિત્રતમ આશયથી જ, આ પ્રકરણ લખવા મેં પ્રયત્ન કર્યો છે, જેથી પ્રત્યેક પાપોનું, તથા તેના ફળાદેશનું સમજણપૂર્વક વર્જન કરતો રહું તો, અરિહંત પરમાત્માના શાસનના, તથા મારા જીવનના ઘડવૈયા બનેલા, પરમ ઉપકારી મારા ગુરુદેવના ઉપકારના બળથી આવતા ભવમાં પણ હું ધન્ય બનવા પામીશ. આ કારણે ૧૮ પાપસ્થાનકોની વિસ્તૃત ચર્ચા કરવાનો આ પ્રયત્ન, મારા માટે તો અવશ્ય ઉપકારી બનશે જ, સાથે સાથે મારા જેવા અન્ય આત્માઓને માટે પણ ઉપકારી બનશે જ, તેવી મને શ્રદ્ધા છે.

આજના ભૌતિકવાદમાં ગળાડુબ થયેલા માનવોને, પાપકાર્યો ખોટા છે, ઘાતક છે, મારક છે, દુર્ગતિદાયક છે, માટે છોડવા લાયક છે. આટલું પણ સમજવા જેટલી લાયકાત પ્રાપ્ત થશે તો, તે ભાગ્યશાળિઓ પણ, ભવાન્તરમાં બહુ જ શીઘ્રતાથી જયવંતા જૈનશાસનને પ્રાપ્ત કરી, વર્તમાન ભવની અધુરી રહેલી આરાધના,

અન્યભવોમાં પૂર્ણ કરી, કેવળજ્ઞાનની કેડી (માર્ગ) પર ચડવા માટે હકદાર બનશે.

મારી માન્યતા છે કે, પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ આ પાંચે મોટામાં મોટા પાપો છે, તો પણ, પછીના ૧૩ પાપો તેના કરતાં પણ વધારે ખતરનાક છે માટે તેમને ભાવપાપો કહેવાયા છે તેથી તેમની વિસ્તૃત ચર્ચા કરવામાં મને ખૂબ જ આનન્દ આવ્યો છે, એને યથાશકય શાસ્ત્રોના સૂકતો મૂકીને પણ વિષયની ચર્ચા વિશદ બનવા પામી છે. છદ્મસ્થ એવા આપણે સૌ ભાવપાપોને સમજીએ, વિચારિએ અને માનસિક જીવનમાંથી તેને ત્યાગી દેવાનો આગ્રહ રાખીએ.

ઘણા પ્રકરણો વિશેષ સુન્દર લખાયાં છે, જેનો ખ્યાલ, વાંચન કરવાથી આવશે. મનનશીલ આત્માનો સ્વાનુભવ પણ હોય છે. જેથી તેનો ઉપયોગ, લેખોમાં ઉતરે તે નિન્દનીય નથી, પણ પ્રશંસનીય છે. કેમકે સંસારવર્ત્તી જીવો, એક જ કોટિના નથી પણ અનેક કોટિના છે. તેમ સર્વેનું મતિજ્ઞાન અને મતિજ્ઞાનવરણીય કર્મ પણ સમાન નથી. તેમ જ ભવભવાન્તરોનાં સંસ્કારો પણ, જીવમાત્રના પૃથક પૃથક છે તે સર્વે વાતોને લક્ષ્યમાં રાખીને જ વિષયો ચર્ચાયા છે.

સ્વહિતમાં પરહિત સમાવિષ્ટ છે તો પણ આ પ્રકરણો સ્વ તથા પરને ફલદાયી બનશે, માટે વિસ્તૃતચર્ચા દોષાસ્પદ નથી, તેથી મારા પ્રત્યે કલ્યાણકારી શુભભાવના રાખીને વાંચવા માટેનો આગ્રહ કરું છું.

અનુયોગદ્વાર સૂત્રના વિવેચન પછી, આગમીય ગ્રન્થ ઉપર વિવેચન કરવા અંગેનો, ઘણા પ્રશંસકોનો આગ્રહ હતો પણ ઉમ્રના કારણે સમર્થ બની શકયો નથી. છતાં પણ વાંચવા લખવાની લગની હોવાના કારણે, વર્તમાન શારીરિક શકિત અને સમયનો, યથાશકિત, સમ્યકપ્રવૃત્તિ માં સદુપયોગ કરવા માટે, પાપસ્થાનકનો વિષય પસન્દ કર્યો છે હવે પછી પૂ. ગુરુદેવોના આશિર્વાદ અને શાસનદેવોની કૃપા પ્રાપ્ત થશે તો "જૈન પારિભાષિક શબ્દકોષ" ઉપર ટૂંકમાં વિવેચન કરવાની ભાવના પૂર્ણ થશે.

જો કે ઘણા સ્થળોનું લખાણ સુધરાવી લીધું છે; છતાં પણ બાલ્યકાળમાં હિન્દી ગુજરાતી ભાષાનો ખાસ અભ્યાસ ન હોવાથી, કંયાચ પણ ભાષાદોષ કે વાકયદોષ દેખાય તો હું ક્ષન્તવ્ય છું.

વયસ્થવિર (વયોવૃદ્ધ) અને સંયમસ્થવિર મારા શિષ્ય, મુનિ દેવવિજયજી મ. જે મારા સાથીદાર બન્યા હતાં તે, ૨૫ વર્ષ સુધા ચારિત્ર પર્યાયમાં રહીને ભિવંડી મુકામે કાલધર્મ પામ્યા, અને ભિવંડીમાં જ સાધુપદને પ્રામ મારા અન્ય શિષ્ય મુનિ ગૌતમવિજયજી જે મહાતપસ્વી હતાં તે અઢિ (૨૧૧) વર્ષના અન્તરે, ઘાટકોપર સાંઘાણી એસ્ટેટના ઉપાશ્રયમાં કાલધર્મ પામ્યા, આ કારણે થોડી હતાશા થાય, તે સ્વાભાવિક છે. છતાં પૂ.ગુરુદેવની અને શાસનમાતાની કૃપાદૃષ્ટિથી, આજસુધી પ્રત્યેક લેખન કાર્યમાં સફળ બન્યો છું.

અતિ આગ્રહ અને વિનંતીથી અંધેરી (ઈસ્ટ) - જૂના નાગરદાસ રોડ, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન સંઘે, વિક્રમ સં. ૨૦૪૮નું કરાવેલ ચાતુર્માસ હર્ષોલ્લાસપૂર્વક નાના મોટા આરાધક ભાઈ બહેનોના સહયોગથી આનન્દ સાથે પૂર્ણ થયું છે. તેમાં પણ જીવનપર્યન્ત સ્મૃતિમાં રહે તેવો આનન્દદાયી, વિશિષ્ટતમ પ્રશંસનીય, ૪૫ આગમોની આરાધનાનો મહોત્સવ થતાં, તે પવિત્ર સમયે જ શ્રી સંઘે, આ પ્રસ્તુત પુસ્તક અંગે સુન્દરમાં સુન્દર આર્થિક લાભ લેવાનો નિર્ણય કરી મને કૃતકૃત્ય બનાવ્યો છે. તે માટે આ સંઘ ધન્યવાદ અને પ્રશંસાને પાત્ર છે.

**લી. પં. પૂર્ણાનંદ**



## શાસનપતિ ભગવાન મહાવીર સ્વામીને નમ:

## શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરિગુરુદેવેભ્યો નમ:

## શ્રી પદ્માવત્યૈ નમ:

# (૧) પ્રાણાતિપાત (હિંસા)

સંસારની ગહનતા

કેવળજ્ઞાન પ્રાપ્ત દેવાધિદેવ, શ્રી અરિહંત પરમાત્માઓને, પરમપૂજ્ય ગુરુદેવોને તથા પદ્માવતીમાતાને દ્રવ્ય તથા ભાવવંદન કરીને મારી મતિ, શ્રુતિ અને અનુભૂતિ પ્રમાણે, ૧૮ પાપસ્થાનકોની વિસ્તૃત વ્યાખ્યા કરવાનો પ્રયાસ કરીશ.

અતિગહન આ સંસારચક્રમાં દેવદાનવ કે માનવ હોય, જગદમ્બા સ્વરુપે પ્રસિધ્ધિ પ્રાપ્ત દેવીઓ હોય કે પંડિત મહાપંડિત હોય, ઋષિમહાઋષિ કે આકાશમાં ઉડનારા વિદ્યાધરો હોય તે બધાય રમતગમતના મેદાનમાં (પ્લેગ્રાઉન્ડ) પહેલા ફૂટબૉલની માફક કરેલાં કર્મો ની ઠોકર ખાઇ ને સંસારની ૮૪ લાખ શેરીઓમાં રખડતા હોયછે, શા માટે રખડતા હશે? શા માટે અપુનરાવર્તનીય મુક્તિ (મોક્ષ) મેળવી શકયા નથી કે શકતા નથી. તથા આત્યંતિક અને ઐકાન્તિક સુખશાન્તિ અને સમાધિ મેળવી શકવા માટે ભાગ્યશાળી બની શક્યા નથા? આમાં ખરૂં કારણ શું છે ?આનો નિર્ણય કરવા માટે જંકશન જેવા મનુષ્યાવતાર સિવાય બીજો એકેય અવતાર નથી.

સદ્‌બુદ્ધિ, સદ્વિચાર અને સદ્વિવેક. મનુષ્યાવતારના સર્વશ્રેષ્ઠ ફળાદેશો છે, જે દેવો કે દેવન્દ્રો પાસે પણ નથી, કેમ કે પ્રાયે કરી તે પૂર્ણ કર્મોના ભોગવટામાં સીમાતીત મસ્ત બનેલા હોવાથી જીવન સફળ બનાવવા માટેનો એકેય વિચાર તેમના ભાગ્યમાં હોતો નથી. આ કારણેજ મનુષ્યાવતારને દેવદુર્લભ માનવામાં આવ્યો છે.

અનાદિકાળના સંસારમાં ૮૪ લાખ જીવાયોનિમાં અનંત ભવો પૂર્ણ કર્યા. તેમાં મનુષ્ય અવતારો પણ કરોડો વાર પ્રાપ્ત કરી ચૂકયા જેમાં રાજા મહારાજા શેઠ સાહુકારો નાં ભવો પણ મેળવી લીધા છે. પણ તે બધાયે અવતારો મોહમાયાની અકાટ્ય જાળમાં વિષયવાસનાની દુર્ભેદ્ય અગ્નિજ્વાળામાં, ક્રોધ, માન, માયા અને

લોભનાં શેતાની સકંજામા, પુત્રપરિવારાદિના નાશવંત સ્નેહસાગરમાં અને મિથ્યા પ્રતિષ્ઠાનાં ભ્રામક ખયાલાતોમાં પાપાનુંબંધી પુણ્યકર્મોને ઉપાર્જન કરવામાંજ પૂર્ણ કર્યા છે. છતાં પણ રાધાવેધ ની સમાન એક વાર ફરીથી મનુષ્યાવતાર મેળવવા ભાગ્યશાળી બની ચૂકયા છીએ. જ્યારે ચાર દિવસની ચાંદની જેવો માનવાવતાર પ્રાપ્ત થઈજ ગયો છે ત્યારે તેને હર હાલત માં પણ સફળ બનાવવો એજ સાચો પુરુષાર્થ છે. તથા ભણતર-ગણતર અને ખાનદાનીનુ ફળ છે.

મોહમાયાના ગાઢ અંધકાર માં અથડાતો આત્મા અનન્ત શક્તિઓનો માલિક હોવા છતા પણ આષાઢ શ્રાવણ મહિનાના ઘનઘોર વાદળાઓ મા છુપાઈ ગયેલા સૂર્યનારાયણની જેમ પોતાની એકેય શક્તિનો વિકાસ સાધી શકયો નથી. તેનુ કારણ એકજ છે કે સૂર્યને હજારોની સંખ્યામાં કિરણો છે તેમ આત્માને પણ અસંખ્ય પ્રદેશો છે અને તે બધાય કર્મોના અનન્ત પરમાણુઓ તથા તેમના સ્કંધોથી એવી રીતે આવૃત થયેલા છે જેના કારણે આત્મા પોતાના સત્પુરુષાર્થને ચરિત્રાર્થ કરી શકતો નથી. સિપાઈઓ ના હાથમાં સપડાઈ ગયેલા અપરાધી ના હાથ, પગ, કમર અને છાતી દઢતમ દોરડાથી બંધાઈ ગયા હોય તો તેના હાથમાં તલવાર કે આસુરી શક્તિ પણ શા કામના? તેવી રીતે કર્મરાજાની બેડીમાં જકડાઈ ગયેલા આત્માને માટે પણ જાણી લેવું.

આત્મા પર લાગેલા, ચોંટેલા કર્મો બધાંય અશુભ જ હોય તેવું માનવાનું નથી. પણ શુભકર્મો પણ હોય છે. જેનાથી અનન્ત આકાશના એક એક પ્રદેશમાં રખડતો કોઈક સમયે પાછું મનુષ્યજીવન મેળવવા માટે ભાગ્યશાળી બને છે. પણ અશુભકર્મોનો ભરમાર, (પ્રાચુર્ય) એટલો બધો સશકત હોય છે જેનાલીધે આચાર-વિચાર અને ઉચ્ચાર થી ભ્રષ્ટ થયેલા માતાપિતા, પુત્રપરિવાર, મિત્રો તથા ભણતર-ગણતર પણ તેવૂજ પ્રાપ્ત થાય છે. જેના લીધે દુર્બુદ્ધિ, ગંદા વિચારો અને અસદ્વિવેકની પ્રાપ્તિ સુલભતમ બને છે .ફળસ્વરુપે તેવા તેવા પ્રકારના પાપવિચારો અને પાપ પ્રવૃત્તિઓજ જીવાત્માના ભાગ્યમા શેષ રહે છે. એટલે કે પાપવ્યવહાર કરવાની મુદ્દા ઈચ્છા ન હોવા છતાં પણ પાપવૃત્તિઓ ને પાપપ્રવૃત્તિઓ કરવી અનિવાર્ય બની જાય છે. પરિણામે મધના વાટકામાં પડેલી માખીની જેમ મોહમિથ્યાત્વ, વિષયવાસના અને માયાપ્રપંચ માં પૂર્ણ રૂપે લપટાઈ ગયેલા આત્માને પાછું (ફરીફરીથી) ૮૪ લાખ યોનિઓમાઁ ભટકવાનું અનિવાર્ય બને છે. તેવા સમયે પુણ્યથી મેળવેલી શુભસાધન સામગ્રી ને પણ સફળ કરવા જેટલી પુરુષાર્થ શક્તિ તેમની પાસે રહેતી

નથી. ભીત પર વાર્નીશની ચિકાશ જ્યાં સુધી રહેશે ત્યાંસુધી વિના રોકટોક તેના પર કચરો લાગ્યા વિના રહેતો નથી તેવી રીતે આત્મા પર અનન્ત ભવોના અનન્ત જીવો સાથે ઉપાર્જન કરેલા, પોષેલા વધારેલા રાગદ્વેષના લોભપ્રપંચના, વિષયવાસનાના કે મારકૂટના સંબંધો તથા લેવડદેવડમાં કરેલા ગોટાળા, દુરાચાર, કુકર્મનાં અતિક્રુરાચરણો, જીભના અસત્યાચરણો, હૈયાનાં માયાચરણો અને પશુઓને પણ શરમાવે તેવા શરીરનાં દુષ્ટાચરણો, આદિના કારણે બાંધેલા બંધાયેલા પાપકર્મો અને વૈરકર્મોની પરંપરા પણ પ્રત્યેક ભવોમાં આત્માની સાથેજ રહેવાની છે . બેશક! અનન્ત જીવો સાથે બંધાયેલા ઋણાનુબંધો એકજ અવતારમાં ઉદયમાં આવવાના નથી પણ જ્યારે તે પ્રતિપક્ષી જે ભવમાં હશે ત્યાં આપણા આત્માને પણ જન્મ લેવાનું સર્વથા અનિવાર્ય છે અને અમુક સમય પુરતાતે ઋણાનુબંધોના હિસાબ (લેવડદેવડ) ભરપાઈ થઈ જશે ત્યારે તત્કાળ જ ત્યાંથી મરીને બીજો અવતાર લેવો ભાગ્યમાં રહેશઃ સારાંશ કે આ પ્રમાણે આપણે બધા અનન્ત ભવોમાં રખડી ચુકયા છીએ અને રખડી રહયા છિએ..

ચૈતન્ય અને જડનું મિશ્રણ જ સંસાર છે આનાથી અતિરિક્ત ત્રીજો એકેય પદાર્થ સંસારમાં ગોતવા છતાં મળે તેમ નથી. જેમા ચૈતન્ય, જ્ઞાન, અજ્ઞાન, ભય, ક્રોધ અને મોહાદિ તથા ધારણ કરેલા શરીરનું ઘટવું વધવું દેખાય, અનુભવાય તે સર્વે ચૈતન્ય સંપન્ન જીવ છે. અને તેનાથી વિપરીત જડ તત્વ છે. પૃથ્વી- પાણી- વાયુ- વનસ્પતિ- કીડા- મંકોડા- હાથી- ઘોડા- દેવ - નારક અને મનુષ્યાદિ જીવોને જન્મ લેવાનો આધારજ જડ તત્ત્વ છે. આ કારણે પોતપોતાનાં શુભાશુભ કર્મોને ભોગવવા માટે એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના જડ પદાર્થોનો આશ્રય લેવો અનિવાર્ય છે. અને જડ તત્ત્વથી રચાયેલા શરીર, ઈન્દ્રિયો, મન તથા મતિ જ્ઞાનાવરણીય કર્મના કારણે પ્રામ થયેલી દુર્બુધ્ધિ પણ જડ જ છે માટે શરીર ભાડાના મકાન જેવું છે તેની અંદર બિરાજમાન આત્મા પણ અનાદિકાળથી શરીર સાથે જકડાયેલો હોવાથી તેને જડ તરફનું આકર્ષણ હોય તે સ્વાભાવિક છે.પ્રાણાતિપાતાદિ કર્મો પણ જડ છે કેમ કે તેઓની ઉત્પત્તિ કર્મજન્ય છે, એટલે કે ભવભવાન્તરોના કરેલાં કર્મો જનક છે, કારણ છે અને પ્રાણાતિપાતાદિ જન્ય છે, કોઈક સમયે દ્રવ્ય - ક્ષેત્ર - કાળ અને ભાવને લઈને પ્રાણતિપાતાદિ કારણ પણ બને છે અને તેનાથી ઉપાર્જિત કર્મો કાર્યરુપે પણ બનવા પામે છે.

આ પ્રમાણે કર્મચક્રમાં ફસાયેલા આત્માને સદ્‌બુધ્ધિ (સમ્યગ્ જ્ઞાનોદય) નો

અભાવ હોવાથી દુર્બુદ્ધિ (અજ્ઞાનોદય) જ ભાગ્યમાં રહેલો હોવાથી પ્રાણાતિપાતાદિ અસત્કાર્યો તરફ જ આત્માનો ઝુકાવ હોવાથી તે પાપો કોઠે પડી ગયાં છે. પ્રતિમિનિટ, પ્રતિસેકંડ અને પ્રતિસમય આત્માની લેશ્યાઓ, અધ્યવસાયો પરિણામે અને વિચારધારાઓ સ્થિર નહી રહેતા હોવાથી જેટલીવાર લેશ્યાદિ બદલાય. તેટલાજ કર્મો નું ઉપાર્જન અનુભવગમ્ય છે છતાપણ સંસારભરમા જેટલી સંખ્યામાં પાપો હોઈ શકે તે બધાઓનો સમાવેશ ૧૮ ની સંખ્યામાં શાસ્ત્રમાન્ય છે.

કોઈને પણ કહેવાનો અવસર પ્રાપ્ત થઈ શકે છે કે અનાદિકાળના સંસારમાં પ્રાણાતિપાત (હિંસા), મૃષાવાદ (જૂઠ), અદત્તાદાન (ચૌર્ય), મૈથુન (દુરાચાર) અને પરિગ્રહ તથા ક્રોધ - માન - માયા અને લોભાદિ તત્વો પણ અનાદિકાળનાં છે. માટે માનવમાત્રનો સહજ સ્વભાવજ હિંસાદિનો છે અને તે તે કર્મો જીવમાત્રને કર્યા વિના છુટકો નથી. આના જવાબમાં પ્રાણાતિપાતાદિ ભાવો સાહજિક નથી પણ વૈકારીક, વૈવાભિક, હોવાથી આત્માનો સહજ ધર્મ હોઈ શકે નહી કેમ કે જે કાર્યો કરવાથી માનવને પાછળ થી પસ્તાવો થાય, દુઃખ-મહાદુઃખ, ગ્લાનિ કે મ્લાનિ થાય તેવાં કર્મો આત્માના ધર્મો શી રીતે હોઈ શકશે? જેમ કે પરજીવોની હત્યા કર્યા પછી કે જૂઠપ્રપંચ કરી બીજાની સાથે છેતરપીડી કર્યા પછી સહૃદય માનવને થોડે ઘણેઅંશે પણ અફસોસ થયા વિના રહેતો નથી. તેમ અધાર્મિક મૈથુન સેવ્યા પછી **"पतनान्ते शोचयतीति शुक्रम्"** આ ન્યાયે વીર્યનાશ થયા પછી ઘણામાનવોને હતપ્રભ થયેલા અને શોકસંતાપ કરતા જોયા છે . સીમાતીત પરિગ્રહ નો પરમભકત ક્યારેય, સ્વપ્નામાં પણ, સુખશાન્તિ તથા સમાધિ મેળવી શકતો નથી. પૈસાની માયામાં ગળેડૂબ થયેલાંઓને તમે જાણો છો? તે દયાપાત્ર બિચારા ધર્મપત્ની કે પુત્રપરિવાર સાથે બેસીને ખાઈ પણ શકતા નથી. સુખદુઃખ કે તેમના પઠનપાઠન માટે સમય પણ આપી શકતા નથી. થોડા આગળ વધીએ. પોતાનો લાડકવાયો પુત્ર મરણપથારીએ હોય તો પણ ડાકટરને બોલાવવા જેટલો સમય પણ તેમની પાસે નથી હોતો. પ્રતિશ્વાસે વ્યાપાર, ચોપડા, ગ્રાહક, તિજોરિ ચેકબુક, આદિ કામકાજમાંથી ઉંચું માથું પણ કરી શકતા નથી. ક્રોધમાં ધમધમતા માનવને પરદયાળુ પરમાત્માઓ પણ શાન્તિ આપી શકતા નથી. મંત્રજાપ, જંત્રતંત્ર દોરાધાગા કે જમણા શાંખો પણ ક્રોધાન્ધોને શાન્ત કરી શકતા નથી અભિમાન ના ફૂંફાડા મારતા માનવનો જ્યારે તેનાથી સવાયો માણસ તિરસ્કાર કરે છે ત્યારે તેવા ઘમંડીરામોને ધુંઆપુંઆ થતાં સૌ કોઈ જોઈ શકે છે અને લોભાન્ધ માનવ પછી ચાહે વિષયવાસનાનો લોભી હોય, પૈસા ટકાનો લોભી હોય, મિથ્યાપ્રતિષ્ઠા કે ઇજ્જત આબરૂનો લોભી હોય,

તેમને કોઈએ પણ ક્યારેય શાન્તિપૂર્વક બેસતાં ઉઠતાં કે બોલતાં પણ નહી જોયા હોય. હદબહાર રાગાન્ધ અને દ્વેષાન્ધોથી સુખશાન્તિ અને સમાધિ હજારો માઈલ દૂર ભાગે છે. કલેશકંકાસ કરનાર, બીજાની ચાડી ખાનાર, કલંકિત અને અપમાનિત કરનાર અને છાસવારે ને છાસવારે રતિ અને અરતિમાં ગળે ડૂબ થયેલા માનવોને પણ આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન કરતા જ જોયા છે. ઇત્યાદિ પ્રસંગોને પ્રત્યક્ષ જોયા પછી કે અનુભવ્યા પછી આપણો આત્મા જ કબૂલ કરશે કે પ્રાણાતિપાતાદિ પાપો આત્માનો સ્વભાવ હોઈ શકે નહી. તો પછી ધર્મ શી રીતે હોઈ શકશે? માટે વૈકારિક ભાવો આત્માનો ધર્મ નથી જ.

ઉત્તરાધ્યયન સૂત્ર માં પરમાત્મા મહાવીર સ્વામીએ વત્થુસહાવો ધમ્મો એટલે કે વસ્તુ (પદાર્થ) નો જે મૌલિક સ્વભાવ હોય તે તેનો ધર્મ છે. જેમ કે અગ્નિનો મૂળ સ્વભાવ ઉષ્ણતા છે પાણી નો શીતલતા છે યદ્યપિ અગ્નિના પ્રયોગે પાણીમાં ઉષ્ણતા દેખાય છે પણ તે અગ્નિના વૈકારિક પ્રયોગથી દેખાય છે અને જ્યારે જેમ જેમ અગ્નિ બુઝાતો જાય છે તેમ તેમ ઉષ્ણતા ઓછી થતા પાણી પોતાના મૂળ સ્વભાવમાં આવી જાય છે. આપ્રમાણે જન્મજન્મનાં ઉપાર્જિત કર્મોના કારણે જીવાત્માના મૌલિક સ્વભાવો અહિંસા - સંયમ અને તપોધર્મના સ્થાને હિંસા, દુરાચાર અને ભોગવિલાસો ઉત્પન્ન થાય છે , વધે છે , વધારાય છે અને એક સમયે સદ્‌ગતિદાયક પદ્મલેશ્યા તેજો લેશ્યા અને શુકલલેશ્યા ના સ્થાને દુર્ગતિદાયક કૃષ્ણ નીલ અને કાપોતલેશ્યા વૃદ્ધિગત થતાજ આત્મા પોતાની સંપૂર્ણ શકિતની સાથે હિંસાદિ કર્મોમાં વ્યાપારિત થાય છે. તે માટે પ્રયત્નવિશેષ કરે છે. જેમ કે તીરકામઠા, છરા, બંદુક, ડંડા આદિ શસ્ત્રોને મેળવે છે . શિકાર માટે ભાડુતી માણસો ને રાખે છે , જંગલમાં જાય છે શિકાર માટેનાં ખાસ મકાનો બંધાવે છે . આવી રીતે જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહ આદિ પાપોને વધારવા માટે મન વચન કે શરીરથી ક્રોધ - માન - માયા અને લોભ થી પણ કંઈક કરવું પડે તે સર્વધર્મ નથી પણ પરધર્મ છે. માટે જ પ્રાણાતિપાતાદિમાં જીવમાત્રને વિશેષ પ્રવૃત્તિ કરવાની ફરજ પડે છે . તે વિના કોઈ પણ જીવનો ઘાત - હનન - મારણ - તાડન - દુઃખોત્પાદન - પીડન - તર્જન કે આક્રમણ આદિ થતું નથી. માટેજ તે પાપો - પાપમાર્ગો સ્વધર્મ (આત્માનો ધર્મ) નથી, પરંતુ પરધર્મ છે અને **"परधर्मो भयावहः"** એટલે કે પ્રાણાતિપાત જૂઠ પ્રપંચ, દુરાચાર (બદચલન) અને પરિગ્રહ આદિમાં આસકત બની મરવું તે અત્યંત ભયાવહ છે, કેમ કે મોહમાયામાં મસ્તાન બનીને બીજા જીવોને મારનાર જ પોતાના બીજા ભવોમાં યમદૂતોનો માર ખાય છે. ભૂખે મારનાર જ

ભૂખે મરે છે. રોવડાવનાર જ જીંદગીના છેલ્લા શ્વાસ સુધી રોતો રહે છે. બીજાના હાથપગ તોડનાર તથા આંખ ફોડનાર, કાન કે ચામડી છેદનારના જ પગ કપાય છે, હાથ છેદાય છે, આંખથી કમજોર હોય છે, કાને બહેરો, પગે લંગડો અને હાથે ઠુંઠો થાય છે , છેવટે બુધ્ધિ વિનાનો મગજનો ફરેલો થાય છે. સંસારવર્તી જીવોના ઉપર પ્રમાણે- ના ફળાદેશોને પ્રત્યક્ષ જોયા પછી નિર્ણય કરવાનો રહેશે કે પ્રાણાતિપાતાદિ ધર્મ નથી સદાચાર કે શિષ્ટાચાર પણ નથી પરંતુ મહાભયંકર પાપ જ છે દુરાચાર અને ભ્રષ્ટાચાર છે.

**"पापानां स्थानकमिति पापस्थानकम्**
**पापान्येव स्थीयन्तेऽ स्मिन्निति पापस्थानकम्"**

એટલે કે ગમે તે કારણે જેના સેવનથી - આચરણથી પાપભાવનાનું જ પોષણ થાય તે પાપસ્થાનક છે.

આજના સંસારનો, પછી ચાહે તે સાક્ષર કે નિરક્ષર હોય, પંડિત - મહાપંડિત હોય, સાધુ કે ગૃહસ્થ હોય, નાનો કે મ્હોટો હોય, સ્ત્રી કે પુરુષ હોય તે બધા વારે કે તહેવારે ચારિત્રાચાર, સદાચાર, પવિત્રાચાર આદિ શબ્દોનું ઉચ્ચારણ જરુર કરે છે પરંતુ તેમનું મૌલિક રહસ્ય જ્યાં સુદી જાણવામાં ન આવે અને જાણેલા અર્થો જીવનનાં અણુ અણુમાં આચરિત ન થાય ત્યાં સુધી માંસ ભોજન, શરાબપાન જીવહત્યા, પરસ્ત્રી કે વેશ્યાગમન, જુગાર, શિકાર કે અભક્ષ્ય ભક્ષણ, અફિણ, ભાંગ, ચરસ આદિ જીવનધનને બરબાદ કરીને માનવને દાનવ બનાવનારા દુર્ગુણોની ક્યારેય સમાપ્તિ થાય તેમ નથી. કેમકે હૃદય મંદિર માં કાં તો શિષ્ટાચાર (અહિંસાચાર) રહેશે અન્યથા ભ્રષ્ટાચાર (માંસભોજનાદિ) રહેશે. તેમાં ચારિત્રાચાર અહિંસક, સંયમી અને તપોભાવનું લક્ષણ છે. જ્યારે માંસભોજનાદિ હિંસક ભાવનું લક્ષણ છે. જંકશન જેવા દેવદુર્લભ માનવાવતારમાં જ આનો નિર્ણય કરવાનો રહેશે કે મારે અહિંસક બનવું છે કે હિંસક? યદિ અહિંસક બનવાનો ભાવ હોય તો પ્રાણાતિપાતાદીને પાપસ્વરુપે જ માન્યાવિના છુટકો નથી.

પાપસ્થાનકોના નામો -

પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, રતિ અરતિ, પરપરિવાદ, માયામૃષાવાદ અને મિથ્યાત્વ આદિ ૧૮ પાપસ્થાનકોમાં સંસારભરનાં બધાય પાપો સમાઈ જાય

છે. હવે આપણે આ પાપોને વિસ્તાર થી સમજીએ અને યથાશકય છોડી દેવાનો આગ્રહ કરીએ અથવા તેના માટે ધીમે ધીમે ટ્રેનિંગ લઈયે તો જેટલા અંશોમાં પાપમુકત થવાશે તેટલા અંશે આત્મા શુદ્ધ બનતો જશે, ભારમુકત થતો જશે, ત્યાર પછી તે સાધકના ઈશ્વર પ્રણિધાન, યોગસાધના, પદ્માસન પૂર્વકનો પ્રાણાયામ, પંચાગ્નિતપ, હઠયોગ, રુદ્રાક્ષમાળાનો જાપ આદિ શુભાનુષ્ઠાનો સફળ બનશે, મન - વચન અને કાયાની એકાગ્રતાપૂર્વક શનૈઃ શનૈઃ અધ્યાત્મનો રંગ લાગતો જશે, વધતો જશે. ફળસ્વરુપે એક દિવસ એવો પણ આવી જશે, જેના કારણે તે પાપોને સર્વથા છોડી દેવાની પ્રબલેચ્છા થતાં છોડી પણ દેવાશે. અને તેમ થયું તો તેમનું મૌન, ધ્યાન, પ્રાણાયામ, સામાયિક, પૌષધ પણ શુદ્ધ બનતાં કુંડળીની પણ જાગૃત થશે. અન્યથા તેની ચર્ચાવિચારણા, તર્કો, વિતર્કો કરતાં કરતાં આખી જિંદગાની હીરો વેચીને કાચના ટુકડા ખરીદવા જેવી બેકાર જશે.

## પ્રાણાતિપાત (હિંસા) (૧)

એટલે કે એકેંદ્રિય થી લઈ પંચેન્દ્રિય જીવોના પ્રાણોનો અતિપાત, હનન, મારણ, તાડન, તર્જન અને તિરસ્કાર આદિ કરવા તે પ્રાણાતિપાત એટલે હિંસા છે.

**"प्राणानामतिपातः प्राणातिपातः "**

**" भोगायतनं शरीरम्"**

પોતાના શુભાશુભ કર્મોને ભોગવવાને માટે શરીર ધારી બનવુ તે જીવવિશેષને માટે પણ સર્વથા અનિવાર્ય છે, પછી ચાહે તે તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, પ્રતિવાસુદેવ, બલદેવ, દેવ, દેવેન્દ્ર, કે બ્રહ્મા હોય શરીર સ્વીકાર્યા વિના બીજો માર્ગ નથી. નિરંજન, નિરાકાર, અરિહંત પરમાત્મા બનતા પહેલાં તે ભાગ્યવતો પણ શરીરધારીજ હતા.

આત્મા પોતે શરીરના માધ્યમથી પોતાના પ્રારબ્ધકર્મોનો ભોગવટો કરે છે અને સુખદુઃખ, સંયોગ, વિયોગાદિ દ્વન્દ્વોનો અનુભવ કરે છે. અને જ્યારે શરીર છે તો દશ પ્રકાર ના પ્રાણો પણ તેને ધારણ કરવાની ફરજ પડે છે. માટેજ
**"प्राणाः सन्ति यस्य स प्राणीः"** તે પ્રાણી કહેવાય છે ........ શ્વાસોશ્વાસની ક્રિયા પણ અનિવાર્ય હોવાથી જીવ કહેવાય છેઃ મોક્ષમાં પણ તેની વિદ્યમાનતા હોવાથી સત્ત્વ કહેવાય છે. ભવાન્તર અને ભાવાન્તરમાં સતત્ એટલે એક સમયની પણ રોકટોક વિના ગતિ કરતો હોવાથી આત્મા કહેવાય છે. પોતાના મૌલિક સ્વભાવને ક્યારેય પણ છોડતો ન હોવાથી તે ભૂત કહેવાય છે. અને અનાદિકાળથી પુદ્ગલોનો સંગી

હોવાથી તે આત્માને પુદ્ગલ પણ કહેવામાં શાસ્ત્રબાધ નથી, ઈત્યાદિ પર્યાયોને ધરાવતો હોવાથી જીવ સંસારી પણ કહેવાય છે. જેની સંખ્યા ૧૦ ની છે તે આ પ્રમાણે

પ્રાણો માટેની વક્તવ્યતા -

૧) સ્પર્શેન્દ્રિય- પગના તળિયાથી લઈ મસ્તકની ચોટી સુધીની ચામડી ને સ્પેર્શેન્દ્રિય કહે છે જેમાં હાથ, પગ, ગુપ્તેંદ્રિય, ગુદા, પેટ આદિનો સમાવેશ થઈ જાય છે.

૨) રસનેંદ્રિય- ખારા, મીઠારસોનું આસ્વાદન જીભ કરે છે.

૩) ઘ્રાણેન્દ્રિય સુગન્ધ-દુર્ગન્ધને પારખનાર નાક છે.

૪) ચક્ષુરિન્દ્રીય- કાળા - ધોળા રંગોને જાણનાર ચક્ષુ છે.

૫) કર્ણેન્દ્રિય- નિંદાસ્તુતિના શબ્દોનુ જ્ઞાન કાન ને આભારી છે.

૬) મનોયોગ- જેનાથી માનસિક વિચારો થાય તે મનોયોગ છે.

૭) વચનયોગ- બોલવાની શક્તિ આનાથી મળે છે.

૮) કાયયોગ- નાનામોટા, રૂપાળા શરીરોની પ્રાપ્તિમાં કાયયોગ કામ કરે છે.

૯) શ્વાસોશ્વાસ- જેનાથી શ્વાસ નિશ્વાસ લેવાય છે.

૧૦) આયુષ્ય- હજારો પ્રકારે મરવાના નિમિત્તો મળવા છ્તાં પણ આયુષ્ય કર્મના કારણે જીવ મરતો નથી.

ઉપરોક્ત ૧૦ પ્રાણો તરતમભાવે જીવમાત્રને હોય છે. આમાંથી કનિષ્ઠતમ પાપોદયના ઉદયવર્તી, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ કાયિક એકેન્દ્રિય જીવોને સ્પર્શેન્દ્રિય, શરીરયોગ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય નામે ચાર પ્રાણજ હોય છે. બેઈન્દ્રિય જીવોને રસનેન્દ્રિય અને વચનયોગ વધારે હોવાથી છ પ્રાણ હોય છે. તેઈન્દ્રિય ને ઘ્રાણેન્દ્રિય (નાક) વધારે હોવાથી સાત પ્રાણ ચક્ષુરિન્દ્રિય જીવોને ચક્ષુ વધારે હોવાથી આઠ પ્રાણ જ્યારે અસંજ્ઞી પંચેન્દ્રિય તીર્યંચ અને મનુષ્યને મનોયોગનો અભાવ હોવાથી નવ પ્રાણ છે. તથા ગર્ભથી ઉત્પન્ન થયેલા સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યોને તથા તિર્યંચોને મનોયોગની પ્રાપ્તિ હોવાથી દશે દશ પ્રાણ હોય છે. જીવમાત્રનાં કર્મો,

ગતિઓ, આગતિઓ જૂદાજુદા હોવાથી પ્રાણોની સંખ્યા પણ સૌ જીવોને એક સમાન હોતી નથી. એકજ વૃક્ષના પાંદડાઓ પણ જ્યારે એક સમાન હોતા નથી. તેવી રીતે સૌ કોઈના પ્રાણોની સંખ્યામાં પણ જાણવું. શુભઅશુભ કર્મોનાં કારણે ઓછાવત્તા સાધનો પ્રામ કરેલા જીવાત્માઓ જ્યારે પ્રત્યક્ષ દેખાતા હોય, ત્યારે પુનર્જન્મનો નિષેધ કરવો હાસ્યાસ્પદ લાગ્યા વિના રહેતો નથી. પંચેન્દ્રિત્વ પ્રામ બધાય ગર્ભજ જીવો સંપ્રધારણ સંજ્ઞાવાળા ન હોવાથી આગળ પાછળ, મનોયોગ નો ઉપયોગ કરી શકતા નથી, જેમ કે ગાય, ભેંસ આદિ પશુઓ તથા કીડા મંકોડા આદિ ક્ષુદ્ર જંતુઓને ડંડાથી મારો કે ભગાડો તો પણ તેમને તેવું જ્ઞાન (ભવિષ્ય માટે નિર્ણય કરવાનો) હોતું નથી કે અહ્યંથી ભય સંજ્ઞાના કારણે ભાગ્યા પછી પણ બીજે સ્થળે પકડાઈ જવાની સપડાઈ જવાની, કપાઈ જવાની માનસિક વિચારણા તેમને નથી. જ્યારે ગર્ભથી ઉત્પન્ન થયેલો મનુષ્ય સંપ્રધારણ સંજ્ઞાના કારણે પોતાનો બચાવ કરવા સમર્થ બને છે છતાં તેમનાં પણ કર્મો વાંકાચૂંકા હોય અને બીજાઓના હાથે સપડાઈ જાય તે વાત જુદા છે.

ભવભવાન્તરના પોતપોતાનાં પુણ્યકર્મો કે પાપકર્મોના કારણે જે પ્રાણીને જેટલા પ્રાણો મળ્યાછે, તેમાંથી એકેય પ્રાણને હાનિ પહોંચે તેવું એકેય જીવ ઇચ્છતો નથી. વનસ્પતિ નો કોઇ પણ જીવ નથી ચાહતો કે. મને કોઇ કુહાડા થી કાપે, મારી છાલ ઉતારે મારા પાંદડા-પુષ્પો કે ડાળ કાપે તેવી રીતે પૃથ્વી પાણી અગ્નિ કે વાયુ ના જીવો પણ વિના મૌન મરવા માંગતા નથી, જ્યારે જીભ, નાક, આંખ અને કાન વિના ના એકેન્દ્રિય જીવો પણ મરવાનું ઇચ્છતા નથી, તો પછી પુણ્યયોગેમેળવેલી પાંચે ઈન્દ્રિયો ના માલિક જીવો જેવાકે બકરા, ઘેટા, ગાયો, બળદો, વાછરડાઓ, હાથીઓ, માછલાઓ, મગરો, વાનરાઓ, દેડકાઓ, સાપનોલીયા, કૂતરા, કબુતરા ભૂંડો, વાઘો, દીપડાઓ આદિને કોઇ મારે, બંદુક કે છરાથી મારે, ચારે પગ બાંધી ને મારે, તેમની ખાલ (ચામડી) ઉતારે, મશીન થી કાપે આદિ ગમે તેવી રીતે મરવાનું કોઇ પણ. પશુ-પક્ષી ન ઇચ્છે તે સૌ કોઇ ના ગળે ઉતરી જાય તેવી વાત છે. આપણે સૌ કોઇ પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે પણ જોઇએ છીએ, વાંચીએ છીએ અને સાંભળીએ. કસાઇ ના હાથે મરનારો બકરો, ગાય ભૂંડ આદિ મૂક પશુઓ ની તે સમયે - હત્યા થવાના સમયે બિચારાઓની જીભ બહાર નીકળી જાય છે, આંખો ના ડોળાઓ દયાલુ માણસોની પાસે દયાની માંગણી કરતા હોય તેમ આંસુઓ ઝરતા હોય છે. પરવશ બનેલા તે પશુઓને ડંડાથી મારી મારીને વધ-સ્થાને લાવે છે અને યમરાજ ની જીભ કરતાં પણ ભૂંડી છરી તે પશુની ગરદન પર ફરી જાય છે. આવી રીતના

બેમોતે મરેલા પશુઓના માંસ ખાનારા ગ્રેજ્યુએટ હોય કે ડબલ ગ્રેજ્યુએટ હોય તેમની માનવતા મરી પરવારી હોવાથી તેમનું ભણતર–ગણતર-ચતુરાઇ-ચાલાકી કે ભાષણ અને લેખનાદિ ક્રિયાઓ કેવળ પેટ ભરવા સિવાય શા કામે આવવાની હતી? ઈતિહાસ પણ સાક્ષી આપે છે કે ભારતદેશની દુર્દશા થવામાં માંસાહાર મુખ્ય કારણ છે અને જ્યાં માંસાહાર છે ત્યાં શરાબપાન કે પરસ્ત્રીગમન જેવા પાપો ને કોણ રોકી શકશે?

આવી રીતના પ્રાણાતિપાત (હિંસા) ના કડવાં ફળો ને બતલાવનારા કથાનકો પ્રત્યેક ધર્મ ના પુસ્તકોમાં જેવા અને વાંચવા મળશે, જેમકે - મહાભારત ના સમય માં દુર્યોધનાદિ સો પુત્રો ના પિતા ધૃતરાષ્ટ્ર જન્મતાં જ આંધળા શા કારણે થયા?

એકજ સપાટે તેના સો પુત્રો શા માટે મર્યા? જવાબ માં જાણવાનું કે જન્મ જન્મ ના ફેરા ફરતો ધૃતરાષ્ટ્ર વર્તમાન ભવ થી. ૫૦, માં ભવે વ્યાધ (શિકારી) ના અવતાર માં જન્મેલો હોવાથી તીરકામઠાદિ શસ્ત્રો લઈને જંગલમાં ગયો. એક વૃક્ષ પર પોત પોતાના માળા માં મોજમજા કરતાં અને ગાઢ નિદ્રા માં આવેલા પક્ષીઓ હતાં. તેમને મારવા માટે, તેને વ્યાધે (ધૃતરાષ્ટ્ર) અંગારાઝરતું ચક્ર તે ઝાડ પર ફેંક્યુ. કેટલાક પંખીઓ જાન બચાવવા માટે ઉડયાં પરન્તુ આગન ઝપાટા માં

આંધળા થયાં અને બીજા પંખીઓ મરી ગયાં. સંચિત કરેલ. ૫૦, ભવપહેલાનું આ કર્મ જે સ્ટોકમાં હતું તે ધૃતરાષ્ટ્ર ના ભવે ઉદયમાં આવ્યું. જેનાથી ધૃતરાષ્ટ્ર અંધત્વને પામ્યા, સો પુત્રો એકી સાથે મર્યા અને પોતે સંતાપમાં મરણ પામ્યો.

**"न स्मराम्यात्मनः किंचित् पुरा संजय दुष्कृतम् ।**
**यस्येदं फलअद्येव मया मूढेन भुज्यते ॥"**

બીજાજીવોની હત્યા માટે શિકાર રમવાના ભારે શોખીન દશરથ રાજાએ એક બાણ થી. શ્રવણને યમસદન પહોંચાડયો અને તેના શાપે દશરથ રાજા પણ પુત્રવિરહમાં યમરાજનો અતિથિ બન્યો છે (વાલ્મિકી રામાયણના મતે). દેવાધિદેવ ભગવાન મહાવીર સ્વામીની એક ભવની અણમાનિતી રાણીએ વ્યન્તરી બનીને ૨૭ માં ભવે સર્વથા અસહ્યા શીતોપસર્ગ ભગવાન મહાવીર સ્વામીને કર્યો છે. ઈત્યાદિ અગણિત કથાનકો સૌની જીભપર રમી રહયાં છે. સારાંશ કે - મશ્કરીમાં કુતૂહલમાં, સ્વાર્થમાં, વિષયવાસનામાં, જાણીબુઝીનો જે જીવોને માર્યા છે, તે મરનાર

જીવો મારનારને શાપ દીધા વિના મરતા નથી અને તે શાપ કોઈક ભવમાં ગમે તે રીતે પણ માર્યા વિના રહેતો નથી. પછી ચાહે તે એક જ ઝાટકે મારે, ભૂખે મારે, ઈજ્જત આબરૂ વિનાનો કરે, કે ગાળો ભાંડીભાંડીને રોવડાવે. સારાંશ કે જેને તમે મારશો તેના શાપ માંથાપર આવ્યા વિના રહેતા નથી. ભગવાન મહાવીર સ્વામીએ પણ કહયું કે જે રીતે જે આશયે જે સાધનોથી હસતાં હસતાં કે તાલીઓ પાડતાં પાડતાં જીવોને મારશો રોવડાવશો, ભૂખે મારશો, રીબાવશો, હાડકા ભંગાવશો કે શ્વાસોશ્વાસ વિનાનો કરશો તો આવનારા ભવોમાં તમારે પણ ડંડા ખાધા વિના, ગાળો ખાધા સિવાય. દયામણી અવસ્થાને ભોગવ્યા સિવાય બીજો માર્ગ તમારા ભાગ્યમાં રહેવરનો નથી. રાજસત્તાના ૧૦૮ ડિગ્રીએ પહોંચેલા મહાવીર સ્વામીના આત્માએ ૧૮ માં ભવે વાસુદેવના અવતારમાં શય્યાપાલકના કાનમાં ગરમ સીસું રેડાવ્યું હતું. અને પરિણામે તીર્થંકરના અવતારમાં છદ્મસ્થિક જીવનના અન્તિમ સમય્દ્દમાં પણ પૂર્વ ભવના વૈરી બનેલા શય્યાપાલકે અને આ ભવમાં ગોવાલિયાના અવતારે અવતરિત થયેલા શત્રુએ કાનમાં ખીલા ઠોકયાં ત્યારે કર્મમુકત થયેલા પરમાત્માએ કેવળજ્ઞાન મેળવ્યું છે. આ કારણેજ ધર્મના નામે, દેવીદેવતાઓના નામે માતાપિતાના શ્રાદ્ધના નિમિત્તે કે પુત્રપરિવારની પ્રાપ્તિના નામે પણ આચરેલી હિંસા ધર્મ નથી જ પણ પાપ છે, મહાપાપ છે.

વ્યજન્મા અને અમર આત્માને હિંસા શા માટે લાગે?

કોઈને પણ શંકા કરવાનું મન થઈ શકે છે કે જૈનશાસનમાં આત્માને અજન્મા અજર અને અમર માનવામાં આવ્યો હોવાથી. આત્મા જ્યારે જન્મતો નથી, મરતો નથી અને વૃદ્ધત્વને પણ પ્રાપ્ત થતો નથી તો પછી હત્યા કોની ? હત્યારો કોણ? જવાબ માં જાણવાનું કે, જૈનશાસને આત્માને - **"पौदगलिकाऽ दृष्टवाँश्चायम्"** એટલે કે, અજર, અમર, નિરંજન, નિરાકાર, શર્વશકિત સમ્પન્ન આદિ આત્માના વિશેષણો અત્યારે કેવળ સત્તામાં જ પડેલા હોવાથી, અનન્ત ભવોમાં કરેલા, કરાવેલા અને અનુમોદેલા કર્મોના આવરણોમાં ઢંકાઇ ગયેલો આત્મા છદ્મસ્થિક અર્થાત્ - જ્ઞાનાવરણીયાદિ કર્મો ના અનન્ત અનન્ત પરમાણુઓથી તથા સ્કન્ધોથી આવૃત હોવાના કારણે, આત્માને પણ અમુક અપેક્ષાએ પૌદ્ગલિક માનવામાં આવ્યો હોવાથી. **"कर्मणां कर्ता भोक्ताच"** આ સૂત્રથી કર્મોનો કર્તા અને ભોકતા પણ માનવામાં શાસ્ત્રબાધ નથી જ. સળેખમની પીડા નાકને થતી નથી પણ આત્માને થાય છે માથું દુખવાની પીડા પણ મસ્તિષકને નહીં પણ આત્માને થાય છે. ધૃતરાષ્ટ્રના અન્ધત્વની અને સો પુત્રોના મરણની ભયંકર પીડા અને રો બામણ ધૃતરાષ્ટ્રના

શરીરને નથી થઇ પણ તેના અન્તરાત્માને થઇ છે. ધરણેન્દ્રની તેજો લેશ્યાથી મરણને શરણ બનેલા, ૬૦ હજાર પુત્રોના વિયોગમાં સગરચક્રવર્તી ધ્રુસકે ધ્રુસકે રોયો છે, ભયંકર જંગલમાંથી સીતાજીનું અપહરણ થયા પછી વિયોગની ભયંકર વેદના અને વારંવાર મૂર્છા (ખેહોશી) રામચન્દ્રજી ના આત્માને થવા પામી છે. આવા પ્રકારના અસંખ્ય કથાનકોથી જાણવું સરળ રહેશે અને માનવાનું પણ રહેશે કે, વિયોગ, દુઃખ, દારિદ્રય આદિ પીડાઓને ભોગવનાર શરીર નથી, આંખો નથી પણ આત્મા પોતે છે. જે પૂર્વભવના તેવા પ્રકારના હિંસક કર્મોનું પરિણામ છે. **"भोगायतनं शरीरम्"** શરીર તો કરેલાં કર્મોને ભોગવવા માટેનું માધ્યમ છે. માટે પૂર્વ ભવના કે ભવભવાન્તરનાં કરેલાં કર્મો અદૃષ્ટ છે. માટે કર્મો ને કરનાર જ્યારે આત્મા છે, ત્યારે તેનો ભોકતા બીજો શી રીતે હોઇ શકશે .આ અદૃષ્ટ કર્મો અપૌદ્‌ગલિક નથી પણ પૌદ્‌ગલિ જ છે.

આત્મા કેવળ દ્રષ્ટા છે અર્થાત્ કર્મોનો કર્તા કે ભોકતા નથી ત્યારે કર્મોને કોણે ઉપાર્જ્યા? કેમકે, વેદાન્તીઓની માયા અને સાંખ્યોની પ્રકૃતિ સ્વયં જડાત્મક હોવાથી ચૈતન્ય સ્વરૂપી આત્માના સંકેત વિના જડાત્મક પ્રકૃતિ કે માયા કંઇ પણ પ્રવૃતિ કરવાને માટે સર્વથા અશકત છે. માટે જ શરીરના ક્રોધ પણ ભાગમાં થતી પીડા શરીરને થતી નથી પણ આત્માને થાય છે અને શરીરનું મરણ પુદ્‌ગલસહચારી હોવાથી અપેક્ષાએ આત્માનું મરણ પણ કહી શકાય છે વ્યવહારમાં પણ સંસારના પ્રત્યેક માનવો જેમાં તાર્કિકો વિતંડવાદીઓ, માયાવાદીઓ અને નાસ્તિકો પણ છે તે બધાય એક જ અવાજે બોલે પણ છે આ બિચારા જીવને શા માટે મારો છો? શરીરને કેમ મારો છો? એમ કોઇ પણ કહેતું નથી. આ બિચારા આત્માને કેમ રડાવો છો? ઇત્યાદિ ભાષાપ્રયોગોને વિતંડાવાદ ની ઉંધી વૈતરણમાં ફસાવા કરતાં. **"असत्या मृषा"** ભાષામાં સમાવીને સાચો અને યથાર્થ અર્થ કબૂલ કરીએ તો સંસારને કંઇ પણ વાંધો આવે તેમ નથી.

હિંસક સ્વભાવના જીવો જેમાં વાઘ, વરૂ, સર્પ અને વિંછીનો સમાવેશ થાયછે તેમને મારવામાં કયો વાંધો? જવાબમાં જાણવાનું કે પોતાની છાતી પર હાથ મૂકીને સદ્‌બુદ્ધિ ના ન્યાય (જજમેન્ટ) સાંભળીએ તો ખબર પડી જશે કે - સંસારમાં વકરેલા વાઘવરૂ કે ફણ ચડાવેલા અને ક્રોધમાં ધમધમતા નાગરાજ (સર્પ) કરતાં વકરેલો અને દુર્બુદ્ધિ માં ફસાયેલો માનવ વધારે હિંસક છે. માનવતાની, સદ્‌બુદ્ધિની,

સદ્વિવેકની અને ભાવદયાની ઘોર ખોદનાર માનવ છે. વાઘ, વરૂ નથી. પૂરા સંસારને

મૃત્યુના મુખમાં ધકેલી દેવા વાળા આણુશસ્ત્રોનો સર્જક વાઘની ખોપડી નથી પણ માનવની ખોપડી છે. જાતિવાદ, ભાષાવાદ, સંપ્રદાયવાદ, પ્રાન્તવાદ અને ધર્મવાદની આડમાં આજનો માનવ બીજા માનવનો હાડવૈરી બન્યો છે. એક પ્રાન્તનો પ્રધાનમંત્રી બીજા પ્રાન્તના પ્રધાનમંત્રી ના મૂળીયાં ખોદી રહયો છે. એક શ્રીમંત કે સત્તાધારી બીજા શ્રીમંત કે સત્તાધારીને મૂળમાંથી ઉખેડી દેવા માટે તૈયાર થઇ ને બેઠો છે. માટે જ આજનો માનવ નથી પત્નીનો, પુત્રોનો, માવડીનો, પિતાનો કે સ્વજનોનો આટલું નિર્ણીત થયા પછી જવાબ દેવાનું સરળ રહેશે કે - વાઘ વરૂ કે સર્પોને તો વશમાં કરી શકીએ છીએ પણ વકરેલા માનવને વશ કરવામાં દેવોને પણ હાડકામાંથી પરસેવો આવ્યા વિના નહી રહે.

આવા પ્રકારની હિંસા (પ્રાણાતિપાત) નોં સર્વાંશે ત્યાગ કરનાર મુનિ સંસ્થા છે, જેઓએ મન-વચન, કાયાથી, કૃતકારિત અને અનુમોદનથી તથા ક્રોધ-માન, માયા અને લોભથી પણ હિંસાનો ત્યાગ કર્યો છે. જ્યારે જેમની પાસે ધર્મપત્ની છે, પુત્રપરિવાર છે, વ્યાપાર-વ્યવહાર છે, તેઓને માટે અનિવાર્યરૂપે કંઇક કરવું પડે છે, માટે તેની મર્યાદા બોંધી લેવી અને સર્વથા નિરર્થક, નિરપરાધી ત્રસ જીવોને સંકલ્પપૂર્વક મારવાની બુદ્ધિએ ન મારવા, આટલી માર્યાદામાં રહેલો ગૃહસ્થ પણ હિંસાના ત્યાગની મર્યાદામાં આવી જાય છે. આજે થોડી મર્યાદામાં આવશે તો આવતી કાલે અથવા ૫-૨૫ વર્ષે પણ જેના વિના ચાલી શકે છે. ચલાવી શકે છે તેવી હિંસાનો પણ ત્યાગ કરતો જશે. તેમ છતાં સમાજ ની રક્ષા માટે, દેશને માટે, અથવા બેન, બેટી લુંટાતી હોય ત્યારે મહાવીર સ્વામીનો શ્રાવક હાથમાં ડંડો પણ લેશે અને પોતાનું તથા પરનું રક્ષણ કરશે, જે ગાર્હસ્થ્ય જીવનનું ફળ છે.

પ્રાણાતિપાત (હિંસા) ચાર પ્રકારે છે.

(૧) પરદ્રવ્યહિંસા

(૨) પરભાવહિંસા

૩) સ્વ-દ્રવ્યહિંસા

૪) સ્વ-ભાવહિંસા

આ ચારે ભેદોનું નું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે.

(૧) પ્રથમ પ્રકારમાં ક્રોધ-માન-માયા અને લોભપૂર્વક, મન-વચન અને કાયાથી,

કૃતકારિત અને અનુમોદિત જે ક્રિયાઓ થાય છે, તેનાથી સામેવાળા જીવના હાથ - પગ- નાક - આંખ - કાન, અથવા તેવા પ્રકારના જૂઠ વચનોથી સાક્ષી, કલંક, ગાળ અને ચોરી કરવાથી, અને પુરુષવેદની તીવ્રતમતાને લઇ તેવા પ્રકારના બળાત્કાર આદિના કારણે સામે વાળાને કેરોસીન, પેટ્રોલ છાંટીને કે વિષપ્રયોગથી મરવું પડે તે પરદ્રવ્યહિંસા છે.

૨) બીજા ભેદમાં સામે વાળો મૃત્યુને પ્રાપ્ત ન થાય તો પણ ઘણી વસ્તુઓ તેની ચોરાઇ ગયેલી હોવાથી, અથવા તેની સાથે વિશ્વાસઘાત કરવાથી. તેના બાળબચ્ચાઓને ભૂખે મરવા જેવી સ્થિતિમાં લાવી મૂકવા અથવા હવસખોર પુરુષના બલાત્કારને લઇ, તે કન્યાનુ સગપણ તૂટી જાય અથવા જીન્દગીભર સગપણ વિનાની રહેવા પામે અથવા સમાજ માં અપમાનિત જીન્દગી પસાર કરવી પડે આદિ કાર્યો પરની એટલે બીજા જીવોને તેવી દશામાં મૂકી દેવા તે પરથી ભાવહિંસા છે.

(૩) ત્રીજા ભેદમાં, પોતાના કષાયમય જીવનના કારણે પોતાના હાથેજ પોતાના શરીર ને હાનિ પહોંચાડવી તે સ્વદ્રવ્યહિંસા છે. કષાયાધીન જીવોને જોઇએ છીએ ત્યારે મર્યાદાથી બહાર ગયેલા ક્રોધના પાપે, હાથમાં રહેલી લાકડી, છરી આદિથી પોતાનું માથું અથવા હાથપગ ભાંગી નાખે છે અને આજીવન ખાડખાંપણવાળા બનીને જીવનયાપન કરે છે.

(૪) ચોથા ભેદમાં, પોતાના જીવનમાં સંગ્રહાયેલી, વધારેલી અવળચંડાઇ, અસહિષ્ણુતા, અત પણુ આદિ ગેરવર્તુણકોથી પોતે પોતાની મેળે જ રીબાઇ, રીબાઇ, છાતીકુટા કરતાં, આંખોમાંથી આંસુઓની ધાર કાઢતાં, આર્ત્તધ્યાન મય જીવનને પૂર્ણ કરી દુર્ગતિના મહેમાન બને છે.

ઉપર પ્રમાણેની ચારે પ્રકારની હિંસાનો ત્યાગ કરવો, ધીમે ધીમે ત્યાગ કરવો તે મોક્ષમાં જવા માટેનું પહેલું પગથિયું છે.

મનુષ્યજાતિ માં વર્ગીકરણનું કારણ શું?

કૃતકર્મોનો ઉદયકાળ વૈચિત્ર્યપૂર્ણ હોવાથી, સર્વે માનવો એક વર્ગમાં આવી શકતા નથી. વ્યવહારમાં પણ એકની ચાલ મન્દ હોય તો બીજાની તેજ હોય છે, તેવી રીતે આધ્યાત્મિક માર્ગે પણ ચાલનારા બધાય એક સમાન હોતા નથી,પૂર્વ ભવની આરાધના વિરાધના અને આ ચાલુભવની પુરુષાર્થ શકિતનો તારતમ્યભાવ પૃથક પૃથક્ હોવાથી પણ ચાલમાં ફરક પડે છે. જેમકે -

૧ કૃતકારિત અને અનુમોદિત હિંસ્રકર્મનો સર્વથા એટલે મન, વચન અને કાયાથી પણ ત્યાગ કરનાર સાધકને પોતાના શરીર અને આહાર પર પણ માયા રહેતી નથી. વૃક્ષ ના ઠુંઠાની જેમ પોતાના શરીરના અંગોપાંગો પણ સ્થિર કર્યા હોય તે મહાપુરુષો નિર્ગ્રન્થ કહેવાય છે (**निर्गता कर्मणां ग्रन्थिः स निग्रन्थः ॥**) એટલે ચારિત્રની ચરમસીમા જેવા યથાખ્યાત ચારિત્ર તરફ જેમનું પ્રસ્થાન નિર્બોધ ચાલુ છે, માટે જ તેમના જીવનમાં દ્રવ્યહિંસા અને ભાવહિંસા પણ હોતી નથી, રહેતી નથી. આકારણેજ કેવળજ્ઞાન ની ભૂમિકામાં પદાર્પણ કરેલા દેવાધિદેવ ભગવાન મહાવીર સ્વામીને નાગરાજ ચંડકૌશિકે કે સંગમદેવે જીવલેણ ઉપસર્ગ કર્યા, સુરાધમ કમઠે. પોતાના દેવત્વની સમ્પૂર્ણ શકિત લગાડીને પણ પાર્શ્વનાથ પ્રભુને હેરાન કરવામાં કચાસ રાખી નથી. છતાં પણ તેમના જીવનના અણુ અણુમાંથી ભાવદયાનું ઝરણુ વહયું છે.

(૨) આટલી કક્ષા સુધી પહોંચવાની ભાવના હોવા છતાં પણ શરીર, મન અને ઈન્દ્રિયો માં તેવા પ્રકારનું સ્થૈર્ય, ધૈર્ય અને ગાંભીર્ય આદિ પ્રાપ્ત થયેલુ ન હોવાથી, નવકોટિક પૂર્ણ અહિંસાની મર્યાદા પ્રાપ્ત કરી શકાતી નથી. માટે તેવા સાધકોનો વર્ગ બીજા નંબરે છે. જેમનું સમ્પૂર્ણ જીવન સંયમલક્ષી છે. છતાં જીવનધારણ માટેના પ્રશ્નો જ્યારે ઉપસ્થિત થાય છે ત્યારે અહિંસાની આરાધનામાં ઉત્સર્ગ અને અપવાદ, તથા દ્રવ્ય અહિંસા અને ભાવ-અહિંસાના વિકલ્પો ઉભા થયા વિના રહેતા નથી.

(૩) પૂર્ણ સંયમી બનવા જેટલી માનસિક ઈચ્છા છતાં પણ ગૃહસ્થાશ્રમ સ્વીકારવાની ફરજ પડે છે. પૂર્વભવની અલ્પ કે વધુ આરાધનાના કારણે માનસિક સંકલ્પપૂર્વકની, નિરપરાધી, ત્રસ જીવોની હિંસાને છોડી દેવા માટે શ્રદ્ધાળુ છે. તેમ છતાં પૃથ્વી, પાણી, અગ્નિ વાયુ અને વનસ્પતિના જીવો પ્રત્યે ઉપયોગપૂર્વકનો વર્તાવ કરે છે અને જેમ બને તેમ મર્યાદિત હિંસાથી પોતાનું જીવન પૂર્ણ કરે છે.

(૪) જૈન શાસન પ્રરૂપિત નવતત્ત્વોના અભિરુચિ છતાં પણ પોતેપોતાના જીવનમાંથી એકપણ પાપનું દ્વાર બંધ કરવા માટે સંયમિત કે મર્યાદિત કરવા માટે પણ તૈયારી કરી શકતા નથી. કેવળ વ્રતોની મર્યાદા વિનાની વાંઝણી શ્રદ્ધાના બળે પોતાની નાવ ચલાવનાર ગમે ત્યારે પણ મોટા કે નાના પાયે આરંભ સમારંભ તથા પરિગ્રહ અને મૈથુન કર્મની મર્યાદાને ઉલ્લંઘી અવળે માર્ગે જઈ શકે છે. કેમકે

તેમના જીવનમાં વ્રતોની મર્યાદા છે જ નહીં. તો પછી વ્રતોની મર્યાદા વિનાની

શ્રદ્ધારૂપી દિવાદાંડીનો પ્રકાશ શી રીતે મેળવાશે? કેટલો મેળવાશે? ક્યારે મેળવાશે?

(૫) અહિંસા - સંયમ - સદાચાર અને તપોધર્મ પ્રત્યે સર્વથા દુર્લક્ષ્ય, બેધ્યાન તથા શ્રદ્ધારહિત થઈને ગમે ત્યારે, ગમે ત્યાં, અને ગમે તે પ્રકારે પણ અર્થ-અને કામને ઉપાર્જન કરવા માટે અને તેને ભોગવવા માટે પણ કુદેવ, કુગુરૂ અને હિંસાપૂર્ણ ધર્મમાં ફસાઈ, માંસ ભોજન, શરાબપાન, વેશ્યા કે પરસ્ત્રીગમન, જુગાર અને શિકાર આદિ પાપાચાર માં પગપેસારો કરી પોતાની માનવયાત્રાને વિકૃત બનાવે છે.

ઇત્યાદિ પ્રકારોમાંથી પાંચમો નંબર જે પૂર્ણ હિંસક જ છે. તેમને માટે કંઈ પણ કહેવાનું છે નહી, જ્યારે ૧-૨-૩-૪ નંબરના ભાગ્યશાળીઓની સાધના બળની તારતમ્યતાને લક્ષ્યમાં રાખીને અહિંસા ધર્મની વિચારણા પુનર્વિચારણા થતી રહી છે. જેમકે - પ્રથમ નંબર માં બિરાજમાન, વન્દનીય મહાપુરુષો પોતાની સંયમસાધનામાં એટલા બધા આગળ વધી ગયા હોય છે, જેથી તેમના માટે ઉત્સર્ગ કે અપવાદ માગની ચર્ચા કે દ્રવ્ય તથા ભાવની વિચારણા માટે અવસર રહેતો જ નથી. માટે ૨-૩-૪ નંબરના સાધકોને લઈ નીચે પ્રમાણે વિચારવાનું છે.

અહિંસા ધર્મને ઉત્પન્ન થવાનું કારણ શું?

પોતાને તથા બીજાને દુઃખ અને ભય ઉત્પન્ન કરાવનાર હિંસા છે. હિંસાકર્મ - હિંસક ભાષા અને હિંસક વ્યવહાર છે જે જીવમાત્રને પણ ગમતા નથી માટે હિંસાકર્મ સૌને માટે સર્વથા, સર્વદા અને સર્વત્ર વર્જ્ય છે. ત્યાજ્ય છે. આવી લાગણીમાંથી અહિંસાની ઉત્પત્તિ સમજવી. સારાંશ કે, સ્વાર્થવશ બીજાને દુઃખ તથા ભય ઉત્પન્ન થાય તેવી પ્રવૃત્તિમાત્ર હિંસા છે. તે પણ હિંસા છે તથા આસન્ન ભવ્યતાના પરિપાકે જે વૃત્તિ કે પ્રવૃત્તિથી પોતાને અફસોસ, પશ્ચાતાપ અને દુઃખની લાગણી થાય તે પણ હિંસા છે. પોતાની વ્યવહાર પદ્ધતિથી ગમે તેને દુઃખ તથા ભય થાય અથવા બીજાના વ્યવહારથી આપણને દુઃખ તથા ભયની લાગણી સાથે શોક-સંતાપ, માનસિક પીડા અને વ્યાધિ થાય તે હિંસા છે. મતલબ કે સ્વ કે પરને દુઃખ તથા ભયની લાગણી થાય તે હિંસા જ છે. જે સર્વથા ત્યાજ્ય છે. છોડવા લાયક છે. આ પ્રમાણે અહિંસા ધર્મ ની ઉત્પત્તિનું મૂળ કારણ તપાસ્યા પછી પણ કરેલા કર્મોનો ઉદયકાળ સૌ જીવોને એક સમાન ન હોવાથી ઉપરની વાતોનું વિશ્લેષણ કરવાની જરૂર છે.

તે આ પ્રમાણે -

(૨) અહિંસાનું વિશ્લેષણ -

હિંસાનો અર્થ પ્રાણનાશ તથા દુઃખ છે. તથાપિ હિંસા જન્ય દોષનો આધાર તો પ્રમાદ અને રાગદ્વેષ જ છે. યદિ જીવનમાં પ્રમાદ અને રાગદ્વેષ જન્ય આસક્તિ ન હોય તો કેવળ પ્રાણનાશ હિંસાની કોટિમાં આવી શકતો નથી. કેમકે - મન - વચન અને કાયાની શ્રદ્ધાથી સંયમ સ્વીકારેલો સાધક સંયમલક્ષી જ છે. છતાં જીવન ધારણ કરવાના પ્રશ્નો જ્યારે ઉપસ્થિત થયા હશે ત્યારે ગોચરી, પાણી, વિહાર વ્યાખ્યાન આદિ ના પ્રશ્નો પણ સામે આવ્યા હશે. માટે સંયમલક્ષી બધી પ્રવૃત્તિઓ કરવા છતાં પણ જીવનમાં યદી અપ્રમત અવસ્થા છે, કષાય અને વિષય વિનાનું જીવન છે. તો અપ્રમત અવસ્થાની તે ક્રિયાઓ હિંસાજનક બનતી નથી. કેમકે જ્ઞાન તથા ચારિત્રના ઉપયોગવંત આત્માને કોઇ પણ જીવને મારવાની વૃત્તિ સમામ થઇ ગયેલી હોય છે. માટે જે ક્રિયા એ કર્મ અને પરિણામે બંધ કહેવાય છે. તત્વાર્થ સૂત્રમાં પણ

"प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा ।"

તેમ છતાં શિષ્યની સામે જ્યારે

"जले जन्तुः स्थले जन्तुराकाशे जन्तुरेवच ।
जन्तुमाकुले लोके कथं भिक्षुरहिंसकः ॥"

આ શ્લોક આવ્યો હશે? ત્યારે ભયભીત બની ગુરૂને પૂછ્યું છે કે -

"कहं चरे कहं चिट्ठे, कह मासे कहं सये । (दशवैकालिक)
कहं भुजंतो भासंतो पावं कम्मं न बन्धइ ॥"

મારે કંઇ રીતે ચાલવું, ઉભા રહેવું, બેસવું, સુવું, ખાવું, અને બોલવું જેથી હિંસાજન્ય પાપ લાગવા ન પામે, કેમકે - સંયમલક્ષી સાધકને પણ ક્રિયાઓ કર્યા વિના ચાલે તેમ નથી. અને જ્યાં ક્રિયાઓ છે ત્યાં કર્મો તો લાગતા જ હશે. પણ માનસિક પરિણામોમાં જ્યાં સુધી કષાયભાવ નહી હશે, તો રસબંધ અને સ્થિતિબંધનો અભાવ રહેશે. માટે જવાબમાં ગુરૂજીએ કહયું કે -

"जयं चरे जयं चिट्ठे जय मासे जयं सये ।
जयं भुंजतो, भांसतो पावं कम्मं न बन्धइ ॥ (दशवैकालिक)"

મતલબ કે - માનસિક, વાચિક તથા કાયિક પ્રવૃતિ માં પ્રમાદ, રાગદ્વેષ.

ઈર્ષ્યા, અસૂયા નથી. તેવા ઉપયોગપૂર્વક કરાતી ક્રિયામાં હિંસા નથી. આગમમાં પણ

"अशुभ परिणाम हेऊ जीवाबारोतितोमयंहिंसा ।
जस्स उ न सो निमित्त संतोवि न तस्स सा हिंसा ॥"

જીવને મારવાના અશુભ પરિણામ ન હોય તો તે ક્રિયાઓ હિંસાજનક નથી. માટે જ પ્રમાદ પાપ છે, મૃત્યુ છે, રાગદ્વેષ પાપ છે અને તેમાં મરવું ભ.યંકર પાપ છે. પરિણામે બંધ એટલે કે શરીર દ્વારા કરાતી ક્રિયામાં કર્મબન્ધ પરિણામોના આધારે હોય છે: જેમકે -

(૧) મારવાની બુદ્ધિથી પ્રેરાઈને એક માણસ હાથમાં ડંડો અથવા છરી લઈ બીજાની પાછળ દોડી રહયો છે, યદ્યપિ બંનેની વચ્ચે હજી અંતર છે તો પણ વચ્ચે તેને પોલીસ પકડી લેશે અને કારાવાસમાં ધકેલી દેશે. હજી કોઈને માર્યો નથી તો પણ મારવાની બુદ્ધિથી જ ડંડો લઈ દોડી રહયો છે. એહીં મારવાની ક્રિયા નહી કરવા છતાં લેશ્યા તો મારવાની જ છે. માટે સંસાર તેને હિંસક માને છે.

(૨) જ્યારે ૮-૧૦ મહિનાના બાલકને હિંચકો દેનાર જે સર્વથા નિર્દોષ છે, અપ્રમાદી છે, છતાં અકસ્માત હિંચકો તૂટી જાય, બાલુડો મરી જાય તો પણ નોકરને એકપણ ફોજદારી કલમ લાગુ પડતી નથી. કેમકે નોકરના એક પણ રોમમાં હિંસક ભાવનું અસ્તિત્વ નથી. માટે સંસાર તેને અહિંસક માને છે.

સારાંશ કે અપ્રમત્ત સાધકની જીવન ધારણ કરાતી પ્રત્યેક ક્રિયા હિંસક બની શકે તેમ નથી. તેના ભોજનપાણી અને વિચાર આદિ ક્રિયાઓ સંયમલક્ષી હોવાથી. હિંસકભાવ વિનાની છે. કૃત કર્મોને નિર્જરિત કરવાને માટે પણ શરીર ધારણ કરવું જેમ સર્વથા અનિવાર્ય છે. તેમ — સંયમની ગુણસ્થાનક શ્રેણીનું આરોહણ કરનાર સાધકને સર્વથા પરિમિત અને વિરસ ભોજન કરવાનું પણ અનિવાર્ય છે. તે કારણે ગૃહસ્થાશ્રમીને ત્યાં તેમના માટે જ બનેલું ભોજન સંયમીને સ્વીકારવાનું હોય છે જે વનસ્પતિજન્ય જ હોય છે નહીં કે પંચેન્દ્રિય પ્રાણીજન્ય. કારણ કે એકેન્દ્રિયત્વ અને પંચેન્દ્રિયત્વ પ્રાપ્ત જીવોમાં પુણ્ય કર્મોની ઉત્તરોત્તર વૃદ્ધિ સ્પષ્ટ દેખાતી હોવાથી ગૃહસ્થ ને ત્યાંથી સર્વથાનિર્દોષ - એટલે કે સાધુને માટે કંઈ પણ બનેલું નહી. તેવા ભોજન થી ઉદરપૂર્તિ થઈ જતી હોય તો પંચેન્દ્રિય પ્રાણીજન્ય ભોજન સર્વથા સર્વદા અને સર્વત્ર પાપ છે, મહાપાપ છે.

હસ્તીતાપસના અનુયાયીઓનું કહેવું છે કે, એકજ હાથીને મારી તેનું ભોજન કરવામાં આવે તો અનેક જીવોની હત્યાથી બચી શકાય છે. જવાબમાં જાણવાનું કે તમારી આવા પ્રકારની માન્યતા હરહાલતમાં પણ ઠીક નથી. કેમકે - વ્યવહારમાં દેખાય છે કે - એક કસાઇ, ગાય અને કૂતરાને મારવા માટે તૈયાર થયો છે. છતાં દયાળુના કહેવાથી, બેમાંથી એકને બચાવવા ચાહે છે. ત્યારે સૌ કોઇનું હૃદય ગાયને બચાવવાનું કહેશે, કેમકે - કૂતરા કરતાં ગાયનું પૂણ્ય વધારે છે. વચ્ચે સમજી લેવું જરૂરી છે કે, દયાળુ ને કૂતરા પ્રત્યે રતિમાત્ર રોષ નથી જ. તેવી રીતે ગાય અને માણસમાં માણસને બચાવશે. રાજા અને માણસની વચ્ચે રાજાને તેવી રીતે રાજા અનેમુનિ, મુનિ તથા આચાર્ય માટે સમજવું ઇત્યાદિ કારણો ને લઇ પંચેન્દ્રિય જીવોની હત્યાથી ઉદરપૂર્તિ કરવા છતાં પોતાને સંયમી કલ્પી લેવો તે અજ્ઞાન છે. કેમકે જ્યાં આહાર લોલુપતા અથવા ઇન્દ્રિયોની તુષ્ટિ પુષ્ટિ માટે પ્રાણીજન્ય આહાર લેવાતો હોય ત્યાં અહિંસાની કલ્પના કેવળ અજ્ઞાન છે પૂર્વગ્રહ છે. અને સામ્પ્રદાયિક રાગ અથવા ગતાનુગતિક વ્યવહાર છે.

(૩) વધ્ય જીવોનું શરીર પરિમાણ, (કદ) તેમની સંખ્યા અને ઇન્દ્રિયો આદિની સંપત્તિ ના તારતમ્યની દૃષ્ટિથી હિંસાના દોષનું તારતમ્ય અવલંબિત નથી. પરન્તુ એક જીવને કે અનેક જીવોને મારનારના પરિણામ અથવા તેમના માનસિક જીવનની તીવ્રતા, મંદતા, સજ્ઞાનતા, અજ્ઞાનતા, અને બળપ્રયોગની ન્યૂનતા કે અધિકતા પર અવલંબિત છે. તત્વાર્થ સૂત્ર માં પણ કહયું છે કે **"तीव्रमन्दज्ञाताज्ञातभाववीर्याधिकरणविशेषेभ्यस्तद्विशेषः ....."** મતલબ કે વધ્ય જીવનું શરીર કીડી જેટલું નાનું હોય કે હાથી ના શરીર જેટલું મોટુ હોય, જીવ એક હોય કે અનેક હોય, એકેન્દ્રિય હોય કે પંચેન્દ્રિય હોય, તેમને મારવાના સમયે જીવઘાતક આત્મા, તીવ્ર કે મન્દ ભાવમાં, જ્ઞાત કે અજ્ઞાતભાવમાં આવીને શરીરની કે શસ્ત્રની શકિતનો જેટલા પ્રમાણમાં ઉપયોગ કરશે તેટલા પ્રમાણમાં

જીવ હત્યાનું પાપ બાંધશે. આનાથી સમજી લેવાનું સરળ બનશેકે - નાના કદના જીવનો વધ નાનું પાપ અને મોટા કદના પ્રાણીના વધ નું પાપ મોટું હોય છે. તેવી ભ્રાન્તિનો વિચ્છેદ થઇ જાયછે.

*ક્ષુદ્ર જીવોની હિંસા પણ કેટલી ભયંકર હોય છે?*

*માંડવ્ય ઋષિ સ્થિર ચિત્ત, સત્યવાદી અને શાસ્ત્રોના પારગામી હતાં. અત્યન્ત* વૃદ્ધાવસ્થાના કારણે એકદા પોતાની કુટીર (ઝુંપડી)ની બહારના ઓટલા પર ધ્યાનમગ્ન

હતાં. પરમાત્માના ધ્યાનમાં એકાગ્ર બનેલા મહર્ષિ હિંસા, અસત્ય, ચૌર્યકર્મ, અબ્રહ્મ અને પરિગ્રહની માયાથી લગભગ મુકત હોવાના કારણ, મન-વચન અને કાયાથી નિર્ભય હતાં, તેમ છતાં કોઈ ભવના કરેલા કર્મો ચિત્ર-વિચિત્ર હોવાથી સર્વથા નિર્દોષ વ્યકિત પણ કલંકિત બનવા પામે છે.

અનાદિકાળથી પ્રત્યેક જીવોના કર્મો પૃથક્ પૃથક્ હોવાથી, હિંસા અને અહિંસા સત્ય અને અસત્ય, ચોરી અને સાહુકારી, મૈથુન અને બ્રહ્મચર્ય તથા પરિગ્રહ અને સંતોષ આદિના દ્વન્દ્વો પણ આત્માની સાથે જ રહેનારા હોવાથી ગમે તેટલા સત્યુગોમાં પણ અહિંસાદિ કે હિંસાદિ તત્વોનું અસ્તિત્વ કે નાસ્તિત્વ સર્વાંશે ન હતું. મતલબ કે ધર્મ અને અધર્મના દ્વન્દો પણ અનાદિ કાળના છે માટે, કર્માણુઓથી સર્વથા મુકત બનેલા અરિહંત પરમાત્માઓને છોડીને, જીવાત્મામાં આ બંને તત્વો સર્વાંશે કે અલ્પાંશે તારતમ્ય ભાવે વિદ્યમાન જ હોય છે. આ કારણે જ એક દિવસે ગામના રાજાજીનો ખજાનો લુંટાયો, જે હાથે આવ્યું તેના પોટલા બાંધીને ચોરો ભાગવા માંડયા. સૈનિકોને ખબર પડી અને ચોરોને પકડવા માટે ચારે દિશાઓમાં ઘોડેસવારો દોડયા. ચોરોની હિંમત તૂટવા લાગી અને પાસે રહેલા માંડવ્ય ઋષિના ઝુંપડામાં પોટલાંઓને મૂકી બીજી દિશા માં ચોરો ભાગી ગયા. સૈનિકો પણ ઝુંપડી પાસે આવી ગયા હતાં. અને તપાસ કરતાં ચોરેયેલો માલ (ખજાનો) ત્યાં મળી જવાથી. થોડી પૂછપરછ કરતાં જવાબ ન મળવાના કારણે રાજાજીને ફરિયાદ કરી અને કચાકાનના રાજાએ શૂળી પર ચઢાવી દેવાની આજ્ઞા કરી અને આજ્ઞા પ્રમાણે મહર્ષિ ને શૂળી પર લઇ ગયા અને ચઢાવી દીધા. પરન્તુ **'દેવાવિતં નમંસતિ જસ્સ ધમ્મે સયા મણો'** એટલે કે જેમનું મન અહિંસાદિ તત્વોના રંગમાં રંગાયેલુ હશે દેવો પણ તેમની સુરક્ષા કર્યા વિના રહેતા નથી. ફળસ્વરૂપે શૂલીની અસર મહર્ષિને નથી થઇ, સૈનિકો વિસ્મય પામી રાજાને સંદેશો આપવા ગયા, અને રાજા ને ભાન તથા શાન આવ્યું, ઋષિને શૂલીથી નીચે ઉતારવામાં આવ્યા, રાજાજી નમી પડયા, માફી માંગી, ઋષિજી આશ્રમમાં આવ્યા. રાજાજી મહેલમાં ગયા. અહિંસાદિ તત્વો નો આરાધક માંડવ્ય ઋષિ વિચારે છે કે, 'શૂલી પર ચઢાવવાની લાયકાતવાળા કર્મો મેં ક્યારે કર્યા હતાં? વર્તમાન જીવનમાં મેં એકપણ પાપ કર્યુ હોય તેની મને ખબર નથી તો પછી શૂળીની સજા મને શા માટે થઇ? આવું વિચારીને માંડવ્ય ઋષિ સીધા ધર્મરાજા પાસે આવ્યા અને પૂછ્યું કે આવી ભયંકર સજા મને શા કારણે મળવા પામી છે? જવાબમાં ધર્મરાજા એ કહયું કે ઋષિજી તમે જ્યારે બાલ્યકાળમાં હતાં ત્યારે નાના કદના ક્ષુદ્ર જન્તુઓ જેવા કે તીડ, માખી, મચ્છર, કીડી, માંકડ, જૂ,

લીખ આદિને પકડી પકડી ને સતાવતા હતાં માટે લઘુમાં લઘુ પુણ્ય કર્મનો ફળાદેશ જેમ મોટો હોય છે તેમ નાના માં નાનું પાપકર્મ પણ મોટા ફળને દેવાવાળું હોય છે.

મુનિજી! મરનાર પ્રાણીનું શરીર ન્હાનું હોય કે મોટુ તે મહત્વનું નથી પણ મારનાર, જીવહત્યા કરનારનો આશય જ મહત્વનોં છે. બાલ્યાવસ્થા નિર્દોષ હોય તો પ્રશંસનીય છે. પરન્તુ અજ્ઞાનાવસ્થામાં ઢંકાયેલી બાલ્યાવસ્થા નિર્દોષ નહી પણ સદોષ જ હોય છે, પુણ્ય કર્મોને કારણે જન્મ લેનારો જાતક સુવર્ણના પારણા માં ઝૂલી શકે છે પણ સાથે સાથે પાપકર્મો નો ભાર હોય ત્યારે ઘુંટણથી કે પગથી ચાલનારો બાલક પણ જીવોને મારતો, ચગધતો જાય છે અને જેમ જેમ મોટુ થતું જાય છે તેમ તેમ કલ્પના માં પણ ન આવે તેવી ગંદામાં ગંદી પાપચેષ્ટાઓ પણ કરતો હોય છે. માટેજ **"अज्ञानेनाऽऽवृत्तं ज्ञानं तेन मुह्यन्ति जन्तवः"** સારાંશ કે અજ્ઞાન અવસ્થા પાપપૂર્ણ જ હોય છે. ઋષિજી! પ્રપંચ, જૂઠ, ચોરી મૈથુન, આદિ પાપો સમજદારીથી કરાય કે અસમજદારીથી કરાય. ફળાદેશમાં અન્તર પડતું નથી.

ઉત્તેજિત થયેલા ઋષિજી એ ધર્મરાજાને શાપ આપ્યો કે - તમે મનુષ્ય યોનિમાં અવતરજો અને તેમજ થયું. દેવયોનિનો ત્યાગ કરી મનુષ્યાવતારને પામેલા તે વિદુર ના નામે પ્રસિદ્ધ થયા જે શરીરથી કૌરવોના પક્ષમાં રહયાં અને આત્માથી પાંડવોના પક્ષમાં.
(શાબ્દિક ફેરફાર સાથે રાજગોપાલાચાર્યનું મહાભારત)
માનસિક હિંસા પણ કેટલી ભયંકર હોય છે?

દ્વાદશાંગીમાં અગ્યારમુ અંગ વિપાક સૂત્ર છે, જેના છઠ્ઠાં અધ્યાયમાં ચારજ્ઞાન ના ધારી, અને ભાવદયાની ચરમસીમામાં પ્રવિષ્ટ, ભગવાન ગૌતમ સ્વામીના પૂછ્વાથી. ભગવાન મહાવીર સ્વામીએ નીચે પ્રમાણેની વાત કહી છે. મથુરા નગરીમાં સિરિદાસ નામે રાજા હતો, બન્ધુસિરિ નામે તેને ભાર્યા હતી, નંદીવધન પુત્ર યુવરાજ પદે હતો. સુબન્ધુ અમાત્ય હતો અને રાજાને વિશ્વાસપાત્ર ચિત્રક નામે હજામ (નાપિત) પ્રતિદિન રાજાના હજામત કરનારો હતો. રાજારાણીના ખોળામાં લાડપૂર્વક પોષાયેલો રાજકુમાર પણ મોટો થતો ગયો.

જન્મ લેનારા માનવમાત્રની પાછળ પૂર્વભવના સંચિત એટલે સ્ટોકમાં પડેલા કર્મોનો ઉદય પણ નિશ્ચિત હોય છે. તેના કારણે જ વૈરી કે મિત્ર જ્યાં જન્મેલો હોય ત્યાં જ અર્થાત્ તેની ફેમીલી માં જ જન્મ લેવો લગભગ અનિવાર્ય

છે. માતા-પિતા તથા જન્મ લેનારા પુત્રના કર્મો સર્વથા ભિન્ન હોવાથી જ સૌને તેવા પ્રકારના જ ભાવ અને ચેષ્ટાઓ કર્યા વિના બીજો માર્ગ નથી. તે કૃતકર્મો રાગના કે દ્વેષના દોરડા માં બંધાયેલા હોવાથી. યથાસમયે તેનો ઉદયકાળ પણ નિશ્ચિત છે. આ કારણે જ પોતાના લાડકવાયા પુત્ર પ્રત્યે, માતા પિતા ગમે તેટલી માયા રાખે તો પણ જન્મ જન્મના વૈરી, પુત્રરૂપે પણ અવતરિત થઈને અત્યુત્કટ વૈરભાવમાં આવી ગમે ત્યારે પણ પોતાના પિતાનો હાડવૈરી બની શકે છે. આ કારણે પૂર્વભવના વૈરી રાજકુમાર ના મનમાં પોતાના પિતાને મારીને પણ રાજ્યગાદીને પોતાને સ્વાધીન (કબજે) કરવાની ભાવનાનો ઉદ્ભવ થાય છે. વધે છે અને છેવટે ચિત્રક નામના હજામને દ્રવ્ય તથા સત્તાનો લોભ આપીને તૈયાર કરે છે. લોભાન્ધ હજામ રાજકુમારની વાતને માન્ય કરે છે. એક દિવસે રાજાની હજામત કરતાં કરતાં તેનો હાથ ધ્રુજવા લાગ્યો. ચતુર રાજા સમજી ગયો, સૈનિકોને સંકેત કર્યો અને તે પ્રમાણે નાપિતને બાંધી લીધો. રાજાની પાસે લાવ્યો, મૃત્યુદંડનો ભય બતાવ્યો અને હજામે સર્વ વૃતાન્ત કહયો. રાજા ને ક્રોધ નો પાર ન રહયો. પૂર્વભવના કૃત કર્મોમાં કેટલાક એકપક્ષી હોય છે અને કેટલાક દ્વિપક્ષી હોય છે. પિતાપુત્રનું વૈર દ્વિપક્ષી હોવાથી. ક્રોધ ની મર્યાદાથી બહાર ગયેલા રાજાએ વિચિત્ર પ્રકારે રાજકુમારને રાજ્યગાદી આપવાનો નિર્ણય કર્યો. તે અનુસારે હજારો માણસો બેસી શકે તેવો મંડપ તૈયાર કરાવ્યો, મોટા ઠાઠમાઠથી. હાથી, ઘોડા અને ઉંટ સવારો પણ હોય. વાંજિત્રો અને હજારો માણસો પણ સાથે હોય તે રરીતે શણગારેલા રાજકુમાર ને મંડપમાં લાવવામાં અને તૈયાર કરેલી લોખંડની ખુરશી પર બેસાડવામાં આવ્યો. ચારે તરફ તારથી બાંધી લેવામાં આવ્યો. તેવા સમયે ભગવાન મહાવીર સ્વામીની આજ્ઞા લઇ ગોતમ સ્વામીજી ગોચરી માટે ફરતાં હતાં. આવા વરઘોડાને જોઇ કુતૂહલવશ બની, તેઓ પણ મંડપ સુધી સાથે આવ્યા. રાજાએ સૈનિકોને આજ્ઞા કરી અને મોટી મોટી ભટ્ઠીઓ માં લોખંડ, તાંબા અને સીસાને ઉકાળી દેવામાં આવ્યાં હતાં. તેમાંથી કમંડલ ના કમંડલ ભરી રાજપુત્રનો અભિષેક કરતાં હતાં. તે પછી હાથી, ઘોડા અને ગધેડાનું મૂત્ર તેની પર ઢોળવામાં આવે છે. તે સમયે અશ્રાવ્ય અને અદર્શનીય તે રાજકુમાર ની દયામણી અવસ્થાને જોઇ હજારોની સંખ્યામાં રહેલા માનવો પણ ચીચીઆરી કરી રહયાં હતાં. ત્યાર પછી ગરમાગરમ લોખંડના સળીયા તેના શરીર પર ફરી રહયાં હતાં. આ જોઈ ગૌતમસ્વામીજી વિચારે છે કે -

"न मे दिट्ठा नरया वा नेरइया ।
अयं पुण पुरिए निरयपडिरूपितं वेयणं वेयेर ।।"
(विपाकसूत्र)

મેં નરકભૂમિ જોઇ નથી. ત્યાનાં જીવોની ભયંકરતમ વેદનાઓ પણ જોઇ નથી, પણ મારી આંખ સામે આ પુરુષ નરકભૂમિની વેદના કરતાં પણ ભયંકરતમ વેદના ભોગવી રહયો છે. અને અત્યન્ત કંપિત થયેલા ગૌતમસ્વામી સમવસરણમાં આવી ભગવંતને પૂછે છે કે - હે પ્રભો! જેને મેં પ્રત્યક્ષ કર્યો છે, તે આટલો બધો રૂપાળો માણસ ક્યાં ભવોના કર્મો ભોગવી રહયો છે. જવાબ માં ભગવંતે કહયું કે હે ગૌતમ! સિંહપુર નગર માં સિંહરથ રાજાને દુર્યોધન નામે કોટવાલ હતો. વિશ્વાસુ હોવાના કારણે રાજાએ એક ગામના કોટવાલ તરીકે સ્થાપિત કર્યો. જેમ જેમ સમય વ્યતીત થતો ગયો તેમ તેમ સત્તાનો અને શ્રીમંતાઇનો નશો ચઢતો ગયો. આજે આ સત્તા મારા હાથમાં છે આવતી કાલે બીજાના હાથમાં જશે માટે શ્રીમંતાઇ જેટલા પ્રમાણમાં ભેગી થાય, તેવી રીતે સત્તાનો ઉપયોગ કરવો જોઇએ. આવું વિચારીને પ્રશ્નના હિતને હાનિ પહોંચાડી તે પણ ટેક્ષો વધારવામાં, સિપાઇઓ દ્વારા ટેક્ષો ને ઉઘરાવવામાં મોટા વ્યાપારો પોતાના હાથમાં લઇ તે દ્વારા લખલૂટ દ્રવ્યની વૃદ્ધિ કરતો ગયો. દરેક પ્રસંગ પર કામે આવે તેવા ગુંડાઓ - દાદાઓ અને બદમાશોને પોતાના પક્ષમાં લઇ. પ્રજાને હેરાન-પરેશાન ઉપરાંત બેનબેટીઓના શીયલરક્ષણની પણ પરવાહ કરી નથી. પશુહત્યા, પક્ષીહત્યાનો વધારો કર્યો. મતલબ કે - જે રીતે પોતાના ગજવામાં, તિજોરીમાં છેવટે પોતાના ઘર ના આંગણા પણ સુવર્ણ, ચાંદી, હીરા, મોતી, પુખરાજ થી ભરાઇ જાય તેવી રીતે બીજાઓ પર જુલ્મ ગુજારીને પણ દ્રવ્યને વધારતો ગયો. અને એક દિવસે રાજાજીને મારીને પણ તેમનું રાજ્ય કબજે કરવાના મનસુબા કર્યા. છેવટે રાજાના સૈનિકોથી પકડાઇ ગયો, અને કૂતરાના મોતે મરતો તે દુર્યોધન છઠ્ઠી નરકભૂમીનો અતિથિ બનવા પામ્યો. ત્યાં ભયંકરતમ વેદનાઓને ભોગવતો તે દુર્યોધન પાપી સંસ્કારોને લઇ આ રાજાનો પુત્ર બન્યો છે. માટે બાપને મારી તેમનું રાજ્ય સ્વાધીન કરવા હજામને સાધ્યો. પણ આ ભવેપણ તેની ઇચ્છા પૂર્ણ થઇ નહી,અને જેવો આવ્યો હતો તેવો મનુષ્ય ભવનો ત્યાગ કરીને દુર્ગતિનો માલિક બન્યો. માટે જ તીર્થંકર પરમાત્માઓએ દ્રવ્યહિંસા અને ભાવહિંસાનો પાપ સ્વરૂપે કહી છે. (વિપાક સૂત્ર ૬ઠ્ઠ અધ્યાય)

**"પ્રાણાતિપાત પાપ સમાપ્ત"**

# (૨) મૃષાવાદ (અસત્ય)

મૃષા એટલે જૂઠ અને વાદ એટલેં બોલવું પદાર્થમાત્રનું સ્વરૂપ જ્ઞાની ભગવંતોને જે રૂપે ચક્ષુગોચર છે તેનો અપલાપ કરવો, અને પદાર્થ જેવા સ્વરૂપે છે જ નહી તેને તેવા સ્વરૂપે સ્વીકાર કરવો તેને મૃષાવાદ કહેવાય છે. જે હિંસા (પ્રાણતિપાત) નો પર્યાય છે અનાદિકાળના સંસારમાં મોહમિથ્યાત્વના નશામાં આત્મા પ્રમાદી બનેલો હોવાથી તેની બોલવાની ભાષા, વ્યવહાર, વ્યાપાર તથા મન-વચન અને શરીરની ક્રિયાઓમાં કોઈક સમયે કે કોઈક સ્થળે પરજીવોની અને કોઈક સમયે કે કોઈક સ્થળે સ્વજીવનની હિંસા રહેલી હોવાના કારણે આત્માના પ્રતિપ્રદેશે હિંસાના કુસંસ્કારો રહેલા હોવાથી જીવાત્માને મૃષાવાદી બનતા વાર લાગતી નથી. માટે જ મૃષાવાદ હિંસાનો પર્યાય કહેવાયો છે. સારાંશ કે જે હિંસક છે તે મૃષાવાદી છે અને જે મૃષાવાદી છે તે હિંસક છે પછી ચાહે દ્રવ્યહિંસક હોય કે ભાવહિંસક હોય.

મૃષાવાદ (અસત્ય) એટલે શું?

અદમ્ય પુરુષાર્થ વડે જે ભાગ્યશાળીએ પોતાના આચાર-વિચાર અને ઉચ્ચાર પર ભાવઅધ્યાત્મનો રંગ લગાવી દીધો હશે, શાસ્ત્રકારોએ તેમને સજ્જન (શિષ્ટ) કહયાં છે. તેમની વચ્ચે જે ભાષા બોલાય તે સત્યભાષા છે. તેનાથી વિપરીત અસત્યભાષા છે. યુકિતયુકત ધર્મ્ય ભાષા સમીચીન ભાષા છે. જે ભાષા બોલવાથી શ્રોતામાત્રને વિશ્વાસ આવે તે ઋત ભાષા છે તેનાથી વિપરીત અનૃત ભાષા છે. જે પદાર્થ (તત્ત્વ) જેવા સ્વરૂપે છે તેને તે રીતે બોલવું તે યથાતથ ભાષા છે તેનાથી વિપરીત અયથાતથભાષા જાણવી. સારાંશ કે, સ્વાર્થવશ, વિષય-વાસના કે લોભવશ, અથવા ખોટી પંડિતાઈ કે માયામૃષાવાદને પોષનારા - ક્રિયાકાંડોની માયાજાળમાં લોકોને કિંકર્ત્તવ્યમૂઢ બનાવવા તે અસત્યભાષા છે, અલીક ભાષા છે. **"अलति वारयति सद्गतिमिति अलीकम्"** જેનાથી સદ્ગતિ, સદ્વિચાર અને સદ્વિવેકનો નાશ થાય તે અલીક જૂઠભાષા છે.

હેયાના મંદિરમાં હિંસાદેવીનું સામ્રાજ્ય જામેલું હોય ત્યારેજ માનવની ભાષા ધર્મના નામે, તત્વોના નામ પણ અસત્યપૂર્ણ હોય છે. આ કારણે જ તત્વાર્થસૂત્રમાં **"असद्भिधानमृनृतम्"** સદ એટલે વિદ્યમાનતા અને પ્રશંસા, આ બંને અર્થોનો ત્યાગ કરી અસદ્ બોલવું તે અનૃત (જૂઠ) ભાષા છે. યોગશાસ્ત્રમાં તેના ચાર પ્રકાર કહયા છે.

(૧) ભૂતનિહ્નવ (૨) અભૂતોદ્‌ભાવન (૩) અર્થાન્તર (૪) ગર્દા

આ ચારે પ્રકારોને કંઈક વિસ્તારથી જાણીએ.

(૧) ભૂતનિહ્નવ -

'આત્મા છે, સંસાર છે, ચારે ગતિઓ છે, તેમાં પરિભ્રમણ કરનાર જીવો પણ છે. કર્મોનું ઉપાર્જન અને નાશ પણ છે જે સર્વે જીવોને સ્વસંવિદિત છે. આવા અનાદિકાળના વિદ્યમાન આત્માનો નિષેધ કરવો તે ભૂતનિહ્નવ નામનું અસત્ય ભાષણ છે.

(૨) અભૂતોદ્‌ભાવન

બીજા પ્રકારનું અસત્ય બોલનારા ભાગ્યશાળીઓ આત્માનો સ્વીકાર કરે છે. પરન્તુ અજ્ઞાનગ્રન્થિઓ, પૂર્વગ્રહ, મતાગ્રહ અથવા સંપ્રદાયવાદમાં ફસાયેલા હોવાથી. આત્મા કેવો છે ત્યારે જવાબમાં તે કહેશે કે ચોખાના દાણા જેવડો, અંગૂઠા જેવડો તથા શ્યામ અને પંચ ભૂતોથી ઉત્પન્ન થઈ તેમાંજ પાછો વિલીન થનારો છે. આના જવાબમાં જૈનશાસનનું કહેવું છે કે - 'આત્મા ચોખા કે અંગૂઠા જેવડો નથી પણ શરીરવ્યાપી છે. કેમકે-પગના તળીએ કાંટો કે કાંકરો વાગ્યો હોય તો તેની અસર શરીરવ્યાપી આત્માને તે જ સમયે પહોંચી જાય છે. દૂધમાં વ્યાપીને રહેલા ઘીની જેમ આત્માને પણ શરીરવ્યાપી માનવાથી જ સુખ-દુઃખનો અનુભવ સરળતાથી થઈ શકે છે. પૃથ્વી - પાણી - અ - વાયુ અને આકાશ આ પાંચે ભૂતો સ્વયં જડ હોવાથી ચૈતન્યસ્વરૂપી આત્મા તે જડ તત્વોમાં થી ઉત્પન્ન થાય તે સર્વથા અશક્ય છે. અન્યથા આજના વૈજ્ઞાનિકો પાંચભૂતોને ભેગા કરીને અગણિત આત્માઓને ઉત્પન્ન કરી શકયા હોત? પાણીનો પરપોટો પાણીમાંથી ઉત્પન્ન થાય, ફૂટે અને પાછો પાણીમાં મળી જાય છે. આવી રીતે આત્માને માનવા જતાં તેનું સંસારી વિશેષણ નિરર્થક જશે. જે કોઈને પણ ઇષ્ટ નથી. આ વિષયનો વિસ્તાર મારા લખેલા **"ભગવતીસૂત્રસારસંગ્રહ"** -'પ્રશ્ન વ્યાકરણ અને અનુયોગ દ્વાર સૂત્રોમાંથી જાણી લેવો. પ્રતિશરીરિ - જૂદા જૂદા આત્માઓને નહીં માનવાના કારણેજ જગતમાં અક્રિયાવાદની ઉત્પત્તિ થતાં હિંસા, દુરાચાર, ભોગવિલાસ આદિ પાપો વધવા લાગ્યા છે. અને ઈતિહાસ પણ સાક્ષી આપે છે કે કથિત ધર્મોની આડમાં ગુપ્ત નાસ્તિકતા, શરાબપાન આદિ ગુપ્ત કે અગુપ્ત પાપો વૃદ્ધિગત થયા છે.

(૩) અર્થાન્તર ભાષા

એટલે કે - એકવાતને, એક દ્રવ્યને અને ધર્મને અન્યરૂપે એટલે કે અર્થ નો અનર્થ થાય તેવી રીતે કહેવો તે અર્થાંતર છે, જેમકે - આત્માનું સત્યસ્વરૂપ અહિંસાદિધર્મ છે. કેમકે અહિંસાના પાલન માટે, સત્ય બોલવા માટે, અચૌર્યને માટે, બ્રહ્મચર્ય માટે કે સંતોષવૃત્તિ માટે કોઇને કંઇપણ પ્રયત્ન કરવો પડતો નથી. આવા પ્રકારના આત્માના સ્વધર્મને યજ્ઞયાગાદિમાં પરિવર્તિત કરવો તે અર્થાન્તર છે. મૃત્યુને પામ્યા વિનાના શરીર માત્રમાં આત્મતત્વ રહેલું હોવાથી જીવતા પશુઓને, યજ્ઞયાગના નામે મારી નાખવા, કાપીનાખવા તે આત્માનો સ્વધર્મ ક્યારે પણ થઇ શકતો નથી. માટેજ જૈનશાસને અર્થાન્તર વચનને અસત્યસ્વરૂપે સ્વીકાર્યુ હોવાથી સદાને માટે પાપભીરૂ આત્માઓએ તેવી ભાષા છોડી દેવા માટેજ આગ્રહ રાખવો. હિતાવહ છે.

પ્રત્યેક શબ્દનો અર્થ રૂઢ તથા વ્યુત્પત્તિ જન્ય યૌગિક પણ હોય છે. જેમ **"गच्छतीति गो:"** આ વ્યુત્પત્તિને માન્ય રાખીએ તો માનવ પણ ચાલે છે અને ગાય પણ ચાલે છે. પણ અહિં રૂઢ અર્થ લેવાનો હોવાથી ગો એટલે ગાય **(cow)** અર્થ લેવો ઇષ્ટ છે. તેવી રીતે બધા શબ્દોના અર્થો રૂઢ માનવા જઇએ તો પૂરો સંસાર સૌને વિસંવાદ રૂપે બની જતાં અનિષ્ટ થશે. માટે યથાશકય યૌગિક અર્થ ઠીક રહેશે. **"न जायते इति अज:"** ત્રણ વર્ષની જૂની ડાંગર ઉગતી નથી માટે તે ડાંગર અજ કહેવાય છે. વૈદિકમતે બ્રહ્માજી પણ જન્મતા નથી. માટે અજ કહેવાય છે. આવી સત્યસ્વરૂપ પરિસ્થિતિમાં અજ નો અર્થ બકરો કોણે કર્યો? શા માટે કર્યો? ત્યારે માનવાનું સરળ રહેશે કે, વૈદિક ધર્મિઓમાં માંસાહારે જ્યારે મર્યાદા મૂકી દીધી હશે ત્યારે અજનો અર્થ બકરો મનાયો હોવો જોઇએ.

સચ્ચિદાનન્દ, અજરઅમર, પરમાત્મસ્વરુપ આદિ આત્માના વિશેષણોને સાર્થક બનાવવાને માટે આત્માને શાકાહારી, દુગ્ધાનુપાન અને સાધુ હો. તો પૂર્ણ અને ગૃહસ્થાશ્રમી હોય તો તેની મર્યાદામાં સ્થિર રહેવું જોઇએ. આર્યદેશ અને આર્યખાનદાનનો આ ધર્મ અનાદિકાળનો છે. છતાં **"न मांसभक्षणे दोषो न मद्येन न च मैथुने"** આવા પ્રકારની સૂકિતઓ, વેદોમાં. સ્મૃતિઓમાં પ્રવેશ શા રીતે પામી ? આ કારણેજ અર્થનો અર્થાન્તર કરનાર વચનો સત્યસ્વરૂપે નથી પણ અસત્ય સ્વરૂપે જ છે.

(૪) ગર્હા એટલે અપ્રશસ્ત, અસભ્ય અને નિંદાત્મક ભાષા અસત્ય ભાષા છે, મોહમાયામાં ફસાયેલા જીવોને પોતાની જીભ પર કંટ્રોલ હોતો નથી, માટે જ્યારે

ને ત્યારે અમુકને મારી નાખ, તેના પગ ભાંગી નાખ, આ ચોર છે, બદમાશ છે, કુકર્મી છે ઇત્યાદિ ભાષાઓમાં હિંસકતા રહેલી હોવાથી નિંદનીય છે.

પરમાત્માની પ્રાપ્તિ કેવી રીતે થાય?

સંકટ અને સંતાપપૂર્ણ સંસારમાં પોતાની બગડેલી પરિસ્થિતિમાં પરમાત્માનું નામસ્મરણ કરવાનું સૌ કોઈને થાય તેમાં વાંધો નથી, પણ વિચારવાનું રહેશે કે તેવાઓ શું પરમાત્માનો સાક્ષાત્કાર કરી શકવાના છે? અથવા તેમને પરમાત્મા શું મળી ગયા હશે? આ બધા પ્રશ્નોનો જવાબ સ્વાર્થી, પંડિતમૂર્ખ પંડિતો ગમે તે આપી શકે. પરન્તુ તેવા જવાબોમાં સત્યાર્થ કેટલો? માયાવી સંસારની માયાજાળમાં ફસાયેલાઓને સ્વપ્નાઓમાં ગમે તે દૃશ્યો દેખાતા હોય, તેથી નિરંજન, નિરાકાર પરમાત્મા શું કોઈને પણ સ્વપ્નમાં આવી શકતા હશે? આના જેવા બીજા પ્રશ્નોના જવાબમાં જૈન શાસ્ત્રો કહે છે કે, જેમનું જીવન દ્રવ્ય અને ભાવની માયાથી, કપટી, હિંસક અને લુચ્ચાઈ ભરેલું હોય તેમને પરમાત્માનો સાક્ષાત્કાર થતો નથી. પોતાની બડાઈ મારવા ખાતર તેવી વાતો કરી શકે છે પણ તેમાં તથ્ય જરા પણ હોતું નથી.

હિંસક માણસમાં પ્રત્યક્ષ કે પરોક્ષ આજે કે કાલે જૂઠ વચન, ચૌર્ય કર્મ, મૈથુન,. પરિગ્રહ અને ક્રોધાદિ પાપો નું આવાગમન શકય બને છે તેથી માનવનું મન જ તેવા પ્રકારે ઘડાઈ ગયેલું હોવાથી પોતાને ફાયદો થાય કે –

ન થાય અથવા નુકશાન સામે દેખાતું હોય તો પણ આદતનો લાચાર બનેલો તે જૂઠ ભાષાને બોલ્યા વિના રહેવાનો નથી. પછી ચાહે તેનું કારણ ૧૮ પાપસ્થાનકોમાંથી ગમે તે હોઈ શકે છે. "—માયામાં મિથ્યાત્વરે પ્રાણી –" આ ન્યાયે પણ અસત્યાદિ જીવનમાં મિથ્યાત્વનો અન્ધકાર જોરદાર હોવાથી અથવા તેને દબાવી દેવા માટે આત્મિક પુરુષાર્થ મરી પરવાર્યો હોવાથી પ્રાયઃ કરી અનન્તાનુબન્ધી કષાયોની હાજરી પણ નકારી શકાતી નથી. માટે અસત્યજીવનના માલિક તે ભાઈ.

(૧) અનૃત - એટલે જેમાં સચ્ચાઈ નથી તેવી ભાષા.

(૨) પરુષ - ક્રોધના આવેશમાં કઠોર ભાષા.

(૩) પિશુન - બીજાની ચાડી ખાતી ભાષા.

(૪) અસભ્ય - પાંચ માણસોની વચ્ચે ન બોલાય તેવી ભાષા.

(૫) ચંચલ - મન-વચન અને કયામાં પ્રવેશેલી વક્રતાપૂર્વકની ભાષા.

(૬) મલીન - આત્મા અને મનની મલીનતાથી બોલાતી ભાષા.

(૭) વિરલ - કંઈક છુપાવીને મરતાં મરતાં બોલાતી ભાષા.

ઉપરાન્ત બીજાને ભ્રમમાં નાખે, શ્રોતાને કડવી લાગે, સ્પષ્ટતા વિનાની સંદિગ્ધ ભાષા, નિશ્ચિતાર્થ વિનાની ભાષા, તૂટતા શબ્દવાળી ભાષા, ઉદારતા વિનાની ભાષા, તુચ્છ શબ્દોવાળા ભાષા, ગન્દી ભાષા, બીજાના મર્મોને ભેદનારી ભાષા, અશ્લીલ ભાષા, રાગ-દ્વેષ અને ઈર્ષ્યાપૂર્ણ ભાષા, વૈરવિરોધને ઓકતી ભાષા, વાચાલ ભાષા, સમય વીત્યા પછીની ભાષા, ગર્વિષ્ઠ ભાષા આદિ બોલાતી ભાષામાં ક્યાંય પ્રાણાતિપાત, ક્યાય મૃષાવાદ, કંયાંય મૈથુન તો કયાચ પરિગ્રહ આદિના પાપો રહેલા છે. રાજ્યવિરુદ્ધ, દેશવિરુદ્ધ, સમાજ, ધર્મ તથા માનવતાની વિરુદ્ધ કર્મ કરનારા શું સત્યભાષા બોલતા હશે? માટે આવી ભાષા ગમે તેવી મધુરી હોય તો પણ મહાજનને પંડિતને, મહાપંડિતને પણ બોલવા લાયક નથી. હવે આપણે સમજી શકીએ છીએ કે - જુઠી ભાષા જુઠ જીવન અને જુઠો વ્યાપાર પોતાના આત્માને માટે કેટલો બધો નુકશાનકારક છે. સંખ્ય, અસંખ્ય જીવો સાથે અસત્ય વ્યવહારના મૂળમાં હિંસાદિ રહેલા હોવાથી તે જ્યારે બીજાઓને માટે જુઠ બોલશે, જુઠી સાક્ષી દેશે અથવા બીજાની વસ્તુને, આભૂષણોને જમીન કે જોરૂ (પરસ્ત્રી) ને પચાવી દેવાના ભાવ રાખશે ત્યારે નિશ્ચિત છે કે સામેવાળાના ગુમ કે અગુમ શાપ લાગ્યા વિના રહેવાના નથી. ફળસ્વરૂપે દેવદુર્લભ માનવાવતાર, સુંદરતમ રૂપરાશિ મેળવ્યા પછી પણ મૂંગાપણ, બુદ્ધિમાં જડતા, મગજની વિકૃતિઓ, ઈન્દ્રિયોની કમજોરી, બોલી શકવાની અસમર્થતા, હલ્કી ગંદી ભાષા, મુખ તથા દાંતોની દુર્ગન્ધતા, આદિ પૂર્વભવીય અસત્યભાષાના ફળો છે.

કન્યા, ગાય, ભૂમિ, પારકાની થાપણ અને જુઠી સાક્ષી આદિથી સંબંધિત - અસત્ય ભાષા પણ છોડવી. લગ્નની ભૂમિકાને પ્રામ થયેલી કન્યાને માટે અસત્ય બોલવાથી તેની જીન્દગી બગડશે, સગપણ તૂટશે અથવા તેને રડી રડીને જીન્દગી પૂર્ણ કરવાનો અવસર આવશે. બીજાનું દ્રવ્ય, મકાન, આભૂષણનું ન્યાસાપહરણ કરવું એટલે કે - આપણી ખાનદાની કે બાપદાદાઓના વિશ્વાસે કોઈએ આપણે ત્યાં દ્રવ્યમકાનાદિ પણ મૂકી તેને લોભમાં આવીને પચાવી લેવાની ભાવનાથી સામેવાળાને મરવા જેવી અવસ્થા પ્રામ થશે. આ કારણે સૌનું અહિત કરનારું. વિશ્વાસઘાત

કરનારું અને પૂર્વભવીય પુણ્ય કર્મોનું દેવાળું કઢાવનારું અસત્યભાષણ હોવાથી ધીમે ધીમે પણ છોડી દેવાનો આગ્રહ રાખવો. શાસ્ત્રકારો તો ત્યાં સુધી કહે છે કે, પારદારિક અને ચૌર્ય કર્મનો પ્રતિકાર હોઇ શકે છે પણ. અસત્ય જીવન જીવીને વધારેલા પાપોનો પ્રતિકાર નથી.

## Who Is God? Where Is God?

પરમાત્મા કોણ? અને કયાં રહે છે? જવાબમાં જાણવાનું કે "सच्चं खलु भयवं" આચારાંગ સૂત્રમાં પરમાત્મા મહાવીર સ્વામીએ કહયું કે ' જ્યાં સત્ય ભાષા વપરાતી હોય, સત્યપૂર્ણ વ્યવહાર હોય, ત્યાં પરમાત્મા છે અને તેમનો વાસ પણ સત્યવચનમાં છે. મતલબ કે 'હૃદયના મંદિરમાં યદિ પરમાત્માને બિરાજમાન કરવાની. ભાવના જ હોય તો જીવનને સત્યપૂર્ણ બનાવવા માટે જ પ્રયત્ન કરવો હિતાવહ છે. **'Truth is GOD'** મતલબ કે સચ્ચાઇમાં પરમાત્મા છે અને સમ્યકત્વ, સમ્યગ્દર્શનનો વાસ પણ સચ્ચાઈપૂર્ણ જીવનમાં છે માટેજ કહેવાયું છે કે –**'સાચામાં સમકિત વસે - માયામાં મિથ્યાત્વરે પ્રાણી'** માટે સત્ય અને સમ્યકત્વમાં કાર્યકારણ ભાવ છે. મતલબ કે, સત્યમાં સમ્યકત્વ નકારી શકાતું નથી, અને સમ્યકત્વ પ્રાપ્તિનો ફળાદેશ સત્ય ભાષણ છે.

### મૃષાવાદના કટુફળો

અહિંસા - સંયમ અને તપોધર્મ પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા ક્ષીરકદંબક ઉપાધ્યાય (પંડિત) ના આશ્રમમાં જૂદા જૂદા દેશના વિદ્યાર્થિઓ અભ્યાસ કરતાં હતાં તેમાં પંડિતપુત્ર પર્વતક, રાજપુત્ર વસુકુમાર અને નારદ આદિ પણ વિદ્યાર્થિઓ મુખ્ય હતાં

વિદ્યાવ્યસંગિત્વમાં પૂર્ણ મસ્ત બનેલા ત્રણે વિદ્યાર્થિઓ શાંત, નિર્દોષ અને નિર્મમ હતાં. તથાપિ અર્થ અને કામના લક્ષ્યવાળી વિદ્યાના માધ્યમથી સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિમાં શંકા રહે છે. કેમકે "ज्ञानस्य फलं विरतिः" જેનાથી શરીર ઈન્દ્રિયો અને મનમાં વિરતિ (પાપોનાં દ્વાર બંધ કરી દેવાની કામના) ના પરિણામો ઉત્પન્ન થાય તે સમ્યગ્જ્ઞાન છે. જ્યારે વિદ્યા વિવાહાર્થી અને પેટાર્થી પણ હોઈ શકે છે, જેમાં પાપમાર્ગોને બંધ થવાની તથા વિચારશકિતને સન્માર્ગે વાળવાની શકયતા તથા સમર્થતા પણ રહેતી નથી.

એક દિવસે ઉપાધ્યાય ના કાને અદૃશ્ય શબ્દો અથડાયા કે આ ત્રણે

વિદ્યાર્થિઓમાં બે વિદ્યાર્થિ નરકગામી છે અને એક જ ઉર્ધ્વગામી છે. તે કોણ હશે? તેની પરીક્ષા માટે પોતાના જન્મદિવસે ત્રણે વિદ્યાર્થિઓને એક એક કૂકડો આપી કહયું કે જ્યાં કોઇ જોઇ શકે નહીં તેવા સ્થાને જઇ મારી નાખવા. ત્રણે જંગલ તરફ ગયા, તેમાંથી એક વિદ્યાર્થિએ વિચાર્યું કે - અહીં એટલે આ જંગલમાં કોઇ માણસ જોનાર નથી, અને ગુરૂઆજ્ઞાને ફળિતાર્થ કરવા માટે કૂકડાને મારી નાખ્યો. સર્વથા અકાટ્યવિદ્વાન અને તર્ક-કર્કશ આ વિદ્યાર્થિ ને આટલી પણ ખબર ન રહી કે - સંસાર ના ચોગાનમાં માનવસૃષ્ટિ કરતાં બીજા જીવોની સૃષ્ટિઓ પણ ઘણી માત્રામાં છે. પરન્તુ આત્માને કોરાધાકોર ચખાવનારી વિદ્યાના માલિકને આટલું વિચારવા માટે પણ ક્ષમતા હોતી નથી. બીજો વિદ્યાર્થિ જંગલ ઉંડાણમાં ગયો ત્યાં પશુપક્ષી પણ હતાં નહી એટલે કૂકડાને મારી નાખ્યો અને બાહ્યદષ્ટિએ ગુરુની આજ્ઞા માન્ય કરવાનો સંતોષ મેળવ્યો.

સમ્યગ્જ્ઞાનના અભાવમાં, વિદ્યાનો સંબંધ કેવળ પોથી પાનામાં લખેલા શબ્દો પૂરતો જ હોવાથી તેનો આત્મા શબ્દ, શબ્દાર્થ અને તેની ચર્ચામાં અટવાઇ જવાથી કોઇ પણ સૂત્રનું રહસ્યાર્થ, તાત્પર્યાર્થ. અને ઐદંપર્યાર્થ મેળવી શકવા માટે સમર્થ બની શકતો નથી.

આજનો ભારતદેશ જ આપણને સાક્ષી આપે છે કે, ભૂતપૂર્વની ઘણી શતાબ્દીઓથી. પંડિતો-મહાપંડિતો ઉપરાંત અર્થ અને કામની માયાજાળમાં ગુમરૂપે સપડાયેલા ઋષિ-મહર્ષિઓ પણ સમયે સમયે વેદ-વેદાન્તની, આત્મા અને પરમાત્માની, તથા આસ્તિકતા અને નાસ્તિકતા આદિની સૂક્ષ્મમાં સૂક્ષ્મ ચર્ચાઓ કરી છે. પરન્તુ ભારતદેશના ભાગ્યમાં વાગ્યુદ્ધ, ડંડાડંડી, મારામારી, ઉપરાન્ત, સંપ્રદાયવાદ, ધર્મવાદ, પ્રાન્તવાદ અને જાતિવાદ આદિના અગણિત અખાડાઓ શેષ રહયાં છે. જ્યાં એક અખાડાને બીજા અખાડા સાથે, એક ધર્માચાર્યને બીજા ધર્માચાર્ય સાથે કોઇ પણ જાતનું સ્નાનસૂતક રહયું નથી. ફળાદેશે માંસાહાર, શરાબપાન, અન્યાયોપાર્જિત શ્રીમંતાઇ, વેશ્યા અને પરસ્ત્રીગમન તથા જુઠ પ્રપંચ આદિ પાપોથી માનવ બેહાલ બનવા પામ્યો છે. વાતે વાતે ધર્મશાસ્ત્રોને ચર્ચામાં ઉતારવા કરતાં જીવનના અણુ અણુમાં ધર્મને ઉતારી દીધો હોત તો દેશની દશા જુદી જ રહેવા પામત. ત્રીજો વિદ્યાર્થિ, સત્યસ્વરૂપે વિદ્યાર્થિ, જ્ઞાનાર્થી અને ચારિત્રાર્થી હોવાથી ભયંકરતમ જંગલ માં, જઇને પણ વિચારતો થયો કે - 'જીવહત્યાના અને માંસાહારના સ્વયં કટ્ટર વૈરી ઉપાધ્યાયજી કૂકડાને મારવાનો આદેશ કદાચ મારી પરીક્ષા માટે હોઇ શકે છે. ચકલા, કબૂતરા તથા વૃક્ષના પાન આદિમાં મારા આત્માની સમાન જ આત્મા

વિદ્યમાન છે. તે ઉપરાન્ત અદૃશ્ય પરમાત્માઓ પોતાની જ્ઞાનદૃષ્ટિથી સંસારના ચરાચર જીવોને પ્રત્યક્ષ કરી રહયાં છે માટે કૂકડાને મારવા પાપ છે. આ પ્રમાણે વિચાર કરી પોતાના અને ગુરુજીના આત્મા ને પાપથી બચાવવા, જીવહત્યાથી વિરામ પામ્યો અને ગુરુઆજ્ઞા પૂર્ણ કરવાનો સંતોષ પામી ગુરુસમીપે આવ્યો. તેટલામાં પહેલાના બન્ને વિદ્યાથિઓ પણ આવી ગયા હતા. પોતપોતાની વાત રજુ કરી. પંડિતે ત્રણેની વાતો સાંભળીને પહેલાના બે વિદ્યાર્થિઓ નરકગામી છે આવો નિર્ણય થતાં જ ઉપાધ્યાયજીનું મન ભાંગી ગયું, આવું વિદ્યાદાન પણ શા કામનું ? જેને લઇ મારે પાસે ભણનાર સાધકને નરકભૂમિ તરફ જવાનો અવસર આવે. આ બંનેમાંથી એક પુત્ર પોતાનો અને બીજો રાજકુમાર વસુ હતો.

વિદ્યા શું નરકગતિ આપી શકે છે?

જવાબમાં જાણવાનું કે વિદ્યા પોતે કોઇને પણ નરક આપતી નથી, કેમકે વિદ્યાનું મૂળ સમ્યગ્જ્ઞાન છે અને તેનું ફળ વિરતિ અર્થાત્ પાપોના ભરેલા મન-વચન અને કાયાને પાપમાર્ગોથી અટકાવે તે સમ્યગ્જ્ઞાનનું ફળ છે. જેમણે પાપમાર્ગો બંધ કર્યા છે તેમને નરક તરફ જવાનું હોતું નથી. પરન્તુ સમ્યગ્જ્ઞાન વિનાની વિદ્યા કદાચ નરકગતિ તરફ જવા માટે નિમિત્ત બની શકે છે. તેથી કુપાત્રોના હાથે પડેલી વિદ્યા, કુપાત્રોને મળેલી શ્રીમંતાઇ અને સત્તા તેના માલિકોને નરક તરફ લઇ જવા માટે નિમિત્ત બનવા પામે છે.

શ્રેષ્ઠતમ દાન કયું?

અભયદાનને છોડીને બીજા દાનો જેવા કે, વિદ્યાદાન, અન્નદાન, વસ્ત્રદાન, ઔષધદાન, પુત્રદાન, શિષ્યદાન, સુવર્ણદાન અને મંત્રદાન આદિનો નિષેધ જૈનશાસને કર્યો જ નથી. કેવળ તે દાનોને કરતી વખતે " વિવેક " નો ઉપયોગ કરવો આવશ્યક એટલામાટે છે કે જેનાથી દાન લેનાર માણસ તથા સમાજ, સંસ્થા અને ધર્મ સંસ્થાઓ પણ વધારે પડતી, પાપમય, દુરાચારમય, કુકર્મી, આળસુ અને નિંદનીય બનવા ન પામે, થોડા આગળ વધીને વાત કરવાની હોય તો **"यतिने काञ्चनं दत्वा स दाता नरकं व्रजेत** "અર્થાત્ જે ભાગ્યશાળીઓએ સંસારની માયાનો ત્યાગ કરી પ્રવ્રજિત થયા છે, તેવા ત્યાગી મહાત્માઓને નોટોના બંડલો, સુવર્ણ, ચાંદી આદિ દ્રવ્યો આપવા અથવા તેમની સીધેસીધી દેખરેખ નીચે સંસ્થાઓ, મંદિરો, ઉપાશ્રયો કરવા સામાજિક દષ્ટિએ હાનિકર્તા છે. તે સૌકોઇને અનુભવમાં આવે તેવી વાત છે. માટે દ્રવ્યદાન લેનાર કરતાં પણ દેનાર વધારે અપરાધી છે.

મુકિત મેળવવાને માટે દાન, શિયળ, તપ અને ભાવ આદિને દ્વારસમા કહયાં છે. તેમ છ્તાં માન્યા વિના છુટકો પણ નથી કે, આ ચારે ધર્મોમાંથી પહેલાના ત્રણ શબ્દો સ્વયં નપુંસકલિંગના છે. જ્યારે ભાવશબ્દ પુલિંગ છે માટે ભાવપૂર્વક કરાંતા, સેવાતાં દાન, શિયળ અને તપ, કર્મો ની નિર્જરાના કારણ બનવા પામે છે. મતલબ કે, જે દાનથી ગરીબોની ગરીબી મટે. રોગિઓના રોગ મટે, ભૂખ્યા પેટમાં અનાજ પડે, તે દાન કહેવાય છે, અને બેથી નવ લાખ સુધીના પંચેન્દ્રિય જીવોને તથા અગણિત સંમૂર્ચ્છિમ જીવોને અભયદાનં દેવા માટે જ કરાતી આરાધના શિયળ ધર્મ કહેવાય છે. અને નવા પાપોને રોકવા તથા જૂના પાપો ને ક્ષય કરવા માટે કરાતી આરાધના તપોધર્મ કહેવાય છે. ઈત્યાદિ કારણે જ ભાવને સર્વશ્રેષ્ઠ કહયો છે. જે ભાગ્યશાળી પોતાના ભાવને અધ્યવસાયોને, લેશ્યાઓને પવિત્ર બનાવવાનો પ્રયાસ કરશે તે ઉર્ધ્વગામી બનવા પામશે. અન્યથા દેવદુર્લભ મનુષ્યાવતારમાં ભાવની શુદ્ધિ માટે ટ્રેનિંગ ન લઈ શકયા તો મિથ્યાત્વના જોરે કમજોર બનેલો આત્મા વધારે પડતો કમજોર થશે. તે સમયે અને જીવોના કરેલા, કરાવેલા પાપસંસ્કારોને ભડકે બળતા રોકવાની શકિત પણ સમામ થશે.

કાલક્રમે રાજપુત્ર વસુરાજાગાદીનૌ વારસદાર બને છે અને પંડિતપુત્ર પર્વત પોતાના પિતાનો વારસદાર બની આશ્રમ સંભાળે છે અને આશ્રમ માં આવ.નારા વિદ્યાર્થિઓને વેદ-વેદાન્ત નો અભ્યાસ કરાવે છે.

પુણ્ય પવિત્ર વસુરાજાનું સિહાસન સ્ફૂટિક શિલા પર સ્થિત અને સ્થિર હોવાથી રાજાની ખ્યાતિ સત્યવાદી સ્વરૂપે હતી. અને ન્યાય પદ્ધતિ પણ સત્યપૂર્ણ હતી. જ્યારે પંડિત પર્વતક "गंगा गये गंगादास, जमना गये जमनादास" ના સ્વભાવ વાળો હોવાથી પોતાના પિતાનો વારસો બરાબબર સંભાળી શકયો નહી. તથા અહિંસક ભાવના ના અભાવે માનસિક સ્થિતિને એક પણ ધર્મ પ્રત્યે સ્થિર રાખી શકયો નથી, પરિણામે ઈન્દ્રિયોના ઘોડાઓનું તોફાન વધી ગયું. ખાનપાનના સંસ્કારો પણ બગડવા લાગ્યા, મિત્રો અને હજુરિયાઓ પણ પંડિતને સંસ્કાર ભ્રષ્ટકરવા માટેના નિમિત્તો ગોતવા લાગ્યા. અને સંસારની માયા પણ એટલી બધી વિચિત્ર છે કે તેનો તાગ મેળવવા માટે બ્રહ્મજ્ઞાનિઓનું બ્રહ્મજ્ઞાન પણ સફૂળ પનતું નથી, વસિષ્ઠના જેવા મુહુર્તદાતા હોય, દશરથરાજા જેવો દક્ષિણા આપનાર હોય અને રામચન્દ્રજી જેવા પુણ્યપનોતા હોય તા પણ રાજગાદી પર બેસવાના મુહુર્તેજ વનવાસ સ્વીકારવાની જ પડે છે. માટે કયાંય પૂર્વભવનો પુણ્ય પ્રકાર હોય અને કંયાય પાપ પ્રકાર હોય. બંનેને પોતપોતાના ભાગ્યાનુસારે નિમિત્તો મળી જાય છે, જ્યારે કેટલાક

જીવો જાણી ને પાપમાર્ગે જવાની ઉત્કંઠા ધરાવનારા હોય તો તેને સલાહ દેવા તેની હામાં હા મેળવવાવાળા પણ તેવાજ મળી આવે છે.

આશ્રમ માં કેટલાય વિદ્યાર્થિઓની સામે તથા પ્રેક્ષકોની સામે પંદિતના વેદ વેદાન્તની ચર્ચા કરી રહયાં છે. ત્યારે **'અજ'** શબ્દ સામે આવતાં જ બગડેલી આત્મિક વિચારધારાના કારણે અજના અર્થ બકરો થાય છે જે શાસ્ત્ર સમ્મત છે. તેના પર ચર્ચા થવા લાગી કેમકે. વિદ્યમાન પંડિતજીના પિતા જે અકાટ્ય વિદ્વાન હોવા ઉપરાન્ત પૂર્ણ અહિંસક હતાં તેમની પરમપરાથી અજનો અર્થ ત્રણ વર્ષની ડાંગર થાય છે તેમ સૌ ના ખ્યાલમાં હતું. માટે વિરોધનું વંટોળ ઉભું થયું. તેમની માતાજીએ પણ અજ નો અર્થ બબકરો નથી પણ ડાંગર છે. તેવી રીતે અહિંસક સંસ્કારોથી પરિપૂત થયેલા જૂના વિદ્યાર્થીઓ અને શ્રોતાઓએ પણ વિરોધ કર્યો. પરન્તુ પંડિતજીના કાન આજે કોઇને પણ સાંભળવા તૈયાર ન હતાં. છેવટે પ્રતિજ્ઞા પર ઉતરેલા પંડિતજી એ જોરશોરથી કહયું કે - અજ નો અર્થ બકરો ન થતો હોય તો મારી જીભ ચપ્પુ પડે કાપી નાખવા તૈયાર છુ આનો ન્યાય કરાવવા માટે મામલો વસુરાજાની કોર્ટમાં આવ્યો.

પક્ષપાત, આંખોની શરમ અને મિથ્યાપ્રતિજ્ઞાની લાલસા આ ત્રણે તત્વો એટલા બધા તાકાતવાળા છે કે જેનાથી ભલાભલા મહાયોગિઓ, તપસ્વિઓ પણ સસદ્બુદ્ધિમાં સ્થિર રહી શકતા નથી. તો પછી વસુરાજાની વાત શું કરવાની હોય? તે પણ ન્યાયમાં સ્થિર રહી શકયા નહી અને પડિતજી જે પોતાનો લંગાટિઓ મિત્ર હતો તેના પક્ષમાં તણાઇ ગયા અને ફેસલો આપતા કહયું કે, અજ નો અર્થ બકરો છે. વસુરાજાના ન્યાય પર સૌને શ્રદ્ધા હતી કે આકાશપાતાલ એક થાય તો પણ વસુરાજા જુઠ બોલતા નથી અને ઘણાઓએ ન્યાયને માથા પર ચઢાવી લીધો; ત્યારથી મૂક પશુઓના યજ્ઞ ચાલુ થયા અને આજ સુધી સર્વથા અગણિત મૂંગા પ્રાણિઓને બલી પર ચઢવું પડયું છે. આ બાજુ જુઠ અને પ્રપંચ ભરેલા ન્યાયથી દેવો નારાજ થયા અને ન્યાયાસન થી પટકાવી દીધા. મૃત્યુવશ બનેલો તે રાજા નરકનો અતિથિ બન્યો.કથાનું હાર્દ આટલું જ છે કે પક્ષાન્ધ, લોભાન્ધ અને મોહાન્ધ બનીને રાજાએ આખી જીન્દગીમાં એકજ વાર અસત્ય ભાષણ કર્યુ છે. તો પછી ૨૪ કલાકમાં ૨૪ હજાર વાર જૂઠ બોલનારાઓની દશા કંઇ?

**મૃષાવાદ પાપ સમાપ્ત**

## (૩) અદત્તાદાન (ચૌર્યકર્મ - ચોરી કરવી)

૧૮ પાપસ્થાનકોમાં ત્રીજું પાપ અદત્તાદાન છે. આમાં અ + દત્ત + આદાન આ ત્રણ પદોનો સમાસ છે. દત્ત એટલે આપેલું, અ શબ્દ નિષેધમાં હોવાથી નહીં આપેલું આદાન અર્થાત્ ગ્રહણ કરવું - ઉપાડી લેવું ચોરી લેવું, સારાંશ કે, વસ્તુના માલિક દ્વારા નહીં આપેલું લેવું તેને અદત્તાદાન કહેવાય છે.

**ચાર પ્રકારે અદત્તાદાન**

તીર્થંકર અદત્ત, ગુરુઅદત્ત, સ્વામી અદત્ત અને જીવ અદત્ત ભેદે અદત્તાદાન ના ચાર પ્રકાર છે. આ વાતને વિસ્તારથી સમજી લેવી આવશ્યક છે.

(૧) તીર્થંકર અદત્ત - એટલે તીર્થંકર પરમાત્માઓની ચોરી કરવી - કંઇ રીતે?

કેમકેઃ સમ્પૂર્ણ કર્મોનો ક્ષય કરીને પરમાત્માઓ સિદ્ધશીલામાં બિરાજમાન છે. અને **"सिद्धाणं नत्थि देहो"** આ સૂત્રથી તેમને શરીર પણ નથી. તો પછી તેમની પાસે પૌદ્ગલિક માયા ક્યાંથી હોય? ત્યારે આનો ભાવ આ પ્રમાણે છે... ભાવ દયાની ચરમસીમાને પ્રાપ્ત થયેલા તે પરમેશ્વરોએ **"पडिसिद्धाणं करणे"** અર્થાત જે જે અકાર્યો નો, પાપોનો નિષેધ કર્યો છે તેનું આચરણ કરવું તેને તીર્થંકર અદત્ત કહેવાય છે. આ પાપ મુનિરાજોને તથા સાધ્વી મહારાજોને સર્વથાત્યાજ્ય છે. જ્યારે ગૃહસ્થાશ્રમ માંડીને બેઠેલાઓને સવા વીસાની દયામાં રહીને જે કંઇ કરવું પડે તે સર્વથા અનિવાર્ય હોવીથી કર્યા વિના બીજો માર્ગ નથી. તેમ છતાં સંસારભરની બધી વનસ્પતિઓ, શાકો, ફળો તથા કપડાઓ, ભોગવિલાસો, સુગંધી પદાર્થો, શરીર શૃંગારના સાધનોને એકી સાથે ભોગવવા જેટલી અને પચાવવા જેટલી શકિત પણ નથી, તે વસ્તુ ઓને મેળવવા માટે પૈસા પણ નથી, આવી પરિસ્થિતિમાં, ગૃહસ્થાશ્રમનો ભોગી આત્મા થોડે ઘણે એશે યોગની, યોગી જીવનની આરાધના કરી શકે - તે માટે તીર્થંકર પરમાત્માઓએ. ભયંકરતમ પાપોના કરાવનાર વ્યાપારો, અસંખ્યાતા જીવો એકી સાથે મરણ પામે તેવા ઉદ્યોગો, અભક્ષ્યભોજનો, જેનાથી તન-મન અને બુદ્ધિમાં વિકૃતિઓ આવે તેવા કોકાકોલા, શરબત, ભાંગ, શરાબ આદિ પીવાના પેય પદાર્થો. થોડીવારને માટે ગણિકાની વેષભૂષા યાદ કરાવે તેવા પ્રકારની લેટેસ્ટ ફેશનાલીટી એટલે વેષભૂષા આદિનો ત્યાગ કરી શકે તે માટે ભોગોપભોગ વિરમણ અને અનર્થ દંડ વિરમણ વ્રતોનો ઉપદેશ કર્યો છે. તો સમજીબુઝીને જીવનમાં ધીમે ધીમે પણ ટ્રેનિંગ લેવાશે તો ભોગી હોવા છતાં યોગી બનશે, કેમકે -

સમ્યગ્જ્ઞાનપૂર્વક હજારો - લાખો પાપમાર્ગોમાંથી એકાદ પાપનું પણ વર્જન (ત્યાગ) કરનારો વ્રતધારી કહેવાય છે. વિરમણ નો અર્થ સર્વથા ત્યાગ કરવાનો નથી. પણ શરીર, કુટુંબ, પુત્રપરિવાર માટે ઉપયોગ માં આવતા પદાર્થોની મર્યાદા કરવી. તે તીર્થંકર પરમાત્માની આજ્ઞા છે તેનો જાણીબુઝી ને અથવા આલસ્ય અને પ્રમાદથી ભંગ કરવો તે પણ તીર્થંકર પરમાત્માઓની ચોરી કહેવાશે.

**માનવની માનવતાનો વિકાસ કંઇ રીતે થશે?**

મનુષ્ય જીવનની સફળતાનો ફળાદેશ સદ્‌બુદ્ધિ અને સદ્વિવેક, શાસ્ત્રમાન્ય છે. કેમકે આં જ ત્મે તત્વો મનુષ્યેતર પ્રાણી પાસે હોતા નથી. હોય તો ઉપયોગમાં લઇ શકાતા નથી આ કારણે જ દેવદુર્લભ માનવાવતારને મેળવેલા ભાગ્યશાળીને જ વિચારવાનુ રહેશે કે - પ્રાણ વિનાના મડદાની જેમ, માનવતા વિનાનું માનવ શરીર, ગમે તેટલું સુંદર હોય, સુદૃઢ હોય તો પણ શા કામનું? રાવણ, દુર્યોધન, દુઃશાસન, શૂર્પણખા મમ્મણ કે ધવલશેઠ ઓછા રૂપાળા ન હતાં? પણ તેઓએ માનવતા કેળવવાનો પ્રયત્ન ક.ર્યો નથી. માટે જ બીજાઓના હાથે કમોતે માર્યા ગયા અને ઈતિહાસના પાને હરહાલતમાં પણ અમર થઇ શક્યા નથી. અનન્તાનન્ત જીવરાશિમાં સર્વશ્રેષ્ઠ માનવાવતાર મનાયો છે. જે મર્યા પછી જીવનની સુવાસ અને સુકૃત્યોની સ્મૃતિ કોઈને ન થાય તેવું જીવન શા કામનું , આના કરતાં પશુઓ લાખવાર સારાં મનાયા છે જે મર્યા પછી પણ પોતાના વાળ, હાડકા, ચામડા, માંસ, ચરબી, લોહી અને શિંગડા તથા પૂંછના વાળ આદિથી પણ માનવોની સેવા કરેછે. જ્યારે મર્યા પછીનો માનવ શાકામનો? એટલા માટેજ તીર્થંકર પરમાત્માઓની આજ્ઞા અને ઉપદેશ સૌ કોઈને ઉપાદેય છે. જેનાથી માનવ સાચાઅર્થમાં માનવ બનવા પામે છે; અન્યથા વિપરીત જ્ઞાન અને વિપરીત ભ્રમણા ને લઇ તેનું મન **"मुखमस्ति वक्तव्यं भोक्तव्यं च"** મતલબ કે - પરમાત્માએ જ્યારે મોઢું, દાંત અને દાઢા આપી છે તો જે ખવાય, જેટલું ખવાય, જે રીતે ખવાય, જે બોલાય, જેટલું બોલાય અને જે રીતે બોલાય આ પ્રમાણે ખાવું-પીવું, બોલવું, ચાલવું આદિ મોજમજા કરી જીવનનો આનન્દ લુંટવો....' પરન્તુ આવા પ્રકારની માન્યતા ખરાબમાં ખરાબ એટલા માટે છે કે - વિવેક વિનાની ખાવાપીવા આદિની ક્રિયાઓ તો પશુઓ અને પક્ષીઓ પણ કરે છે. પરન્તુ તેમની ખાવાપીવા અને ભોગવિલાસોની ક્રિયાઓમાં વિવેકની મર્યાદા હોતી નથી. માટે તે પશુઓ કહેવાય છે. પરન્તુ માનવ, માનવ છે, પશુ નથી. આવો માનવ પશુતુલ્ય પોતાનું જીવન રાખે તો ખાનદાન ભણતર ગણતર પણ શા કામના? પશુઓમાં વિવેક નથી માટે તેમના સંતાનો પશુજ હોય છે; તો

પણ કુદરતે તેમના જીવનમાં ગર્ભાધાન થયા પછી કોઈ પણ પશુમાદા પશુનર પાસે જતી હોય કે પશુનર પોતાની માદા પાસે જતો હોય તેવું ક્યારેય જોવામાં આવ્યું નથી. તો પછી તીર્યંચોને માટે પણ કુદરતી મર્યાદા છે. તો માનવ તીર્થંકર પરમાત્માની આજ્ઞા માને આનાથી શ્રેષ્ઠતમ માર્ગ બીજો ક્યો? ગૃહસ્થાશ્રમમાં રહેલા ગૃહસ્થીઓને બારવ્રતની મર્યાદામાં રહેવું શ્રેયસ્કર છે યદ્યપિ પરમાત્માની બધી આજ્ઞાઓ જીવનમાં ઉતરી જાય કે ઉતારી દેવાય તેવું સંઘયણ બળ, બુદ્ધિ બળ, જ્ઞાન બળ કે ગુરૂબળ પણ આપણા ભાગ્યમાં નથી છતાં પણ તીર્થંકર પરમાત્માઓ પરમોત્કૃષ્ટ દયાળુ હોવાથી આપણા માટે પરમોપકારી છે. તેવી શ્રદ્ધા રાખીને યથાશક્ય, યથાપરિસ્થિતિ જીવન બનાવવું, તતે માનવતા છે. ઠાણાંગ સૂત્રમાં "मा निषेधे न विद्यन्ते हिंसा, असत्य, चौर्य, मैथुन, परिग्रह, क्रोध, मान, माया, लोभादि वस्तूनि यस्मिन् स मानवः ।।" અર્થાત્ જેમાં હિંસાદિ નવપાપો નથી તે માનવ છે. અને તે માનવ જ્યારે હિંસાદિનો ત્યાગ કરે છે તેને માનવતા કહેવાય છે. એટલે કે માનવ ના શરીરમાં માનવતાનો પ્રાદુર્ભાવ થાય છે.

**(૨) ગુરુઅદત્ત**

મહાવ્રતધારી, ગુરુદેવોના ચરણોમાં મન-વચન અને કયાથી સમર્પિત થવું, જેથી શ્વાસોશ્વાસ લેવા મૂકવાની ક્રિયાને છોડી બીજી એક પણ ક્રિયાને ગુરુઓથી છુપાવવાનો અવસર ન આવવા પામે. ગૃહસ્થોને યથાશક્ય, યથાપરિસ્થિતિ, ગુરુની આજ્ઞા માનવી એટલા માટે જરૂરી છે કે, કોઈક અગમ્ય સમયે ભયંકરતમ પાપકર્મોથી નિવૃત્તિ લેવાનો અને માનસિક-વાચિક તથા કાયિક પાપોની માફી માંગવાનો ભાવ જાગશે. ગૃહસ્થ માત્ર પોતાના પેટ, વ્યવહાર કે પોઝીશનને માટે, સોલિસ્ટર, બેરિસ્ટર, કલેકટર, માસ્ટર, હેડમાસ્ટર આદિ પદવીઓને મેળવી શક્યો હશે. શ્રીમંતાઈ કે સત્તા પણ સારામાં સારી મોળવી લીધી હશે. વ્યાપારની વૃદ્ધિ માટે લાયસન્સો મેળવવાની પાછળ ગમે તેવા અભક્ષ્ય ભોજનો પણ રાજસત્તાધારિઓની સાથે હોટલોમાં કર્યા હશે તો પણ તે ભાગ્યશાળીને સમજવાની જરૂર છે કે, આ બધા ભૌતિકવાદના નાટકો છે જે વિજળી ના ચમકારા જેવા ઓસના બિંદુ જેવા, કાચની બંગડી જેવા કે હાથીના કાનની જેમ ચંચલ છે અને એક દિવસે તે ભૌતિકવાદ હાથતાળી દઈને સમાપ્ત થશે ત્યારે તમારો રક્ષક કોણ? તમને આશ્વાસન આપવાવાળો કોણ? આ કારણે જ ભૌતિકવાદ કરતાં આધ્યાત્મિક વાદ લાખો વાર શ્રેષ્ઠ અને ચિરસ્થાયી છે. પરંતુ આવો આધ્યાત્મિક વાદ મેળવશો કેવી રીતે? જવાબમાં જાણવાનું કે - હિંસા - જૂઠ - ચોરી - મૈથુન અને પરિગ્રહ નો સર્વથા

ત્યાગ કરનાર પંચ મહાવ્રતધારી ગુરુદેવોથી અતિરિકત કયાંય થી પણ મળી શકે તેમ નથી. તમારી છાતી પર હાથ મૂકીને પ્રત્યક્ષ કરશો તો જણાઇ આવશે કે સંસારભરના સર્વ ધર્મગુરુઓ કરતાં આજનો જૈન મુનિ આચરણ માં, વિચારમાં અને ઉચ્ચારણમાં સૌથી જુદો દેખાઇ આવે છે. કારણ કે તે આચાર-વિચાર ની વાતોમાં પ્રેકટીકલ (વ્યવહારૂ) છે. આવા સંતોના ચરણોમાં બેસીને જ્ઞાનસંપાદન કરવું, તેમની સેવા કરવી. વૈયાવચ્ચનો ભાવ રાખવો, શ્રેયસ્કર છે. આનાથી વિપરીત, તેમની સાથે ગપ્પા મારવા, મંત્રતંત્રની વાતો કરવી, તેમના સ્વાધ્યાયમાં અંતરાય થાય તેવા સમયે ઉપાશ્રયમાં આવવું. આદિ ક્રિયાઓ છોડી દેવાનો ભાવ રાખવો. આવા ગુરુઓ ગૃહસ્થોને જે કંઇ ઉપદેશ કરશે તે કલ્યાણને માટે હોવાથી તેનો સ્વીકાર કરવો. આવા ગુરુઓથી વિરુદ્ધ કંઇ પણ કરવું તે ગુરુ અદત્ત કહેવાશે.

**(૩) સ્વામી અદત્ત**

જે પદાર્થનો જે માલિક હોય અર્થાત્ પદાર્થ પર અત્યારે જેમનો હક હોય, તેમને તેને પૂછ્યાવિના કંઇ પણ ન લેવું. કેમકે, પ્રત્યેક વ્યકિતને પોતાની વસ્તુ પર મોહ-માયા હોય તે સ્વાભાવિક છે. આવી સ્થિતિમાં, જેના માલિકને ક્રોધ આવે, અકળામણ થાય, અને ચોરને પકડવા કે પકડાવવા માટે પ્રયત્ન કરે અને કદાચ ચોર પકડાઇ જાય તો મારી કૂટીને હાડકા તોડયા વિના કે તોડાવ્યાવિના રહે તેમ નથી. આવી સ્થિતિમાં ચોરી કરનાર ના કાળામોઢા થાય, ઇજ્જત આબરૂના કાંકરા થાય. માટે પૂછ્યા વિના કોઇની વસ્તુ ન લેવી તે અદત્તાદાન કહેવાય છે.

**(૪) જીવ અદત્ત**

જેમાં સચિત્તતા હોય, બીજ રહેલા હોય, તેવી વસ્તુ મુનિસંસ્થા માટે સર્વથા ત્યાજ્ય છે. જ્યારે ગૃહસ્થોને માટે જીવ અદત્ત સર્વથા અપરિહાર્ય હોવા છતાં પણ વિવેક રાખવો જરૂરી છે. જીભઇન્દ્રિયને વશમાં રાખીએ તો ઘણી વસ્તુઓનો ત્યાગ સુલભ બનતાં. અગણિત જીવોની નિરર્થક હત્યા રોકી શકાશે ..જીવ અદત્તનો સીધોસાદો અર્થ આ પ્રમાણે છે. પોતાની માલિકીની એક મોસંબીને રામજીભાઇએ ચાંપસીભાઇને આપી છે, હવે તે લેનાર ચાંપસીભાઇને સ્વામી અદત્ત ન લાગે પણ જીવ અદત્ત ચોરી એવી રીતે લાગશે કે મોસંબીમાં રહેલા જીવો **"सच्चे जीवावि इच्छन्ति जीविउं ।"** આ ન્યાયે મરવા માંગતા નથી. માટે રસ કાઢનાર અને પીનાર ચાંપસીભાઇને જીવ અદત્ત લાગશે.

અનાદિકાળથી આ જીવાત્મા, જડાત્મક પાંચે ઇન્દ્રિયોનો વશવર્તી છે. ભોગૈષણા

અને રસગારવનો પણ ગુલામ હોવાથી ગત ભવોના સંસ્કારો આ ચાલુ ભવમાં સાથે લઇને આવ્યો હોવાથી. ખાદ્ય અને (ચટકેદાર મસાલેદાર ભોજનીયા) પેય (સુગન્ધી અને સ્વાદુ પીવાના પદાર્થો) પદાર્થોને ખાવાપીવાની ઇચ્છા કરશે. આવી પરિસ્થિતિમાં સૂક્ષ્માતિસૂક્ષ્મ જૈન શાસન જીવાત્માઓને સમજાવે છે કે - દેવદુર્લભ માનવાવતારમાં ઈન્દ્રિયોના ગુલામ બનવા કરતાં તેના માલિક બનજો. જેથી ખાવાપીવાની વસ્તુઓના ત્યાગ કરવાની ઇચ્છા થશે. કારણ કે - શાક માર્કેટ માં આવનારા સર્વ પ્રકારના શાકો, ભાજીઓ અને ફળોને તમે એકી સાથે ખરીદવાના નથી - ખાવાના નથી માટે જેનાથી તમને સંતોષ અને તૃપ્તિ થાય તેનો ઉપભોગ અને બીજી હજારો વસ્તુઓને સમજદારી અને જ્ઞાનપૂર્વક ત્યાગ કરવાની ભાવનાથી ત્યાગી દેજો

ચોરી કરવાના ફળો કેવાં ભયંકર હોય છે.

શ્રાવક શ્રાવિકાઓને સંયમની દોરડીમાં બાંધવાના ઇરાદે તીર્થંકર પ્રરૂપિત બાર વ્રતની પૂજાની ઢાળમાં પંડિતપ્રવર, કવિશ્રેષ્ઠ, વીરવિજયજી મહારાજ ચોરીનું કર્મ કેટલું ભયંકર હોય છે, તેને બતાવતાં કહયું કે -

" સ્વામી અદત્ત કદાપિન લીજે ભેદ અઢારે પરિહરિયેરે - ચિત્તચોખે ચોરી નવી કરીએ
નવી કરીએ તો ભવજળ તરિયેરે ..ચિત્તચોખે ...
સાતપ્રકારે ચોર કહયાં છે તૃણ તુષમાત્ર કર ન ધરિયેરે ...ચિત ચોખે
રાજદંડ ઉપજે તે ચોરી, નાનું પડયું વળી વિસરિયેરે ...ચિત્
કૂડે તોલે કૂડે માપે, અતિચારે નવિ અતિ ચરિયેરે ...ચિત્ત
આ ભવ પર ભવ ચોરી કરંતા, વધ બંધન જીવિત હરિયેરે......ચિત્ત
ચોરીનું ધન ન ઠરે ઘર માં, ચોર સદા ભૂંખ મરિયેરે ...ચિત્ત
ચોરનો કોઇ ધણી નવિ હોવે, પાસે બેઠા પણ ડરિયેરે ...ચિત્ત
પરધન લેતા પ્રાણજ લીધા, પંચેન્દ્રિય હત્યા વરિયેરે ...ચિત્ત

આ ચારે પ્રકારની ચોરીમાંથી ગૃહસ્થોને તીર્થંકર અદત્ત, ગુરૂ અદત્ત અને જીવ અદત્તનો ત્યાગ કદાચ અશકય હોઇ શકે છે. પણ સ્વામી અદત્તનો ત્યાગ કરવો જરૂરી છે. કેમકે તેમા વ્યવહાર સંબંધી, કુટુંબ સંબંધી, શ્રાવકધર્મ સંબંધી કેટલાય દૂષણોને પ્રત્યક્ષ જોઇ શકાય છે. પોલીસોના હાથે સપડાયેલા ચોરને જ્યારે ઢોરમાર પડતો હોય કે આજીવનની અથવા અમુક સમયની જેલ ભોગવવી પડતી હોય ત્યારે

તેના ધર્મપત્ની, બાળબચ્ચા રડીરડીને અધમુઆ થઇ જાયછે. કારાવાસમાંથી છુટ્યા પછી પણ તેનો વિશ્વાસ કોઇ કરતા નથી. તેની પાસે બેસવામાં પણ ભય લાગે છે. ઇત્યાદિ દોષોને ધ્યાનમાં રાખી પારકાની વસ્તુ લેવાની આદત છોડી દેવી જોઇએ.

ભવભવાન્તરમાં આચરેલી વધારેલી ચોરીના સંસ્કારોના કારણે, પારકાનું દ્રવ્ય પચાવી લેવાના કારણે, વિશ્વાસુ સાથે વિશ્વાસઘાત કરવાના કારણે પણ કેટલાય જીવોના શાપ માથા પર લીધેલા હોવાથી તે ભાગ્યશાળી માનવાવતારમાં પણ સુખી બનતો નથી, શાન્ત રહેતો નથી, સમાધિ તેનાથી હજારો માઇલ દૂર જ રહેવા પામે છે. ઘણા જીવોને આપણે જાણીએ છીએ કે, તેઓ પરિશ્રમ કરવામાં, ભાગદૌડ કરવામાં, પરસેવો ઉતારવામાં, કંયાય પણ પાછા પડતા નથી. છતાં પણ બે પૈસાની માયાને ભેગી કરી શકતા નથી, ઘરમાં ત્રણ સાંધે ત્યાં તેર તૂટતા હોય છે, કોઇક સમયે ૫-૨૫ હજારની મત્તા ભેગી કરી હોય. ત્યારે પોતે, ધર્મપત્ની કે માવડી બીમાર પડે છે અને ભેગી કરેલી માયા તે બીમારીમાં સ્વાહા થઇ જતાં પાછા જ્યાં હતાં ત્યાને ત્યાંજ. ત્યારે માનવાનું રહયું કે આ બધી વાતોમાં પૂર્વભવીય કોઇ અદષ્ટ કર્મ નડતું હોય છે. આ કારણે જ હજારો પ્રયત્ન કર્યે છતે પરિસ્થિતિ સુધરવા પામતી નથી.

**ભવાન્તરમાં કરેલા ચૌર્યકર્મના ફળો ...**

દૌર્ભાગ્. - ભવિતવ્યતા ખરાબ હોવાના કારણે ઘણા માનવો, ધર્મના માર્ગે આવી શકતા નથી ત્યારે તેમના જીવનમાં ધર્મ નથી, ધર્મના સંસ્કારો નથી, ધર્માત્માઓનો સહવાસ નથી. ત્યારે તેમના જીવનમાં અધર્મ શેષ રહે છે. તેના કારણે પાપી પેટ ભરવાને માટે ચોરી કરવાની પ્રેરણા થતાં. ઘણાઓનું ઋણ તેમના ભાગ્યમાં શેષ રહે છે. આવાઓની જન્મપત્રિકામાં પણ નવમો, દશમો, બીજો, અગ્યારમો અને પાંચમો ભાવ પણ દૂષિત બનવા પામે છે. અથવા કેન્દ્રસ્થાનોમાં પાપગ્રહો પડે છે, જેના કારણે ઉઠયાં ત્યારથી સૂવાના સમય સુધી પણ ભયની ભૂતાવળો તેમને સતાવતી હોય છે, અને ચારે તરફ ભયનાં માર્યા આંખના ડોળા ફેરવતાં જીવન પૂર્ણ કરે છે.

(૨) પ્રેષ્ય - અર્થાત્ ભાગ્યમાં નોકરી જ લખાયેલી હોવાથી, ક્યારેય પણ આ ભાઇસાબો, શેઠ બની શકતા નથી. અનુભવીએ છીએ કે, બુદ્ધિથી કે ચતુરાઇથી શેઠને લાખો કરોડોની કમાણી કરી શકાવે છે, પણ પોતાનું ભાગ્ય અજમાવવા માટે પોતે દુકાન કરે તો - કાં તો દુકાન ચાલતી નથી. ગ્રાહકો આવતા નથી, ઉધરાણી ડુબી જાય

છે, અને આખરે " લે કરવતીઆ કરવત આખરે મોચીડાનો મોચીડોધ " આ ન્યાયે ફરીથી નોકરી જ કરવાની રહે છે.

(૩) દાસ્ય - આના કારણે શેઠોના ઘરે પોતાના હાથપગ બંધાઇ ગયા હોવાથી. ઘરના વાસણો માંજવા .. કપડા ધોવા અને છેવટે સંડાસો તથા બાથરૂમો પણ સાફ કરી જીન્દગી પસાર કરે છે.

(૪) અંગછેદ - ગુનાહિત કાર્યો કરવાથી અથવા તેવા પ્રકારના કારનામા મજદૂરી કરતાં. હાથપગના આગળા પણ કપાઇ જતા હોય છે.

(૫) દરિદ્રતા - લક્ષ્મદિવીની મહેરબાની મેળવવા માટે ભિન્ન ભિન્ન પ્રકારે શુભાનુષ્ઠાનો કરવા છતાં પાંચ પૈસાની માયા પણ ભેગી કરી ન શકતા હોવાથી, તેમના બાળ બચ્ચા કે પત્નીઓ આંખોમાંથી બોર બોર જેવા આંસુઓ ટપકાવી જીન્દગી પૂર્ણ કરે છે.

આ ફળાદેશ ચૌર્યકર્મરૂપી વૃક્ષના છે. એટલું જ નહી, મર્યા પછી પણ નરકગતિ કે તિર્યંચગતિ ભાગ્યમાં શેષ રહે છે.

ઉપરના લખેલા ગતભાવ અને આ ભવની ચોરી કરવાના ફળો જાણી લીધા પછી, તે ભાગ્યશાળી હશે. જે ચોરીના વ્યાપાર, ચોરની ભાષા, ચોરસાથે લેવડદેવડ, ચોરાયેલી મિલ્કતને ખરીદવી, ચોરને જગ્યા આપવી, તેમને ઘરમાં સંતાડી રાખવા, રોટલા પાણી ખવડાવવા, આદિ પાપજનક, પાપવર્ધક અને પાપપરંપરક ચોરી કરવાના પાપકાર્યનો મન-વચન તથા કાયાથી ત્યાગ કરી પોતાના માનવ જીવનને સફળ બનાવવા માટે પુરુષાર્થી બની સન્માર્ગે આવશે.

પુણ્ય કર્મોની અને પાપ કર્મોની બેંકમાં જે અને જેટલું જમા કરાવ્યું હશે તેમાં રાઈ કે મેથી ઘટવાની નથી અને વધવાની પણ નથી ચાહે જ્યોતિષી પાસે જન્મપત્રિકા ના બીજા, પાંચમાં, નવમાં અને દશમાં ભાવને જોવડાવી થાકી જઇસે તો પણ નશીબમાં લખાઇને આવેલા સુકા રોટલા, કયારે પણ ઘીમાં તરબોળ થવાના નથી. અને ઘી કેળા ખાવાના નશીબવાળાને લુખા રોટલા મળવાના નથી. ગતભવો બગડયા છે, બગાડયા છે માટે આ ભવમાં કંઇ પણ મળ્યું નથી, તો પછી આ ભવને જ બગાડશે. તે આવતા ભવોમાં પણ કંઇ રીતે સુખી બનશે.

## અદત્તાદાન નો કટુફળો

પોતાની પૌદ્ગલિકી અને આધ્યાત્મિકી સંપદાઓથી, દેવોની અમરાવતી નગરી ને ઝાંખી કરનાર મગધદેશની રાજધાની રાજગૃહી નગરીમાં શ્રેણિક નામનો રાજા હતો. તેમને ચાર બુદ્ધિનો ધારક, નીતિ-ન્યાય તથા પ્રામાણિકતાનો સ્થાપક અને પાંચસો મંત્રિઓનો અગ્રેસર મંત્રી અભયકુમાર નામનો પુત્ર હતો. દેવાધિદેવ ભગવાન મહાવીર સ્વામીના ૧૪ ચાતુર્માસો આ નગરીમાં થયેલા હોવાથી. પવિત્રતમ બનેલી આ નગરી માં, કેવળ જ્ઞાનીઓ, ગણધરો, ચતુર્દશ પૂર્વધારીઓ, તથા અનેક લબ્ધિસંપન્ન મુનિરાજો શીયળધર્મની સાક્ષાત્ મૂર્તિ સદશ સાધ્વીજી મહારાજોના ચરણ કમળોથી આ નગરીની આન્તરિક અને આધ્યાત્મિક શોભામાં ચાર ચાંદ લાગી ચૂકયા હતાં. આ કારણે જ પૂરા બ્રહ્માંડમાં રાજગૃહી નગરી સૌની જીભ પર પોતાનો વાસ જમાવીને બેઠી હતી. તીર્થંકર પરમાત્માઓની હાજરી જે સમયમાં હોય છે, તે સત્યુગ કહેવાય છે. તથાપિ સંસારની ગતિ ચિત્રવિચિત્ર હોવાથી પુણ્ય પાપ, ધર્મ-અધર્મ, સુખ-દુઃખ, સંપત્તિ-વિપત્તિ આદિના દ્વન્દ્વો પણ સદાકાળને માટે સંસારમાં કોઈની રોકટોક વિના પણ વિદ્યમાન જ હોય છે. સૂર્ય-ચન્દ્ર, નક્ષત્ર, તારા વિનાનો સંસાર કયારેય હતો નથી અને ભવિષ્ય માં પણ હશે નહી તેવી રીતે - હિંસા - અહિંસા, સત્ય-અસત્ય, સ્તેય-અસ્તેય, મૈથુન-બ્રહ્મ, પરિગ્રહ અને સંતોષ આદિના

દ્વન્દ્વો પણ ચારે તીર્થંકરોની સત્તા હોય અથવા ચક્રવર્તિઓ ના, કે વાસુદેવોના હાથની આંગળી પર ચક્ર ફરતો હોય તો પણ વિદ્યમાન જ હોય છે. આ ન્યાયે રાજગૃહી નગરીની પાસે આવેલ વૈભારગિરિ પર્વતની ગુફામાં રૌદ્ર રસની મૂર્તિ સમો, લોહખુર નામનો ચોર પણ રહેતો હતો. જેના શરીરની ચેષ્ટા, બોલવાની ભાષા અને આંખોના લાલ ખૂણા જ સૌને સાક્ષી આપતા હતાં કે, જન્મજન્મના ચૌર્યકર્મના પાપ સંસ્કારો લઈને જ આ ચોર જન્મેલો હતો. જીવતા જાગતા પિશાચ ની જેમ શ્રીમંતોના ઘરે થતાં ઉત્સવાદિ પ્રસંગોમાં ગુપ્ત વેષમાં હાજર રહીને પોતાની ચોરદષ્ટિથી, તે શ્રીમંતોના છિદ્રોને જોતો રહેતો હતો અને પ્રસંગ આવ્યે તેમના ઘરોને ભિન્ન ભિન્ન પ્રકારે ઉપદ્રવે પણ કરતો રહેતો હતો. આ પ્રમાણે પારકાની સંપત્તિ, માલ મિલ્કત અને તેમની સ્ત્રિયોને લૂંટી લેવામાં જ પોતાની ખાનદાનીનો ધર્મ સમજતો હતો. રાક્ષસો કચા માંસને છોડીને ભીજા ગમે તેવા ખાદ્ય પદાર્થોનો સ્પર્શ પણ કરતા નથી. તેમ લોહખૂર ચોર ગામને, શ્રીમંતોને લુટવામાં જ તેમન તેમની પુત્રિઓ ને ઉપાડી જવા

સિવાય બીજી એકેય ધર્મને માનનારો ન હતો. તેને રોહિણી નામની ધર્મપત્ની થઈ રૌહિણેય નામનો પુત્ર હતો. જેમાં પોતાના પિતાના બધા દુર્ગુણો જ ઉતરી આવ્યા હતા. વય (ઉમ્ર) ના પરિપાકને લઇ મૃત્યુ શય્યા પર છેલ્લા શ્વાસ ને પૂર્ણ કરતા લોહખુરે પોતાના પુત્ર રૌહિણેયને પાસે બોલાવી અને પડખે બેસાડી ને કહયું કે હે પુત્ર! તું મારો સાચો જ પુત્ર હોય તો મરવાની અણી પર આવેલા બાપ ને વચન આપ, જેથી મારા છેલ્લા શ્વાસને આરામથી લઇ માનવ જીવનની યાત્રાને પૂર્ણ કરી શકું. મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિના ઘોર અન્ધકારમાં વિષ્ટાના કીડાની જેમ પૂર્ણ રૂપે ફસાયેલા પુત્રે કહયું કે - પૂજ્ય પિતાજી! મરવા માટે છેલ્લા શ્વાસને લેતા પોતાના પિતાના વચનને હું પ્રાણ કરતાં પણ અધિક માનનારો છું. માટે તમારી છેલ્લી આજ્ઞા શું છે? તે હું સમજી શકું અને પાળી શકું. પિતાએ કહયું, સુપુત્ર! આપણી પેઢી દર પેઢીથી ચાલ્યો આવતો ધંધો, જેમકે - શ્રીમંતોને લુંટવા, આપણા ધંધાની આડે આવે તેમને સારી રીતે સજા કરવી. રૂડીરૂપાળી છોકરીઓ તથા પુત્રવધુઓને ઉપાડી જવી, ગામમાં હાહાકાર મચાવી દેવો આદિ આપણા ધર્મને મહાવીર સ્વામીનો ઉપદેશ બંધ કરાવી દેનાર હોવાથી. બેટા! તું મહાવીરની માયાજાળમાં ફસાઇશ નહી. તેમના સમવસરણના પગથિયે પણ પગ મૂકીશ નહી. રૌહિણેયે પોતાના પિતાને વચન આપ્યું અને લોહખુરે છેલ્લોશ્વાસ પુરો કર્યો."

જેમની ખાનદાનીમાં હિંસા, જૂઠ, ચોરી તથા મૈથુનાદિ પાપ કાર્યો સેવાતા આવ્યા છે. તે પાપો તેમના પુત્રપરિવારાદિ પરમ્પરામાં પણ ઉતરી આવે છે, વધે છે. આ ન્યાયે રૌહિણેય ચોર પણ દિનપ્રતિદિન ચૌર્ય કર્મમાં જુદી જુદી રીતો અપનાવતો ગયો, અને અજમાવતો ગયો, પરિણામે, પાપકર્મો પણ ભડકતા ગયા, જેના કારણે ચોરનું મસ્તિષ્ક, હૃદય, આંખો, કાન, પગો, હાથો અને મન-વચન તથા કાયાનું તંત્ર પણ ચૌર્યકર્મમાં પૂર્ણ રૂપે ફસાઇ ગયું.

ધર્મ-અર્થ-કામ અને મોક્ષના ચારે પુરુષાર્થોને માટે પણ વિધિવિધાનોના આવશ્યકતા રહેલી છે. તેવી રીતે ચૌર્યકર્મ, ચોરી કરવી, ખાતર પાડવું ઘર તોડવું, તિજોરી તોડવી, બનાવટી ચાવી (કુંચી) થી ગમે તેવા તાળાઓને ખોલી નાખવા આદિ માટે પણ શાસ્ત્ર છે. વિધિવિધાન છે. આ પ્રમાણે, ખાતર પાડવા માટેની સર્વે કળાઓ રૌહિણેય ચોરને હસ્તગત હતી. પૂર્વભવનો પુણ્યકર્મી આત્મા જેમ આ ભવમાં પણ સારા સંસ્કારો સાથે લઇને અવતરે છે. તેમ પૂર્વભવોમાં ચૌર્ય પાપની આદત લઇ અવતરેલો જીવ પણ આ ભવમાં જન્મે ત્યારથી ન્હાની ન્હાની ચોરીઓ

કરતો જાય છે અને એક દિવસે ચોરી કરવામાં પ્રાવીણ્ય કૌશલ્ય, ચાતુર્ય, શૌર્ય અને હિંસક ભાવની પણ પૂર્ણતા મેળવી લે છે. રૌહિણેય ચોરમાં કળ, બળ અને અવસર આવ્યે ક્રૂરતા પણ પૂર્ણરૂપે વિકસિત થયેલી હતી. ફળસ્વરૂપે, શ્રેણિક જેવો રાજા અને અભયકુમાર જેવો બુદ્ધિનિધાન મંત્રી હોવા છતાં, આજે તો રાજગૃહી નગરી સર્વથા અનાથ જેવી હતી. પ્રજા કિંકર્તવ્યમૂઢ હતી રાજા શ્રેણિક અજ્ઞાત હતો. અભયકુમાર સરસેનાપતિઓના વિશ્વાસે હતો. માટે જ ચોર રાજગૃહીમાં ક્યારે આવતોં ? કોનું ઘર લુંટાતું, તેની ખબર કામ પતી ગયા પછી પ્રજાને રાજાને થતી હતી.

રાજા શ્રેણિકના રાજ્યમાં રૌહિણેય જેમ ખ્યાતિપ્રામ થયો તેવી રીતે બીજા રાજ્યમાં અંગુલીમાલ ચોર ખ્યાતિપ્રામ હતો. આમાં હિંસકવૃતિનો વધારો હોવાથી શ્રીમંતો ના આંગળા કાપી તેની માળા પોતાના ગળામાં પહેરીને ફરતો હતો. બંનેને પકડવા માટે રાજાઓની રાજસત્તા અને બુદ્ધિવૈભવ મંત્રિઓની બુદ્ધિ પણ અકિંચિત્કર હતી. છતાં રૌહિણેય ભગવાન મહાવીરના વચનોથી અને અંગુલીમાલ બુદ્ધના વચનોથી, ચૌર્યકર્મનો ત્યાગ કરીને સાધુના વેશમાં આવી ગયા હતાં.

જે માર્ગે રાજગૃહી નગરીમાં રૌહિણેય આવતો જતો હતો, તે માર્ગના નાકે જ ભગવાન મહાવીર સ્વામી એકદા સમવસરણમાં બિરાજમાન થઈ દેશના આપી રહયાં હતાં. જ્યારે ચોરને આવવાનો સમય થવા આવ્યો તે સમયે પરમાત્માની દેશનામાં દેવલોકના દેવાનું વર્ણન ચાલતું હતું. પરન્તુ આજે કર્મના સંજોગો હશે. અથવા ભવિતવ્યતાનો પરિપાક થવાનો સમય પાકી ગયો હશે. જેથી ગામમાંથી બહાર નીકળતા જ બાવળનો જોરદાર કાંટો ચોરના પગે વાગી ગયો. અને પોતાના પિતાની આજ્ઞા ને યાદ કરી ચોરે પોતાના કાનમાં એક પણ શબ્દ પડવા ન પામે તેવા ઈરાદાથી બંને કાનોમાં બંને અંગૂઠા નાખી દીધા હતાં અને તે જોરથી ભાગી રહયો હતો. પરન્તુ કાંટાની વેદના ભયંકર હતી માટે તેણે એક કાનમાંથી અંગૂઠો કાઢીને કાંટાને કાઢવાનો પ્રયાસ કર્યો. બરાબર તે જ સમયે તેના કાનમાં ચાર શબ્દો પડી ગયા. તે આ પ્રમાણે

(૧) દેવો અને દેવીઓના પગો ભૂમિ પર પડતા નથી.

(૨) તેમને પરસેવો આવતો નથી.

(૩) પુષ્પમાળા કરમાતી નથી.

(૪) આંખની પાંપણ બંધઉઘાડ થતી નથી.

આપણે જાણીએ છીએ કે, અત્યાર ના સમયે ઉપરના ચારે શબ્દો ચોરને માટે કોઇ પણ કામના છે જ નહી. કદાચ કોઇ ને થાય કે, ચોર જ્યારે આ માર્ગે આવવાનો હતો, ત્યારે પરમાત્માને પણ તેને અનુકૂળ જ શબ્દો કહેવા જોઇતા હતાં. જવાબમાં જાણવાનું કે, સંસારની સ્ટેજ ચિત્રવિચિત્ર હોવાથી, કર્મોની માયાજાળમાં ફસાયેલો કોઇ પણ માણસ બીજાકોઇની સીધેસીધી વાત પણ સાંભળવા તૈયાર નથી હોતો, જ્યારે અહીં તો પરમાત્મા સાક્ષાત્ છે. ભાવી ઘટનાઓ જે રીતે બનવાની છે તે પ્રત્યક્ષ જોનાર છે. તેથી માનવની જીવનયાત્રામાં ક્યો સમય કંઈ રીતે આવશે તેની ખબર કેવળજ્ઞાનીને હોવાના કારણે, ભવિષ્યમાં ચોરને માટે જે ઘટના જે રીતે ઘટવાની છે. તે સમયે આજ ના સાંભળેલા ચાર શબ્દો જ ચોરના ભાગ્યને પલટાવી દેવામાં સમર્થ બનવા પામશે. કેમકે કોઇ પણ જીવના અધ્યવસાયો, લેશ્યાઓ અને પરિસ્થતિઓ એક સરખી રહી નથી. માટે જીવનમાં ઘટનારી ઘટનાઓનો નિર્ણય છદ્મસ્થ કરી શકે તેમ નથી.

ત્રાહિમાં ત્રાહિમાંની પ્રજા દ્વારા કરાયેલી ફરિયાદથી સાવધાન બનેલા શ્રેણિક રાજાએ અભયકુમારને કડક શબ્દોથી ચોરને પકડી પાડવાની આજ્ઞા આપી, અને મંત્રીએ રાજગૃહીમાં પ્રવેશ કરવાના બધા માર્ગોને કવર કર્યા તથા પોતે પણ સાદા વેષમાં મુખ્યદ્વાર પાસે ચોકી કરતાં ઉભા રહયાં કર્મ સંજોગે આજે મંત્રીના હાથમાં રૌહિણેય ચોર આબાદ સપડાઇ ગયો અને રાજા પાસે લાવ્યો અને રાજાએ પણ શૂળી પર ચડાવી દેવાની આજ્ઞા આપી, પરન્તુ સંસારમાં ઘટનારા ઘણા પ્રસંગો એક સમાન હોવા છતાં. સૌની પરિસ્થિતિ જુદી જુદી હોય છે. પ્રધાનમંત્રી અભયકુમાર ચુસ્ત અહિંસક હોવાથી મૃત્યુના મુખમાં આવી ગયેલા અપરાધીને પણ યથાશકય યથાબુદ્ધિ મૃત્યુમાંથી બચાવી લે છે કેમકે - હૃદય પરિવર્તન કરાવીને, અપરાધીને પશ્ચાતાપ અને પ્રાયશ્ચિત ના માર્ગે લાવી મૂકવામાં જ અહિંસાધર્મની યથાર્થતા છે. આ કારણે અપરાધી પોતાની મેળે જ વિચાર કરતો થાય. તે માટે દેવતુલ્ય પ્રાસાદ અને તેમાં રહેવાવાળાઓ પણ દેવદેવીઓ જેવા જ હતાં, ચોર ને અત્યુત્કટ ઘેનમાંસ સપડાઈ દેવામાં આવ્યો. ૮-૧૦ કલાકે નિદ્રામુક્ત થયેલો ચોર ચારે તરફ નજર ફેંકે છે અને વિચારે છે કે - આવો દેવલોક મર્યા વિના શી રીતે મળવાનો હતો? મને બીમારી આવી નથી, તો પછી મર્યો કયારે? એટલામાં જય જયકારપૂર્વક નૃત્ય કરતાં દેવદેવીઓ હાજર થયા. સર્વથા વિચારમૂઢ બનેલા ચોરના મનમાં એક જ વાત

ઘોળાતી હતી કે - મારા જેવા ચોર અને બદમાશને માટે દેવલોક ક્યાંથી હોય? અને નજર સામે અનુભવાતો દેવલોક છે. આ દેવો છે, આ દેવીઓ છે. આવી રીતે વિચારતાં જ તેના મસ્તિષ્કમાં ભવિતવ્યતાના પરિપાકને લઇ વિચારસ્ફૂર્યો કે - આ દેવલોક છે કે અભયકુમારની માયાજાલ? મહાવીરે જ કહયું હતું તેનાથી સર્વથા વિપરીત આ દેવો ભૂમિ પર પગ મૂકીને ઉભા છે, આંખો પલકારા મારે છે, પરસેવાથી તરબોળ છે. માળા પણ કરમાઇ ગયેલી છે, માટે આ દેવો પણ નથી, દેવલોક પણ નથી. ત્યારે મારે શું અભયકુમારના કારાવાસમાં કૂતરાની જેમ વિના મોતે મરવું કે પરમાત્મા ના વચનો પર શ્રદ્ધાન્વિત થઇ ઉર્ધ્વગામી બનવાનું? અત્યાર સુધી મારા પિતાને હું ભગવાન સમજતો હતો અને તેમ સમજીને મર્યાદાથી બહાર જઇ ને પણ અશોભનીય સર્વથા નિંદનીય, પાપકર્મો, ચૌર્યકર્મો, દુરાચારો, શરાબપાન અને પરસ્ત્રિયોના અપહરણો કર્યા છે. માટે મારા પિતા, મારી ખાનદાનની અને મારા મિત્રો, પણ અત્યારે તો કટ્ટર દુશ્મન જેવા લાગી રહયાં છે. મહાવીર સ્વામીને મેં જોયા નથી સાંભલ્યા નથી, તો પણ કરોડોની સંખ્યા માં ઇન્દ્રો, ઇન્દ્રાણીઓ, દેવદેવીઓ, રાજારાણી, શેઠશેઠાણી અને તેમની અપ્સરાતુલ્ય પૂત્રિઓ પણ એક જ અવાજે કરી રહી છે કે - આ બ્રહ્માંડમાં મહાવીર સ્વામી જેવો યથાર્થવાદી, સત્યવાદી અને દયાનો અવતાર બીજો કોઇ નથી જ તો મારે પણ બાપદાદાઓના બતાવેલા પાપ માર્ગો છોડી દેવા જ શ્રેયસ્કર છે. નૃત્ય કરતાં દેવો પૂછે છે કે, તમે મનુષ્યલોકમાં પાપ અને પુણ્ય શા શા કર્યા હતાં? હોશમાં આવેલા ચોરે કહયું કે - શરાબપાન કરનારા, માંસાહારી, દુરાચારી અને હિંસક માનવોને માટે દેવલોક નથી, તેમ સમજી મેં તો જિન મંદિરો ઉપાશ્રયો ઉપરાન્ત દયાદાન કર્યા છે માટે દેવલોક મેળવી શકયો છું. અભયકુમારની બુદ્ધિ નિષ્ફળ ગઇ અને ચોરને છોડી મૂકયો છતાં ચારે તરફ ગુપ્ત સૈનિકો ગોઠવી દીધા હતાં. પરન્તુ હવે તો ચોરનું હૃદય પરિવર્તિત થઇ ગયું હતું તેથી પોતે એકાકી જ શ્રેણિક રાજા પાસે આવ્યો. બધી હકીકત કહી, અને રાજાએ પણ તે વાત મંજૂર કરી. ચોરાયેલું દ્રવ્ય સ્ત્રીઓ પરત કરી અને ભગવાન મહાવીર સ્વામીના ચરણોમાં પ્રવ્રજિત થયો. સારાંશ કે, રૌહિણેય ચોરે ચૌર્યકર્મના ફળો પણ જોયા અને તેના ત્યાગના ફળોનો પણ સાક્ષાત્કાર કરી જીવનને ધન્યતમ્ બનાવતા પણ વાર લાગી નથી.

અદત્તાદાન પાપ સમાપ્ત

## ૪ મૈથુન કર્મ (અબ્રહ્મચર્ય)

૧૮, પાપસ્થાનકોમાં મૈથુન કર્મ ચોથા નંબરે છે. મિથુન એટલે જોડલું (યુગલ) ચાહે અજાતીય હોય કે વિજાતીય, ગંદીભાવનાથી, ક્લિષ્ટતમ પાપવાસનાથી કુકર્મ કરાય તેને મૈથુન કહેવાય છે. વ્યવહારમાં જેના માટે એક શબ્દ પણ બોલાતા શરમ આવે તેવું આ કર્મ છે, પુરુષ પુરુષ સાથે અને સ્ત્રી સ્ત્રી સાથે બનાવટી સાધનોના માધ્યમથી કર્મ કરાય તે સજાતીય, અને પુરુષ સ્ત્રી સાથે કે સ્ત્રી પુરુષ સાથે રમણ કરે તે વિજાતીય છે. પુણ્ય અને પવિત્ર કાર્યોમાં કર્તવ્યબુદ્ધિ કામ કરતી હોવાથી ત્યાં રાગદ્વેષની સંભાવના નથી. જ્યારે ૧૮ પાપસ્થાનકોમાં ચાહે તે સજાતીય હોય યા વિજાતીય હોય બંનેમાં રાગદ્વેષની હાજરી અવશ્ય રહેલી હોય છે. સ્ત્રીના સ્પર્શ અને આલિંગનાદિમાં રાગની માત્રા હોય છે અને મૈથુન સમયે રાગની આડમાં દ્વેષ હોય છે, કારણકે સ્ત્રીમાત્રનું અવાચ્ય સ્થાન (યોનિપ્રદેશ) મૂત્ર અને રકતમિશ્રિત હોવાથી તેમાં જઘન્ય, મધ્યમ અને તીવ્ર શકિતવાળા કૃમિઓની ઉત્પત્તિને કામશાસ્ત્રના પારંગત વાત્સ્યાયન મુનિએ પણ નકારી નથી, અને મૈથુનારુઢ પુરુષના વીર્ય સાથે સ્ત્રીના રજમિશ્રણમાં બે લાખથી નવલાખ સુધીના પંચેન્દ્રિય જીવોની ઉત્પત્તિને તીર્થંકર પરમાત્મા શ્રી અરિહંત દેવોએ નકારી નથી. એક જ સમયના મૈથુનમાં બંને પ્રકારના અગણિત જીવો મૃત્યુને શરણ થાય છે. આ કારણે જ જીવહત્યાના કર્મમાં દ્વેષની હાજરી રહેલી હોય છે. યદ્યપિ નવતત્વાદિ પ્રકરણ ગ્રંથોનું જ્ઞાન પ્રત્યેક જીવને ન હોવાથી "મૈથુન કર્મમાં" 'હું જીવહત્યા કરું છું' તેનો ખ્યાલ હોતો નથી. માટે જ અજ્ઞાન જેવું મહાપાપ બીજું એકેય નથી. દશવૈકાલિક સૂત્રમાં કહયું છે કે - **"अन्नाणीं किं काही"** એટલે કે જીવાદિજ્ઞાન વિનાના અજ્ઞાની જીવોને અભયદાનના રહસ્યાર્થ નો ખ્યાલ ક્યાંથી રહે? **"अज्ञानेनाऽऽवृतं ज्ञानं तेन मुह्यन्ति जन्तवः"** અજ્ઞાન (કુત્સિતજ્ઞાન) થી આવૃત થયેલા જીવો મોહકર્મના કારણે મૂઢ બનેલા હોવાથી સમ્યગ્ દયાધર્મ અને સમ્યગ્ દાનાદિ ધર્મને ઓળખી શકતા નથી. મૂઢ માનવ બે પ્રકારના હોય છે. એક મગજનો મૂઢ અને બીજો હૈયાનો મૂઢ. તેમાં હૈયાના મૂઢની મૂઢતાનોં પ્રતિકાર લગભગ અશક્ય છે, અપ્રતિકાર્ય છે.

મૈથુનકર્મોને ચોરી, મૃષાવાદ અને પ્રાણાતિપાતાદિ પાપો પણ લાગ્યા વિના રહેતા નથી. સજ્જન, શિષ્ટ, ખાનદાન, વિદ્વાન, પંડિત, વકતા અને લેખકનો ધર્મ સર્વ શાસ્ત્રોમાં એક જ કહેવાયો છે, અને તે -ક વિવાહિત સ્ત્રીને છોડી બીજી સ્ત્રીને માતાની જેમ સમજવી તુલસીદાસજી પણ રામાયણમાં કહી ગયા છે કે - " **जननी**

सम जानहि परनारी' રામચન્દ્રજીએ પણ રાજ્ગાદી પર બેસતાં ભરતને "પરસ્રી માતેવ" આદિ ઢગલાબંધ સૂકિતઓનો અર્થ થાય છે. 'પરસ્રી નો ત્યાગ' હવે સમજ્વાનું સરળ રહેશે કે 'પરસ્રીનો ત્યાગ જેને ન કર્યો હોય તેને અદત્તાદાનાદિ પાપો નીચે પ્રમાણે લાગશે.

(૧) હસ્તમિલાપ વિનાની કુમારી કન્યા, સહપાઠિની, વિદ્યાર્થિની શિષ્યા ઉપરાન્ત ઓફીસમાં, કેબીનમાં, પેઢીમાં અથવા ઘરમાં કામ કરનાર સ્રી હોય, તેમના પિતાની, તેનાં સંરક્ષકની, આજ્ઞા મેળવ્યા વિના તેઓની સાથે મન મેલા કરવાવાળાઓને સ્વામી અદત્ત નામની ચોરીનો દોષ લાગશે જ.

(૨) તેમની રતિમાત્ર પણ ઈચ્છા ન હોય છ્તાં ફોસલાવીને, બળજબરીથી અથવા ભય બતાવીને પણ બળાત્કાર કરનારને જીવ અદત્ત લાગ્યા વિના રહેતું નથી.

(૩) પોતાના માથા પર રહેલાં વડીલની, ગુરૂની, શિક્ષકની કે પ્રિન્સીપાલની આજ્ઞા મેળવ્યા વિના પોતાની પાસે ભણનારી, ધર્મચર્ચા કરનારી કે પોતાના પેટને માટે નોકરી કરવાવાળીના મનને, તનને ચોરનારને ગુરૂ અદત્ત લાગશે.

(૪) પાંચે ઈન્દ્રિયોના શબ્દ, રસ, ગન્ધ, રૂપ અને સ્પર્શરૂપ વિષયોને ભોગવવામાં મશગુલ બનવાવાળાને તીર્થંકર અદત્ત લાગશે જ, કેમકે - પરમદયાળુ પરમાત્માઓએ, ઈન્દ્રિયોના અતિશય ગુલામ બનવા માટેની આજ્ઞા આપી જ નથી કારણકે સીમાતીત ઈન્દ્રિયોની ગુલામી ભાવમૈથુન છે. આ પ્રમાણે ચારે પ્રકારની ચોરી કરનાર નિર્ણયાત્મક રૂપે મૃષાવાદી છે, અને જે મૃષાવાદી છે તે હિંસક છે.

શરાબ આદિનો નશો થોડું ઘણું નુકસાન કરાવીને ૨-૪ કલાકે પણ સમામ થશે. પરન્તુ મોહમાયામાં મૂઢ બનેલાને, કેવળ જ્ઞાન, તેનો માર્ગ કે સંત સમાગમ પણ ગમતો ન હોવાથી તેના ભાગ્યમાં આશ્રવ અને કષાયનો માર્ગ જ ઉઘાડો રહેતા ગમે તે પાપ, ગમે તેવા પાપ, અને ગમે તે સ્થાને તે પાપોમાં રચ્યો પચ્યોરહેશે. પરિણામે આશ્રવ અને કષાયની ઉદીરણા કરીને પણ મોહકર્મના નશાને ભડકાવી **મારશે**, ત્યારે ઈન્દ્રિયોના ઘોડાઓને બેકાબુ બનતાં કોણ રોકી શકશે? તેમાં પણ **સ્પર્શેન્દ્રિયના** તોફાન માર્ગે પગ મૂકતાં જ પુરુષને સ્રીનો સ્પર્શ અને સ્રીને પુરુષનો સ્પર્શ ગમશે અને પછી તો આંખ, કાન અને જીભને નશો ચડતાં ધીમે ધીમે તે વ્યકિત (ચાહે પુરુષ કે સ્રી) ના જીવનમાંથી ખાનદાની, ધર્મ, માતાપિતા, વડીલ

પુરુષોની શરમ પણ રહેવા પામશે નહીં. વ્યવહારને રાજી રાખવા માટે કદાચ તે ભાઇ રામચન્દ્ર-લક્ષ્મણના મંદિરે જશે, આરતિ ઉતારશે, માથું ઝુકાવશે પરન્તુ પોતાના જીવનમાં પરમાત્માને પ્રસન્ન રાખનાર એકપત્ની વ્રત સ્વીકારવા માટે તૈયાર નથી. હનુમાન ચાલીસાનો પાઠ કરશે, શનિવારે તેલ ચડાવશે, માળા ગણશે પણ લંગોટબંધ રહેવામાં તેને શ્રદ્ધા નથી. મંગળ કલ્યાણ કરનાર, મુકિતભકિત દેનાર ગણપતિ (ગૌતમસ્વામી) ની પૂજા કરશે, રાસ સાંભળશે પણ પોતાનું જીવન પારકાને માટે મંગળમય બનાવી શકે તેમ નથી. સર્વથા નિસ્પૃહી દેવાધિદેવ ભગવાન મહાવીર સ્વામીને સોનાચાંદીના વરખથી પૂજશે, આરતિ મંગળદીવો ઉતારશે, પરન્તુ પરસ્ત્રીનો ત્યાગ કરીને શ્રાવકધર્મની મર્યાદામાં આવવા માટે તેના મનમાં ઉત્સાહ નથી. ઇત્યાદિ કારણે જ પરમાત્મા કરતાં તેમની આજ્ઞા સર્વશ્રેષ્ઠ ઉપાદેય માર્ગ છે. માટે પૂર્વભવના પુણ્યકર્મોને બરબાદ કરાવનારા શરીરના રૂપરંગ, ઓજ, તેજ અને લાલિમાને સમામ કરાવનાર, સર્વથા અસાધ્ય, કષ્ટસાધ્ય, જીવલેણ રોગોની બક્ષીસ અપાવનાર, ધર્મપત્ની અને પુત્ર-પુત્રીયો પ્રત્યે બેકાળજી રખાવનાર, યશકીર્તિ તથા ખાનદાનીને દેશવટો અપાવનાર અને છેવટે પોતાના આત્માનો તથા પરમદયાળુ પરમાત્માનો હાડવૈરી બનાવનાર અધાર્મિક મૈથુનકર્મને છોડી દેવામાં જ માનવતા રહેલી છે.

આ પાપમાં લોહચુંબકીય આકર્ષણ એટલું જોરદાર હોય છે કે માનવ હેવાન બનશે, પશુ કરતાં પણ નફાવટ બનશે, પણ તેનામાં આ પાપને છોડી દેવાનો પુરુષાર્થ ઉત્પન્ન કરવા જેટલી શકયતા પણ મરી પરવારી ગઇ હોય છે. ફળસ્વરૂપે શેરડીમાંથી રસ નીકળી ગયા પછી જેમ કુચા શેષ રહે છે, તેમ અતિશય કામુક વૃદ્ધાવસ્થામાં મડદાલ, અસાધ્ય, કષ્ટસાધ્ય રોગોથી આક્રાન્ત બની પરમાત્માને ઘેર રોતાં રોતાં, રીબાતાં રીબાતાં જવા જેવી સ્થિતિ સર્જાઇ જશે. તેના હાથપગના આંગળાઓમાં, માથામાં અને શરીરના બીજા ભાગોમાં કંપારી-ધ્રુજારી, પરિશ્રમ વિના પણ વધારે પડતો પરસેવો, હાથપગમાં થકાવટ અને થોડું કામ કર્યાં પછી પણ શરીર સાવ થાકી ગયેલા જેવું, મોહુ, મૂર્ચ્છા, ફીટ, વિસ્મૃતિ, કમર, સાથળ તથા પગની પિંડિઓમાં શકિતનો અભાવ ઉપરાન્ત, ક્ષયરોગ, ટી.બી., બ્લડપ્રેશર, હાર્ટ એટેક, ઉધરસ, દમ અને છેવટે કેન્સર જેવા મરણ પથારીયે લઇ જવાવાળા રોગો વધી જશે. **"भवेयुमैथुनोत्थिताः"** મર્યાદાતીત મૈથુનકર્મના કારણે ઉપરના રોગો લાગુ પડે છે.

શરીરમાં વીર્ય કે રજની બોટલ ભરીને કોઇ વ્યાપારી બેઠેલો નથી. પરંતુ મુખ દ્વારા જે કંઇ ખવાય છે તે જઠરાશયમાં એકત્ર થાય છે. પીત્તાશયની થેલીમાંથી

ગરમાગરમ પીત્ત ચવાઈ ગયેલા ખોરાક પર પડતાં, ખોરાકનું વિભાજન થાય છે. જેમાંથી લોહી-માંસ-મેદ-મજ્જા હાડકા અને છેવટે વીર્ય કે રજ બનવાની લાયકાત નથી હોતી તે ચાહે બદામ, માવો, મિષ્ટાન્ન, દૂધ, ઘી કે મલાઈ હોય તે બધાય રસ રૂપે વિભાજિત થઈ વિષ્ટા, મૂત્ર, પરસેવો, આંખ કાનના મેલ, વાળ, નખ આદિ રૂપે બહાર ફેંકાઈ ગયા પછી, શેષ રહેલા ખોરાકમાંથી લોહી માંસ યાવત્ વીર્યાદિ રૂપે બનવા પામશે. હવે આપણે જાણી શકીએ છીએ કે વીર્યની ઉત્પત્તિમાં કેટલાય દિવસોનો ખોરાક કામે આવે છે. શરીરમાં જે કાંઈ શકિત, તેજ, ઓજ કે ચમકતી ચામડી દેખાય છે તે બધાયમાં પુરુષના વીર્યની અને સ્રીના રજની કરામત છે. આવી સ્થિતિમાં વીર્યનો અપ્રાકૃતિક નાશ જેમ જેમ થતો જશે તેમ તેમ ઉપરની ધાતુઓ કમજોર પડતાં શરીરમાં કમજોરી વધશે અને ચામડી શરીરના માંસથી છુટી પડતાં નવજુવાન પણ વૃદ્ધ સમાન લાગશે.

નસીબથી જ્યારે માનવાવતાર પ્રાપ્ત થઈ જ ગયો છે, ત્યારે તેમાં દેવતાઈ ગુણોને મેળવવાનો, વધારવાનો અને છેલ્લા શ્વાસ સુધી ટકાવવાનો પ્રયત્ન કરનાર માનવ ધીમે ધીમે પોતાના જીવનમાં ક્રાંતિ-મહાક્રાંતિને ઉત્પન્ન કરવા સમર્થ બનશે. તેમાં યદિ પૂર્વભવના પુણ્યકર્મોનો સથવારો મળી જાય તો પોતાનું, કુટુંબનું, સમાજનું અને દેશનું હિત કરવા જેટલી ક્ષમતા પ્રાપ્ત કરી શકાશે. અન્યથા આસુરી તથા રાક્ષસી શકિતઓનો પ્રવેશ થતાં તે વ્યકિત પોતાનું, કુટુંબનું, ધર્મપત્નીનું, માતાપિતાનું છેવટે દેશનું પણ અહિત કરશે તેમાં શંકા નથી જ.

શરીર ઈન્દ્રિયો અને મનનો આનંદ યુવાવસ્થા સુધી જ રહેવાનો હોવાથી ક્ષણસ્થાયી છે. તેમાં પણ પુણ્ય કર્મની બેંક સમાપ્ત થઈ ગઈ હશે તો ઘણા યુવાનોને તથા કુમારીકા, સધવા અને વિધવાઓને અત્યન્ત રોગિષ્ટ અવસ્થાની બેહાલ અવસ્થામાં સપડાઈ જતાં લમણે હાથ દઈ આંખોમાંથી બોર જેવા આંસુઓ ટપકાવતી જોઈએ છીએ. આ બધાયે ફળો, અવિકસિત, અર્ધ વિકસિત અવસ્થાના મૈથુન સેવનના છે. શરાબપાનની પાપિષ્ટ આદતનો પ્રારંભ સાવ નાની પ્યાલીથી થાય છે. પણ તે વધતાં વધતાં બોટલ સુધી પણ પહોંચી જાય છે. તેવી રીતે સજાતીય કે વિજાતીય મૈથુન પાપનો પ્રારંભમાં એકબીજાને સ્પર્શ, આલિંગન, હાથમાં હાથ મેળવીને હસાહસ પૂરતો જ હોયછે, પણ નશો તે નશો જ હોય છે. અન્તે વધતાં વધતાં તીવ્રાનુરાગ અને અનંગક્રીડા સુધી પણ પહોંચી જાય છે. ગાર્હસ્થ્ય જીવનને તથા કૌમાર્ય જીવનને સર્વથા બરબાદ કરાવનાર તથા માનવની માનવતાને,

ખાનદાનની, ખાનદાનીને, વિદ્યાર્થીના વિદ્યાર્થી જીવનને આ બંને તીવ્રાનુરાગ અને અનંગક્રીડા નામના પાપો શકિતહીન બનાવી પુરુષને કે સ્ત્રીને તેવી અવસ્થામાં લાવી મૂકશે જેથી કેન્સરના દર્દીની જેમ રીબાઇ રીબાઇને મરવાના વાંકે જીવન પૂર્ણ કરશે.

(૧) તીવ્રાનુરાગઃ

ભવપરંપરાઓથી સેવિત પુરુષવેદ (મૈથુનેચ્છા) જીવમાત્રને સત્તામાં પડેલો હોવાથી, જ્ઞાન અને વૈરાગ્યપૂર્ણ, મુનિરાજો તપ-જપ-ધ્યાન, ગુરુકુળવાસ અને સ્વાધ્યાય બળે દાઢ વિનાના સર્પની જેમ કામદેવ (પુરુષવેદ) ને વશમાં કરી શકવા સમર્થ બને છે, તેવી રીતે વ્રતધારી શ્રાવક, પોતાની સ્ત્રી સાથે પણ અત્યન્ત આસકિતપૂર્વક કામક્રીડા કે પાપચેષ્ટા કરતો નથી. કેમકે - તેમના જીવનમાં પાપભીરુતા પ્રાપ્ત થયેલી હોય છે. જ્યારે વ્રત નિયમ વિનાના યુવાનો અને યુવતિઓનું જીવન સંયમની મર્યાદાથી સર્વથા બહાર નીકળી ગયું હોવાથી શરાબપાન કરાવેલા વાંદરાની જેમ પ્રતિદિન સેવાતી કામલીલામાં શરીર અને ઈન્દ્રિયોનું તંત્ર , રતિક્રીડામાં શકિત અને સંખ્યા વધારવામાં જ કેન્દ્રિત થઇ ગયેલું હોય છે અને તેમ થતાં સંતાનોની સંખ્યા વધવા ન પામે, સ્ત્રીની જુવાની સમાપ્ત થવા ન પામે તે માટે 'નિરોધ' આદિ સંતાન નિરોધક સાધનોને ઉપયોગમાં લેશે. આ રીતે પૂર્ણરૂપે કામાન્ધ બનેલા સ્ત્રીપુરુષની જ્ઞાનસંજ્ઞા લગભગ ખતમ થઇ જવાથી, વિચારી પણ શકવાના નથી કે - નિરોધાદિ બનાવટી સાધનો મારા શરીરમાં કે મારી સ્ત્રીના શરીરમાં કેવા કેવા ભયંકર અસાધ્ય રોગો ઉત્પન્ન કરશે અને વૃદ્ધાવસ્થાના ભૂંડા હાલ કરી દેશે, તેમની ખબર સુધ્ધા પણ તેમને હોતી નથી, તેવી રીતે મૈથુનકર્મમાં જ્યારે તીવ્રાનુરાગ તીવ્રતમ બને છે, ત્યારે ગર્ભવતી સ્ત્રી સાથે પણ કામચેષ્ટા એટલે ભોગવિલાસો માણવામાં અન્ધ બનેલા સ્ત્રીપુરુષોને ખ્યાલ પણ નથી હોતો કે, તે સમયની કામલીલા કુક્ષિમાં 'રહેલા સંતાનની કેવી ભયંકર દુર્દશા કરવામાં કારણ બનશે?

દ્વાદશાંગીમાં સર્વશ્રેષ્ઠ ભગવતી સૂત્રના એક પ્રશ્નના જવાબમાં દેવાધિદેવ મહાવીર સ્વામી ફરમાવે છે કે, હે ગૌતમ! કુક્ષિગત સંતાન નરકગતિમાં અને દેવલોકમાં પણ જઇ શકે છે. કારણ આપતાં ભગવંતે કહયું કે, ગર્ભવતી સ્ત્રી ક્રોધમાં હોય, ચીડીયા સ્વભાવમાં હોય, કુટુમ્બીઓ સાથે લડાઇ ઝઘડામાં હોય અથવા કુટુમ્બીઓના અભિશાપે ગર્ભિણી સ્ત્રી આર્ત્તધ્યાનમાં હોય ત્યારે તેની અસર કુક્ષિગત જીવ પર પડે છે અને તે સંતાન પણ તેવા જ સ્વભાવમાં પરિવર્તિત થતાં તે સમયે

મૃત્યુ પામે તો નરકગતિ સિવાય બીજી ગતિ તેના ભાગ્યમાં ક્યાંથી હોય? કેમકે - પાંચ કે છ મહિના સુધી સંતાનનું હૃદય અને માતાનું હૃદય પરસ્પર સંબંધિત હોવાથી માતાના રહેણી-કરણી આદિ સંસ્કારો સંતાન પર પડયા વિના રહેતા નથી, તો પછી ગર્ભવંતી સ્ત્રી સાથે કામક્રીડામાં મસ્ત બનેલો પુરુષ કે મસ્ત બનેલી સ્ત્રીના મહાપાપી સંસ્કારો સંતાન પર પડે તે માનવામાં આવે તેવી વાત છે. તે સમયે તેવા પ્રકારની મશ્કરીઓ અને સાંકેતિક શબ્દો સાથે ભોગવિલાસમાં મસ્ત બનેલા દમ્પતીના સંસ્કારો જ જ્યારે પાપપૂર્ણ હોય છે તો સંતાનને સારા સંસ્કારો ક્યાંથી મળવાના હતા? સ્ત્રીના ક્રોધાદિ સંસ્કારોનો અનુભવ સંતાન કરતો હોય તો, તે સમયે ભોગવિલાસોમાં મસ્ત બનેલો બાપ ક માતા કુક્ષિસ્થ પોતાના લાડકા સંતાનને જ ભોગવિલાસનો રસાસ્વાદ કરાવતો હોય છે અને તે સમયે મરી જાય તો દુર્ગતિ જ તેના નસીબમાં રહેલી હોય છે અને કદાચ જીવતો રહેવા પામે તો તે સંતાન માતાપિતા ની રાઇટ કોપી જેવો જ થશે. સાવ નાની ઉમ્રમાં સંતાનોને (પુત્ર પૂત્રીઓને) માતા પિતાની જેમ મૈથુનસેવનની કુચેષ્ટાઓ કરતાં જ્યારે જોઇએ છીએ ત્યારે સૌ કોઇને આશ્ચર્ય થાય છે. પણ સમજવું સરળ રહેશે કે તે સંતાનોના આ પાપી સંસ્કારોમાં તેના માતાપિતા જ શતપ્રતિશત દોષને પાત્ર છે. તે યદિ ક્રોધ કરે, કોઇને મારે, અસભ્ય ચેષ્ટા કરે ઇત્યાદિ પ્રસંગોમાં માતાપિતાનું ગંદુ જીવન, ગંદીભાષા જ જવાબદાર છે. આવી સ્થિતિમાં દમ્પતી હજી પણ સમજવા તૈયાર નથી કે - કબૂતરોને દાણા નાખવા, કૂતરાઓને રોટલા નાખવા કે પશુઓને ઘાસ ખવડાવવાથી જે પુણ્ય બંધાતું હશે તેના કરતાં, કામક્રીડામાં મસ્ત બનીને, પાગલ બનીને ગર્ભવત જીવ જે પોતાનું જ સંતાન છે, પંચેન્દ્રિય જીવ છે. તેને મૃત્યુનું દ્વાર દેખાડવાનું, ખોડખાંપણવાળો અથવા અત્યન્ત દુરાચારી, કુકર્મી બનાવવાનું પાપ હજારોઘણું વધારે છે. ગર્ભવતી સ્ત્રી સાથે કરેલા કામાચરણોના પાપે - ધર્મપત્નીને રોગિષ્ટ બનાવવી અથવા તીવ્રાનુરાગના પાપે શરાબ, ભાંગ, અફીણ આદિ નશીલા પદાર્થોના નશામાં કરાતી ભોગક્રિયામાં સ્ત્રીને મૃત્યુના મુખે ધકેલી દેવા જેવું ભયંકરમાં ભયંકર પાપ બીજું ક્યું? ભૂંડ, ગધેડા કે ભાદરવા માસના કૂતરાઓને શરમાવે તેવા કેટલાક માનવોની એક પછી બીજી પત્ની, ત્રીજી પત્ની અને તેના પછી ચોથીને મરવાના દિવસો જોવા પડે. તેવા માનવો પશુ કરતાં પણ નીચી કક્ષાના સાબીત થતાં, તેમના માટે ભૂંડ, ગધેડા કે કૂતરાના અવતાર સિવાય બીજો અવતાર કયો હોઇ શકે?

**(૨) અનંગક્રીડાઃ**

પ્રતિક્રમણના વંદિતુ સૂત્રમાં "इत्वर परिग्गहिया तीव्वानुरागोऽनंगक्रीडा"

જે કહેવાયું છે તે લાખોમાં એકાદ વિશિષ્ટ વ્રતધારી વિશેષને છોડી બીજાઓને માટે તીવ્રાનુરાગ અને અનંગક્રીડા ભયંકરતમ અનાચાર છે, મહાપાપ છે તે સહજ રીતે જાણી શકાય છે. સ્ત્રીના ભોગ્ય અંગ (યોનિ) ને છોડી સીમાતીત કામાન્ધે બનેલો, અથવા ગંદામાં ગંદા, બીજા પુરુષ કે બીજી સ્ત્રીની સામે જોઇ પણ ન શકાય તેવા ગંદા ચિત્રો, કાવ્યો, કથાનકો દ્વારા મૈથુનકર્મ મર્યાદાથી બહાર ભડકાવી દેનાર માનવ પુરુષના કે સ્ત્રીના બીજા અંગો સાથે બાહય મનને રાજી રાખતો વીર્યનો નાશ કરે છે. તેના ત્રણ ભેદ છે. ૧. સૃષ્ટિ વિરુદ્ધ (ગુદા મૈથુન)' ૨. હસ્ત મૈથુન અને ત્રીજો મુખ મૈથુન છે.

માનવયોનિને પ્રાપ્ત કરનારા જાતકે, સાધકે યદિ પૂર્વભવની વિશિષ્ટ, વિશિષ્ટતર કે વિશિષ્ટતમ બ્રહ્મવ્રતની આરાધના કરી હશે તેવા ભાગ્યશાળીને જ દ્રવ્ય અને ભાવ નિક્ષેપે સત્યવાદી અને સદાચારી માતાપિતા મળવા પામશે. જેના કારણે તેના જીવનમાં કોઇ પણ જાતની એક પણ ગંદી કુટેવ પડવા પામતી નથી. આજે પણ હજારો વિદ્યાર્થીઓ કે વિદ્યાર્થીઓને જોયા પછી, અનુભવમાં લીધા પછી ખ્યાલ આવશે કે તેમાંથી એકાદ વિદ્યાર્થી કે વિદ્યાર્થિની પણ પોતાના જીવન વસ્ત્રને ડાઘ લાગવા દેતા નથી. બોયફ્રેન્ડ કે ગર્લફ્રેન્ડના પાપી વિચારો તેમના જીવનમાં પ્રવેશ પામતા નથી. અને અતિરેક થવાનો પ્રસંગ ઊભો થશે ત્યારે તરત જ કોલેજ કે સ્કૂલને છોડી દેવા તૈયાર રહેશે. પરન્તુ આવા જીવાત્માઓ હજારો લાખોમાં એકાદ જ હોય છે. અન્યથા, જાણતા કે અજાણતાં, ભોળપણમાં કે નાદાનીમાં, પ્રલોભનમાં કે સામેવાળાની શરીર સુંદરતા અને બોલવા-ચાલવાની ચાલાકીમાં ફસાઇ ગયા પછી, અનંગક્રીડાના ત્રણે કે એકાદ પ્રકારનો ચસ્કો લાગી ગયા વિના રહેતો નથી. રાક્ષસ જેમ રાક્ષસ જ હોય છે તેમ, ત્રણમાંથી ત્રણ, બે કે એક પણ આદત જીવનધનને માટે જીવતીજાગતી ડાકણ જેવી હોવાથી તેમાંથી છુટકારો મેળવવો દુષ્કરતમ છે.

૧. ગુદામૈથુન અત્યન્તમાં અત્યન્ત ખરાબ એટલા માટે છે કે તેનો ઉપયોગ કરનારો અને ઉપયોગ કરાવનારો ધીમે ધીમે નપુંસક, નિસ્તેજ ઉપરાંત જનનેન્દ્રિયની કમજોરી (શૈથિલ્ય) ખરાબી અને પ્રમેહ, પથરી, અંડકોષની વૃદ્ધિ, ઉદરવૃદ્ધિ ઉપરાન્ત મોઢા પર કાળાશ વધતી જશે.

૨. હસ્તમૈથુન જાણીબુઝીને ભડકાવી દીધેલા કામાવેગને સહન નહી કરતો માનવ, સજાતિય કે વિજાતિય સાધન જ્યારે મેળવી શકતો નથી ત્યારે હસ્તમૈથુનના માર્ગે ચડીને પોતાના જીવનનું પોતાની મેળે જ સત્યાનાશ કરે છે. આનાથી શરીરમાં કમજોરી આવતા, મસ્તિષ્ક

તથા જ્ઞાનગ્રંથિઓ કમજોર પડે છે, વિચારશકિત અને સ્મરણશકિત ધીમે ધીમે ગચ્છન્તી થવા માંડે છે. માથામાં ચક્કર, કમરનો દુઃખાવો, હાથપગની કળતર, આંખોની ખરાબી અને છેવટે પોતાની વિવાહિત પત્ની સામે બેહદ શરમાવું પડે તેવા પ્રકારે જનનેન્દ્રિયની કમજોરી, વીર્યનું શીઘ્રપતન આદિ અસાધ્ય, કષ્ટસાધ્ય રોગોની બક્ષીસ મળે છે.

૩. મુખમૈથુન રાક્ષસી કરતાં પણ ભયંકર આ કુટેવ લાગુ પડયા પછી છૂટશે કે કેમ? કોણ છોડાવશે? કેવી રીતે છોડાવશે? તે ભગવાન જાણે! ઊપરની ત્રણે કુટેવો લાગુ પડયાં પછી તથા બેકાળજી રાખ્યા પછી સર્વાંશે મટતી હશે? તેનો જવાબ, છાતી પર હાથ મૂકીને પોતાનો જવાબ પોતે જ મેળવી શકે છે. છેવટે વૃદ્ધાવસ્થામાં પણ આ ગંદી અને માનવસમાજની વચ્ચે અત્યન્ત શરમાવા જેવી ટેવો હાજર જ રહેવા પામશે.

આ બધા વાતોમાં જુવાનીમાં પગ માંડતા છોકરાઓને કે છોકરીઓને દોષી માનવા કરતાં તેમના માતાપિતા વધારે દોષને પાત્ર છે. શયનસંગ મેળવતા પહેલા જ સ્ત્રી પુરુષના પાપાત્મક વિચારો ઉતાવળ અને ક્રૂરતા આદિના સ્વભાવોની તસ્વીર જ સંતાન છે. માટે જ કહેવાયું હશે કે માતાની કુક્ષિ જ મોટામાં મોટી યુનિવર્સિટિ છે. કુક્ષિમાં જ કામાચારાદિ જેવા કુસંસ્કારોને પ્રાપ્ત થવાના કારણે પુત્ર કે પુત્રી બેહાલ ન મરે તો પણ તે -

(૧) શ્રીમંત બનશે પણ મહાજન બની શકે તેમ નથી.

(૨) એજ્યુકેટેડ (પંડિત) થશે પણ જીવનમાં સદાચાર અને ગાંભીર્ય, ધૈર્ય આદિ આત્મિક ગુણો પ્રાપ્ત કરી શકે તેમ નથી.

(૩) રૂપાળો બનશે પણ હૈયાનો ક્રૂર, ઘાતકી અને બેશરમ બનવા પામશે.

(૪) બોલવામાં ચાલાક અને ચતુર બનશે પણ, ભાવદયાનો પુજારી બની શકે તેમ નથી.

(૫) સ્વાર્થાન્ધ બનશે પણ પરમાર્થનો સ્પર્શ પણ કરી શકશે નહી.

ધર્મ, સમાજ અને ખાનદાનીથી બેશરમ બનેલો મૈથુનકર્મી માનવ કદાચ દેવલોકને પ્રાપ્ત કરશે તો પણ દેવાવતારમાં તે પાપી સંસ્કારો તેની સાથે રહેવાથી ત્યાં પણ ભોગાસકત બનીને, પાછો મરીને એકેન્દ્રિયાવતારને પ્રાપ્ત કરશે. તે સિવાય અન્ય માર્ગ તેની પાસે નથી. આપણે સામાન્ય દેવદેવીઓની વાતને જવા દઈએ

અને લોકવ્યવહારમાં અત્યન્ત પ્રશંસિત થયેલા દેવોની વાત કરીએ તો -

(૧) મહાદેવ શંકરજીને પાર્વતી નામની દેવી છે.

(૨) સંસારના સર્જન કરનારા બ્રહ્માજીને સાવિત્રી નામની દેવી છે.

(૩) શંખચક્ર ધરનારા જગતના સંરક્ષક વિષ્ણુને મહાલક્ષ્મી નામે રાણી છે.

(૪) કરોડો દેવોના સ્વામી ઈન્દ્ર મહારાજને શચી ઈન્દ્રાણી છે.

(૫) સૂર્યનારાયણને રત્નાદેવી, ચન્દ્રને દક્ષપુત્રી, દેવોના ગુરૂ મહારાજ બૃહસ્પતિને તારા નામની રાણી છે. અગ્નિદેવને સ્વાહા, કામદેવને રતિ, શ્રાદ્ધવને ધૂમોર્ણાદેવી છે, આ પ્રમાણે સૌને દેવીઓનો પરિગ્રહ છતાં પણ કામાવેશના કારણે શંકરજી ભીલડી પર, બ્રહ્માજી પોતાની પુત્રી પર, ઈન્દ્ર મહારાજે તો ઘાસપાણી ખાનારી સુકલડી અહલ્યા તાપસીને પણ છોડી નથી, ઈત્યાદિ વાતોને પુરાણોથી જાણવાનું સરળ રહેશે. માટેજ કામાવેગનું ઉપશમન કઠિન છે.

જીવહત્યા બે પ્રકારે છે.
૧. સ્વહત્યા

૨. પરહત્યા

યદ્યપિ દેવદેવીઓના વૈક્રિય શરીર હોવાથી તેમનાં વીર્ય અને રજનું મિશ્રણ થયે છતે જીવોની ઉત્પત્તિ થતી નથી. જ્યારે માનવ શરીર ઔદારિક હોવાથી તેમના વીર્ય અને રજ ઔદારિક છે. તેથી તેના મિશ્રણમાં બીજા જીવોની ઉત્પત્તિ શાસ્ત્રમાન્ય છે. પરન્તુ કામસેવનના સમયે દેવ કે મનુષ્યના આત્મ પરિણામો ગંદા થતાં વાર લાગતી નથી માટે માનવ સ્વ અને પરહત્યાનો માલિક બનશે. જ્યારે દેવો, કેવળ અધ્યવસાયો તેમના તે સમયે ખરાબ હોવાથી, ભાવહિંસાના માલિક બનશે. પરન્તુ ગુરૂઓના ચરણે આવેલો પાપભીરૂ આત્મા સમ્યક્ત્વ પ્રાપ્ત હોવાથી તેમના વિલાસોમાં ગંદાપણ નથી હોતું. માટે જ **"नासकत्या सेवनीया हि स्वदाराऽपि उपासकैः"** અર્થાત્ ધર્મનુરાગી માનવે આસક્તિપૂર્વક સ્વસ્ત્રીનું પણ સેવન કરવું ન જોઈએ. અંતે આટલું તો જરૂર ધ્યાનમાં રાખવું જોઈએ કે, માંડેલા ગૃહસ્થાશ્રમનું ફળ કુપાત્ર સંતાન નથી પરંતુ સત્યવાદી, સદાચારી, સુપાત્ર સંતાન જ ગૃહસ્થાશ્રમનું સુચારૂ ફળ છે. આજની જુવાની આવતી કાલે સમાપ્ત થવાની છે. માટે વૃદ્ધાવસ્થામાં હસતાં હસતાં અને પ્રભુનું સ્મરણ કરતાં કરતાં પૂર્ણ થાય આવું જીવન જ માનવીય

જીવન કહેવાય છે, અન્યથા મનુષ્યરૂપે જન્મીને પશુતુલ્ય જીવન પૂર્ણ કરવાનું અને પરમાત્માના શાપ લઇને જીવન સમાપ્ત કરવાનું ભાગ્યમાં રહેશે. માટે જ પોતાની ધર્મપત્ની સાથેના સહવાસમાં તીવ્રાનુરાગ અને અનંગક્રીડા નામના બે પાપોને પ્રવેશ કરવા દેશો નહીં અને ગર્ભગત જીવને વિષયાનન્દનો અનુભવ કરવો પડે તેવા રાક્ષસીય જીવનને છોડી દેવા માટેનો પ્રયત્ન કરશો.

જન્મ લીધા પછી પણ તમારું સંતાન અંધ, મૂંગુ, બહેરૂ, ખોડખાંપણવાળું, પોલીઓ અને લકવા જેવા રોગોમાં સપડાય તેમાં માતાપિતાનું અપકૃત્ય જાણવું. છેવટે અધાર્મિક અને અપ્રાકૃત મૈથુનકર્મ જીવનધનને બરબાદ કરાવી માનવભવની યાત્રાને નિષ્ફળ બનાવી દે છે.

મૈથુનકર્મ માટે જેટલા પ્રકારો છે તે બધાયને એકી સાથે છોડી દેવા જેટલી આત્માની શકિત અને પરિસ્થિતિ તમારા ભાગ્યમાં ન હોય, તો સમજદારીપૂર્વક ધીમે ધીમે તથા પોતાના પાત્રને સમજાવીને પણ એક એક પ્રકાર છોડવાનો સંકલ્પ કરશો તો વૃદ્ધાવસ્થા સુધીમાં તમે આટલા બધા રૂડા રૂપાળા સંસ્કારોના માલિક બની શકશો જેથી કોઇક ભવે વિજયશેઠ કે વિજયાશેઠાણી જેટલી શકિતના વારસદાર પણ બની શકાશે.

અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચારમાંથી સ્વસ્ત્રીનો પણ મર્યાદિત ત્યાગ કરવાવાળાને પ્રારંભના ત્રણ અતિચાર રૂપે જ રહેશે. તેમનો પ્રતિક્રમણ દ્વારા શુદ્ધિકરણ નો અવકાશ રહેશે. માટે કેટલું છોડવું અને કેટલું રાખવું તેનો નિર્ણય કરી જે રીતે આત્મરૂપી વસ્ત્ર ડાઘ વિનાનું બને અને ભોગી અવસ્થામાં પણ યોગી જીવનનો અભ્યાસ કરી શકીએ. આ લક્ષ્યમાં રાખીને ખરાબ નિમિત્તો, પ્રસંગો, ચેષ્ટાઓ તથા સંકેતોનો પણ ત્યાગ કરવો.

ગૌતમસ્વામીના પ્રશ્નનો જવાબ ભગવતી સૂત્રમાં આ પ્રમાણે આપવામાં આવ્યો છે. હે ગૌતમ! અનન્તાનન્ત જીવોથી પરિપૂર્ણ આ સંસારમાં સૌથી વધારે જીવો સૂક્ષ્મ નિગોદના છે અને ઓછામાં ઓછા જીવો મનુષ્ય યોનિને પ્રાપ્ત કરનારા છે. આથી આપણે જાણી શકીએ છીએ કે ૮૪ લાખ જીવાયોનિમાં રહેલા અનંત અસંખ્ય જીવો કરતાં મનુષ્યાવતાર અત્યન્ત દુર્લભ છે. જેને મેળવવાને માટે કેટલાય ભવોની તપશ્ચર્યા, દાન, દમન, આત્મ-સંયમ, દયાલુ જીવન ઉપરાંત લાખો કરોડો ભૂખ્યા માનવોને અન્ન, પાણી, ઔષધ, વસ્ત્ર આદિના દાન દ્વારા પ્રાપ્ત કરેલા પુણ્યકર્મોને લઇ કોઇક સમયે મનુષ્યજીવન સુલભ બને છે. આટલું બધું સ્વાર્થ

બલિદાન આપ્યા પછી પ્રાપ્ત કરેલા વર્તમાન માનવાવતારને પવિત્ર બનાવવો શ્રેયસ્કર છે. મોહકર્મનો નશો ગમે તેટલો ચડયો હોય તો પણ અનન્ત શકિત સમ્પન્ન આત્મા પોતાનો પુરુષાર્થ ફોરવે તો મોહકર્મને દબાવી પણ શકે છે, મારી પણ શકે છે.

હાથમાં તલવાર, ભાલા, બંદૂક, રિવોલ્વર છેવટે અણુપ્રયોગથી લાખો માનવોને મૃત્યુના ઘાટે ઉતારવા અત્યન્ત સરળ છે, પણ તોફાને ચડેલા આત્માને, મનને, ઈન્દ્રિયોને, શરીર અને આસુરી શકિતઓને સમ્યક્ચારિત્ર વડે સ્વાધીન કરવા અત્યન્ત કઠિન છે. આપણે સૌ આત્મવિજેતા બનીને સ્વકલ્યાણ સાધીએ. આનાથી શ્રેષ્ઠ બીજો પુરુષાર્થ કયો?

## મૈથુનકર્મના કટુફળો

હિંસા અને અહિંસા, સત્ય અને જૂઠ આદિ દ્વન્દો જેમ અનાદિકાળના છે, તેવી રીતે મૈથુનકર્મ અને બ્રહ્મચર્ય પણ અનાદિકાલીન છે. જીવમાત્રને અને આર્યદેશ અને આર્ય ખાનદાનને પ્રાપ્ત કરેલા ભાગ્યશાળીને વિચારવાનું રહેશે કે, મારે કયા માર્ગે જવું? જેના જીવનમાં વિચાર અને વિવેક હશે, તેઓ પોતાના જીવનને પવિત્ર બનાવવાને માટે બ્રહ્મચર્ય માર્ગનો આશ્રય લેશે. અન્યથા, મૈથુનકર્મના પાપ સંસ્કારો ભાગ્યમાં શેષ રહેવા પામશે. જેના કડવા ફળો આ ભવે કે પરભવે ભોગવવાના રહેશે, ચારે સંજ્ઞાઓમાં સંજ્ઞા શબ્દનો અર્થ સંસ્કાર થાય છે. ભવભવાન્તરોથી મોહ મિથ્યાત્વના કારણે પાપી સંસ્કારો પ્રતિ પ્રદેશે પડેલા હોવાથી લાલસા અને અત્યુત્કટ વાસનાને લઈને આહાર કરવાની ઈચ્છા થાય તે આહારસંજ્ઞા, પરિગ્રહ વધારવાની ઈચ્છા થાય તે પરિગ્રહ સંજ્ઞા. સંસારમાં ચારે દિશાઓમાંથી ભયગ્રસ્ત થવામાં ભયસંજ્ઞા, અને પાંચે ઈન્દ્રિયોના ભોગોમાં તીવ્રેચ્છા થાય તેને મૈથુનસંજ્ઞા કહેવાય છે.

વીતરાગ કે ઉપશમિત સ્થાનમાં રહેલા પૂજનીય મહાત્માઓને જવા દઈએ. શેષ વ્યકિતઓને માટે આ ચારે સંજ્ઞાઓ જીવતી જાગતી ડાકણ કરતાં ભૂંડી છે. જેનાથી દેવદુર્લભ માનવાવતારને પ્રાપ્ત કરેલા માનવની માનવતા, દયાળુતા, સમતા, નિરભિમાનિતા આદિ સદ્ગુણો પણ રીસાઈને ચાલ્યા જાય છે. અને જે ભાગ્યશાળીઓએ તપ-ત્યાગના સંસ્કારોથી મૈથુનસંજ્ઞાને મર્યાદામાં કરી હશે તેઓ આ સંસારની સ્ટેજ પર આત્મોન્નતિ કરવા માટે હકદાર બને છે જ્યારે મૈથુનસંજ્ઞાના

ગુલામ બનેલાઓ પાસે ગમે તેટલાં પોથાપાનાં હોય મહાવિદ્યાલયોની ગમે તેટલી ડિગ્રીઓ હોય, વકતા હોય, પંડિત હોય કે ઈતિહાસ ભૂગોળના પૂર્ણ જ્ઞાતા હોય તેઓ પણ અવસરે એકાન્ત અને નિરાબાદ સ્થાન મલ્યે, આંખના પલકારે ચલિત થાય છે. કોઇ આંખથી, કોઇ કાનથી, કોઇ જીભથી, સ્પર્શથી પણ ચલાયમાન થયા વિના રહેશે નહીં. અને ચલચિત્ત માનવોનો બધોય ક્રિયાકલાપ વાંઝીયો રહેવા પામે તેમાં શું આશ્ચર્ય?

અમુક દેશનો રાજા સરળ, સ્વચ્છ અને જ્ઞાનપિપાસુ હતો. તેના અંતઃપુરમાં પાંચસો રાણીઓ હતી. એક દિવસ કાશીથી ભણીને નવયુવાન પંડિત ફરતો ફરતો રાજાના દરબારમાં આવ્યો. રાજાએ હાર્દિક સ્વાગત કર્યું, અને પૂછ્યું કે, આપશ્રી ક્યાંથી પધાર્યા છો? ક્યાં જવાના છો? શું ભણ્યા છો? કેટલું ભણ્યા છો? અને તેમાં પણ તમારો ખાસ વિષય કયો ? જવાબમાં પંડિતે કહયું કે હું કાશીથી ભણીને આવ્યો છું અને ઘણી ડિગ્રીઓ મેળવીછે. ખાસ વિષય મારો સ્રીચરિત્રનો છે. પૂર્વભવના સારા સંસ્કારોને લઇને અવતરેલો રાજા, કાળી નાગણ જેવી પાંચસો સ્રીઓના સહવાસથી કંઇક ઉદાસીન બની ગયો હતો. તે માટે ફરીથી પૂછ્યું કે આવા સ્રીચરિત્રો તમને કેટલા આવડે છે? જવાબમાં પંડિતજીએ કહયું કે ઓછામાં ઓછા બે લાખ સ્રીચરિત્રો આવડે છે. અને નોકરીની ચાહનાથી તમારા ચરણે આવ્યો છું. ખુશ થયેલા રાજાએ પંડિતની વાત માની લીધી અને વધારામાં કહયું કે, પ્રતિદિન રાજદરબારમાં આવીને એક કલાકને માટે મને ધર્મોપદેશ આપવો. એમ કહીને પોતાના મહેલની પાસે જ એક કમરો સોંપી દીધો જેથી જ્યારે ને ત્યારે પંડિતજી સાથે ધર્મચર્ચાનો અવસર સુલભ બનવા પામે.

ભરજુવાની અવસ્થામાં પ્રવેશ કરી ચૂકેલા પંડિતજી શરીરે ગૌરવર્ણા હતાં,આંખો મારકણી છતાં પણ પંડિતાઈને શોભે તેવી હતી, કથા અને ધર્મલાપ કરવામાં વચ્ચે પંડિતાઈની ચમક હતી. રાજાજી સાથે બેઠેલા છતાં તેમની ચકોર દષ્ટિને ચારે તરફ ફેરવી શકતા હતાં, મિઠ્ઠી ભાષા હતી, કેશકલાપ શ્યામ હતો. હોઠોમાં લાલશ હતી અને કથા કરવાની અને તેનો ભાવાર્થ સમજાવવાની સારી આવડત હતી. જેના શ્રવણથી રાજાથી લઇ સૌને આનન્દ આવતો હતો. ફળસ્વરૂપે એક એક પત્નીનો ત્યાગ કરવા લાગેલા રાજાને ખાવામાં, પીવામાં, હરવાફરવામાં, બોલવાચાલવામાં, સર્વત્ર વૈરાગ્યની છાયા લાગવા લાગી. સભાના મેંબરો વધવા લાગ્યા. અને પંડિતજીની ઘેર ઘેર પ્રશંસા વધવા લાગી.

માનવજીવનમાં અને ખાસ કરી પંડિતના જીવનમાં ઉપર કહેલી સારામાં સારી આવડત હોવા છતાં, પોતે વૈરાગ્યની લગામ વિનાના હતાં. સંયમથી ઈન્દ્રિયો અનિયંત્રિત હતી, મનના તોફાનોને દબાવી દેવા જેટલી શકિતનો અભાવ હતો. માટે જ શાસ્ત્રકારોએ કહયું કે - જ્ઞાન વિનાની વિદ્યા, પૌદ્‌ગલિક સંપત્તિ આપી શકશે પણ આધ્યાત્મિક સંપત્તિ આપી શકે તેમ નથી.

દિવસે દિવસે પંડિતજીની કથા કહેવાની કળા વધવા લાગી. શરીર પણ માલમસાલા ખાવાથી ભરાવદાર થવા આવ્યું. આંખોમાં ચમક, હોઠોમાં લાલાશ, ફૂલગુલાબી ચહેરો, બોલવાની ચાલાકી અને મરક મરક હસવાની આદતો પણ વધવા લાગી તેમના ભાષણમાં, ઉપદેશમાં એક જ લલકાર હતો કે, "સ્ત્રીમાત્ર નરકની ખાણ છે" કાળી નાગણની જેમ ગમે ત્યારે પણ ડંખ મારે છે, અદિઠ કલ્યાણી છે, તેનું માદક શરીર અને માદક હાસ્ય જ નરકનો માર્ગ છે. તેના ભરાવદાર સ્તનો અને લચકતી કમર, પુરુષને ઘાયલ કરવા માટે સમર્થ છે. આ પ્રમાણે ઉપદેશની અસર રાજા પર થતી ગઇ અને સંસાર પ્રત્યેનો રાગ પણ ઘટતો ગયો.

એક દિવસે ઉપર પ્રમાણેની બધી વાતો રાજાની મુખ્ય પટ્ટરાણીના કાનમાં આવી ગઇ. દાસીને પૂછ્યું અને જાણ્યું કે, રાજદરબારમાં એક પંડિતજી આવ્યા છે, તેમની સ્ત્રી ચરિત્ર સંબંધીની વાતોથી રાજાજી એક પછી એક સ્ત્રીને છોડી રહયા છે. આ વાત સાંભળીને પટ્ટરાણીના મનમાં થયું કે આ રીતે તો એક દિવસ મારા ત્યાગ માટેનો પણ આવી જાય તે પહેલાં આકરામાં આકરી દવા કરી લેવી જોઇએ. તેમ વિચારીને પોતાની સંગત અને વિશ્વાસુ દાસીને બોલાવી અને વાટકામાં સોનામહોરો ભરીને કહયું કે, પંડિતજી જ્યાં બેસે છે ત્યાં તેમની સામે વાટકી મૂકી દેજે. તું આઘી રહેજે. સોનામહોરોને જોઇને બહાર ઉભેલી દાસીને કહયું કે - કોણ છે? ક્યાંથી આવી છે? વૈરાગ્ય રાજાની છાવણીમાં તારૂં શું કામ છે? આઘી ખસ અને જ્યાંથી આવી છે ત્યાં ચાલી જા... હું સ્ત્રીઓનું મુખ જોવામાં નરકગતિને માનનારો છું. વાટકો ત્યાં જ મૂકીને ગભરાયેલી દાસી રાણી પાસે આવી. હકીકત કહી. ચાલાક અને ચબરાક રાણીજી સમજી ગયા કે, શિકારને મારા સકંજામાં ફસાઇ જવામાં વાર લાગે તેમ નથી.

પુરુષની ચાલ, બોલવાની ભાષા ઉપરથી પુરુષજાતની નબળી કડીને પંકડી પાડવામાં સ્ત્રીઓને કુદરતી બક્ષીસ મળેલી છે. ૨-૪ દિવસ પછી થાળ ભરીને સોનામહોરો દાસીને આપી અને કહયું કે પંડિતજીના કમરામાં થાળને તેવા સ્થાને

મૂકજે જ્યાં સૂરજના કિરણો મહોરો પર પડે અને ત્યાંથી પ્રતિબિમ્બિત થયેલી કિરણો પંડિતજીના મોઢા પર પડે. તુ આધી ઊભી રહેજે. રાણીજીની શિખામણ પ્રમાણે દાસીએ કર્યું. સૂરજનાં કિરણો મહોરો પર અને મહોરોનાં કિરણો પંડિતજી પર પડતાં જ મોઢું ઊંચું કરી પૂછ્યું, કોણ છો? કયાં રહો છો? શા માટે આવ્યા છો? જવાબમાં દાસીએ કહયું કે - હું મહારાણીની માનીતિ દાસી છું. તમારી ખ્યાતી સંભળીને રાણીજીએ કહેવડાવ્યું છે કે - મારા જેવી તુચ્છ સ્ત્રીને પણ ધર્મોપદેશ કરવા આપ રાણીજીના મહેલમાં પધારશો તો ઘણો જ આનંદ આવશે. ત્યાં આપશ્રીના સત્કારને માટે બે થાલ ભરી સોનામહોરો તૈયાર રાખી છે. પંડિતે વિચાર્યું કે આખી જીન્દગી કથાઓ કરીને મરી જઇશ તો પણ આટલું દ્રવ્ય ભેગું થવાનું નથી અને અત્યારે રાજા પણ ત્રણ કલાકને માટે શિકાર કરવા જંગલમાં ગયા છે. આટલા સમયમાં મહેલમાં જઇ આવું અને જે કંઇ મળે તેનો સ્વીકાર કરૂં. અસૂર્યમ્પરયા રાણીજી રાજી થશે. બે શબ્દ સાંભળશે તો બિચારીનો સ્ત્રી અવતાર પણ સુધરશે. તેમ વિચારી પોથીપાનાં બગલમાં નાખીને કહયું - તું આગળ ચાલ, હું તારી પાછળ પાછળ આવું છું. અને પંડિત રાણીજીના મહેલમાં પહોંચી ગયા. સસ્વાગત સારા સ્થાને પંડિતને બેસાડીને રાણીજી સન્મુખ બેઠા. ધર્મકર્મની વર્તાઓ સાથે ચાલાક રાણીજીએ પંડિતની વિગતો જાણ્યા પછી કહયું કે સાવ નાની ઉમરમાં લગ્નગ્રન્થિમાં જોડાઇને તમે પરદેશમાં રહો... અને તે બિચારી ધર્મપત્નીનું શું થતું હશે? તેની ખબર લેવા જેટલો પણ ખ્યાલ પુરુષજાતને ન રહે તેના જેવી બીજી કરૂણતા કંઇ? આ વાત ચાલતી હતી તે સમયે જ શિકારે ગયેલો રાજા, શિકાર ન મળવાના કારણે ધુસાંપુંસા થઇ મહેલમાં આવ્યો. મગજને શાન્તિ દેવાને માટે પંડિતને બોલાવી લાવવા માણસને આજ્ઞા આપી. ચારે તરફ પંડિતની તપાસ થઇ, છેવટે ખબર મળી કે રાણીબાની દાસી આવી હતી, તેની પાછળ પંડિતજી મહેલમાં ગયા છે. આટલું સાભળતાં જ રાજાનો મિજાજ ગયો અને તીવ્રગતિથી રાણીના મહેલ તરફ ગયા, વચ્ચે વચ્ચે બોલતા ગયા કે... મારો બેટો ભામટો (પંડિત) અમને તો ઉપદેશ આપતા કહે છે કે, સ્ત્રીઓનું મોઢું જોવું નરકગતિને માટે થાય છે. તેની છાયામાં ઊભા રહેવું પણ પાપ છે. ત્યારે તેને મહેલમાં રહેલી રાણીને ઉપદેશ દેવાની શી જરૂર પડી? લાકડાના દાદરે ક્રોધના માર્યા ધમધમ કરતાં ચડતા ગયા. દ્વાર પાસે આવીને દ્વાર ખોલવા માટે ધાટો પાડયો. ગભરાઇ ગયેલા પંડિતે રાણીને પૂછ્યું, ત્યારે જવાબમાં રાણીએ કહયું કે, આ તો મારા પ્રાણનાથ રાજા સાહેબ છે. શિકારથી આવી ગયા લાગે છે. પંડિતે કહયું કે, રાજા આવીને તમારી પાસે મને જોશે તો મને મોતના ધાટે ઉતાર્યા વિના રહેશે નહીં. માટે

બ્રહ્મહત્યાના પાપમાંથી બચવા સારૂં મને ક્યાંય છુપાવી લો. રાણીએ કહયું કે આ રાજમહેલ છે, અહીં મોજશોખના સાધનો સિવાય બીજુ કંઇ પણ નથી. રોતાં રોતાં પંડિતે કહયું કે મારી માં મને બચાવ મારા જેવા પોથાપંડિતને બચાવ, ધાર્મિકતા પ્રાપ્ત કર્યા વિનાના મારા જેવા પેટ ભરવાની વિદ્યાવાળાને બચાવ, ધર્મના ખોટા આડંબરોમાં શ્રધ્ધાળુઓને ફસાવી નાખનાર મારા જેવા કુબ્રાહ્મણને બચાવ, દેવદેવોના માયાચક્ર ઉભા કરી દુનિયાને ધુતી ખાનાર મારા જેવાને બચાવ, ગોમાંસ ખાનાર અને બહારથી પશુહત્યાનો જોરશોરથી વિરોધ કરનાર મારા જેવા ધૂર્તને બચાવ ઈત્યાદિ શબ્દોથી દયાલુ બનેલા રાણીજીએ એક લાકડાની પેટીમાં પંડિતને નાખી, તાલુ મારી ચાવીનો ઝુમખો પોતાની કમરે લટકાવી દ્વાર ઉઘાડવાનો આદેશ દાસીને આપે છે. દ્વાર ઉઘડતાં જ હાથમાં તલવારને મચાવતા રાજાજી પ્રવેશ કરે છે અને રાણી સાથે લાલ આંખ કરતાં પૂછે છે કે - બોલ! અહીં પંડિત આવ્યો છે. રાણીએ હાં માં જવાબ આપ્યો ક્યાં છે ? આ પેટીમાં લાવ ચાવી અને રાણીએ ચાવીનો ઝુમકો રાજાને આપ્યો, ક્રોધની માત્ર તો ૧૦૮ ડિગ્રી પર ચઢી ગઇ હતી, તેથી એક ચાવી, બીજી ચાવી આ પ્રમાણે ઘણી ચાવીઓને લગાડવાનો પ્રયત્ન કર્યો. પણ રીસાઇ ગયેલા માનવની જેમ રીસાયેલું તાલું ન ઉઘડયું તે ન જ ઉઘડયું, માવડીની કુક્ષિમાં પૂરાયેલા ગર્ભગત જીવની જેમ પેટીમાં પૂરાયેલા પંડિતજી પણ ભયગ્રસ્ત બન્યા અને ગભરાટમાં ને ગભરાટમાં પંડિતને પેશાબ (મેક વોટર) આવી ગયું. અને પેટીની તિરાડમાંથી બહાર આવવા લાગ્યું - આ જોઇને રાણીના મનમાં થયું કે બિચારો પોથીપાનાનો પંડિત, ધર્મના નામે દુનિયાને ધુતી ખાનાર પંડિત મરી જશે અને મને બ્રહ્મહત્યાનું પાપ લાગશે. આવી સ્થિતિમાં વાણીયાભાઇની માફક પાઘડીને ફેરવતી અને સ્ત્રી ચરિત્રની સહજ અભ્યાસિની રાણીજીએ પણ બાજી ફેરવતાં કહયું કે - રાજાજી! સંસાર કહે છે કે રાજાવાજા અને વાંદરા એક સમાન જ હોય છે. મોટા માણસોને સાન નથી, ભાન નથી તેમ કાન પણ હોતા નથી. આપ શ્રીમાન્ આટલું પણ ન વિચારી શકયા કે - પંડિત અહી આવ્યો હોત તો હું શા માટે તમને કહેવાની હતી. પેટીમાં હોત તો ચાવીઓ તમને શી રીતે આપી દેવાની હતી. ત્યારે આ શું થયું? રાણીએ કહયું કે, શ્રાવણ સુદ - ૧૫, રાખડી પૂનમના દિવસે ભાઇને રાખડી બાંધવા ગઇ, ત્યારે તેમને મને બહુ જ ઊંચી જાતના ગુલાબ, મોગરા, હીના, કેવડા, ચંપા, ચમેલાના અત્તરના બાટલા આપ્યા હતા. તે તમારી અણઆવડતથી પેટીમાં ભાંગી ગયા છે. આ બધુ અત્તર છે. દિગમૂઢ થયેલા રાજાના કપડા દાસીઓએ ઉતાર્યા અને અત્તરની માલીશ કરી. થોડું ચરચર થયું. અને રાજાને બાથરૂમમાં લઇ

ગયા. રાણીએ પેટી ઉઘાડી પંડિતને બહાર કાઢયો અને પૂછ્યું કે પંડિતજી મહારાજ તમે કેટલી સંખ્યામાં સ્ત્રી ચરિત્રા શીખ્યા છો અને જે શીખ્યા છો તેમાં મારું લજવેલું સ્ત્રી ચરીત્ર આપ્યું કે ન આપ્યું? પંડિતજીની દશા ખરાબ થઈ. અને રાણીએ કહયું કે પંડિત પૂરા સંસારના પોથીપાનાના પંડીત થવું સરળ છે - ખગોળ અને ભૂગોળ, ઈતિહાસ અને છદ્દશાસ્ત્રોને કંઠસ્થ કરવા અને તેની ચર્ચા કરવી પણ સરળ છે. વ્યાખ્યાનો દ્વારા હજારો લાખો માણસોને ચરણદાસ બનાવવા અને તેમના ઘરનાં માલ મસાલા ખાવા ઘણા જ સરળ છે. પણ, પોતાના મનને, ઈન્દ્રિયોને શરીરને તથા કુબુદ્ધિને પાપમાર્ગોથી બહાર કાઢી પવિત્ર માર્ગ પર લાવવા આનાથી બીજો ધર્મ એક પણ નથી. પધારી જાઓ, પંડિત સીધા તમારા ઘરની વાટે જજો. અન્યથા રાજાની નજરે ચઢયા તો યમસદનમાં પહોંચી જતાં વાર લાગશે નહી. બસ...સાચા ધાર્મિક બનો અને બીજાઓને ધાર્મિક બનાવો એ જ મારી સલાહ છે.

મૈથુન પાપ સમાપ્ત

## ૫ પરિગ્રહ પાપ

બધાય પાપોના બાપ, દુર્ગુણોનું મૂળ કારણ, આપત્તિ અને વિપત્તિનો સર્જક પરિગ્રહ છે. જે પાંચમાં નંબરે બિરાજમાન છે. જન્મજન્મના ફેરા ફરતાં આ જીવાત્માએ મોહ અને મિથ્યાત્વના ગાઢ અંધકારમાં બેભાન, બેહાલ અને બેદરકાર બનીને મૈથુન સંજ્ઞાનો વધારો બેહદ કર્યો હતો, જેના પરિણામે આ ભવે પણ તે કર્મનો ઉદયકાલ જોરદાર રહેવા પામ્યો છે. આ સંજ્ઞાની અત્યન્ત લાડકી, દિલોજાન, અને પૂર્ણ વફાદાર સહીચર-સખી પરિગ્રહ સંજ્ઞા છે, જેના ઉદયે માનવમાત્રને પરિગ્રહની ઈચ્છા, તેની પ્રાપ્તિ માટે ભિન્ન ભિન્ન પ્રયત્નો વધારવા અને સુરક્ષિત રાખવા માટે તનતોડ પરિશ્રમ કરવામાં જ જીન્દગીનો ઘણો મોટો ભાગ પૂર્ણ થવા પામ્યો છે. મરી ગયેલી કે મરવાની તૈયારી કરવાવાળી મૈથુનસંજ્ઞાને જીવિતદાન દેવાવાળી, તોફાને ચડાવાવાળી અને જીવનના સર્વસ્વને બરબાદ કરાવનારી પરિગ્રહ સંજ્ઞા આત્માની અનન્ત શકિતઓને દખાવી દેવાવાળી છે. મતલબ કે, આ સંજ્ઞાને વશ થયેલા માનવની ધર્મ અને મોક્ષની સંજ્ઞા-ભાવના પણ મરવાની તૈયારીમાં આવી ગઈ હોય છે. **"परिसमन्तात् आत्मानं गृह्णाति परिग्रहः"** આત્માને ચારે બાજુથી પોતાને વશમાં કરી કઠપુતળીની જેમ નચાવનારી પરિગ્રહ સંજ્ઞા છે. આકાશમાં પરિભ્રમણ કરનારા સૂર્ય - ચન્દ્ર- મંગળ - બુધ - ગુરૂ - શુક્ર - શનિ, રાહુ, કેતુ આદિ ગ્રહો તો તલ, મમરા અને ચણાના લાડવાથી, એકાદ સોપારી, બદામ, ઈલાયચી, લવિંગ અને એકવેંતના લાલપીલા કપડાથી પ્રસન્ન થઈ શકે છે. જ્યારે પરિગ્રહ નામનો દશમો ગ્રહ દુનિયાભરના સોના - ચાંદી - હીરા - મોતી આદિ પદાર્થોથી પણ કયારેય તૃપ્ત થનારો નથી. આ સંજ્ઞામાંથી લોભ નામનો રાક્ષસ જન્મેછે. રાક્ષસનો અર્થ રાક્ષસ જ હોય છે. આના ચકકરમાં ફસાયેલા માનવના શરીરમાં લોહી-માંસ-હાડકાં તથા રૂપરંગ આદિ ધીમે ધીમે ચૂસાતા જાય છે. તેવી રીતે લોભના વશમાં પડેલા માનવની પરિગ્રહ સંજ્ઞા, બળતી અગ્નિમાં કેરોસીન કે પેટ્રોલના છાંટા નાખ્યા પછી જેમ તે સગડી કોઈની પણ શરમ રાખતી નથી, તેવી રીતે, વકરેલી લોભ દશાથી ભડકે બળતી પરિગ્રહ સંજ્ઞા ભવભવાન્તરના કરેલા પુણ્યકર્મોને, સત્કર્મોને તથા સંતસમાગમ દ્વારા પ્રાપ્ત થયેલા દાન - શીયળ - તપોધર્માદિની આરાધનાથી પરિપુષ્ટ બનેલા આત્માની સમ્પૂર્ણ ઋદ્ધિ સમૃદ્ધિને બરબાદ કરાવી દે છે, જેના કારણે મર્યા પછી પણ દુઃખપૂર્ણ જીવાયોનિમાં પટકાઈ જાય છે. જેના અભિશાપે લાખો કરોડો ભવો પછી પણ માનવાવતાર તથા ખાનદાન પરિવારની પ્રાપ્તિ પ્રાયઃ કરી બુદ્ધદેવના

શૂન્યવાદ જેવી બની જાય છે.

લાભાત્ લોભો વર્ધતે... ઉત્તરાધ્યયન સૂત્રનું આ ટંકશાળી વચન કહે છે કે, સટ્ટા બજારમાં આવેલાને પ્રથમના દાવમાં લાભ થતો હશે, પરન્તુ પાછળથી સમ્પૂર્ણ પાયમાલી ન થાય ત્યાં સુધી તે ભાઇને સટ્ટા બજારની માયા છૂટતી નથી, તેવી રીતે ૫-૨૫ ભવોની થોડી ઘણી પુણ્યકર્મની બેંક મજબૂત કરી માનવાવતારને મેળવેલા ભાગ્યશાળીઓને પણ અવસર આવ્યે પરિગ્રહ નામની જીવતી જાગતી ડાકણ સંપૂર્ણ રીતે બરબાદ કર્યા વિના છોડે તેમ નથી.

નાટક મંડળીમાં એક જ નટ જુદા જુદા વેષોને ધારણ કરેછે. તેમ લોભ રાક્ષસ પણ બહુરૂપી હોવાથી કોઇક સમયે વિષયવાસનાનો લોભ, શ્રીમંતાઇને વધારવાનો લોભ, રાજસત્તા, સમાજસત્તા અને સંઘસત્તા પ્રાપ્ત કરવાનો લોભ, પુત્રલોભ, યશકીર્તિનો લોભ, યુવાનીની મદમસ્તીનો લોભ અને અન્તે મિથ્યા પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાનો લોભ પણ ભડકે બળવા લાગે છે. ત્યારે આવા માનવોને સંતસમાગમ તથા ધર્મકર્મના સંસ્કારો પણ ગમતા નથી. વ્યવહારને રાજી રાખવા કે પૂર્વજન્મની કરેલી આછીપાતળી આરાધનાની સંજ્ઞાના કારણે પ્રતિક્રમણ કરવા આવશે તો પણ **"वहबंध छविच्छेए सहसा रहस्सदारे तेना हडण्णओगे इत्वर परिग्गहिया, धणधन्नश्वित्तवत्थु"** આદિ વંદિતુના સૂત્રો જ્યારે બોલાશે ત્યારે તેને આ સિધ્ધાન્તો મશ્કરી જેવા લાગશે કેમકે, પરિગ્રહ સંજ્ઞાના પાપે તેના અજ્ઞાન આત્માએ , પૂર્વગ્રહ બાંધેલો હોય છે કે ગમે તેમ ગમે તે પ્રકારે પણ શ્રીમંતાઇ વધારવી જ જોઇએ, પછી તે..."જીવતા ઢોરોને માર્યા પછીના મુલાયમ ચામડા, શરાબના ઠેકા, માંસ પેક કરેલા ડબ્બા, કોલસા પાડવાનો ઠેકા, બિલ્ડિંગો બાંધવાના ઠેકા, તેલ પીલવાની, મીલો જંગલો કપાવવાના ઠેકા, ભેળસેળ આદિના વ્યાપારો કરવા માટે, વધારવા માટે ૨૪ કલાક પ્રયત્નશીલ રહેશે. આવી પરિસ્થિતિમાં અર્થાન્ધ બનેલો તે માનવ અવસર આવ્યે પોતાના કુટુમ્બ, પુત્ર, પરિવાર અને અન્તે ધર્મપત્નીનો પણ સંરક્ષક બનતો નથી. અથવા પરિગ્રહ વધારવામાં સર્વથા અન્ધ બનેલા તે ભાઇને પુત્રપરિવાર સાથે, ધર્મપત્ની સાથે કે માતાપિતા સાથે પણ ભોજન પાણી કરવાનો કે ઘડી, આધ ઘડી સુખદુઃખની વાતો કરવા જેટલો પણ સમય તેમની પાસે હોતો નથી. આ કારણે જ ભૂત-ભવિષ્ય અને વર્તમાન તીર્થંકર પરમાત્માઓએ પરિગ્રહને પાપ કહયું છે, મહાપાપ કહયું છે.

માનવાવતારને પ્રાપ્ત કરેલો માનવ, ભવભવાન્તરના કરેલા પુણ્યકર્મોને જેમ

સાથે લઇને આવે છે. તેવી રીતે ક્ષુધાવેદનીય કર્મ, અસાતાવેદનીય કર્મ અને અન્તરાય કર્મો પણ સાથે જ લેતો આવે છે. હવે પુણ્યકર્મ કેવું છે? અને કેટલું છે? તે તો ચરાચર સંસારના માનવોને કે પશુઓને જોયા પછી જ આપણે સૌ પ્રત્યક્ષ અનુભવ કરી રહયાં છીએ. ક્ષુધાવેદનીય કર્મના કારણે જીવમાત્રને ભૂખની સ્પૃ્ય, અસહ્ય વેદના અસાતાવેદનીય કર્મના કારણે ઠંડી-ગરમી, સહય અસહય વેદના, કષ્ટ સાધ્ય અને અસાધ્ય બિમારીઓ ઓછે વત્તે અંશે પણ સતાવતી હોય છે. ત્યારે તેના નિવારણ માટે ભોજન પાણી, ગરમ સુતરાઉ વસ્ત્રો, 'ગાદલા-રજાઇ, ટેબલ, સોફા,' ફર્નીચર અને ઔષધાદિ પદાર્થોને વસાવ્યા વિના બીજો માર્ગ પુરુષ વિશેષને માટે પણ નથી જ. હવે જાણવાનું એટલું જ છે કે આ સર્વે પદાર્થો આકાશમાંથી, કુવા, વાવડીમાંથી કે લાલ જાદુગર પાસેથી ટપકતા નથી ત્યારે આ પદાર્થો કયાંથી આવ્યા?

દ્વાદશાંગીમાં સર્વશ્રેષ્ઠ અને અગમનિગમની જ્ઞાતવ્ય વાતોના ખજાના સ્વરૂપ શ્રી ભગવતીસૂત્રના પાંચમા શતકના બીજા ઉદ્દેશામાં ગૌતમસ્વામીના પ્રશ્નના જ્વાબમાં ભગવંતે કયું કે : ઓદન,(ચોખા) ગેહુ, કુલ્માષ (અડદ) આદિ સર્વે પ્રકારની ધાન્ય પૂર્વભવની પ્રજ્ઞાપનાની અપેક્ષાએ વનસ્પતિકાયના શરીરિ છે. જેનાથી માનવમાત્ર હૃષ્ટપુષ્ટ થઇ સુખપૂર્વક જીવતો રહે છે. કટ્ટરમાં કટ્ટર શૂન્યવાદીઓને, **"ज्ञानामृतं भोजनं"** માં મસ્ત રહેલા ત્યાગી, તપસ્વીઓને પણ ધાન્ય અને કઠોળ વિના હરહાલતમાં પણ ચાલતું નથી. સુવર્ણ, રજત, હીરા, પુખરાજ, લોખંડ, પીતળ આદિ ધાતુઓ પૃથ્વીકાયના શરીરો છે. જેના વ્યાપાર કરવા માત્રથી લાખો કરોડો રૂપિઆઓ ઉપાર્જિત થાય છે. હીરામોતીના આભૂષણોથી પુરુષ અને સ્ત્રીના શરીરો દેવદેવી સમાન બને છે. અસહ્ય યાતનાઓને ભોગવતી અને મૃત્યુશરણ થતી માછલીઓના શરીરમાંથી મોતીઓ નીકળે છે. લાખો કરોડોની કમાણી સાથે મોતીની માળા અને બંગડીઓથી સ્ત્રી શોભી ઉઠે છે. હાડકું, ચામડું, રૂવાટી, ખરી આદિ ત્રસજીવોના શરીરિ છે. જંગલોના જંગલો કપાવી તેના કોલસા પડાવીને વ્યાપાર દ્વારા ધાકેલા ખાવાવાળાઓને જ્ઞાનનો સર્વથા અભાવ હોવાથી તેમને સયારે પણ ખબર પડવાની નથી કે - આવા પ્રકારના ધી કેળાના મૂળમાંત્ર અસંખ્યાત જીવોની હત્યા મારા મસ્તક પર રહેલી છે. તેવી રીતે બિલ્ડીંગોના ઉપયોગમાં આવતી માટી, સીમેંટ, ચુનામાં પૃથ્વીકાયિક જીવો અને લાખો ટન પાણીમાં, પાણીકાયના જીવો મરી રહયાં છે. માતાની કુક્ષિમાંથી વેંતીયું શરીર લઇ આવ્યા પછી જેમ જેમ ધાન્ય પેટમાં પડતું ગયું તેમ તેમ શરીર, લોહી- હાડકાં- માંસ આદિ વધવા લાગ્યાં, ખાતાં ખાતાં કોઇક સમયે મોઢું બગડયું તો વરિયાળી સોપારી, લવંગ, ઇલાયચી, ધાણાની દાળ, આદિ

પદાર્થો પણ વનસ્પતિ કાયિક જીવોના શરીરો છે. કદાચ પારકા ઘરે જમવા જતાં ૨-૪ લાડવા કે અને ૫ - ૨૫ લાડવા વધાર ખવાઈ ગયા તો ઈસબગોલ હરડે આદિ પર્દાથો તૈયાર છે અને વધારે પડતાં જુલાબ લાગતાં શરીરમાં અશકિત આવે તો મોસંબી સંતરા, લીંબુ, કેલા, અનાનસ, દાડમ, અને કેરી આદિના ફળો તૈયાર છે. તેને પણ પચાવવા માટે સુંઠ, મરી, પીપર, પીપરામૂળ અને અન્તે મર્યા પછી પણ લાકડા તૈયાર છે. ઉપરોકત સર્વવાતોમાં જાણવાનું કે તેના મૂળદ્રવ્યો સચિત્ત હોવા છતાં, શસ્ત્રઘાત થયા પછી અચિત્ત (નિર્જીવ) બની જાય છે. સમ્યગ્જ્ઞાનની એકાદ ધારા જેમને મળી હશે તો, માન્યા વિના છુટકો નથી કે, તે બધાય પૂર્વભવની પ્રજ્ઞાપનાની અપેક્ષાએ જીવોના શરીરો છે. તેમ છતાં ફરજીયાત કે મરજીયાત તે પદાર્થોનો સંગ્રહ અનિવાર્ય રૂપે પણ કરવો પડે છે. માટે જ સંગ્રહ-પરિગ્રહ પ્રાયઃ કરીને પાપોત્પાદક છે. અને પાપને પાપરૂપ માનવું સદ્બુદ્ધિનું લક્ષણ છે. પાપી પેટ ભરાય અને કુટુંબ નિર્વહિ નિર્વધ્નિે થાય તે ઉપરાન્ત પરિગ્રહ વધારવાનો આગ્રહ રાખવો તે ભવાન્તરોને બગડવા માટે થશે. કેમકે - લોભને રાક્ષસની જેમ આકાશની પણ ઉપમા ઉત્તરાધ્યયન સૂત્રમાં આપવામાં આવી છે. અને આકાશનો જેમ અન્ત નથી તેમ, લોભરાક્ષસનો અને તેની ચેલી ચાપટી આશા તૃષ્ણાનો પણ અન્ત નથી.

વિકૃત થયેલી પરિગ્રહ સંજ્ઞાના પાપે -

(૧) આત્માના શાન્તિ- સમાધિને નાશ કરનારો પરિગ્રહ છે.

(૨) માનવની માનવતાનો ઉપાદેય અને પ્રશંસનીય ધૈર્ય-ગાંભીર્ય-ઔદાર્ય આદિ ગુણોનો સમૂળ નાશ કરનારો પરિગ્રહ મનાયો છે. તથા આ ગુણો વિના આર્હત્ ધર્મની આરાધના દુષ્કરતમ મનાઈ છે.

(૩) મોહનીયકર્મને વિશ્રાન્તિ લેવા માટેનું સ્થાન પરિગ્રહ છે. મતલબ કે જ્યાં જ્યાં પરિગ્રહ મર્યાદાતીત છે ત્યાં ત્યાં મોહકર્મની તીવ્રતા પણ જાણવી.

(૪) અઢારે પાપોને અને પાપભાવનાઓને ભડકાવી મૂકનાર પરિગ્રહ છે.

(૫) આદિ-વ્યાધિ અને ઉપાધિનો લંગોટિયો મિત્ર પરિગ્રહ છે.

(૬) આર્તધ્યાનુ અને રૌદ્રધ્યાનનું મૂળસ્થાન પરિગ્રહ છે.

(૭) માનસિક જીવનમાં ચંચળતા (અસ્થૈર્ય) વધારનાર પરિગ્રહ છે. અને ચંચલતા કામદેવની સહચારિણી છે.

(૮) અહંકારનો પોષક, વર્ધક પરિગ્રહ છે કેમકે પરિગ્રહની હાજરીમાં જ અહંકારનો નશો સમાપ્ત થવો અશક્ય છે.

(૯) શોક-સંતાપને કરાવનાર પરિગ્રહ છે. કેમકે - પરિગ્રહનો પરમ પૂજારી મરે ત્યાં સુધી રડતો જ રહે છે.

(૧૦) કલેશ-કંકાસ-વૈર અને અતડા રહેવાના મૂળમાં પરિગ્રહ છે.

(૧૧)ત્યાગીઓને માટે સર્વથા ત્યાજ્ય પરિગ્રહ છે.

ઉપરના કારણોને અનુભવ્યા પછી ખયાલ આવશે કે, તીર્થંકર પરમાત્માઓનો (નિષ્પરિગ્રહ ધર્મ જ દેશ, સમાજ, સંપ્રદાય, કુટુંબને તારનાર છે. જ્યારે પરિગ્રહ અને પરિગ્રહી આત્મા પોતાના વ્યકિતત્વને, વક્તૃત્વને, ઇજ્જત અને આબરૂને તથા કુટુંબ, સમાજ અને દેશને પણ ડુબાડી દેનાર છે. ચાર ટન વજનની મર્યાદાવાળી નાવડીમાં ચાલીસ ટન માલ ભરી લીધા પછી તેને જળ સમાધિ સ્વીકારવી પડે તેમાં કોનો દોષ? માટે જ પરિગ્રહની પણ મર્યાદા અત્યાવશક છે. પૂર્વજન્મના પુણ્યકર્મોનો સથવારો સારામાં સારો મળી ગયો હોય અને જન્મપત્રિકામાં ૨-૫, ૯-૧૦ અને ૧૧ માં ભાવના માલિકો રાશિબળ, સ્થાનબળ, ઉચ્ચબળ, મૂળત્રિકોણબળ આદિથી પરિપુષ્ટ થઇ ગયા હોય તો તેનાથી પુણ્યકર્મોને વધારવા કરતાં પાપવ્યાપારોને, ખોટા વ્યાજવટાને, ખોટા તોલમાપને, હિસાબ કે ચોપડાના ગોટાળાઓને છોડી દેવામાં જ અરિહંત પરમાત્માના શાસનની શ્રેષ્ઠતમ આરાધના છે. કેમકેઃ તે પરમાત્માનું શાસન ' સધપાવપણાસણો' એટલે કે પાપકર્મોને બંધ કરવાનું ફરમાન કરેછે.

**બાહ્ય્ અને અભ્યન્તરરૂપે પરિગ્રહ બે પ્રકારે છે.**

બાહ્ય્ એટલે શરીર અને તેની માયા સાથે સંબંધિત હોય તેને પરિગ્રહ કહેવાય છે તથા અભ્યન્તરને આત્મા સાથે સંબંધ હોય છે. જે આત્માને શકિતહીન હોવાથી તે ભાગ્યશાળીને આવો વિચાર પણ કયારેય આવતો નથી કે - **"હું પોતે અનન્ત શકિતનો માલિક છું, મારો આત્મા અરિહંત સ્વરૂપે છે. મારી શકિતની આગળ દેવ - દેવી - ઇન્દ્ર** - ઇન્દ્રાણીની શકિત અકિંચિત્કર છે." બકરા ઘેટાઓના ટોલામાં ફસાઇ ગયેલા સિંહના બચ્ચાની જેમ પોતાની જિન્દગાની નશ્વર માયામાં પૂર્ણ કરી સંસારના અનન્ત ભવોમાં એક મીંડુ વધારી દે છે.

આ બંને પરિગ્રહો એકબીજાના પૂરક છે. માટે હદ વગરનાં બાહ્ય્ પરિગ્રહ

પણ અભ્યન્તર પરિગ્રહનો પૂરક છે. આપણે અનુભવીએ છીએ કે માનવ પાસે પરિગ્રહ જ્યારે ઓછો હોય છે ત્યારે તે સાધક દેવપૂજા, ગુરૂસેવા, સ્વાધ્યાય, તપ, જપ આદિ ધર્મની આરાધના કરતો હોય છે, અને જ્યારે પુણ્યોદયનો સથવારો મળે છે ત્યારે તેની જીભ પર 'સાહેબ! મારી પાસે થોડો પણ સમય નથી બંને ટાઇમના ટીફીન ઓફીસમાં જ મંગાવવા પડે છે, વ્યાપારની ધમાલમાં એટલો બધો ફસાઇ ગયો છું કે ન પૂછો વાત, છેવટે પોતાની પ્રાણપ્યારી ધર્મપત્ની અને લાડકવાઇ પુત્રી મરણ અને જીવન વચ્ચે ઝોલા ખાતી હોય ત્યારે તે પરિગ્રહીને સમયનો અભવ હોવાથી નોકરને કે મુનીમને કામ સોંપી, ભાઇ-સાબ! નોટીને ભેગા કરવામાં, બેંક બેલેંસ વધારવામાં મસ્ત બની જાય છે.

### બાહય્ પરિગ્રહ

ધન-ધાન્ય-વસ્ત્ર-હાટ-હવેલી-ઘડાયેલા ન ઘડાયેલા આભૂષણો, હીરા-મોતીના પડિકાઓ, તાંબા-પીતલ,સ્ટીલ, જરમન સિલ્વર સોનાચાંદીના વાસણો, મોટરસાયકલ, ગાયભેંસ, ખેતર આદિ સ્થાવર જંગમ મિલકત બાહય્ પરિગ્રહ છે જ્યારે આમાં મર્યાદા હોતી નથી, ત્યારે સુવર્ણાદિ અને નોટોના ભરેલા થેલાઓને લઇ પરિગ્રહી પોતાના વતનમાં જઇ મકાનના અમુક સ્થળે ખાડાખોડી તેમાં દાટી દે છે. અને જ્યારે ત્યારે સાંભળે છે કે - રેડ પાડવાવાળા ઇન્કમટેક્ષ આદિના ઓફીસરો દેશ તરફ જઇ રહયાંછે ત્યારે પ્લેનમાં જઇને પણ ત્યાંની માયા પાછી મુંબઇમાં લાવે છે. અને પોતાના પુત્ર-પુત્રીઓ, ધર્મપત્ની તથા માતા આદિના જુદા જુદા નામે જુદી જુદી બેંકોમાં જમા કરાવી દે છે. અને આમને આમ દેવદુર્લભ માનવાવતારને ને હીરો વેચીને કાચ ખરીદવાની જેમ પૂર્ણ કરી આવતા ભવે સાપ, ઉંદરડા, નોળીયા, વાઘ, દીપડા અથવા ખજુર, નારિયલ વડ, પીપલો,આંબલી તથા આકડા આદિના કનિષ્ટતમ અવતારમાં પટકાઇ જાય છે. ત્યાં પણ પરસ્પર અથવા એકબીજાના હાથે મૃત્યુના મુખે ધકકેલાઇ જાય છે. આ પ્રમાણે પરિગ્રહને જ પોતાના આરાધ્ય દેવ સમજી, વિજળીના ચમકારા જેવી નદીના પ્રવાહ અને કાચની બંગડી જેવા સંસારની સર્વથા નશ્વર માયામાં અટવાઇ પુણ્યકર્મોનું દેવાળું અને પાપકર્મોનો ભારો માથા પર લઇ ચારે ગતિના, ચોરાસી લાખ જીવાયોનિમાં ફેંકાઇ ગયેલો જીવાત્મા પાછો માનવાવતાર ક્યારે મેળવશે? કોણ મેળવી આપશે? આ બધી વાતો કેવળી ભગવંત સિવાય બીજો કોણ જાણે?

**અભ્યન્તર પરિગ્રહ:**

જેમાં રાગદ્વેષનું મિશ્રણ છે તેવા વિષયકષાયાદિ અભ્યન્તર પરિગ્રહ કહેવાય છે. આના કારણે કુટુંબના મેંબરો સાથે કલેશ, કંકાસ, વેરઝેર, જીભાજોડી અને અંતે પોતાના મુખમાંથી નીકળી પડેલા શબ્દોને ગમે તે પ્રકારે સાચા કરવાની માયામાં માનવ ગળેડુબ થઈ જાય છે. જેનાથી સામેવાળાનો પ્રતિસ્પર્દ્ધિ બનીને ઘરમાં, સમાજમાં, કુટુંબમાં યાવત્ પૂરા દેશને વિભાજિત કરવામાં પોતાના ધનનો, શકિતનો, વાક્છટાનો, દુરૂપયોગ કરી સૌના શાપ માથા પર લઈ મરીને દુર્ગતિનું ભાજન બને છે. આવી રીતના અનન્ત કાળચક્રો નિરર્થક, સર્વથા નિરર્થક, બરબાદ કર્યા છે.

સર્વશ્રેષ્ઠ માનવભવમાં પોતાના આત્માની અને પરમાત્માની સાધના કરવી જોઈતી હતી તેને બદલે ક્ષણભંગુર, વિશ્ર્વાસઘાતિની, સંસારની ખટપટોમાં પુણ્ય કમાઈને સમામ કરી દે છે.

"सत्त्वपावपणासणो"

"मिच्छत्तंवेयतिगं हासइछक्कं च नायव्वं ।
कोहाइण चउक्कं चउदसं अब्भितरा गंछी ।।"

મિથ્યાત્વ અને જુઠાપણું, ઘોરાતિઘોર અન્ધકાર સ્વરૂપ, આત્માને સર્વ પ્રકારે શકિતહીન બનાવનાર, નિજત્વ અને જિનત્વનો હાડવૈરી - એટલે કે પોતાના અસલી સ્વરૂપ પ્રત્યે અને શુદ્ધિકરણ પ્રત્યે સર્વથા બેદરકાર મિથ્યાત્વ છે. આના ઉદયકાળમાં ધર્મની, અહિંસાની અને સંયમ આદિની એક પણ ધારા (નિયમ) માનવા માટે મિથ્યાત્વી તૈયાર નથી. યદ્યપિ અહિંસાદિ પ્રત્યે થોડીઘણી ખોટીખરી શ્રદ્ધા હોય છે. પરન્તુ એકલી અને સર્વથા લંગડી શ્રદ્ધા આત્માને અનન્ત શકિતઓ તરફ આગળ વધવા માટે શી રીતે સહાયક બનશે? આવી સ્થિતિમાં નૂતન પાપોના દ્વાર બંધ શી રીતે થશે? વિવેક અને સમ્યગ્જ્ઞાન વિનાની શ્રદ્ધા, અન્ધશ્રદ્ધા કહેવાય છે. જેના કારણે પંડિતો-મહાપંડિતો તાર્કિકો વિતંડવાદીઓ અને જન્મથી જ લંગોટબંધ રહેનારાઓ પણ, નીચે લખેલા દ્વન્દોમાંથી એક પદત્યે પણ પૂર્ણ શ્રદ્ધાલુ બની શક્યા નથી, જેમકે - સીતલાદેવી કે પદ્માવતીમાતા, પાલીતાણાનો વડ કે ગામના મહાદેવના મંદિરમાં રહેલું પીપલાનું વૃક્ષ, મહાદેવ કે પાર્શ્વનાથ, જૈન મંદિર કે અન્ય દેવદેવીઓના મંદિર, માંસાહાર કે શાકાહાર, દુગ્ધપાન કે શરાબપાન, સ્વસ્ત્રી કે પરસ્ત્રી, મુસલમાનોના જાજીયા કે મહાવીર સ્વામીનો વરઘોડો, ભગવા વસ્ત્રધારી સાધુઓ કે સફેદ વસ્ત્રના

મુનિરાજો આદિમાં તેમની શ્રદ્ધા એક સમાન "ગંગા ગયો ગંગાદાસ અને જમના ગયે જમનાદાસ" જેવી હોય છે.

જેની આંખનો એક એક પરમાણુ કામવિકારથી પૂર્ણ છે એવા રહનેમિ સામે સ્વસંયમની મર્યાદાથી રતિમાત્ર ચલિત ન થનાર સંયમની મૂર્તિસમા રાજીમતી શતશઃ વન્દનને પાત્ર છે.

સાચાખોટાનો નિર્ણય ન કરી શકવાના કારણે ગમે તે પ્રકારે અને ગમે ત્યારે ગમે તે સ્થાને. પોતાની પાંચે ઈન્દ્રિયો તુષ્ટપુષ્ટ થાય, બે પૈસાની માયા મળે, અથવા મિથ્યા પ્રતિષ્ઠા સચવાય તેવા પ્રકારના પાપપંથે પણ જતા વાર લગાડતા નથી. આ કારણે જ મિથ્યાત્વ ઘોર અન્ધકાર છે. આત્માનો પાકો શત્રુ છે. સમ્યગ્જ્ઞાનરૂપી ચક્ષુને માટે લોખંડના પાટા જેવું છે, અન્યથા જંગલમાં રહેનારા ઘાસપાન ખાનારા, વેદ-વેદાન્ત શાસ્ત્રોના પારગામી અને વૃદ્ધાવસ્થાના કિનારે આવવાની તૈયારીવાળા વિશ્વામિત્ર, પારાશર, અને જમદગ્નિ જેવા કેટલાય તાપસોના જીવનમાં મેનકા આદિ અપસરાઓ કંયાથી આવી? વિદ્વાન, તપસ્વી અને બાલ્યકાળમાં જ લંગોટ બાંધતી વખતે જમદગ્નિને "**अपुत्रस्यगतिर्नास्ति**" ની ઊંધી વેતરણમાં શામાટે ફસાવું પડયું? તે સમયે તેમનું બ્રહ્મજ્ઞાન યાદ કેમન આવ્યું? વૃદ્ધાવસ્થામાં તપોભ્રષ્ટ શામાટે થયા? લાખ વર્ષ પર્યન્ત માસખમણને પારણે માસખમણ કરનાર અગ્નિશર્મા ક્રોધાવેશમાં શી રીતે આપ્યા? ઈત્યાદિ અગણિત દષ્ટાન્તોને જોયા પછી, સાંભળ્યા પછી જ સમજાણ આવશે કે - આત્માને, ઈન્દ્રિયોને, મનને તથા શરીરના ગુમાંગોને કંટ્રોલમાં કરવાની શકિત મિથ્યાત્વી પાસે છે જ નહીં, કેમકે - ગાઢ મિથ્યાત્વના ઉદયે અનન્તાનુબંધી કષાયોને જૈન શાસને માન્ય રાખ્યા છે. જ્યારે આત્માના પ્રબલ પુરુષાર્થ વડે પ્રાપ્ત થયેલા સમ્યગ્દર્શનના પ્રકાશમાં સમ્યગ્જ્ઞાનપૂર્વક સ્વીકારેલા સમ્યગ્ચારિત્રના કારણે -

(૧) ઘાણીમાં પીલાતા ખંધકસૂરિના ૫૦૦ શિષ્યો.

(૨) હસ્તે મોઢે ચામડી ઉતરાવી દેતો જૈન મુનિ.

(૩) લોચ કરાવેલા મસ્તક પર ખેરના અંગારથી ચામડી તડ તડ થઈ રહી છે તો પણ સહનશક્તિ ધારક ગજસુકુમાલ મુનિ.

(૪) વર્ષાત્રઋતુની મોસમ છે, વિજળીના ચમકારા છે, ગૃહસ્થાશ્રમમાં, ૧૨ વર્ષોથી ભુકત

કોશા વેશ્યાનું આલિશાન મકાન છે, તો પણ મુનિના વેષમાં રહેલા સ્થૂલિભદ્રની આંખમાં પણ વિકાર કોઈએ જોયો નથી.

ઇત્યાદિ અગણિત દષ્ટાન્તોથી ખબર પડશે કે, આત્મસંયમ જ જીવન છે. જે ગમે તેવા પ્રસંગોમાં પણ ચલિત થતું નથી. જ્યારે મિથ્યાત્વના રંગમાં પૂર્ણરૂપે રંગાયેલાઓને આયારામ ગયારામ થતા વાર લાગતી નથી. આ કારણે જ આત્માના સ્વરૂપનું અને તેના શુદ્ધિકરણમાં મિથ્યાત્વ જ કામકારી હોવાથી અભ્યન્તર પરિગ્રહ છે.

(૨) વેદત્રિક

વેદનો અર્થ મૈથુનેચ્છા છે. અને ત્રિક એટલે ત્રણ પુરુષને મૈથુનેચ્છા થાય તે પુરુષવેદ કરહેવાય છે.

"वेदयति, मोहयति, मूढीकरोति आत्मानं इति पुरुषवेदः"

આવી રીતે સ્ત્રીને મૈથુનેચ્છા થાય તે સ્ત્રીવેદ અને સ્ત્રી તથા પુરુષ બંનેની સાથે પાપચેષ્ટા કરવાની ભાવના જાગે તે નપુંસક વેદ છે. અનન્ત ભવોના ઉપાર્જિત ગાઢાતિગાઢ આ ત્રણે વેદો ૧૩-૧૪ ગુણસ્થાનકે રહેલા કેવળી ભગવંતો તથા સિદ્ધ ભગવંતોને વર્જીને, ચારે ગતિના જીવમાત્રની સત્તામાં પડેલા છે. તેમજ નવમાં ગુણસ્થાનક સુધી તેનો ઉદયકાળ સિદ્ધાન્ત માન્ય છે. તેમ છતાં જાગૃત આત્માને જ્યારે પણ પોતાની અનન્ત શકિતઓનો ખ્યાલ આવે છે ત્યારે તેવા ભાગ્યશાળીઓ વેદોદયને - મૈથુનેચ્છાઓને ઉપશાન્ત કરવા માટે એટલે કે. મૈથુનેચ્છા - ભોગૈષણાને ઉત્પન્ન જ નહી થવા દેવા માટે સમર્થ બને છે. ઘોડાના મોઢામાં લગામ નાખવી અનિવાર્ય છે તેમ લાલ બસ, ખટારો ટ્રક, મોટર સાયકલ કે રીક્ષાના ડ્રાઈવરો પણ બ્રેક હાથમાં રાખે છે. જેથી કોઈને પણ એક્ષીડિન્ટમા લેતા નથી. તેવી રીતે, સંયમધારી મુનિરાજ બાહય અભ્યન્તર તપધર્મને સ્વીકારી, ગુરૂકુળવાસમાં રહીને વેદધર્મનું ઉપશમન કરવા સર્મથ બનેછે. પરંતુ યોગાભ્યાસની આ પ્રક્રિયા સૌ કોઈના ભાગયમાં નથી આ ત્રણે વેદોમાં જ્યારે અનન્તાનુબન્ધીનો રસ લાગે છે ત્યારે મૈથુનસંજ્ઞાનો અતિરેક થતા વાર લાગતી નથી. તે સમયે તેમની ભાષા કંઈક આવી હોય છે કે, "ભલે મરીને હું નરકમાં જાઉં તો પણ ભોગવિલાસોનો ત્યાગ મારા માટે અશક્ય છે. બધા વિના ચલાવી લઈશ પણ સ્ત્રી વિના કોઈ કાળે ચાલે જ નહીં. ઇત્યાદિ પ્રસંગો જ કહી આપે છે" કે - આવા ભાગ્યશાળીઓની આત્મશક્તિ જ સર્વથા

ખતમ થઈ ગઈ હોય છે. સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ તેઓ મેળવી શક્યા નથી માટે ઉદીરણા વડે તોફાને ચઢાવેલી મૈથુનેચ્છાને અભયન્તર પરિગ્રહ રૂપે સ્વીકારવામાં આવી છે. ઉપરોક્ત બંને પ્રકારના પરિગ્રહને મર્યાદિત કરવા અથવા છોડી દેવા એ શ્રેયસ્કર સાધના છે. પરમાત્માની સાથે તાદાત્મ્ય સંબંધ જોડવા માટે આનાથી બીજા પ્રકારના યોગસાધના કેવળ આત્મવંચના છે.બેશક! ગૃહસ્થાશ્રમમાં રહેલાઓને પરિગ્રહ રાખ્યા વિના બીજો માર્ગ નથી. તે માટે વ્યાપાર, રોજગાર કરવા જરૂરી છે. તો પણ વિવેકનો દીપક બુઝાઈ ન જાય તે ધ્યાનમાં રાખીને વ્યાપારાદિ કરવામાં આવે તો માંડેલા ગૃહસ્થાશ્રમને કંયાયથી પણ વાંધો આવતો નથી જેનાથી બુદ્ધિ,આત્મિક બળ, સત્કર્મો આદિ બગડવા ન પામે તેવા વ્યાપારો કરવા અને જે મળે તેમાં સંતોષ રાખવો. કેમકે - આ વર્તમાન ભવ, ગતભવોને ફળાદેશ (રીઝલ્ટ) છે. તેમ સમજીને તથા પોતાના ભાગ્ય પર વિશ્વાસ રાખી જીવનવ્યવહાર સુન્દરતમ બનાવવાનો પ્રયત્ન કરવો આ ભવને સુધારવા કરતાં આવનારા ભવો બગડવા ન પામે તેની કાળજી રાખવી. ૧૫ કર્માદાનોના વ્યાપારો જે સીમાતીત આરંભ સમારંભોથી પરિપૂર્ણ છે તેને છોડી દેવા. આવી રીતે ગૃહસ્થાશ્રમમાં રહીને જૈનત્વની જૈનદર્શનની પ્રાપ્તિ સુલભ રહેશે.

પરિગ્રહમાં આર્ત્તધ્યાનને વધારવાના ત્રણ દોષો છે.

૧) અસંતોષ, ૨) અવિશ્વાસ અને ૩) આરંભ

આ ત્રણે દોષોથી દૂષિત બનેલા આત્માને ધર્મધ્યાન સાથે શત્રુતા સધાઈ હોય છે. કારણકે છઠ્ઠે ગુણસ્થાનકે બિરાજમાન પંચમહાવ્રતધારી મુનિરાજોના જીવનમાં યદિ બાહય અને અભ્યન્તર પરિગ્રહનો પ્રવેશ થઈ ગયો હોય છે ત્યારે તેમને પણ આર્ત્તધ્યાનની મુખ્યતા સિધ્ધાંતે નકારી નથી. અને જ્યાં આર્ત્તધ્યાન રહેલું હોય ત્યાં ધર્મધ્યાનનિ  એટલા માટે રહેલી છે કે આ બંને ધ્યાનોને લગભગ શત્રુતા હોય છે. આર્ત્તધ્યાનનું નિમિત્ત પરિગ્રહ છે કે અને મૂર્ચ્છાયુકત પરિગ્રહધારીને ધર્મધ્યાન સાથે સ્નાનસૂતક લગભગ હોતું નથી. જ્યારે મુનિરાજોની આ વાત છે ત્યારે ગૃહસ્થાશ્રમીઓની શી વાત કરવાની હોય? જીવનમાં દુઃખોત્પાદક, દુઃખવર્ધક અને પરમ્પરક પરિગ્રહ છે, જે સુખ-શાંતિ અને સમાધિનો નાશક છે. થોડી વારને માટે કદાચ·વિનય-વિવેક-અહિંસા અને સત્યાદિ ગુણો ત્યાં દેખાય પરન્તુ તે ઔપચારિક વ્યવહાર પૂરતા જ છે. માટે પરિગ્રહ કારણ છે અને અસંતોષ કાર્ય છે. જો અમેરિકાનું સુવર્ણ એની પાસે આવી જાય તો પણ તેને તૃપ્તિ થઈ શકે તેમ નથી. સંતોષામૃત

સમ્યગ્દર્શનનું ફળ છે જ્યારે અસંતોષ પરિગ્રહનું ફળ છે. ચાહે તે દ્રવ્ય પરિગ્રહ હોય યા અભ્યન્તર પરિગ્રહ હોય. મર્યાદાતીત આ બંનેમાં થોડે ઘણે અંશે પણ અનન્તાનુબંધી મિથ્યાત્વનું જોર હોય છે.

૨) અવિશ્વાસ એટલે સ્વ થી અતિરિકત કોઈના પ્રત્યે પણ વિશ્વાસ ન હોય અથવા આપણી વ્યકિતગત જીવનની પરિગ્રહની માયાને લઈ બીજા કોઈનો પણ વિશ્વાસ પ્રાપ્ત થઈ શકતો ન હોય તો સમજી લેવાનું કે પરિગ્રહની માયાનો જ આ ચમત્કાર છે. દેવોને પણ દુર્લભ આ માનવાવતારને વિશ્વસનીય બનાવવો જોઈતો હતો. પરંતુ પરિગ્રહની માયાના ચક્કરમાં ફસાઈ અવળે માર્ગે ગયેલાઓને સીધો માર્ગ પ્રાપ્ત થવામાં ઘણી જ વાર લાગે છે. શ્રીમંતાઈ, સત્તા કે રૂપાળા શરીરમાંથી બીજાઓને માટે વિશ્વસનીયતા પ્રાપ્ત થતી નથી. કેમકે - આ ભૌતિક પદાર્થો તો અનાર્યોને, મિથ્યાત્વીઓને પણ મળેલા હોય છે. આ કારણે જ વિશ્વસનીયતા આત્માનો ગુણ છે જે અપરિગ્રહી જીવનને આભારી છે. દ્રવ્યપરિગ્રહના માલિકને બીજાઓનો વિશ્વાસ મેળવવો જેમ કઠિન છે તેમ અભ્યન્તર પરિગ્રહોના માલિકો કલુષિત જીવન, વાસનામય જીવનને લઈ એક જ ઘરમાં રહેનારી સાળી-ભાભી કે આડોશ-પાડોશની કન્યાઓ પણ તેમના પ્રત્યે વિશ્વાસ રાખતી નથી. આવી સ્થિતિમાં દ્રવ્ય પરિગ્રહ કરતાં પણ અભ્યન્તર પરિગ્રહ વધારે ખરાબ હોય છે, જેના મચૂણે તેમના પ્રત્યે કોઈને પણ વિશ્વાસ બેસતો નથી. આવી પરિસ્થિતિમાં કરોડોની માયા પણ શા કામની? રૂડા-રૂપાળા શરીરો પણ શા કામના? મદમસ્ત યૌવન પણ શા કામનું? અને વધારેલી કુટુંબની માયા પણ શા કામની?

૩) આરંભ **"यत्र यत्र परिग्रहः तत्र तत्र आरम्भः"** મતલબ કે આરંભ સમારંભની પ્રવૃત્તિ પરિગ્રહને હોય છે. કેમકે પેટ અને પટારા ભરાઈ ગયા પછી પણ પરિગ્રહને વધારવાવાળાના જીવનમાં આરંભનો પ્રવેશ સુલભ બને છે. તે સમયે તે ભાગ્યશાળીને ભગવાન મહાવીર સ્વામીનો નિષ્પરિગ્રહી ધર્મ કે પરિગ્રહ પરિમાણવ્રત ખ્યાલમાં રહેતા હશે કે કેમ? તે ભગવાન જાણે. આશ્રવ તત્વમાં સંરંભ, સમારંભ અને આરંભ ત્રણ પ્રકાર કહેવાયા છે. કોઈના પ્રત્યે શત્રુભાવ રાખી ક્રોધમાં ધુંસાપુંસા થઈ જવું તે સંરંભ છે. જે હિંસાદિ કાર્યોનું મૂળ કારણ છે. આપણા ક્રોધી સ્વભાવને લઈ સમાજમાં વિભાગીકરણ કરવું, જુદા જુદા મંડળો સ્થાપવા, મંદિરો અને ઉપાશ્રયો પણ જુદા કરવા અને માની લીધેલા પ્રતિસ્પર્દ્ધિને ખતમ કરવા માટે શસ્ત્રસામગ્રી આદિ ભેગી કરવી તે સમારંભ છે અને પ્રતિસ્પર્દ્ધિને મૃત્યુને શરણ બનાવવું તે આરંભ છે. આ રીતે પરિગ્રહ, આરંભ, સમારંભનું મૂળ કારણ બનવા

પામે છે. જે સ્વઘાતક કે પરઘાતક પાપ છે. કેમકે - પરિગ્રહી આત્માનું મન સ્થિર રહેતું નથી આજે ઘણાઓની ફરિયાદ છે કે પૂજા-પાઠ, સામાયિક, કાયોત્સર્ગ, છેલ્લે ભગવાનના ગભારામાં પણ અમારૂં મન સ્થિર થતું નથી. શા માટે થતું નથી? ત્યારે શાસ્રકારોએ જવાબમાં કહયું કે - પરિગ્રહ જ તેમાં મોટું કારણ છે. આ પાપથી અશુદ્ધ બનેલા આત્મામાં સ્થૈર્ય, ધૈર્ય, ગાંભીર્ય, સ્નેહ, દયા, સહિષ્ણુતા હોતી નથી. તેમ તે કોઈનો ભાવમિત્ર પણ બની શકતો નથી. તેવી રીતે પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન અને મૈથુનકર્મો પણ છોડી શકવા માટે સમર્થ નથી. માટે અનન્ત ભવોમાં રખડ્યા પછી, થાકયા પછી મેળવેલા માનવ જીવનને બરબાદ કરવા કરતાં પરિગ્રહને જ મર્યાદિત કરવો, સંયમિત કરવો કલ્યાણકારી ધર્મ છે.

સંસારમાં ખાવાની, પીવાની, પહેરવાની, ભોગવવાની ચીજો પણ અનન્ત છે. તે બધી તમે પ્રામ કરી શકવાના નથી, ખાઇ પી શકવાના નથી. તેમજ તે વસ્તુઓનો ભોગવટો પણ કરી શકવાના નથી તો પછી વાંદરા જેવા મનને તોફાને ચડાવવા કરતાં સંયમની લગામથી બાંધી લેવામાં આવશે તો માનવજીવનમાં સમ્યક્ત્વનો પ્રકાશ મળશે; જે મોક્ષ મેળવવા માટે અધિકારણ છે.

## પરિગ્રહના કટુફળો

દ્વાદશાંગીમાં સર્વશ્રેષ્ઠ ભગવતી સૂત્રમાં ભગવંતે કહયું કે - હે ગૌતમ! એક જ વૃક્ષના પાંદડાઓ પણ જુદા જુદા કર્મોના કારણે એક સમાન નથી હોતા તેવી રીતે કરેલા કર્મોના કારણે માનવસૃષ્ટિના માનવોના શરીર સ્વભાવ, રૂપરંગ આદિ એક સમાન હોતા નથી. આ કારણે જ કેટલાક જીવો મોહ, માયા, લોભ, પ્રપંચ આદિ સ્વરૂપ મિથ્યાત્વના ઘોરાતિઘોર અન્ધકારમાં તેવી રીતે ફસાઇ ગયેલા હોવાથી તેમનું જ્ઞાન પણ મિથ્યાત્વવાસિત બને છે. માટે જ તેમની વિચારધારાઓ પણ કંઈક આવી બનવા પામે છે. જેમકે -

૧) આપણે ગૃહસ્થાશ્રમી હોવાના કારણે, વ્યાપાર રોજગાર કરવાના હોય છે. તેમાં જીવહિંસાને જોવા જઇએ તો, જમીન પર પગ મુકવાની પણ જગ્યા રહેવા પામતી નથી.

૨) જૂઠ, પ્રપંચ કર્યા વિના શ્રીમંત શી રીતે થવાશે? અને તે વિના ઈજ્જત આબરૂ મેળવી શકાય તેમ નથી, એકાદ સંસ્થાના ટ્રસ્ટી, મેંબર આદિ બનવા ન પામીએ તો કોઇ ભાવ પણ પૂછનાર નથી, માટે જૂઠભાષાનો ત્યાગ લગભગ આત્મવંચના છે.

૩) ખોટા તોલમાપ, વ્યાજવટાના ગોટાળા, અને વ્યાપારમાં સેળભેળ કરવા જ પડે છે, તે વિના લાખો કરોડો રૂપીઆ શી રીતે કમાવી શકવાના હતાં.

૪) ઉમ્રમાં આવતા મૈથુનકર્મની મસ્તી જીવમાત્રને આવે જ છે, કેમકે તે પ્રાકૃતિક ધર્મ છે. શરીર-મન અને ઈન્દ્રિયોની પ્રસન્નતા પણ આના કારણે જ છે, તથા મર્યા પછી પિંડદાન દેનાર ન હોય તો સદ્‌ગતિ પણ થતી નથી.

૫) સ્ત્રી અને શરીર જ્યારે લઇને બેઠા છીએ તો પછી પરિગ્રહની માયા વધારવી એ ગૃહસ્થાશ્રમનું ફળ છે. ક્રોધ ન કરીએ તો સૌ કોઇ ધમકાવનાર જ મળશે, માનનો ફૂંફાડો રાખવો જ પડે છે. માયા પ્રપંચ વિના સંસારનો વ્યવહાર બરાબર ચાલે તેમ નથી. ઇત્યાદિ ભાષા જ મિથ્યાત્વના ઘોર અન્ધકારમાં ફસાઇ ગયેલા જીવોની છે. આના કારણે સંસારવર્તી જીવોની લેશ્યાઓ જ તેવી ઘડાઇ ગયેલી હોય છે. જેથી સારા માનવોનો સહવાસ, સંત-સમાગમ આદિ સત્કાર્યો તેમને મુદ્દલ ગમતા નથી.

દેવાધિદેવ ભગવાન મહાવીર સ્વામીની, ગણધરોની, લબ્ધિસમ્પન્ન મુનિઓની, આકાશમાંથી આવતા અને પાછા જતાં કરોડોની સંખ્યામાં દેવ-દેવીઓની હાજરી સૌને માટે પ્રત્યક્ષ હતી, તો પણ વિષ્ટાનો કીડો જેમ વિષ્ટામાં જ આનન્દ માને છે, તેમ પાપકર્મના રસિયા જીવો પોતાના પાપમાર્ગોને છોડી શકતા નથી અને ધર્મમાર્ગને હંબક માની તેને સ્વીકારી શકતા નથી. નિકાચિત કર્મોની અતિ નિબડ ગ્રન્થિ અર્થાત્ બાંધેલા અત્યન્ત ચીકણા કર્મોનું જોર એટલું બધું હોય છે જેનાથી દુર્ગતિદાયક ભવિષ્યકાળનો ખ્યાલ પણ હોતો નથી ગમે તેવો સત્યુગ હોય પણ, અભવ્યાત્માઓ અને જાતિભવ્યાત્માઓની વાત જવા દઇએ, તો પણ દૂર્ભવ્ય જીવો પણ પ્રકારમાં આવવા માટે તૈયાર હોતા નથી. કદાચ આવ્યા હોય તો તે પ્રકાશને ટકાવી લેવા માટેની શ્રધ્ધા પણ તેમને નથી. ભૂત-ભવિષ્ય અને વર્તમાન કાળના કડવા ફળો કેવા હતા, કેવા હશે અને કેવા છે, તેની વિચારણા તેમના મસ્તિષ્કમાં હોતી નથી.

પૂર્વભવના પુણ્યકર્મોના અને પાપકર્મોના અતિનિકાચિત નિયાણા કર્મોને લઇને માનવભવમાં અવતરિત્ થયેલા મમ્મણ શેઠના, મન-વચન અને કાયાના તંત્રમાં ધન ઉપાર્જન-વર્ધન અતિરિકત બીજું લક્ષ્ય હતું નહીં. આ રીતે તેમનું જીવન પાપાચરણ માયાચરણ, મિથ્યાચરણ, અસત્યાચરણ, અને દુષ્ટાચરણમાં, આગળને આગળ વધતુ ગયું. કેટલીક વાર શરાબના નશાં કરતાં પણ પાપાચરણનો નશો

તીવ્રતમ હોવાથી સ્પર્શન, નયનાદિ પાંચે ઈન્દ્રિયો, તન અને મન પણ પાપકર્મો તરફ જ ગતિ કરનારા હોય છે. મમ્મણ શેઠની પ્રવૃત્તિ અને વૃત્તિ પણ એક સમાન હતી.

વસ્ત્ર પરપ્રસ્વેદ (પરસેવા) તેલ કે કડાઈનો મેલ લાગ્યો હોય, તો અલ્પ પરિશ્રમ કરીને પણ, વસ્ત્રને ઉજળુ (સ્વચ્છ) નિર્મળ કે પવિત્ર કરી શકીએ, પણ ડામરનો ડાઘ કાઢવો સરળ નથી. તેવી રીતે અમુક જીવોના પાપકર્મો જ ભયંકરતમ અને અપવર્તનીય હોય છે, જેનાથી તેમના આત્માનું, અહિંસાદિ માર્ગ પર આવવું લગભગ અશકય છે. મમ્મણ શેઠને એક જ ધુન લાગેલી હતી કે જે કામ સંસારના માનવો ન કરી શકે, તેવા "સુવર્ણના બે બળદ મારે તૈયાર કરવા". ધુન એ ધુન જ હોય છે જેમાં કોઈનું પણ સાંભળવાનું હોતું નથી, કોઈની સલાહ પણ લેવાની કે દેવાની હોતી નથી આ પ્રમાણેની ધુનમાં તે શેઠ લાકડા છાણા વીણીને પણ જે રીતે બે પૈસા મેળવાય તે રીતે દ્રવ્ય ભેગુ કરવું, વ્યાપાર રોજગારમાં શરમ શામાટે જોઈએ? ગણિકાઓના ચંપલ અને પહેરેલી સાડી પણ ગિરે રાખી ૨-૪ રૂપીયા વ્યાજમાં આવે અને અવસર આવ્યે ડબલ વ્યાજમાંથી ૧૦૦-૨૦૦ રૂપીયા ધારી લઈએ તો પણ વાંધો કંઈ નથી, અનાજના વ્યાપારમાં ઈયળો અને ધનેરા જેવા જીવો જન્મે કે મરે તેમાં હું શું કરી શકવાનો હતો. કેમકે જીવમાત્રનું જન્મવું અને મરવું તે પ્રકૃતિનો ધર્મ છે. મતલબ કે આ પ્રમાણે પૈસો ભેગો કરવો એ જ એક લક્ષ્ય રાખીને મમ્મણ શેઠે બળદીયા તૈયાર કરવામાં "ટિપે ટિપે સમુદ્ર ભરાય" આ ન્યાયે અવિલંબપણે સતત પરિશ્રમ કરતાં એક બળદ પ્રાપ્ત કર્યો અને બીજા બળદ માટે થોડું ખુટતું સુવર્ણ મેળવવા ઠંડી ગરમીની પરવા કર્યા વગર, ભોજન છોડીને પણ રાતદિવસ (નિશદિન) પૈસો, પૈસો, હાય મારો પૈસો...

એક દિવસની વાત છે, ચેલ્લણા રાણી સાથે શ્રેણિક મહારાજા ઝરૂખાંમાં બેસીને નગરચર્ચા જોઈ રહયાં હતાં. તે સમય અંધારી રાતનો હતો. આકાશમાં વિજળીના ચમકારા અને વાદળાઓની ગડગડાટ જોરદાર હતી. નદીમાં બંને કાંઠે પૂર હતું. તેવા સમયે મમ્મણ શેઠ નદીમાં ઉતરીને તણાઈને આવતા લાકડા બહાર કાઢે છે. વિજળીના પ્રકાશમાં રાજાની નજર મમ્ણ શેઠ પર પડી બે દિવસનાં ભૂખ્યા ભિખારીને પણ અત્યારે સૂઈ જવાનો સમય છે. ત્યારે આ માણસ અત્યન્ત બીહામણી રાતમાં પણ લાકડા વીણીને ભેગા કરી રહયો છે. માણસને પૂછ્યા પછી જાણવા મળે છે કે - આ મમ્મણ શેઠ છે. જેની પાસે શ્રીમંતાઈનો પાર નથી. વ્યાપાર રોજગારનો પાર નથી. છતાં પણ સુવર્ણના બે બળદીયા બનાવી રહયો છે. તે માટે

ભૂખ્યા માણસને પણ શરમાવે તેવો પરિશ્રમ કરી રહયો છે. કરોડાધિપતિ છતાં તેના તન પર કયારે પણ, ઉજળા વસ્ત્રો કોઈએ જોયા નથી. ખોરાકમાં પણ મેવા-મિષ્ટાન્ન જોઈને પણ વમન થાય છે. કેરી, જામફળાદિ ઉત્તમ ફળોને જોઈને પણ નાકનું ટેરવું ચઢે છે. કેવળ બફાઈ ગયેલા ચણા કે ચોળાને તેલમાં વઘારીને ખાય ત્યારે જ તૃપ્તિ થાય છે. કોઈની સાથે પણ ઉઠવા-બેસવા બોલવા કે વાતો કરવાનો પણ સમય આની પાસે નથી. કેમકે - જિન્દગીના નકશામાં પૈસો-પૈસો બચાવવાનો છે. આવા પ્રકારે ધર્મ અને ધાર્મિકતા સાથે સંબંધ નહિ રાખનાર પરિગ્રહ નામના પાપના પરમપૂજારીને, સાધુસંતો સાથે કે વડીલો સાથે, કલાક અર્ધો કલાક બેસવાની લેવાદેવી કંઈપણ નથી. 'મારા બાપદાદાનો ધર્મ કયો? અને હું પરિગ્રહ નામના મહાપાપની પાછળ પાગલ બનીને શું કરી રહયો છું? આવા વિચારો પણ પરિગ્રહના પરમ ભકતોને આવતા હશે કે કેમ? તે ભગવાન જાણે! ૧૫ પ્રકારના કર્માદાનોના, વ્યાજવટાના ગોટાળાના, સારો માલ બતાવી ખરાબ માલ દેવાના, શરીરને પુષ્ટ બનાવવા માટે ગમે તેવા અભક્ષ્યો અપેયોને પેટમાં નાખવાના, ઈત્યાદિ ધંધાઓમાં પાપ લાગતું હશે કે કેમ? તેની વિચારણા કરવા માટે પણ તેમને સમય નથી, અથવા તૈયાર નથી. મમ્મણ શેઠની આવા પ્રકારની વિગતો જાણીને રાજાજીને ઘણું જ દુઃખ થયું. કેમકે - જ્યાં દેવાધિદેવ ભગવાન મહાવીર સ્વામીના ૧૪ ચાતુર્માસો થયા છે તેવી મારી રાજગૃહી નગરીમાં એકબાજુ ધર્મોના અવતાર સમા, છતાં અઢળક શ્રીમંતાઈમાં મહાલતાં શાલીભદ્રજી, ધન્નાજી, ધર્મના રંગમાં રંગાયેલી મારી ધર્મપત્ની ચેલ્લણા, ધારિણી, કાલિકા, મહાકાલિકા આદિ સ્ત્રીઓ રાજઘરાણામાં રહેવા છતાં તેમનો ત્યાગ, ખાનપાનની મર્યાદા, રહેવાકરવાની તથા ઓઢવા પહેરવાની મર્યાદા તથા પાંચસો મંત્રીઓના અગ્રણી મારો લાડકો અભયકુમાર કયાં? અને પરિગ્રહની માયા સિવાય, ધર્મની મુદ્દત લેશ્યા નથી તેવો મમ્મણ શેઠ કયાં? કર્મસત્તાની કેટલી બલિહારી? મનુષ્યરૂપે પ્રત્યેક મનુષ્ય સમાન હોવા છતાં પણ એકને ધર્મની લેશ્યા, બીજાને પાપની લેશ્યા, એકને સ્વર્ગની ઝંખના તો અન્યને મોક્ષની ઝંખના, અને વળી, બીજાને નરક તરફ પ્રસ્થાન કરવાની તૈયારી. અને એક દિવસે મમ્મણ શેઠ જાણે મરવાનો સમય પાસે આવી રહયો હોય તેમ - 'હાય મારા સુવર્ણના બળદીયા, મારા ચોપડા, મારી બેંક, બેંકનું બેલેન્સ, મારા બંગલા, મારી તિજોરી, મારી ચાવીઓ માટે હાય-હાય કરતાં કરતાં શેઠજીની આંખો સદાને માટે બંધ થઈ ગઈ અને મરીને નરકગતિના મહેમાન બની ગયા. ભેગી કરેલી માયા જ્યાં હતી ત્યાંને ત્યાં પડી રહી. ભગવાન જાણે તે શેઠના તૈયાર કરેલા સુવર્ણના બળદીયા અત્યારે કયાં હશે?

આ રીતે પુણ્યકર્મોનું દેવાળું કાઢી મહાભયંકર પાપકર્મોના પોટલા મસ્તક પર મુકીને પરિગ્રહનો પરમપૂજારી, સોનાચાંદી, હીરામોતીનો પરમ ભકત, લક્ષ્મીદેવીનો પરમ લાડકાવાયો; મમ્મણ શેઠ સદાને માટે ઈતિહાસમાંથી સમાપ્ત થયો. આ કારણે જ, ભગવાન મહાવીર સ્વામીએ કહયું કે - પરિગ્રહ, પરિગ્રહની સંજ્ઞા અને તેની માયા, છેવટે તેનો પડછાયો પણ પાપ છે, મહાપાપ છે.

પરિગ્રહ પાપ સમાપ્ત

મોટાં પાપ સમાપ્ત

## દ્રવ્ય પાપ

ત્રણ સંતાનો રૂડાં રૂપાળા, હસીહસીને ખેલનારા, સંસારની સ્ટેજ-પર આવ્યા હોય ત્યારે ચોથું સંતાન રંગે શ્યામ, મૂંગુ, બોબડું, ઠુંઠું, પોલિયાનો રોગ, હાડકાં તથા લોહીનું કેન્સર લઈને આવે છે. અથવા બે-ચાર વર્ષે કેન્સરમાં રીબાઈને મરે છે તેમાં કારણ શું? વિષયવાસનાના રંગમાં રંગાયેલી ધર્મપત્ની જ જ્યારે પતિદેવને મૃત્યુના ઘાટે ઉતારતી હોય અને પતિ પણ પોતાની પ્રાણપ્યારીને વિષપાન કરાવતો હોય ત્યારે દીવા જેવી સ્પષ્ટ વાત છે કે - કોઈક ભવે પતિ-પત્ની માર્ય અને મારક રૂપે હોવાથી તે ભવમાં પડેલા હિંસક ભાવના સંસ્કારોનું ફળ હજી પણ મરીને કે મારીને ભોગવવું પડે છે, માછીમારની જાળમાં અમુક જ માછલા પકડાય છે અને બીજાં છટકી જાય છે, માંસ વેચનારના હાથમાં એક ભૂંડ આવ્યું અને બીજું ભાગી ગયું. ઈત્યાદિ પ્રસંગોમાં કારણ એક જ છે કે કર્મોનો ભોગ્ય કાળ એકને કદાચ આજે આવ્યો અને બીજાને બે - ચાર દિવસે આવે અથવા બંનેનો સંબંધ નહી હશે તો પકડાયા વિનાનું ભૂંડ એવા સ્થાને ભાગી જશે જ્યાંથી કસાઈના હાથમાં તો શું પણ દૃષ્ટિમાં પણ ન આવે. આપણા પોતાના જીવનમાં મારકાટ, ગાળોનું આદાન-પ્રદાન અને કર્મોનો વિપાક જોરદાર ઉદયમાં આવી જાય તો એક જ ઝાટકે બીજાનું ગળું દબાવતા વાર લાગે તેમ નથી ઈત્યાદિ પ્રસંગોમાં કર્મરાજાની સત્તા જ સ્પષ્ટ દેખાય છે. દ્રવ્ય પાપોને પરસ્પર જ ભોગવવાના રહેશે. ઉપરના વિવેચનમાં માર્ય મરવાવાળો અને મારક એટલે મારવાવાળો. આ રીતે એક ગાળો દેનાર બીજો સહન કરનાર, એક ડંડાથી મારે બીજો સહન કરે. પરસ્પરમાં કોઈક કર્મ બેઆની, કોઈક ચાર આની, આઠ આની અને કોઈક કર્મ એક જ ઝાટકે બીજાના મોતને માટે થાય છે. મતલબ કે બાંધેલા કર્મોના ફળ અનુભવ્યા વિના અન્ય માર્ગ નથી.

## ભાવપાપ (કષાયભાવ)

શેષ રહેલા ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષ, રતિ-અરતિ, પૈશુન્ય અભ્યાખ્યાન, પરપરિવાદ, માયા-મૃષાવાદ અને મિથ્યાત્વ નામના ૧૩ પાપસ્થાનકોને ભાવપાપ કહેવાયા છે. જે દ્રવ્યપાપો કરતાં વધારે ખરાબ છે, કેમકે - બે વ્યકિતઓના પાપને પ્રગટ કરાવનાર, સમાજને લડાવનાર, દેશમાં ભાગલા પડાવનાર, સાસુવહુને લડાવનાર, પતિ-પત્નીને રોવડાવનાર, નણંદ-ભાભીને જન્મ જન્મની વૈરણ બનાવનાર કષાય નામનું પાપ છે. જેની વિદ્યમાનતામાં વ્યકિતમાત્રને તેટલા સમય પૂરતી ધર્મની અને ખાનદાનની અને વ્રતવિશેષની પણ મર્યાદા રહેતી નથી. ઉત્તમોત્તમ વકતવ્યત્વને

તથા વકતૃત્વને કલંકિત કરાવનાર, સાધુતા અને વૈરાગ્યનો હાડવૈરી અને છેલ્લે ગુરૂનો પણ દ્રોહ કરાવનાર કષાય છે. કષાયનો માલિક અજ્ઞાન ગ્રન્થિમાં જકડાયેલો છે. પૂર્વગ્રહની માયામાં લપટાયેલો છે. ઉપર કહયા પ્રમાણે - પ્રાણાતિપાત મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ આ પાંચે મોટકા પાપો હોવા છતાં દ્રવ્યરૂપે સ્વીકારાયેલા છે. કેમકે - આ પાપોને પરસ્પર બે વ્યકિતઓ સાથે જ સંબંધ હોય છે, જેમકે - એક મારક, હિંસક, ઘાતક છે ત્યારે બીજો માર્ય, હિંસ્ય અને ઘાત્ય હોવાથી ભવાન્તરોમાં આ બંને જીવાત્માઓને જ વૈરાનુબન્ધ અને તેના વિપાક (ફળાદેશ) નો અનુભવ કરનારો રહેશે ! ત્રીજો માનવ વચ્ચે ન હોવાના કારણે તેમને કે તેમનાથી બંને જીવોને અપવાદ સિવાય ખાસ હાનિ હોતી નથી. આવી રીતે જેના માટે અસત્ય ભાષા બોલાય, જેની ચોરી કરાય, જેની સાથે અધાર્મિક મૈથુન સંબંધ બંધાય અને પરિગ્રહવશ જે જે જીવો સાથે લેવામાં, દેવા માં, વ્યાજવટામાં ખોટા તોલમાપમાં ભેળસેલમાં અથવા ઉદ્યોગો યદ્વારા જે જીવોને માર્યા છે, ઇત્યાદિ અર્થમાં પાપના ફળો પરસ્પર જ ભોગવવાના રહેશે. માટે પ્રાણાતિપાતાદિ દ્રવ્ય પાપ કહેવાય છે. બેશક ! મનના પરિણામોમાં ક્રૂરતમતા, ક્રૂરતરતા કે, ક્રૂરતા જેટલા પ્રમાણમાં રહી હશે તેટલા પ્રમાણે જ કર્મોનું બંધન થશે. કેટલીક વાર આવું પણ બંને છે કે - કૃષ્ણલેશ્યાના ક્રૂરતમ પરિણામે એક સ્ત્રી કડવી તુંબડીના શાકના કારણે મુનિની હત્યામાં ભાગીદાર બને છે. મુનિરાજ તો શુકલતમ લેશ્યાના માલિક હોવાથી કેવળજ્ઞાન મેળવીને મોક્ષમાં ગયા છે, જ્યારે તે સ્ત્રી મુનિહત્યાના પાપે પ્રત્યેક નરકભૂમિમાં બે બે વાર એ રીતે ૧૪ વાર નરકમાં ગઇ છે. ઉપરાન્ત બીજા પણ કેટલાય અવતારોમાં સીમાતીત ભૂખ, તરસ, ઠંડી-ગરમીને ભોગવતી વિના મોતે મરી છે. પાંચસો મુનિરાજો ઘાણીમાં પીલાતાં કેવળજ્ઞાની બને છે ત્યારે પીલાવનાર પાલક નામનો નરાધમ કયારેય સમ્યક્ત્વનો પ્રકાશ મેળવી શકે તેમ નથી. નાના મોટા માછલા હજી પ્રાણમુકત થયા નથી તો પણ કસાઇ કર્મ કરનારાઓ તે માછલાઓની જીવતી ખાલ જ ઉતારી લે છે. દીપડાના ચારપગ લોખંડની સાંકળથી બાંધીને ગરમાગરમ લાલ સુરખ લોઢાનો સળીયો તેની ગુદા પર મૂકે છે અને મશીનથી મુખ દ્વારા બહાર કાઢે છે. તે ઉપરાન્ત પાર્શ્વકુમાર અને કમઠ, ગુણસેન અને અગ્નિશર્મા, શય્યાપાલક અને ત્રિપૃષ્ઠ વાસુદેવ, ઇત્યાદિ અગણિત દષ્ટાન્તોમાં એક ભવનો મારક બીજે ભવે માર્ય બને છે. અને આવી રીતે ભવભવાન્તરમાં વિના મોતે મરતાં કર્મોને ભોગવે છે. મતલબ કે અપવાદ સિવાય બીજા માણસો ભાગ્યે જ વચ્ચે આવતા હોય છે.

એક ભવનું કરેલું, કરાયેલું અને અનુમોદેલું પાપ કેટલા ભવો સુધી સાથે આવશે? ક્યારે છુટશે? કેવી રીતે છુટશે? આ અને આના જેવી બધી વાતોને આપણે ભલે ન જાણી શકીએ તો પણ કર્મોના વિપાકો (ફળો) જ્યારે ભોગવીએ છીએ ત્યારે કર્મબંધન કેવી રીતે કર્યું હશે? તેના થોડો ઘણો અનુભવ તો જીવમાત્રને થયા વિના રહેતો નથી. યદ્યપિ આ અનુભવ સ્પષ્ટ હોતો નથી. માતાની કુક્ષિમાંથી જન્મ લેનારા માનવમાત્રને હિંસામાં, જૂઠમાં, ચોરીમાં, મૈથુનમાં અને પરિગ્રહમાં ક્વચિત પાપ દેખાય છે. પણ કષાયભાવ તેના કરતાં પણ ભયંકર પાપ છે. આવું સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત નહી થયેલું હોવાના કારણે ખાનપાનમાં, રહેણીકરણીમાં, ત્યાગ દેખાશે છેલ્લે નિરાગભાવમાં આવી સંસારનો ત્યાગ કરશે, પરંતુ કષાયભાવ તથા કષાય વ્યવહારનો ત્યાગ કરવા જેટલી ક્ષમતા કેળવી શકતી નથી, પૌષધ તથા સામાયિકમાં કાજો લેતા મરેલા કીડી આદિના માટે પશ્ચાતાપ કે પ્રાયશ્ચિત કરશે પણ પૌષધ સામાયિક દરમ્યાન કષાય કર્યો હોય, તેમાં ધમધમ્યા હોઈએ કે ધુંસાપુંસા થઇ ગયા હોઇએ તોપણ તેઓને સમ્યગ જ્ઞાનના અભાવે અથવા સમ્યગ્જ્ઞાનના અજીર્ણના કારણે "કષાય કરવામાં મે પાપ કર્યું છે" અથવા અરિહંત પરમાત્માની આણા લોપી છે. તેનો ખ્યાલ પણ તેમને હોતો નથી, અથવા કષાયભાવમાં રહેવું, તેની પ્રવૃત્તિને ધીમી પણ પડવા ન દેવી તે ભયંકર પાપ છે. આવી સમજુતી પણ તેમને હોતી નથી. સ્વીકારેલા ગૃહસ્થાશ્રમમાં દીવાળીના દીવાના સ્થાને હોળીના ભડકા થશે તો પણ કષાયભાવને કંટ્રોલમાં લેવાની ટ્રેનિંગ લઇ શકતા નથી. કેમકે - તેમના મગજમાં એક જાતનું અજ્ઞાન, મિથ્યાજ્ઞાન ભરાઇ ગયું હોય છે કે - કષાયો કરવાથી જ કુટુમ્બના સભ્યો મારી આણમાં રહે છે, પરન્તુ આવો કષાયભાવ આત્માને, મનને, ઈન્દ્રિયોને શરીરમાં રહેલા લોહીને, શરીરના રૂપરંગને, સ્વોપાર્જિત પુણ્યકર્મોને તથા મતિજ્ઞાનને પણ બરબાદ કરાવી દે છે. તેવું સમજવા જેટલી ક્ષમતા પણ તેઓ કેળવી શકતા નથી.

કષાયમાં કષ અને આય આ બે શબ્દોનો સમાસ છે.

**"कष्यन्ते हिंस्यन्ते प्राणिनः यस्मिन् स कषः संसारः ।।"**

અને આય એટલે જેનાથી સંસારના મૂળની મજબુતી, ભવભ્રમણની વૃદ્ધિ અને દુર્ગતિગામી થવાય તે કષાય છે. તેના ક્રોધ-માન-માયા અને લોભ નામે ચાર ભેદ છે.

## ૬ ક્રોધપાપ

૧૮ પાપસ્થાનકોમાં છઠ્ઠું પાપ ક્રોધ છે, સાતમું માન, આઠમું માયા અને નવમું લોભ છે. રસાનુબંધને લઇ કોઈમાં અનન્તાનુબંધી, કોઈમાં અપ્રત્યાખ્યાની, કોઈમાં પ્રત્યાખ્યાની અને કોઈમાં સંજ્વલન હોય છે. સારાંશ કે -

૪, અનન્તાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ.
૪, અપ્રત્યાખ્યાની, ક્રોધ, માન, માયા, લોભ.
૪, પ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા, લોભ.
૪, સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભ

આવી રીતે કષાયના અવાન્તર ભેદ ૧૬ ની સંખ્યામાં થાય છે. આ ચારે ક્રોધ, માન, માયા અને લોભ ઉત્તરોત્તર બળવાન છે. અર્થાત, ક્રોધ કરતાં અભિમાન કષાય, માન કરતાં માયા કષાય, અને માયા કરતાં લોભ કષાય વધારે સશકત છે. ગમે તે કારણે ઉત્પન્ન થયેલા અનન્તાનુબન્ધી કષાય જીન્દગીના છેલ્લા શ્વાસ સુધી પણ ટકી રહે છે. આના કારણે સમ્યક્ત્વ ઉત્પન્ન થઇ શકતું નથી, થયું હશે તો ટકી રહેવાની શકયતા નથીજ. અને આનો માલિક મરીને નરકગતિમાં જાય છે.

અપ્રત્યાખ્યાન કષાયમાં રસની મન્દતા હોવાથી એક વર્ષે પણ તેનો આત્મા જાગૃત થાય છે. જેની સાથે કષાયો થયા હોય તેને 'મિચ્છામિદુકકડમ' આપી આત્માને કષાય મુકત કરશે. આમાં સમ્યક્ત્વ પ્રાપ્ત થતાં પહેલા આયુષ્યકર્મ બંધાઇ ગયું હશે તો તિર્યચગતિમાં જશે.

પ્રત્યાખ્યાની કષાયમાં રસની મન્દતરતા હોવાથી આવરણીય કર્મોને ખસી જવું પડેછે. પરિણામે ભાવી કાળમાં ફરીથી સમ્યક્ત્વ ભ્રષ્ટ થવું ન પડે તે માટે સ્થૂલ પ્રાણાતિપાતાદિનું વિરમણ (ત્યાગ) કરવાનો ભાવોલ્લાસ ઉત્પન્ન થશે. ચાર મહિને પણ જીવોને ક્ષમાપના કરી આત્મજાગૃતિમાં આગળ વધશે. જેના કારણે આયુષ્ય પૂર્ણ કરીને મનુષ્યગતિ પ્રાપ્ત કરશે.

સંજ્વલન કષાયમાં રસની મન્દતમતા હોવાથી કષાયોનું શમન થતાં વાર લાગતી નથી. સંસારની માયાને પાપોત્પાદક, પાપવર્ધક અને પાપપરમ્પરક સમજીને તેનો ત્યાગ કરીને મહાવ્રતોને સ્વીકારવા જેટલી ક્ષમતા પ્રાપ્ત કરશે અને સ્વીકારેલા મહાવ્રતો ને યથાશકય, નિરતિચાર પાળીને, તથા સર્વે જીવોને ખમતખામણા કરી

દેવલોકને પ્રાપ્ત કરનાર બનવા પામશે. અને વૈમાનિક દેવ બનશે જ્યાં તીર્થંકર પરમાત્માઓના પંચકલ્યાણકની આરાધના કરી ભવિષ્યમાં કેવળજ્ઞાનની ભૂમિકા પ્રાપ્ત કરવાની યોગ્યતા ભાગ્યમાં રહેશે.

આવા પ્રકારના રસાનુબન્ધીમાં પૂર્વભવની આરાધના અને વિરાધના, પુણ્ય કે પાપના કારણે અથવા આવનારા ભવો બગડવાના કે સુધરવાના હોય ત્યારે રસાનુબન્ધની લેશ્યાઓમાં પરિવર્તન થતું રહે છે, જેમકે -, જન્મતાં જ અનન્તાનુબંધી કષાયના માલિક ચંડકૌશિક નાગરાજને, દયાના મહાસાગર શ્રી મહાવીર સ્વામીના દર્શન થતાં જ, જીવન ના અણુ અણુમાં રહેલ અનન્તાનુબંધી કષાયનું વમન થતાં જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. ફળસ્વરૂપે પાંચમી નરકે જવાની લાયકાતના બદલે આઠમો દેવલોક પ્રાપ્ત કરે છે. યદ્યપિ અનન્તાનુબંધી કષાયમાં તો સમ્યગ્દર્શન થતું નથી પણ દેવ-ગુરુ અને ધર્મ નું નિમિત્ત પામી થોડીવારને માટે પણ અનન્તાનુબન્ધીમાં, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન અથવા સંજ્વલનનો રસોદય થતા સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી દેશવિરતિ પણ પ્રાપ્ત કરે છે. એટલે કે - હવેથી મારી ફણા બીલમાંથી બહાર કાઢીશ જ નહી આવી રીતના દેશવિરતિધર્મ ને પ્રાપ્ત કરે છે. કેમકે - આ દેશ વિરતિધર્મ તિર્યંચોને તથા નારકોને માટે પણ ખુલ્લો છે. તેનાથી વિપરીત શુક્લ લેશ્યાના માલિક વૈમાનિક સંગમ દેવને, મહાવીરસ્વામીને જોયા પછી સંજ્વલન કષાયમાં અનન્તાનુબન્ધીનો રસ મિશ્રિત થતાં જ ક્રોધની માત્રા વધવા લાગી અને દેવાધિદેવને આમરણાતં ઉપસર્ગો કરીને હમેશાને માટે પોતાની લાયકાત ગુમાવી દીધી છે. રાવણ અને લક્ષ્મણનો જીવ અત્યારે ચોથી નરકે છે. ત્યાં અચ્યુતેન્દ્ર (સીતાનોજીવાત્મા) જાય છે અને પ્રતિબોધ કરે છે. તથા સમ્યક્ત્વ મેળવીને દેશવિરતિધર્મ એટલે કે 'હવે અમે કોઈને મારીશું નહીં, લડીશું નહી' આનું નામ જ દેશવિરતિ છે. તાકાત હોવા છતાં લડાઈ ઝગડા અને જીભાજોડા ન કરવા તેનું નામ વ્રત છે અને આ વ્રતના કારણે જ રાવણે હમેશાને માટે દુર્ગતિના દ્વાર બંધ કર્યા છે.

## કષાયોની ભયંકરતા

પૂર્વભવની અલ્પાંશે પણ કરેલી આરાધનાના કારણે, સુખ-શાન્તિ અને સમાધિની કલ્પનાઓ સાથે મનુષ્યાવતારની સ્ટેજ પર અવતરિત થયેલા માનવનો બાલ્યકાળ પૂર્ણ થયા પછી, પૂર્વકૃત વિરાધના પણ સાથેજ આવતી હોવાથી, આ ચાલુ જીવનમાં, માતા-પિતા, ભાઈ ભાભી, ફઈબા ઉપરાન્ત સાથે રમનારા ગંદા મિત્રો,

તથા આચાર-વિચાર અને ઉચ્ચાર થી ભ્રષ્ટ થયેલા સ્કૂલના માસ્ટરો, તથા પ્રોફેસરોના કારણે જીવનના બાલ્યકાળમાં પડી ગયેલા, ખરાબમાં ખરાબ, અકથનીય, ગોપનીય, અને લજ્જાસ્પદ સંસ્કારો પણ સાથીદાર બનવા પામે છે. ઉમ્ર જેમ જેમ વધતી જાય છે તેમ તેમ વાતાવરણની પ્રતિકૂળતા પણ સર્જાતી જાય છે અને આત્માના પ્રતિપ્રદેશે ક્રોધ - માન - માયા તથા લોભ પણ વધતાં જાય છે. પુણ્યકર્મની કમાણી સાથીદાર બનવા પામે તો તે સારામાં સારો શ્રીમંત પણ બને છે, કેટલીક સંસ્થાઓની સત્તા પણ મેળવી લે છે. પરન્તુ કષાયાન્ધી બનીને પોતાના વ્યકિતત્વમાં, કુટુંબ-પરિવારમાં, સમાજ અને સંઘમાં, ગામઅને દેશમાં ભાગલા પડાવવા અને એક બીજાને એક બીજા સાથે લડાવવામાં, પોતાની શ્રીમંતાઈ અને સત્તાનો દુરુપયોગ કરી પોતાના પુણ્યકર્મોને બરબાદ કરે છે અને જીવનયાત્રા કલુષિત કરી મર્યા પછી પણ અપજસનો ભાગીદાર બનવા પામે છે. અત્યુત્તમ માનવાવતારમાં સત્ય અને શીયળની આરાધના સાથે મૈત્રી ભાવ તથા પ્રમોદભાવના રૂડારૂપાળા સંસ્કારો મેળવવા જોઈતા હતાં તેના બદલે સૌની સાથે વૈર-વિરોધ વધારીને જીવન ધનને ખતમ કરે છે.

પરસ્પર રણમેદાન શા માટે રમાતા હશે?

પ્રત્યેક દેશનો અને ખાસ કરી ભારત દેશનો ઈતિહાસ સાક્ષી આપે છે કે - રાજા, મહારાજા, શ્રીમંતો અને સત્તાધારીઓ એ વાતે રણમેદાન ખેલી દેશને પાયમાલ, શકિતહીન, અને નિર્માલ્ય બનાવ્યા છે. તેમાં કોઈક સમયે એક રાજાને બીજારાજા સાથે સર્વથા મામુલી વાતમાં અસહિષ્ણુતા સાથે ક્રોધની માત્રા વધતી ગઈ. ચારણભાટો અને વચ્ચે રહેલા દલાલો (નારદો) તેમાં વધારો કરતા ગયા પરિણામે હજારો લાખો નિર્દોષ માનવોને યમરાજના દરબાર માં પહોંચાડી દીધા. કોઈક રાજાને એક વેશ્યા કે પરસ્ત્રી વચ્ચે આવી. કોઈકને સરહદ વચ્ચે આવી અને યુદ્ધનો પ્રારંભ થયો, આવી રીતે અભિમાન કષાય થી કષાયિત થઈ પોતાનો મિથ્યાવટ બતાવવા સારૂં પણ યુદ્ધના મેદાનમાં ઉતરી આવેલા રાજાઓના ઈતિહાસ ઓછા નથી. માયા પ્રપંચમાં, મિથ્યા પ્રતિષ્ઠામાં અને સરહદો વધારવાના લોભમાં રમાયેલા યુદ્ધોમાં માર્યા ગયેલાઓની માતાઓ, અને તેમની વિધવા બનેલી સ્ત્રીઓના ગરમાગરમ આંસુઓની બક્ષીસ જ ભારતદેશના ભાગ્યમાં શેષ રહેવા પામી છે. અને જે દેશમાં, સમાજ માં, સમ્પ્રદાયમાં, વિધવા, કુમારિકાઓના આસુઓ પડતા હશે. તે દેશ, સમાજ કે કુટુંબ કયારે ઉન્નતિ કરશે? તે ભગવાન જાણે? આવા કારણે જ ભારતીય પ્રજા દિન પ્રતિદિન શારિરિક અને આત્મિક બળમાં કમજોર થતી ગઈ. લોહીમાં રહેલી શૂરાતન

શકિત મરી પરવારી, આંખોના ઓજ કપાળનું તેજ ગયું અને મરવાના વાંકે જીવતી પ્રજા આજે સૌને માટે પ્રત્યક્ષ છે. માટે જ કષાય ભાવ અને કષાયોથી ધમધમતું જીવન કોઈને માટે પણ હિતકરક બનતું નથી.

જે પ્રવૃત્તિના મૂળમાં કષાય ભાવ રહયો હશે તે ધર્મ, સમ્પ્રદાય અથવા ગમે તેવા સાત્વિક અનુષ્ઠાનો પણ સ્વને, પરને, દેશને, સમ્પ્રદાયને હિતકારી બનવા પામ્યા નથી. આ કારણેજ કષાયો આત્માના હાડવૈરી મનાયા છે.

કેવળજ્ઞાન મેળવવાને માટે બાધક તત્વ કયું?

કેવળજ્ઞાનરૂપી આત્માની જ્યોત પ્રાપ્તિમાં બાધક તત્વ કોઈ હોય તો કષાય ભાવ અને કાષાયિક પ્રવૃત્તિ છે, તેના માલિક આત્માને પરિગ્રહ વિના ચાલી શકે તેમ નથી પછી ચાહે બાહય હોય કે અભ્યન્તર અથવા કષાયોજ આભ્યન્તર પરિગ્રહ જ છે. નગ્નાવસ્થા સ્વીકારવી, ભૂખ્યા રહેવું કે મરવું, મલીન ગંદા વસ્ત્રો પહેરવા, કેવળ પાણી સાથે ભોજનાદિ કાર્યો કરવા, સરળ છે, પરન્તુ આત્મ સંયમ કરવો ઘણો જ અઘરો છે, મતલબ કે કષાયોજ સંસાર છે અને તે વિનાનું જીવન મોક્ષ છે. શાસ્ત્રોમાં પણ કહેવાયું છે કે -

(૧) **"कषायमुक्तिः किल मुक्तिरेव,"** અર્થાત્ કષાયોથી મુકત થવું એજ કેવળજ્ઞાન છે.

(૨) **"मोहत्यागो हि मुमुक्षुत्त्वम्"** સંસારની મોહમાયાનો ત્યાગીજ મુમુક્ષુ કહેવાય છે.

(૩) **"निर्ममत्वं वैराग्याय"** પરિગ્રહની લાલસા અને મૂર્ચ્છાના ત્યાગ માંથી જ વૈરાગ્યનો જન્મ થાય છે.

(૪) **"यत्र यत्र वैराग्यं तत्र तत्र कषायाभावो ऽस्त्येव"** - અર્થાત્ કષાયોને તથા આત્માને હાડવૈર છે.

(૫) **रागादीनामुत्पत्तिरेव हिंसा,"** માનસિક જીવન પણ રાગદ્વેષમય રાખવું તે હિંસા છે, અને જ્યાં હિંસા છે ત્યાં કષાયભાવો ની હાજરી નકારી શકાતી નથી.

ક્રોધકષાયને ઉત્પન્ન થવામાં મુખ્ય કારણ શું?

સામેવાળા ચારે પ્રતિસ્પર્દ્ધિ હોય, શેઠ હોય, ભાગીદાર હોય, તેઓમાં રહેલા રૂપ સૌન્દર્ય ઉજ્જવળ વસ્ત્ર પરિધાન સારા અને હુશિયાર પુત્રપુત્રીઓ, શ્રીમંતાઈ મોટર, વ્યાપાર, રોજગારમાં રહેલી કુશલતા, સુન્દર સ્ત્રી, સમાજમાં આગેવાની,

રાજદરબારમાં બહુમાનિ તો, દયાલુતા, દાનેશ્વરીતા આદિ સાધારણ કે અસાધારણ ગુણોને જોઈ માનવના મનમાં સૌથી પ્રથમ અસહિષ્ણુતા તથા બળતરા થાય છે. તે માંથી ધીમે ધીમે કાળી નાગણ અને જીવતી જાગતી ડાકણ કરતાં વધારે ખતરનાક ઈર્ષ્યાનો જન્મ થાય છે. નાગણને એક પ્રસૂતિમાં ૧૦૦ ઈંડા ની ઉત્પત્તિ મનાઈ છે. કુંડાળું કરીને નાગણ વચ્ચે બેસે છે અને પોતાના એક એક ઈંડોને મોઢામાં લઈ આકાશ તરફ ફેંકે છે. યદી તે ઈંડુ કુડાળાની બહાર પડે તો જીવતું રહે છે, અન્યથા નાગણ (ઈંડાઓની માતા) જ ખાઈ જાય છે માટે જીવસૃષ્ટિમાં તેને પુત્રઘાતિની કહેવામા આવી છે. તેવી રીતે વ્યવહાર કે આત્મ કલ્યાણને માટે અથવા સાધુસંતોની વચ્ચે બેસી થોડા ઘણા ગુણો ઉપાર્જન કર્યા હોય તે સર્વે ઈર્ષ્યાની જ્વાળામાં એક પછી એક ભસ્મસાત્ થાય છે માટે **"गुणौघघातिनी ईर्ष्या"** અર્થાત ગુણો ને ઉત્પન્ન કરાવનારી લજ્જા છે તો ગુણોનો સમૂળ નાશ કરાવનારી ઈર્ષ્યા છે. તેને યદિ સમ્યગ્જ્ઞાન દ્વારા વશમાં ન કરી શકયા તો તેમાંથી ક્રોધ, મહાક્રોધ નામનું ભૂત દેખાડો દેશે અને એક દિવસે તમારા માનવ જીવનને પોતાના સકંજામાં લઈ જન્મ જન્મની તપશ્ચર્યાઓને તથા સત્કર્મોને સમૂળ ખતમ કરી દેશે.

જૈનાગમો ક્રોધના વિષયમાં શું કહેછે?

જુદા જુદા આગમ્શાસ્ત્રોની સાક્ષીએ ક્રોધની વ્યાખ્યા કરીએ છીએ..

(૧) **कारणे ऽकारणे वा ऽति क्रूराध्यवसाय: क्रोध:** (आचारांग सूत्र १६१)

સામેવાળા તરફ થી એકાદ કારણ મળે અથવા ન મળે તો પણ ભૂતકાળની વાતો ને જ્યારે સ્મૃતિમાં લાવવામાં આવે છે ત્યારે માનસિક જીવનમાં ક્રૂર અધ્યવસાયો, પરિણામો, લેશ્યાઓ થયાજ કરેછે. તેમાં ક્રોધનો ચમત્કાર અનુભવમાં આવતો હોય છે. અને આ ક્રૂર અધ્યવસાયો જ આત્માને કૃષ્ણ-નીલ અને કાપોત લેશ્યાઓમાં વધારો કરનારા બને છે. કલાક કે અર્ધા કલાક પહેલા સાધક પવિત્રભાવોનો માલિક બન્યો હશે. પણ ક્રોધનો ઉદય થતાંજ તેટલા સમય પૂરતી શુભ લેશ્યાઓના સ્થાને અશુભ લેશ્યાઓ હાજર થઈ જાય છે. અને તે સમયેજ શ્વાસ બંધ પડી જાય તો દુર્ગતિ સિવાય બીજી ગતિ નથી.

(૨) **तत्र आत्मीयोपघाती, क्रोधकर्म विपाकोदयात् क्रोध:** (आचारांग १७०)

આત્મા એટલે પોતે અને ઈન્દ્રિયો, મન તથા શરીરને સ્વવશ કરી સાધેલા છઠ્ઠ, અઠ્ઠમ, આયંબીલ, એકાસણ, પૂજા, જાપ, પૌષધ, પ્રતિક્રમણ આદિથી ઉપાર્જન

કરેલા ગુણો પોતાના કહેવાય છે. તે ગુણોનો ઉપઘાત કરનાર, દબાવી દેનાર તથા દુર્ગુણોમાં પરિવર્તિત કરનાર ક્રોધ છે. યોગશાસ્ત્રમાં હેમચન્દ્રાચાર્યજી કહે છે કે - "क्रोधः पुनः क्षणेना ऽपि पूर्व कोट्यार्जित तपः हरति ।।" એટલે કે લાખો - કરોડો અને અબજો વર્ષો પર્યંત કરેલી તપશ્ચર્યા, સંયમ આરાધના, સાધેલી વકતૃત્વતા, કેળવેલું વ્યકિતત્વ આદિ ગુણોને એકજ ક્ષણમાં ખતમ કરનાર ક્રોધ છે.

**"ક્રોધે કરોડ પૂર્વ તણુ સંયમફળ જાય - ક્રોધ સહિત જે તપ કરે તે તો લેખે ન થાય"**

મતલબ કે, ખૂબજ પુરુષાર્થ દ્વારા સાધિત સર્વે સ્વસત્કાર્યો આદિનો ઘાતક ક્રોધ છે. સમ્યકત્વની પ્રાપ્તિના સમયે ઉપશમિત થયેલા મિથ્યાત્વમાં ક્રોધ કર્મ પણ સત્તામાં પડેલું હોવાથી. તેનો વિપાકોદયજ ક્રોધ કહેવાય છે. સંયમની સારામાંસારી સાધનાથી પ્રાપ્ત કરેલા ગુણ સ્થાનકોના માલિક મુનિરાજને પણ "क्रोधान्धस्य मुनेश्चण्डालोपमकीर्तितः" યોગશાસ્ત્રમાં ચંડાલસમા કહયાં છે તો અન્યની વાત શું કરવી ?

(૩) "क्रोधनं क्रुध्यति वा येन स क्रोधः क्रोधमोहसम्पाद्यो जीवस्य परिणामविशेषः क्रोधः क्रोधः मोहनीयकर्म एव ।।" (ठाणांग सूत्र १८३)

એટલે કે, શરાબપાન વડે બેભાન બનેલા માનવને મતિજ્ઞાન કે માનવતા સાથે જેમ લેણાદેણી રહેતી નથી. તેમ શરાબપાન જેવા મોહકર્મના ઉદય માં ક્રોધ ના પરિણામો પણ શાન્ત-ઉપશાન્ત કે દાન્ત થતા નથી.તે કારણે સંસારના કોઈ પણ ચેતન કે અચેતન પદાર્થોના નિમિત્તે ક્રોધનો ઉદય માનવને સદૈવ બન્યો રહેછે. શરાબપાનનો નશો સૌથી પહેલા માનવની ઈન્દ્રિયોમાં ઉત્તેજના લાવ્યા પછી તેના દિલ અને દિમાગને સર્વથા બેહોશ કરી મૂકે છે. તેવી રીતે, મોહકર્મનો ઉદય અથવા તેની ઉદીર્ણાથી માનવની પાંચે ઈન્દ્રિયોમાં, મનમાં, માદકતા આવે છે અને તેટલા સમય પૂરતો તે સાધક પ્રગાઢ કે પ્રચ્છન્ન પણ ઈન્દ્રિયો નો ગુલામ બન્યા વિના રહેતો નથી. તેવી સ્થિતિ માં ક્રોધનો ઉદય પણ નકારી શકાતો નથી.

"यत्र यत्र इन्द्रियाणां वशवर्तित्वं तत्र तत्र क्रोधोदयो ऽस्त्येव"

યોગશાસ્ત્રની સાક્ષી પણ આ વાતને પુષ્ટ કરતાં કરે છે કે - "कषायाणां विजेतुमिन्द्रियाणां विजेतृत्वमावश्यकमेव" એટલેકે - કષાયોને જીતવા જ હોય તો સર્વ પ્રથમ ઈન્દ્રિયોના વિજેતા બનવું જરૂરી છે. કેમકે - પાંચે ઈન્દ્રિયોમાં શબ્દ

અને રૂપ કામસ્વરૂપે છે. અને ગંધ-રસ તથા સ્પર્શ ભોગસ્વરૂપે છે. પંચેન્દ્રિયજાતિનામકર્મના કારણે પાંચે ઈન્દ્રિયોને પ્રાપ્ત થયેલા જીવાત્માને પાંચે કામભોગોનો ઉદય હોય જ છે. આંખ અને કાનથી જોવાયેલા પદાર્થો અને સાંભળેલા શબ્દોથી તે વિષયોને પ્રાપ્ત કરવાની માયા જાગે છે. અને તેને ભોગવવાને માટે શેષ ઈન્દ્રિયો મુખ ખોલીને તૈયાર જ બેઠી છે. હવે ઈચ્છિત કે વાંછિત્વ કામભોગોમાં જ્યારે ન્યૂનતા રહે. અંતરાય આવી પડે ત્યારે અતૃપ્તમાનવને ક્રોધ ઉત્પન્ન થયા વિના રહે તો નથી. ગીતાજી માં પણ **"कामात् क्रोधरऽभिजायते"** એટલે કે, ક્રોધની ઉત્પત્તિ કામભોગોની અતૃપ્તિના કારણે થાય છે. તેથી ઉત્તરાધ્યયન સૂત્રમાં કામભોગોને શલ્ય અને વિષ સમાન કહયાં છે. શલ્ય એટલે કાંટો ક્રોધની માત્રા જ્યારે વધે છે ત્યારે મોહાવસ્થા અને મૂઢાવસ્થા પણ વધે જ છે. અને માનવ વિવેકશૂન્ય બને છે. વધારે પડતાં નશામાં સ્મૃતિ નો નાશ થાય છે. અને તેમ થતાં પોતાની અવસ્થા, સ્ટેજ, પોઝીશન, લીધેલા વ્રતો નિયમો. ખાનદાનની મર્યાદા તથા અરિહંતદેવ આદિની પણ સ્મૃતિ રહેવા પામતી નથી.

**अप्रीतिगक्षणः क्रोधः** (उत्तराध्ययन सूत्र - २६१)

લક્ષણથી લક્ષ્યની સિદ્ધિ થાય છે, જેમકે **"धूमात् अग्निलक्ष्यते"** તેવી રીતે ચેતન કે અચેતન પદાર્થ પ્રત્યે રહેલી અપ્રીતિ - સપ્રેમ અણગમો - નફરત અને ઉદાસીનતામાં કારણ રૂપે ક્રોધની હાજરી શાસ્ત્રકારોએ નકારી નથી. છુપાઈ ગયેલા ચોરની જેમ માનવતા જીવન માં રહેલી ક્રોધના કારણે બીજા માનવ સાથે પ્રીતિધર્મ, પ્રેમધર્મ, મૈત્રીધર્મ, વૈરાગ્યધર્મ કે સમ્યકત્વધર્મ પણ તેટલા પૂરતાં, અથવા જીવનના છેલ્લાશ્વાસ સુધી પણ સમાપ્ત થાય છે. માટે અપ્રીતિ આદિ લક્ષણો વડે માનવના જીવનમાં રહેલો ક્રોધ શીરીતે નકારી શકાશે? સંજ્વલન આજે કદાચ સંજ્વલન ક્રોધ હશે પણ રોજને રોજ હાજર રહેલો ક્રોધ, ભૂત હોવાના કારણે કદાચ આવતી કાલે નિમિત્તો મળતા અનન્તાનુબંધી માં કૂદકો મારી દેશે. ત્યારે ગ્રહણ કરેલા વ્રતો પણ મશ્કરીને લાયક બની જશે. બેશક! અપ્રીતિ આદિમાં નિર્મમત્વ લક્ષણથી લક્ષિત વૈરાગ્ય પણ હોઈ શકે છે. પરન્તુ નિશ્ચયાત્મક દષ્ટિએ નિર્મમ માનવના જીવનમાં દ્વેષાત્મક અપ્રીતિ હોતી નથી. પણ દયાપૂર્ણ પ્રીતિ-પ્રેમ અને મિત્રતાનો સાગર ઉછળતો હોય છે, જેમકે... મહાવીર સ્વામીનો ચંડકૌશિક કે સંગમ ઉપર, પાર્શ્વનાથનો કમઠઉપર ગજસુકુમાલનો સસરા ઉપર, મેતારજનો સોની ઉપર, ચન્દનબાળા નો મૂલાશેઠાણી ઉપર, રાજીમતી નો દિયર મુનિ રહનેમી ઉપર અપ્રીતિ કે દ્વેષ ન હતો. પરન્તુ અદ્‌ભુત કરૂણા હતી. મૈત્રીભાવ હતો, દયાની ચરમસીમા હતી. માટે જ

સમ્યક્ત્વ રંગના છાંટણા જેને લાગ્યા છે, તેને કોઈના પ્રત્યે નફરત હોતી નથી, અતડા પણ હોતું નથી.

(૫) **क्रोधः अप्रीतिपरिणामः** (जीवाभिगम सूत्र १५)

અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવાદિ દોષ રહિત લક્ષણ વડે લક્ષ્યની સિદ્ધિ અસંભવિત નથી. પરન્તુ લક્ષ્યમાં લક્ષણની વિદ્યમાનતા હોવી જ જોઈએ તેવું નથી લોખંડના ગોળામાં કે સગડામાં અગ્નિરૂપ લક્ષ્ય તો છે. પણ ધૂમાડારૂપ લક્ષણની ગેરહાજરી સ્પષ્ટ દેખાય છે. તેવી રીતે સ્વાર્થપૂર્ણ અને સમયના ગણતરીબાજ ઘણામાનવોને જોઈ શકીએ છીએ કે, તેઓ તેટલા સમય પૂરતા ઠાવકા ગંભીર હસમુખા અને પ્રેમ ભરેલી વાતો કરનારા સ્પષ્ટ દદેખાય છે, પણ .... પણ... તેમના હૈયામાં રોષનો અગ્નિ ભરેલો હોય છે, માટે જ બહારના ઠાવકા અને અન્દરના માયાવી, બહારના ગંભીર પરન્તુ હૈયામાં ચૂલા પર ખદબદતી ખીચડીની જેમ ક્રોધ અને ઈર્ષ્યાથી જલતા હોય છે. બહારના હસમુખા અને અન્દરના કાતિલ વિષ જેવા આત્માઓ સમયને જોઈને 'ઘા' કરનારા હોય છે. બહારથી પ્રેમપૂર્ણ વાર્તાલાપ કરે છે પણ હૈયામાં વૈર-વિરોધનો વંટોળ ચઢી ગયો હોવાથી સમયની પ્રતીક્ષા કરનારા હોય છે. આ કારણેજ, આવા પ્રકારના વર્તન અને કથનમાં ફેરફારવાળા માનવોના ચહેરા ઉપર તત્કાળમાં અપ્રીતિરૂપ લક્ષણ ન દેખાતું હોય તો પણ આત્માના પ્રતિ પ્રદેશે ક્રોધનો જ્વાલામુખી ભડકેલોજ હોય છે. માટે આ સૂત્ર ફરમાવે છે કે - ક્રોધી માનવોના જીવન અપ્રીત્યયાત્મક પરિણામવાળાજ હોય છે. અપ્રીતિ એટલે આત્માની પરિણતિ, લેશ્યા, વિચારધારા કે તેના પરિસ્પંદો સમજવા,ઈત્યાદિ કારણે ભૂત, ચંડાલ કે કાળાનાગની ઉપમાને સાર્થક કરતો ક્રોધ સોથી પહેલા ત્યાજ્ય છે. કારણ કે, ક્રોધાન્ધ માંણસ હિંસક હોવાથી ગમે ત્યારે બીજા પાપોમાં સરકી જતાં વાર કરતો નથી.

ભયંકરતમ ક્રોધનો ત્યાગ શી રીતે કરવો? ભગવતી સૂત્ર ફરમાવે છે કે

**"कोहो विवेगेरुवीजवी मिच्छादंसण सल्लविग्वेवेवा"**

મતલબ કે, ક્રોધાદિ બીજા પાપોનો ત્યાગ વિવેકપૂર્વક કરયો, વિવેક (ત્યાગ)નો બીજો અર્થ પૃથક્કરણ છે. માટે ક્રોધી બનતા પહેલા વિચારવું કે -

(૧) ક્રોધ કરવાથી હાનિ થશે કે લાભ?

(૨) લાભ કદાચ થાય તો ચિરસ્થાયી કે ક્ષણસ્થાયી?

(૩) ચિરસ્થાયી લાભ પણ આત્માને માટે કે વ્યવહારને માટે?

(૪) આત્માને માટે હોય તો સદ્‌ગતિદાયક કે દુર્ગતિદાયક?

(૫) કદાચ સદ્‌ગતિદાયક હોય તો એક ભવને માટે કે પરમ્પરાના ભવોને માટે?

(૬) યદિ આ ભવ પૂરતોજ લાભ હોય તો લાખના બાર હજાર કરવા જેવું થશે.

સંસારમાં પ્રત્યક્ષ જોઇએ છીએ કે, રોગિષ્ટ-મહારોગિષ્ટ માણસો જેટલા દુઃખી નથી, તેના કરતાં હજારો ગુણા ક્રોધાન્ધ માણસ દુઃખી છે, મહાદુઃખી છે. અને જેનો એક ભવ બગડશે તેના આવનારા ભવો શી રીતે સુધરશે? કોણ સુધારશે? માટેજ ક્રોધ પાપ છે, મહાપાપ છે, ચંડાલતમો છે. જાતિથી ચંડાલને તો કેવળજ્ઞાન કોણ પ્રાપ્ત કરાવી શકશે?

આવા ક્રોધી માણસો ગર્વિષ્ઠ પણ વધારે હોય છે.

**ક્રોધપાપ ના કટુફળો**

**"कोहमुंडे, मानमुंडे, मायामुंडे, लोहमुंडे, केसमुंडे"** આ પાંચ પ્રકારનું મુંડન ઠાણાંગ સૂત્રમાં ભગવાન મહાવીર સ્વામીએ કહયું છે - સંસારની અસારતા જાણી લીધા પછી જ્ઞાન તથાવૈરાગ્ય પૂર્વક લેવાયેલી દીક્ષામાં, સૌથી પ્રથમ ક્રોધનું, માનનું, માયાનું, લોભનું અને કેશોનું મુંડન શાસ્ત્રકારોને સમ્મત છે. મુંડનનો અર્થ થાય છે કે - "વીત્તરાગ પ્રભુની, ગુરુમહારાજની અને સંઘની સમક્ષ તેવી પ્રતિજ્ઞા લેવામાં આવે છે કે, હે પ્રભો! આજથી ક્રોધનું મુંડન એટલા કે ક્રોધના પરમાણુઓને જીવનમાં આવવા દઇશ નહીં, ક્રોધનો ભડકો થાય તેવા સ્થાનમાં રહીશ નહીં, અને ક્રોધી માણસ ના સહવાસ માં પણ રહીશ નહીં. તે પ્રમાણે અભિમાન, માયા અને લોભના પરમાણુઓનો મારા આત્માને સ્પર્શ થાય નહી તેની કાળજી રાખીશ અને તેવા વાતાવરણનું સર્જન થવા ન પામે તેવી બધી જાત ની પ્રવૃત્તિઓનો ત્યાગ કરીશ. ત્યાર પછી ચારે કષાયોની વળગણ ફરીથી ન થાય તે હેતુથી માથાના વાળોનું પણ મુંડન (લુંચન) કરાવીશ.

અભૂતપૂર્વ આત્મિક શકિતને પ્રાપ્ત કરાવવાની ક્ષમતા ધરાવનાર લોચ છે જેમાં દાઢી, મૂંછ તથા માથાના વાળોનું લુંચન થાય છે. સંસાર ભરમાં આશ્ચર્ય પમાડે તેવી શકિતઓને ધરાવનાર માણસોને જોયા છે પરન્તુ તે શકિતઓ કરતાં પણ

ચઢિયાતી શકિત કેશોના લોચની છે, કારણ કે - લોચ થયા પછી આત્માની વૈરાગ્યશકિત વધે છે. ફળસ્વરૂપે ક્રોધનું મારણ, માયાનું ત્યાજન, માનનું નિરાસન અને લોભરાક્ષસનું હનન સુલભ બને છે. પરન્તુ કેવળજ્ઞાનસુધી પહોંચવા માટેની આત્મિક તૈયારી અધુરી હોય અથવા પ્રમાદવશ પૂર્ણ કરવામાં ઉદાસીનતા આવી હોય,અથવા રાગવર્ધકતા અને દ્રવ્યમહત્વાકાંક્ષાને તોફાને ચઢાવી મારે તેવા પ્રકારની પ્રારંભમાં નિર્દોષ દેખાતીપ્રવૃત્તિ આગળ જતાં દુષિત બને છે ત્યારે સમ્યક્જ્ઞાનની પકડ પણ ઢીલી પડતી જાય છે. ઘોડાગાડી ના ચાલક ના હાથ માંથી લગામ પડી જાય અથવા નિદ્રાવશ ઢીલી પડે છે ત્યારે ઘોડાને તોફાને ચઢતાં વાર કેટલી? આ પ્રમાણે, યથાખ્યાત સંયમ નો નકશો જ્યારે આત્મામાં હોતો નથી, અથવા લોકૈષણા, ભોગૈષણા (રસગારવ, ઋદ્ધિગારવ અને સાતાગારવ)ની માયા પ્રપંચમાં તે નકશો આત્માના પ્રદેશોમાંથી ખસી જાય છે. ત્યારે અનાદિકાળની ઈન્દ્રિયોની ગુલામી ના ફળસ્વરૂપે કષાયોરૂપી ચારે ઘોડાઓ પોતાના મૂળસ્વભાવમાં આવ્યા વિના રહેતા નથી.

ભગવાન મહાવીર સ્વામીના છદ્મસ્થિક કાળની અપેક્ષાએ, લાખો, કરોડો અને અબજો વર્ષો પહેલાની આ વાત છે. ઉત્કૃષ્ટતમ વૈરાગ્યથી નિર્ગ્રન્થ અવસ્થાને પ્રાપ્ત કરવામાટે દીક્ષિત થયેલા આ મુનિરાજ સમ્યગ્દર્શન પૂર્વક પોતાની તપશ્ચર્યા, ક્રિયા અને આરાધનામાં પૂર્ણ મસ્ત હતાં. તેમના માટે સૌ કોઈને માન હતું.. પરન્તુ પોતે માનને યોગ્ય છે કે નહી? તેનો નિર્ણય માનકે માનપત્ર દેવાવાળાને કરવાનો નથી પણ માન મેળવવા વાળાને કરવાનો છે. કેમકે - વ્યકિતના ભાવ પરિણામોને જાણવાની ક્ષમતાં જ્ઞાની પુરુષોને હોય છે. છદ્મસ્થાને નહી.

સમયગ્દર્શનમાં ભલે ક્ષાયિક ભાવ પરિણમી જાય તો પણ ક્ષાયિક સમ્યગ્જ્ઞાન અને ચારિત્રની પ્રાપ્તિ બેઉ દૂર છે. કેમકે - સમ્યગ્જ્ઞાનની ચરમસીમા તેરમેં ગુણસ્થાનકે થાય છે. તે પહેલા, તે સાધક છદ્મસ્થ એટલે આવરણીય કર્મોની સત્તામાં સકંજામાં, પડેલો હોય છે. જેમકે - મતિજ્ઞાનના કારણે સાધુને ખ્યાલ આવે છે કે, સાધુવેષ સ્વીકાર્યા પછી ક્રોધ કરવો ન જોઈએ, પરન્તુ આ જ્ઞાન ક્ષાયોપશમિક હોવાથી તરતજ મતિજ્ઞાનાવરણીયકર્મનો ઉદય આવતા જ આત્માની મૂળશકિત પર પડદો આવવાથી. ક્રોધને કંટ્રોલમાં કરવાની બુદ્ધિ અને શકિત પણ તે સાધકની મરી પરવારે છે. માટે સત્તામાં પડેલો ક્રોધ નિમિત્ત મળતાજ ભડકી જાય છે. ત્યારે તેમના શબ્દો કંઈક આવા હોય છે.

(૧) હું કંઇ ઓછા બાપનો બેટો નથી કે તારું સહન કરી લઉ?

(૨) ક્રોધનો જવાબ ક્રોધથી ન દઈએ તો સંસારમાં બાયલાની માફક જીવવાનો અર્થ શો?

(૩) સર્પ પણ ફણા ન ચઢાવે તો તેને મારી નાખનારા ઘણા છે. તેમ મારે પણ થોડો ફૂફાડો તો રાખવો જોઈએ.

(૪) અને ઘણા ખરા સંસારના કાર્યો ક્રોધથી જ સમેટાય છે.

ઈત્યાદિ ભાષા જ કહી આપે છે કે તેવા સાધકોને ભાવસાધુતા પ્રાપ્ત કરવામાં હજીવાર છે. ઘણી વાર છે.

પ્રસ્તુત કથાના મુનિ પણ તપસ્વી, ત્યાગી અને સારામાં સારા ક્રિયાકાંડી હોવા છતાં બાહયનિમિત્તો મળતાજ વારે તહેવારે ક્રોધાન્ધ થઈ જતાં હતાં. સાધકના કર્મો ભારી હોય હજી ભવાન્તર કરવાના હોય તો મોક્ષરૂપી મહેલ તેમને માટે દૂરનો દૂરજ રહે છે. ક્ષાયોપશમિક જ્ઞાન અને ચારિત્ર બાહય દૃષ્ટિએ ગમે તેટલા સારા હોય તો પણ ઈષ્ટ સિદ્ધિને માટે તો ક્ષાયિક જ્ઞાન અને ચારિત્ર જ કામે આવે છે. જેની પ્રાપ્તિ બારમે, તેરમે ગુણસ્થાનકે હોય છે. એટલા કે ચોથા ગુણસ્થાનકથી આગળ વધવાને માટે હજી. ૮- ૮ પગથિયા પસાર કરવાના હોય છે. જે અનન્તાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન ક્રોધ, માન, માયા અને લોભના સમૂળ નાશને આભારી છે.

એક દિવસે પોતાના શિષ્ય સાથે ગોચરી જતાં પગનીચે દેડકીચગદાઈ ગઈ, જે માનસિક જીવનમાં રહેલા ક્રોધનું ફળ છે. કેમકે - કલુષિત થયેલું માનસિક જીવન ક્યારેય, શરીર, ઈન્દ્રિયો, મન અને આત્માને પણ અપ્રમાદી બનાવી શકે તેમ નથી. તથા અપ્રમાદી અવસ્થાને આંશિકરૂપે પણ પ્રાપ્ત કરેલા સાધકને સાતમું ગુણસ્થાનક પ્રાપ્ત થવાની શકયતા છે. સાયંકાલના પ્રતિક્રમણ માં અતિચારની આઠ ગાથાઓના કાયોત્સર્ગ સમયે શિષ્યે ગુરુજીને મરી ગયેલી દેડકીની યાદ દેવડાવી. પરન્તુ, પ્રાયશ્ચિત કરવાના બદલે ગુરૂજીને ક્રોધ આવ્યો અને ડંડાસનથી શિષ્યને મારવાનો વિચાર ઉદ્‌ભવતા જ ઊભા થયા. જુવાન શિષ્ય ભાગી ગયો અને ક્રોધાન્ધ ગુરૂજીનું મસ્તિષ્ક થાંભલા સાથે ભટકાઈ ગયું અને દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી ક્રોધમાં આગળ આગળ વધતાં, ગુરૂજી નો દેહોત્સર્ગ થયો. ત્રીજા અવતારે કુલપતિ રૂપે અવતર્યા, પૂર્વભવથી આરાધિત અને વર્ધિત ક્રોધનો ત્યાગ મુશ્કેલ બન્યો, બગીચામાંથી ફળાદિને તોડવા ગામના છોકરાઓ આવે અને કુલપતિ તેઓને ભગાડી મારે છે. પરન્તુ એકદા

કુહાડો ઉંચો કરી મારવાના ઈરાદે દોડયા છોકરોઓ કાંટાની વાડને કૂદી ગાંમ તરફ ચાલ્યા ગયાં. પરન્તુ અતિશય ક્રોધના કારણે આગળ આવતા કુવાનો ખ્યાલ ન રહેતા. સીધે સીધા કુવામાં પડી ગયા અને વધી ગયેલા ક્રોધના કારણે મરી ચંડકૌશિક નામે નાગરાજના અવતારને પામ્યા છે. ક્રોધમાં ધમધમતો માનવ બીજા અવતારે પણ ક્રોધના પરમાણુઓ સાથે લઈ જન્મતો હોય છે. જેના કારણે નાગરાજનું શરીર આંખ અને લોહીનું બુંદ બુંદ ક્રોધના આવેગમાં ધમધમી રહયું હતું, તેની આંખોમાં કાતીલ વિષ હતું. જેનાથી તેની દષ્ટિ જેના પર પડે તેમને મૃત્યુના દ્વાર જોવાના રહે છે. ક્રોધને માટે જૈનાગમ પણ કહે છે, ક્રોધના આવેગમાં દૂધ પીધું હોય અને તે સમયે જ તેનું વમન થાય તો દૂધ કંઈક નીલા રંગનું હશે.. વિષનો રંગ પણ નીલો હોય છે. ઘણા માણસો ની આંખો માં ઝેર હોવા થી તેમની સામે ખાવા પીવા બેસીએ તો પણ ખાધેલું અને પીધેલું વમનમાં નીકલી જશે. આવા માનવો પણ દષ્ટિ વિષ કહેવાય છે. કદાચ આ કારણે જ કરાતાં ભોજન પાણી એકાન્તમાં કરાય છે.

જે જંગલમાં નાગરાજ ચંડકૌશિક જન્મ્યો હતો, તે ભયંકરતમ જંગલ હતું. નાગરાજના કારણે જ ઉજડ બની ગયું હતું. ચકલા ચકલી પણ તેમાં ન જઈ શકે. તો પછી માનવોની વાત જ કયાં કરવાની? દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવની અપેક્ષાથી વૃદ્ધિગત થયેલી ક્રોધની ચરમસીમાના કારણે હજારો, લાખો પ્રાણિઓનો ઘાતક બનેલો હોવા છતાં પણ તેના જીવનના એકખુણામાં પૂર્વભવની સંયમ તથા તપની આરાધના પણ પરિપકવ થવાની તૈયારીમાં હતી. કેવળ શુભ, શુભતર અને શુભતમ નિમિત્તોની પ્રાપ્તિની આવશ્યકતા હતી. જેમને પોતાની આરાધનામાં શુક્લતમ લેશ્યાની આરાધના કરી હશે. તેવા જીવોજ નરકમાં જતાં જીવોને ઉદ્ધરી શકે છે. છદ્મસ્થ અવસ્થામાં એક ગામ થી બીજા ગામ વિહાર કરતાં, દયાના મહાસાગર ભગવાન મહાવીરસ્વામી તે જંગલમાં થી પસાર થઈ રહયાં હતાં.યદ્યપિ ઘણા ભાવુકો પ્રભુને આ માર્ગે નહી જવા માટે વિનવી રહયાં હતાં. તેમને આટલી ખબર ન હતી કે સંસારમાં નિકૃષ્ટતમ પાપના માલિકો પણ હોય છે અને ઉત્કૃષ્ટતમ પુણ્યના માલિકો પણ વિદ્યમાન હોય છે. દ્વન્દોથી પરિપૂર્ણ સંસારની આજ વિચિત્રતા છે કે પુણ્ય અને પાપ તત્વો તથા તેના માલિકો પોતપોતાના કર્મોના વશ બનીને પોતાની ચેષ્ટાઓ કરતાં હોય છે. નિર્માની, નિર્મોહી અને જ્ઞાતનાં જીવોને પાપના ખાડા માંથી બહાર લાવવાની ભાવદયાથી પરિપૂર્ણ પરમાત્મા મહાવીરસ્વામી તે નાગરાજની ગુફા પાસેજ કાર્યોત્સર્ગ મુદ્રામાં સ્થિર થઈ ગયા. તે સમયે જંગલમાં ચરવા ગયેલો સર્પ આવ્યો... ક્રોધમાં ધમધમતા સર્પે ભગવાન પર વિષદષ્ટિનો ઉપયોગ કર્યો, પરન્તુ

તેની અસર ભગવાન પર ન થઇ ત્યારે પોતાનું છેલ્લું શસ્ત્ર ઉપયોગમાં લાવેછે. અર્થાત્ ક્રોધની ચરમસીમામાં પ્રવેશેલા નાગરાજે ભગવાનના અંગુઠા પર સમ્પૂર્ણ શકિત થી ડંક દીધો. નિકૃષ્ટતમ ક્રોધના મહાસાગરસમા જીવોનું છેલ્લું શસ્ત્ર પણ જ્યારે નિષ્ફળ જાય છે, ત્યારે સર્વથા હતપ્રભ થઇ જાય છે. કેમકે - સામે દેખાતા શત્રુને મારવા માટે હવે તેમની પાસે એકેય શસ્ત્ર શેષ નથી. ચક્રવર્તીનું છેલ્લું શસ્ત્ર ચક્ર છે, જે સર્વથા અમોઘ છે. પરન્તુ તેની ગતિ પણ જ્યારે અમુક વ્યકિત માટે કામે નથી આવતી ત્યારે ધુઆં પુઆં થતાં તેમની વિચાર શકિત બદલાઇ જાય છે. તેવા સમયે સદ્બુદ્ધિના વારસદારોને બુદ્ધિ અને વિવેકની પ્રાપ્તિ સુલભ બને છે. નાગરાજને પણ વિવેકની પ્રાપ્તિ થતાં જાતિસ્મરણ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ત્યારે પ્રભુની આંખોની સામે પોતાની આંખો મેળવીને કંઇક વિચાર કરતા હોય છે. કિંકર્તવ્યમૂઢ બનેલા નાગરાજને પરમાત્માએ કહયું કે - નાગરાજ! હવે વિચારી લેવાનો સમય તમારા હાથમાં છે. કારણ કે, આ ચાલુભવના તમે નાગરાજ છો ત્યારે આનાથી પૂર્વભવમાં, મુનિવેષમાં મહાન તપસ્વી, સંયમી, ક્રિયાકાંડી અને ધ્યાની હોવા છતાં તમે વિચારી પણ ન શકયા કે - સંયમને તથા ક્રોધ ને બારમો ચન્દ્રમા છે. વિધિવિધાનો, તપશ્ચર્યાઓ જે કરાય છે તે કષાયોના શમન માટે જ કરાયછે. અહિંસક બનવાની સાધના કરાવનાર, પ્રતિક્રમણ, પ્રતિલેખના કરવા છતાં, - ક્રોધ કરવા મારા આત્માને સંયમને અને તપસ્વી જીવનને પણ હાનિકારક છે. આટલું પણ તમે સમજી શકયા નથી કે કષાયોના ઉપશમન, વિષયવાસનાના મારણ અને ઐન્દ્રીય ભોગોના દમન આ સંયમી જીવનનું ફળ છે. અને તમે ક્રોધના આવેગમાં તણાતા જ ગયા. પરિણામે તમારા આત્માને હાનિ થઇ છે. હવે સમ્યગ્બોધ, દર્શન અને ચારિત્રની ભૂમિકાને પ્રાપ્ત કરો. ચંડકૌશિક સમજ્યો; સમજેલીવાત સાવ સચી છે. માટે જીવન માં ઉતારવી આજ સમ્યગ્જ્ઞાનનું ફળ છે. આવો નિર્ણય થતાં જ સૌને ભય ઉત્પન્ન કરાવનારી પોતાની ફણાને બીલમાં સ્થિર કરીને નકકી કર્યું કે ગયાભવોના પ્રાયશ્ચિતરૂપે અને ભવાન્તરમાં ફરીથી મારે કષાયોના માર્ગે જવું ન પડે આવા હેતુ થી ફણાને બહાર કાઢીશ નહી. ચાહે ગમે તેટલી કીડીઓ મારા શરીર પર આવે ચોંટે અને ચટકા ભરે તો પણ હું ધ્યાનસ્થ રહીશ. આનું નામ છે દેશ વિરતિ ચારિત્ર જેમાં નવા પાપોના દ્વાર બંધ થાય છે અને, પરિષહોને સહન કરતાં જુના પાપોના ક્ષય થાય છે.

ભગવંતે કહયું કે આ કારણેજ ક્રોધ મહાપાપ છે.

**ક્રોધપાપ સમાપ્ત**

## ૭ માન પાપ

૧૮ પાપસ્થાનકોમાં માન નામનું પાપ સાતમું છે. માન, અભિમાન, મદ, ઘમંડ, ગર્વ, અહંકાર, દર્પ આદિ શબ્દો માનના પર્યાયવાચી છે. આત્મા યદિ આધ્યાત્મિક બને, પુરુષાર્થી બને અને સર્વ શ્રેષ્ઠ માનવાવતારમાં સુખ-શાન્તિ અને સમાધિ પ્રાપ્ત કરવાની ભાવના રાખે તો ક્રોધ કષાય ને સ્વાધીન કરવા માટે સમર્થ બની શકે છે. તો પણ માન કષાયને વશ કરવો સરળ નથી. આને અજગરની ઉપમા સિદ્ધાન્ત માન્ય છે. અજગર, એ અજગર જ હોય છે. તેને આઠ ફણા છે. જે એક એકથી ભયંકરતમ છે. ભાંગ કે શરાબનો નશો ચઢયાં પછી માનવને પોતાની જાતનો, ખાનદાનીનો, તેમ પોતે કંઇ ડયુટી પર છે તેનો ખ્યાલ પણ રહેતો નથી. માટે જ્યાં સુધી નશો રહે છે ત્યાં સુધી બેફામ વર્તે છે, બકવાદ કરે છે, ગાળો ભાંડે છે, ગાંડાની જેમ હસે છે, રોવે છે અને ઘણી વાર મારામારી પણ કરવા લાગી જાય છે. લુંટાઇ ગયા પછી કે પોલીસના બે ચાર ડંડા ખાધા પછી નશો જ્યારે ઉતરી જાય છે ત્યારે તેના ડાચાપણ બેસી ગયા હોય છે. છતાં બીજીવાર ફરીથી નશો કરવા તૈયાર થાય છે. નશેબાજ માણસોનો આ ક્રમ આમરણાંત પ્રાયઃ કરી અનપવર્તનીય હોય છે. તેવી રીતે માન-અભિમાન કષાયના માલિકને પણ જ્યારે અભિમાનનો નશો ચઢે છે, ત્યારે પોતાની જાતને ખાનદાનને લોભને રૂપને, જ્ઞાનવિજ્ઞાનને , શારીરિક બળને, તપશ્ચર્યા અને ઐશ્વર્યને લઇ સંસારની રંગ ભૂમિ પર બેફામ કૂદકા મારતાં, મૂંછ પર વટ દેતો, સૌને પોતાનાથી કમીન (નીચો) માનતો, સામે આવે તેનો તિરસ્કાર કરતો. જીવન ધનને બરબાદ કરી હજારો લાખો માનવોના - સંતોના, સજ્જનોના, સતીસ્ત્રીઓના, અને દીન-દુઃખી અનાથોના શાપ મસ્તક પર લઇને જીવન પૂર્ણ કરે છે, મતલબ કે અભિમાની માણસોને કોઇનો પણ આશીર્વાદ મળવો, મેળવવો અતિદુષ્કર છે. આવાઓને ક્યારેય વિચાર કરવા જેટલો સમય પણ મળતો નથી, અથવા સદ્‌ગુરુઓ પાસે બેસીને સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત કરવા માટેની ક્ષમતા પણ તેમની પાસે હોતી નથી. માટે તેઓ નિર્ણય કરી શકતા નથી કે આ માનવનો અવતાર મને મલ્યો શી રીતે? ધન-દૌલત, શરીરની રૂપ સમ્પત્તિનો માલિક હું કઇ રીતે બન્યો? ઇજ્જત આબરું અને પાંચ આદમી ઓની વચ્ચે બેસવાં જેટલું પુણ્ય મારી પાસે કંઇ રીતે આવ્યું? ઇત્યાદિ વિચારોના અભાવમાં કેવળ સંસારના સગાઓની માયાને જ પોતાની સમજી જીન્દગીનો ઘણો મોટો ભાગ નિરર્થક બનાવે છે. અને જીવનરત્ન કોડીના મૂલ્યમાં સમાપ્ત કરે છે.

અન્ધ માણસ જેમ કંઇ પણ જોઇ શકતો નથી, તેમ અભિમાની માનવ પોતાના સિવાય બીજા કોઇને જોઇ લેવા કે સમજી લેવા જેટલી ક્ષમતા પણ ગુમાવી દે છે. તો પછી આત્માને, પરમાત્માને અહિંસાપૂર્ણ જૈન શાસનને શી રીતે ઓળખી શકશે?

અનન્ત સંસારમાં અનન્ત ભવો કર્યા પછી, રાધાવેધની સમાન મેળવેલા માનવાવતાર માં સર્વથા અદ્વિતીય ભૌતિક પદાર્થો મને શી રીતે મલ્યા? મળવાનું કારણ શું? આવા પ્રકારનું જ્ઞાન ન હોવાના કારણે સંસારની મોજમજામાં જ આયુષ્યને પૂર્ણ કરી પાછો અનન્ત સંસારમાં રખડી પડે છે.

આત્મા અને કર્મો અનાદિકાળના છે. માટે માનવને જે કંઇ તૃણથી લઇ રાજા મહારાજા સુધીના પદાર્થો મળે છે. તેમાં પોતાની આવડત, બુદ્ધિ, પુરુષાર્થ, સાહસ આદિ કામે નથી આવતા. કેમકે, આ પદાર્થોના માલિકો તો હજારો લાખોની સંખ્યામાં સગી નજરે જોવાઇ રહયાં છે. જેઓ પોતાના બાળ બચ્ચાઓ કે સ્ત્રી પરિવારનું પેટ પણ ભરી શકતા નથી. બઝારમાં થી ઉઠી ગયેલા ઓટલા પણ પાછા મેળવી શકયા નથી. હજાર પ્રયત્ન કર્યા પછી પણ ગયેલી સંપત્તિ, રૂપ, યશ, કળા આદિ પાછા ન મળ્યા તે ન જ મલ્યા. ચન્દ્રશેખર કે વી.પી.સિંહ પાછા પ્રધાનમંત્રી બની શકયા નથી. મોરારજીભાઇ દેસાઇ ગ્રહોની શકિત સારી મળેલી છતા ફરીથી પ્રધાનમંત્રીનું પદ મેળવવા અસમર્થ જ રહયાં છે. ઇન્દિરા ગાંધી, સંજય કે રાજીવ ગાંધી અકાળમૃત્યુએ સમાપ્ત થયા. ભેગાં કરેલા ધન માંથી એક પૈસો પણ સાથે લઇ ગયા નથી. રક્ષા માટે રાખેલી સેવા પણ તેમને બચાવી શકી નથી. ધવલશેઠ, મમ્મણશેઠ મરીને નરકે ગયાં. આજ સુધી પણ કાંઇ ખબર નથી પડી કે - તેમના સુવર્ણના બે બળદોનું શું થયું? પ્રચંડ શકિત સમ્પન્ન રાવણ દુર્યોધન, કંસ, કર્ણ અને રાવણની સગી ભગિની શૂર્પણખા કયાં ગયા? કેવળ અપયશ સિવાય તેમની પાસે શું રહયું? ઇત્યાદિ કારણેજ-

યૌવન, પાણીના પરપોટા જેવું,
માનવાવતાર વિજળીના ચમકારા જેવો,
સંસારની માયા કાળી નાગણ જેવી,
શ્રીમંતાઇ અને સત્તા કાચની બંગડી જેવી,
યશ અને આબરૂ પીપળના પાન જેવી,

ચંચલ છે, ક્યારે આવશે અને ક્યારે જશે તેની ખબર કોઇને પડવાની નથી. ગત ભવોના ઉપાર્જિત પુણ્ય અને પાપકર્મો આ ભવમાં પણ સાથે જ આવે છે, પુણ્યકર્મો જ્યારે ઉદયમાં વર્ત્તતા હોય છે ત્યારે બધુયે બરાબર હોય છે. અને પાપોના ઉદય સમયે ગ્રેજ્યુયેટ થયેલા છોકરાઓને બુટ પાલીસ કરવાની ફરજ પડે છે અને છોકરીઓને કૉલગર્લના પાપી ધંધા કરી બેહાલ બની જીવન પૂર્ણ કરે છે. સ્થાનથી ભ્રષ્ટ થયેલા દાંત, કેશ અને નખની જેમ સારામાં સારા ડોકટરો, જજો, વકીલો, મેયરો અને કેન્દ્ર કે પ્રાન્તના મંત્રીઓની હકાલ પડી થવાથી ઘર બેસીને બગાસા ખાતા થઇ ગયા છે. આ પ્રમાણે કરેલા કર્મોને ભોગવતા જીવોથી પરિપૂર્ણ સંસાર સૌ કોઇને પ્રત્યક્ષ છે.

અનાદિકાળથી આત્મા મોહ મિથ્યાત્વના કારણે સુકાઇ ગયેલા ચામડા જેવો કઠણ બનેલો છે, તેમાં મૂળ કારણ માન કષાય છે. કેમકે - ગર્વિષ્ઠ માણસ, વડિલો પૂજ્યો, ગુરુઓ, અને માતા પિતાઓનો પણ ભકત બની શકતો નથી. તો પછી તેમની સારામાંસારી શિક્ષાઓને શા માટે સાંભળશે? અને ન સાંભળનારા તેવા આત્માઓને નરમ કરવા માટે એક પણ માર્ગ નથી. ફળસ્વરૂપે દુનિયા ભરના બધાય માનવો કરતાં આ ઘમંડીરામો ખાવામાં, પીવામાં, ચાલવામાં, બોલવામાં અને ગમે તેવાઓની સાથે તડ અને ફડ કરવામાં સર્વથા અલગ પડી જાય છે. નશીલી વસ્તુઓનો ઇસ્તેમાલ કરનારના હાથ, પગ, આંખમાં જેમ જેમ નશાની ગરમી વધે છે, તેવી રીતે પૂર્વભવના કૃત આચરીત, વર્ધિત અને નિકાચિત બંધને બાંધેલા ચારિત્ર મોહનીય કર્મના કારણે, જાતિ, લાભ, કુલ, ઐશ્વર્ય, બળ, રૂપ, તપ અને શ્રુતનો મદ (ગર્વ) જેમ જેમ વધતો જાય છે, તેમ તેમ માન રૂપી કષાય પોતાના મૂળરૂપ માં આવી ને જાતકને સર્વથા ઉંધે માર્ગે ચડાવી, બેહાલ, બેધ્યાન, બેકરાર, બેઇમાન અને બેદરકાર બનાવી દે છે. તેવા સમયે તે ભાઇને આટલું પણ ખ્યાલમાં નથી રહેતું કે કોઇક ભવની આટલી બધી પુણ્ય સામગ્રી મેળવીને આવ્યો છું તો તે પુણ્યને એક ઝાટકે સમામ કરાવનાર મદસ્થાનોને જીવનમાં લાવવા ન જોઇએ. કેમકે-

(૧) સંસાર પરિભ્રમણમાં અનન્તીવાર અનાર્ય, અસભ્ય આદિ જાતિયોમાં ભટકી લીધા પછી મારા સત્કર્મોના ઉદયે આ ભવે ઉંચી જાત મેળવવાને માટે ભાગ્યશાળી બન્યો છું.

(૨)તેવી રીતે, અનેક ભવોમાં હલકા, ગંદા અને ક્રૂર હિંસક કર્મોને કરનારા કુળો માં જન્મ લઈને બેહાલ અવસ્થાને ભોગવ્યા પછી ઉંચગોત્ર કર્મને લઈ આ ભવમાં ઉંચુ કુળ મેળવ્યું છે.

(૩) અજબ ગજબના દાન પુણ્ય કર્યા પછી લાભાન્તરાય કર્મનો ક્ષયોપશમ થયે. વર્તમાન ભવમાં વિવિધ પ્રકારના લાભોની પ્રાપ્તિ થાય છે.

(૪) સાતાવેદનીય કર્મના કારણે ઐશ્વર્ય એટલે મન ગમતા, ધન, ધાન્ય, સુન્દર વસ્ત્રો અને પરિવારની પ્રાપ્તિ, જેના ભાગ્યમાં પુણ્યકર્મોની બેંક મજબુત નથી તેમને થતી નથી.

(૫) અનેક જીવોને અભયદાન, અન્નદાન, વસ્ત્રદાન અને ઔષધદાન આપ્યાના કારણે આ ભવે શરીરાદિમાં સુન્દરતાની પ્રાપ્તિ થાય છે.

(૬) બુદ્ધિ બળને મેળવવામાં કેટલાય ભવોની કરેલી તપશ્ચર્યા કારણ બને છે.

(૭) જીવનમાં, ઉત્સાહ, સાહસ (વીર્ય) પરાક્રમ અને ઉત્થાન આદિમાં વીર્યાન્તરાય કર્મનો ક્ષયોપશમ જ કામે આવે છે.

(૮) ગુરુઓના ચરણોમાં રહી સંયમ તથા તપોધર્મની સેવનાના કારણે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થયા પછી જ્ઞાન, વિજ્ઞાનની પ્રાપ્તિ સુલભ બનવા પામે છે.

ઉપર પ્રમાણેની બધી વસ્તુઓ જ્યારે ઓછા વત્તા અંશે મને પ્રાપ્ત થઈ ગઈ છે તો પછી મારે જાતિમદ, કુલમદ, લાભમદ, ઐશ્વર્યમદ, બળમદ, રૂપમદ, તપોમદ અને શ્રુતમદના પાપમાર્ગે પગમૂકીને આગામી ભવોને શા માટે બગાડવા? આમ વિચારીને કોઈ પણ જાતના અભિમાનને ત્યાગવા માટે જ પ્રયત્નશીલ રહેશે.

મદ એટલે શું?

મદ, ઘમંડ, અભિમાન, અહંકાર આદિના કારણે "माद्यते इति मदः" અનન્તશકિતના માલિક આત્માને પ્રમાદમાં, ઘેનમાં રાખીને પોતાના સ્વરુપને પણ ઓળખવા ન દે, તે મદ કહેવાય છે. ભાંગ, ગાંજો, શરાબ તથા અફીણ આદિના નશા કેવળ શરીરને તથા પૈસા ટકાની માયાને જ નુકશાન કરે છે અને છેવટે ૨-૪ કલાકે પણ ઉતરી જાય છે, જ્યારે અભિમાન, ઘમંડ, મદ તથા અહંકારના નશા અપવાદ સિવાય છેલ્લા શ્વાસ સુધી પણ ઉતરતા નથી. પરિણામે મનુષ્ય જીવનમાં દેવ, ગુરુ અને ધર્મના સ્વાદુ અને સારા ફળો પણ હાથમાંથી ચાલ્યા જાય છે. સંત

સમાગમના સરસ સ્વાદુ ફળો તેમજ સ્વાધ્યાયના મીઠાં મધુરા ફળો પણ તેમના ભાગ્યમાં રહેવા પામતા નથી. કેવળ, જાણી બુઝીને પોતાના અહં ને પોષવામાં અને વધારવામાં, અમૂલ્યતમ માનવજીવન, સંયમી જીવન, આધ્યાત્મિક જીવને, જેને મેળવવા માટે ઘણો જ પુરુષાર્થ કર્યો હતો. તે સમાપ્ત થાય છે. ફળ સ્વરૂપે જે પદ્ધતિએ કર્મો કર્યા હોય છે, તેવાંજ ફળો, જેમકે, નીચજાતિ, હલકી ખાનદાની, દાંત અને અનાજનું વેર, ભણતરનો ભોપો, કોલસાને પણ શરમાવે તેવું શરીરનું રૂપ, ત્રણ સાંધે ત્યાં તેર તૂટે, મન-વચન અને કાયાના મડદાલ, ખાઉધરા, ઉંઘણશી અને બધે સ્થળે તિરસ્કાર પામે તેવી પરિસ્થિતિ પ્રાપ્ત થતાં આખું જીવન આર્ત્તધ્યાનમાં પૂર્ણ કરે છે.

માન પણ કષાય છે, જેની શકિત ક્રોધ કરતાં પણ વધારે છે, ઘણી વધારે છે સ્વાધ્યાય અને મનન શકિત વિનાનો સાધક કેવળ ક્રોધને જ કષાય માને છે પણ માન- અભિમાન કષાય ક્રોધ થી પણ ભયંકર છે નાશક છે તેની સમજાણ હજી આત્માને પ્રાપ્ત થઇ નથી. અનન્તાનુબંધી રસ મિશ્રિત અહંકારીઓને ઘમંડી રામોને તમે સડક પર ચાલતા જોશો તો ખબર પડશે કે, તેમની ચાલમાં શરાબનો નશો નથી પણ અહંકારનો નશો છે. તેમની પાસે બેસો ત્યારે આ ભાઇસાબ ! પોતાની આપ બડાઇ માં થી જ ઉંચા આવે નહી અને તમને બોલવા પણ દે નહી. તો પછી તમને સાંભળવાની વાત જ કયાં રહી? માટે જીવનમાં ઉપાર્જેલા, પોષેલા, વધારેલા સદ્‌ગુણોનો નાશ કરાવી દુર્ગુણોને આમંત્રણ અપાવનાર માન કષાય છે. હવે આપણે જૈનાગમો માંથી શાસ્ત્રીય ભાષામાં માનને સમજવાનાં પ્રયત્ન કરીએ.

(૧) **मानोवन्दनाऽभ्युत्थानाऽलाभ निमित्तः** (दसवैकालिक १८७)

શાલીભદ્ર, વસ્તુપાલ, તેજપાલ, અનુપમાદેવી, જગડુશાહ, પેથડકુમાર, વિજયશેઠ-શેઠાણી, આદિ મહામાનવોને જે કંઇ ભૌતિક પદાર્થો મળ્યા હતાં તેની આગળ આપણી પાસે કંઇ નથી છતાં પણ જેમ જેમ શ્રીમંતાઇ સત્તા, જ્ઞાન, યશ અને ભિન્ન ભિન્ન જાતના લાભ વધતા જાય છે. તેમ તેમ તે સાધક સૌથી પહેલા દેવ, ગુરુને વન્દન અને નમન કરવાના મળેલા અવસરને ખોઇ નાંખે છે. એટલે કે - વ્યવહારના બધાય કાર્યો કરવા માટે તેમની પાસે સમય હોય છે, પણ અરિહંત દેવોની પૂજા, આરતિ, જાપ તથા પંચ મહાવ્રતધારી ગુરુદેવોના ચરણોમાં બેસવા જેટલો સમય તેમની પાસે હોતો નથી. માટેજ પોતાના શ્રી મુખે કહેતો રહે છે કે, ગુરુદેવ ! આ સંસારની માયામાં પૂરે પૂરો ફસાયેલો હોવાથી પૂજા-પાઠ અને

ધમ-ધ્યાનાદિ શી રીતે કરું? ક્યારે કરું? મતલબ કે, પોતાના હૈયામાં છુપાયેલા આન્તરિક નકશા પ્રમાણે જે મેળવવા માંગતો હતો, તે ન મલ્યા ત્યાં સુધી, પૂજા-પાઠ, નવસ્મરણ, ગુરુવન્દન આદિ કાર્યો કરતો હતો, હવે ફળસિદ્ધિ થયા પછી સંસારના સર્વે-કાર્યો માંથી દાન, દયા, ગુરુવન્દન, પૂજા-પાઠ, સામાયિક આદિ સત્કાર્યો ઉપર ચોકડી લગાવી દેવામાં આવી છે. મતલબ કે - ઈચ્છિત ભૌતિકવાદની પ્રાપ્તિ પછી, માયાનો નશો જેમ જેમ ચઢતો ગયો, તેમ તેમ અહંકારની માયાનો નશો પણ વધતો ગયો, અને દેવ-ગુરુના પ્રભાવ થી જે મળ્યું હતું તેમને જ ભૂલી જવાય છે.

(૨) **मानं गर्व परिणामः** (जीवाभिगम सूत्र १५)

પૂર્વભવના ઉપાર્જેલા માન કષાયના ઉદયથી, અથવા પ્રાપ્ત થયેલા ભૌતિક પદાર્થો થી ઉદીરિત કરાયેલા માન કષાયને લઈ માનવના જીવનમાં ગર્વિષ્ઠતાના પરિણામ થાય તેને માન કહેવાય છે **"गर्वणं गर्व वा गिरतीव परमिति गर्वः"** ગર્વ શબ્દની આ વ્યુત્પત્તિમાં 'ગૃધાતુ તુદાદિ ગણનો લેવો જેનો અર્થ થાય છે, 'બીજાના સત્યકાર્યોને બીજાની મોટાઈને વિદ્વતાને પુણ્યકર્મિતાને ગળી જવા, આવા ગર્વના પરિણામોના મૂળમાં માન કષાય રહેલો જ છે. આની વ્યાખ્યા કલિકાળ સર્વજ્ઞ હેમચંદાચાર્યે આ પ્રમાણે કરી છે. **"मत्समो को ऽपि नास्तीति मननं मानः"** સારાંશ કે મારા જેવો કે મારા જેવા કાર્યો કરનારો બીજો કોઈ નથી. આવા અહંકારી ભાવો થવામાં પ્રચ્છન્ન રૂપે પણ માન કષાય રહેલો જ છે. આ કારણે જ આવો ગર્વિષ્ઠ માણસ સડક ઉપર થી પસાર થતો હોય ત્યારે છાતીને ફૂલાવતો, ચારે બાજુ નજર ફેંકતો અને મૂછોમાં હસતો હસતો પસાર થાય છે, જાણે કહેતો હોય છે કે, મારા જેવો બીજો કોઇ શ્રીમંત નથી, દાનેશ્વરી નથી, વક્તા નથી, ક્રિયાકાંડી નથી, વિદ્વાન નથી, તપસ્વી નથી અને રૂપાળો પણ નથી તેમ પોલીટીકલ પણ નથી, એટલે જે કંઈ છે તે હું પોતેજ છું...

(૩) **मानः अहमिति प्रयत्न हेतुः** (उत्तराध्ययन सूत्र २६१)

(૪) **मानो जात्यादि गुणवान् अहमेवेति मननं मानः** (ठाणांग - १७३)

(૫) **मानो जाति कुलरूपबलादि समुत्थो गर्वः** (आचारांग - १७०)

સારાંશ કે - જાતિ, કુલ, લાભ, ઐશ્વર્ય, રૂપ, તપ, અને જ્ઞાનાદિમાંથી અહં સંજ્ઞા પ્રાપ્ત થાય છે. જેના કારણે પોતાને મળેલી વિજળીના ચમકારા જેવી નદીના

પ્રવાહ જેવી અને હાથીના કાન જેવી ચંચલ ઋદ્ધિ-સમૃદ્ધિ આદિની પ્રશંસા કરવામાં ઉમ્રનો મોટો ભાગ પૂર્ણ કરે છે.

સદ્‌બુદ્ધિ અને સદ્વિવેકની પ્રાપ્તિ માનવાવતાર માંજ સુલભ હોવાથી, પ્રત્યેક માનવમાં પાછલીરાતે ઠંડાકલેજે પોતાની છાતી પર હાથ મુકી નીચે મુજબ વિચાર કરે કે

"यदिदं दृश्यते सर्वराज्यं देहादिकं तथा
यदिसत्यं भवेत् तत्र आयासः सफलश्चते ॥"

(૧) આંખે દેખાતો સંસાર, શરીર, પુત્રપરિવાર, રાજ્ય સત્તા, શરીરના રૂપ રંગ, મડિલી તથા શણગારેલી ગૃહસ્થાશ્રમની માયા, શું ચિરસ્થાયી છે કે વિજળીની જેમ ક્ષણવિનશ્વરી છે?

(૨) ડૉક્ટરો, હકીમો, વૈદ્યો, મને, મૃત્યુના મુખમાંથી બચાવી શકશે?

(૩) પુત્રાદિ પરિવાર મૃત્યુ પછી શું મારી સાથે આવવાનો છે? અથવા શ્મશાનમાં બાળી નાંખવા માટે આવવાનો છે?

(૪) ભેગી કરેલી માયામાંથી શું એક પૈસો પણ સાથે આવવાનો છે? અથવા પાછળ રહેલા તેને વેશ્યા, શરાબ કે પરસ્ત્રીના પ્યારમાં ખલાસ કરશે?

(૫) હીરા, મોતીના આભૂષણો, રેશમી કે નાયલોનના વસ્ત્રો, અથવા લાખોરૂપીઆની લાગતથી બનાવેલ ફર્નીચરો મારી ઠાઠડી સાથે આવવાના છે?

આ પ્રમાણે વિચાર કરતાં યદિ તેની ભવિતવ્યતાનો પરિપાક થયો હશે તો આંખોમાંથી પાણી ટપક્યા વિના નહી રહે.

સંસારમાં શેર પર સવાશેર જન્મેલો જ હોય છે. તેથી તે મારો નશો ઉતારે તેના કરતાં હુંજ મારા અભિમાનના નશાને સમાપ્ત કરી શેષ રહેલું મારૂં જીવન નિસ્પૃહતામાં, નિર્મમત્વમાં, ઉદાસીનતામાં પૂર્ણ કરીને અરિહંત પરમાત્માના ધર્મને આત્મ સાક્ષાત્કાર કરી જીવન સફળ બનાવવા માટે જ પ્રયત્ન કરૂં.

## અભિમાન પાપના કટુફળો

૧૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણની વર્તમાન અવસર્પિણી કાલના ૮૪ લાખ પૂર્વ ઓછા, ૯ કોડાકોડી સાગરોપમ થયા પછી, નાભિ કુલકરને ત્યાં મરૂદેવીની કુક્ષિથી ઋષભઋષભદેવ પરમાત્માનો જન્મ થયો હતો. જે અનપવર્તનીય અને શુદ્ધતમ, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનના માલિક હતાં. તે સમય યુગલિક માનવોનો હોવાથી હાટ્, હવેલી, ખેતી આદિ કંઇ પણ ન હતાં. પુણ્યશાળી હોવાથી કલ્પવૃક્ષો તેમની ઇચ્છા પ્રમાણે સર્વ પદાર્થો આપી દેતાં હોવાથી પરિગ્રહનો પ્રસંગ કયારે પણ ઉપસ્થિત થતો ન હતો, માટે જ કષાયોનો અભાવ હોવાથી દેવગતિના અધિકારી બનતા હતાં. પરંતુ કાલચક્ર એક સમાન રહેતું નથી. ધીમે ધીમે કલ્પવૃક્ષો રસકસ વિનાના થયા. ત્યારે નાભિકુલકરે વિચાર્યું કે, હવે માનવધર્મની સ્થાપના કરવાનો સમય પાકી ગયો છે. કારણ કે કલ્પવૃક્ષોના અભાવને લઇ ભૂખ્યા યુગલિકોને કષાયો ઉત્પન્ન થતા ગયા, વધતા ગયા. સમયજ્ઞ નાભિકુલકરે ઋષભદેવને રાજ્યાદીના માલિક બનાવ્યા ત્યારપછી રાજા ઋષભદેવે યૌગલિક ધર્મનું પરિવર્તન કરી માનવધર્મની સ્થાપના કરી જેથી મનુ કહેવાયા તથા **"मनोरपत्यं मानवः"** આ રીતે બધા માનવ તરીકે પ્રસિદ્ધ થયાં તથા માનવોના હિત માટે સર્વ પ્રકારની કલાઓ શીખવી માટે ઋષભદેવ પ્રજાપતિ પણ કહેવાયા ઋષભદેવને ભરત, બાહુબલી આદિ પુત્રો હતાં. તેમાં ચક્રવર્તી પદની પ્રાપ્તિ કરનાર ભરત, જે અયોધ્યા નગરીનો રાજા હતો. તેમનો ન્હાનો ભાઈ બાહુબલી જે તક્ષશિલાની ગાદી પર બિરાજમાન હતો બંને ભાઇઓએ કોઇ એક ભવમાં ગ્લાન મ્લાન, રોગિષ્ટ, અને તપસ્વી મુનિરાજની કરેલી સેવાના ફળ સ્વરૂપે આ બંને ભાઇઓ સર્વથા અદ્વિતીય યોદ્ધા હતાં. બાહુબલી ચક્રવર્તી ન હતા તો પણ અજોડ બાહુબળ હોવાથી અવસર આવયે ચક્રવર્તીને પણ હંફાવી દે તેવાં શૂરવીર હતાં. પુણ્યાતિશાયી ભરત ચક્રવર્તીને હજારો દેવોથી અધિષ્ઠિત ૧૪ રત્નો, ૯ નિધાનો આદિ ઋદ્ધિ-સમૃદ્ધિ પ્રાપ્ત થયેલી હતી. ચક્રવર્તી પદની પ્રાપ્તિના સમયનો પરિપાક થયે ચક્રની ઉત્પત્તિ પણ થઇ, પરંતુ તે હજી, આયુધશાળામાં જવા માટે તૈયાર ન હતું. કારણ પૂછ્યાં જણાયું કે, સમગ્ર રાજા-મહારાજાઓએ ભરતની આજ્ઞા માન્ય કરી પણ બાહુબલી ભરતની આજ્ઞા માનવા તૈયાર ન થયા અને રણમેદાનમાં ફેંસલો કરી લેવો તેવો નિર્ણય કરી સમ્પૂર્ણ સૈન્ય સાથે ભરતરાજા રણભૂમિમાં આવી ગયા આ બાજુ બાહુબલી પણ ચતુરંગિણી સેના સાથે રણભૂમિમાં આવ્યા. બંને ભાઇઓ તીર્થંકર, અર્હન્ત પરમાત્મા શ્રી ઋષભદેવના પુત્રો છે અને તેઓ પણ આ ભવમાં જ કેવળજ્ઞાન મેળવવાની લાયકાત વાળા છે પણ કાળી

નાગણ કરતાં પણ ભૂંડી આ સંસારની માયાનો આ ચમત્કાર છે કે, માનવને સત્તા, વિષયવાસના, યુવાની અને મહાત્વાકાંક્ષાદિનો લોભ રાક્ષસ ગમે ત્યારે પણ સતાવી શકે છે. પરિણામે તેની ખરાબમાં ખરાબ અસર દેશને, સમાજને તથા વ્યકિતને હાનિ કર્યા વિના રહેતી નથી. નેમિનાથ પરમાત્માની ખાનદાનીમાં જન્મેલા પાંડવ-કૌરવોના યુદ્ધે કરોડો માનવોને મૃત્યુના દ્વારે પહોંચાડયા પછી પણ ૧૮ દિવસે પૂર્ણ થાય છે, જ્યારે આ તો ચક્રવર્તી રાજાના યુદ્ધ મેદાન છે. બાહુબલી સાથે રણમેદાન રમતા ચક્રવર્તીના બધા શસ્ત્રો જ્યારે નાકામિયાબ (નિષ્ફળ) થયાં ત્યારે ક્રોધ ના આવેગમાં છેલ્લું ચક્રશસ્ત્ર તૈયાર કર્યું અને અંગુલીના અગ્ર ભાગે નચાવવાનું શરૂ કર્યું. તે સમયે તીર્થંકર પરમાત્માઓની વાણીનું પણ વિસ્મરણ કરી બાહુબલીને યમસદન પહોંચાડવા માટે શસ્ત્રને ફેંકયું પણ...સર્વથા અજેય ચક્ર પણ ગોત્રજ પર સફળ થતું નથી. આ વાત ક્રોધાન્ધ ભરતને ન સમજાઇ. ફેંકાયેલું ચક્ર, બાહુબલીને ત્રણ પ્રદક્ષિણા કરી, પાછું ભરતની અંગુલી પર આવી ગયું. સર્વથા હતપ્રભ થયેલા ચક્રવર્તીનું મુખકમળ કરમાઇ ગયું. હવે બાહુબલીનો વારો આવ્યો ક્રોધમાં ધમધમતા બાહુબલીએ મુઠી ઉપાડી અને ભરતને મારવા માટે હાથ ઊંચો કર્યો, પરંતુ તેવા કપરા સમયમાં પણ બાહુબલીને અન્તરાત્માનો અવાજ સંભળાયો કે - "મોટાભાઇને મારવાની બુધ્ધિ પાપ છે - મહાપાપ છે, મારાથી આવું કરાય જ નહી. મોટાભાઇએ ગમે તેમ કર્યું હોય પણ દુષ્ટબુદ્ધિથી પૂછાયેલા પ્રશ્નનો જવાબ દુષ્ટ બુદ્ધિપૂર્વક આપવામાં આવે તો ધાર્મિકતાની વાત તો દૂર રહી પણ માનવતા પણ રહેવા પામતી નથી. આવી સ્થિતિમાં શણગારેલું સુન્દર શરીર, રાજ્યસત્તા અને અપાર ઋદ્ધિ સમૃદ્ધિની કિંમત કાગળના ફૂલ જેટલી જ રહેવા પામે તેમાં શું આશ્ચર્ય? ભાઇને મારવા માટે ઉપાડેલી આ મુઠ્ઠી (મુષ્ટિ)નો ઉપયોગ મારા અહંને હણવા માટે કરું તો! મારા પિતા ઋષભદેવ અર્હન છે અને હું અહું ની આરાધના કરું તે હરહાલતમાં પણ વ્યાજબી નથી કેમકે - અહં અને અહંને ખારમો નહી, પણ આઠમો ચન્દ્ર છે જે ઘાતક બનવા પામે છે. આમ વિચારીને ઉગામેલી મુઠ્ઠીને પોતાના મસ્તક પર જ મૂકી દીધી નિર્ગ્રન્થ અવસ્થાને પ્રાપ્ત કરવી જ હોય તો, સંસાર, સંસારની માયા, અપ્સરાઓને તિરસ્કૃત કરે તેવી પદ્મિણી સ્ત્રિયો, પુત્ર પરિવાર આદિ પદાર્થોને મનથી પણ છોડી દેવા સર્વથા અનિવાર્ય છે. બાહુબલી મુનિવેષને ધારણ કરે છે, અહી સુધી આપણે બાહયદષ્ટિએ વિચાર્યું, પણ આન્તરદષ્ટિ, દિવ્યદષ્ટિ અને ક્ષાયિક ચારિત્ર તરફ પ્રયાણ કરાવે તેવું જ્ઞાન માનીએ તેટલું સરળ નથી. અનાદિકાલથી ઉપાર્જેલું, વધારેલું પોષેલું, પોષાયેલું મોહનીય કર્મ જ્યારે સમ્યક્ અને સાત્વિક તપશ્ચર્યારૂપી આગમાં સમૂળ

નાશ પામે છે, ત્યાર પછી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થતાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ શકય બને છે, જે તેરમા ગુણસ્થાનકને આભારી છે, પરન્તુ આવી ઉચ્ચસ્તરીય અવસ્થાને પ્રાપ્ત કરવામાં "ઘાનિ ડુંગર આડા અતિ ઘણાં... આ ન્યાયે આત્માની સંપૂર્ણ શકિતઓનો બાધક, અવરોધક મોહકર્મ છે. તેમાં લોભ પ્રકૃતિ અત્યન્ત જોરાવર છે. જેમા પુત્રલોભ, વિષયવાસનાનો લોભ, સત્તાલોભ, મિથ્યા પ્રતિષ્ઠાનો લોભ આદિ ઘણા પ્રકારો છે. જ્યારે આત્મસાધનામાં જાગૃત સાધક દશમે ગુણસ્થાનક આવે છે ત્યાં પણ લોભ નામનો રાક્ષસ મોઢું ખોલીને બેઠો હોય છે. કમનસીબ આત્મા લોભની માયામાં એક સમયને માટે પણ જો સપડાઈ જાય તો, તેને નીચે પટકાઈને ફરીથી એકડો ઘુંટવાનો વારો આવી જાય છે. અને સપડાયા વિનાનો સાધક કેવળજ્ઞાન મેળવવાને માટે હકદાર બને છે. બહિરાત્મા, અન્તરાત્મા અને પરમાત્મા સ્વરૂપે આત્માના ત્રણ પ્રકાર છે.

(૧) સંસારની માયામાં પૂર્ણરૂપે ગળેડૂબ થયેલો આત્મા બહિરાત્મા છે.

(૨) સંસારમાં રહેવા છતાં નિષ્કામ તથા સમ્યક્ત્વ ભાવે રહેનારો સાધક અન્તરાત્મા કહેવાય છે.

(૩) અને કેવળજ્ઞાન થયા પછીતો પરમાત્મા છે. આજ સુધી અગણિત (અનન્ત) જીવો કેવળજ્ઞાન મેળવી મોક્ષના અધિકારી બન્યા છે.

તે બધા પરમાત્મપદને પ્રાપ્ત થયેલા હોવાથી સર્વને માટે પૂજ્ય, ધ્યેય, શ્રદ્ધેય, વન્દનીય, આદરણીય અને હૃદયના મંદિરમાં પ્રતિષ્ઠાપનીય છે. સંસારચક્રમાં આયારામ ગયારામ કરનારા દેવ-દેવેન્દ્ર, માનવ, રાજા-મહારાજા, ચક્રવર્તીઓ વાસુદેવો, બલદેવો પોતપોતાના કૃતકર્મોના કારણે સુખ-દુઃખ, સંયોગ-વિયોગ, રાજી-નારાજી, હાનિ-લાભ આદિ ફળોને ભોગવી રહયા હોય ત્યારે માયાવી સંસારથી મુક્ત થવા માટે પરમાત્માઓનું શરણ સ્વીકારવું અનિવાર્ય છે. માટે જ જીવમાત્રના કલ્યાણેચ્છુક, સર્વજ્ઞ, અરિહંત પરમાત્માએ કહયું કે,' હે ભાગ્યશાળીઓ તમારે જો કર્મોની સત્તામાંથી બહાર નીકળવું હોય અને અનન્ત, અવ્યાબાદ સુખોને મેળવવા હોય તો વીતરાગ દેવની પૂજા કરો, જેથી વીતરાગતાની પ્રાપ્તિ સુલભ રહેશે. અને જેમ જેમ રાગ-દ્વેષ અલ્પ થતાં જશે તેમ તેમ સ્વકીય માલિકીના સુખ-શાંતિ અને સમાધિ મેળવવાને માટે હકદાર બનશો!

ભાર સહન ન થવાના કારણે પોતાના શરીર પરની કંચુકીને ઉતારીને ફેંકી દેનાર સર્પરાજ વિશ્વસનીય એટલા માટે બનતો નથી. કારણકે હજી તેના મુખમાં કાતીલ વિષ રહેલું છે. તેવી રીતે સંસારની સંપૂર્ણ માયાનો ત્યાગ કરી દીક્ષિત થયેલા બાહુબલી મુનિરાજ હજી આન્તરદષ્ટિથી દૂર હતાં, માટે જ સત્તામાં પડેલો માનકષાય ઉદયમાં આવ્યો અને વિચાર્યું કે મારે પહેલા દીક્ષિત થયેલા (પ્રવજિત) લઘુભ્રાતા મુનિઓને વંદન કરવું પડે તે મારા માટે અપમાનજનક છે. તેથી સર્વ પ્રથમ કેવલજ્ઞાનોપાર્જન કરું અને પછી સમવસરણમાં ગમન કરું તો કોઈને પણ વન્દન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થવાનો નથી. આવું વિચારીને કાયોત્સર્ગમાં સ્થિર રહયાં અને શીત-ઉષ્ણાદિ પરિષહો સહન કર્યાં કેવળજ્ઞાન પ્રામ કરવું છે, પણ તત્સંબંધી જાણકારી (સમજાણ) ન હોય તો શું કરવાનું? મહાવીર સ્વામી પ્રત્યે ગૌતમ સ્વામીને અત્યુત્કૃષ્ટ પ્રશસ્તતમ રાગના કારણે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થવામાં વિલંબ થયો. બાહુબલીને અત્યુત્કૃષ્ટ મિથ્યાભિનિવેશના કારણે કેવળજ્ઞાનમાં વિલંબ થયો. ચોરીના માલમુદ્દા સાથે પકડાયેલા ચોરના હાથમાં ચાહે સુવર્ણની કે લોખંડની બેડી હોય તેમાં ચોરને કયો ફાયદો? તેવી રીતે ગૌતમ સ્વામીના હાથમાં પ્રશસ્ત રાગરૂપ સુવર્ણની બેડી હતી જ્યારે બાહુબલી મુનિના હાથમાં અભિનિવેશરૂપ (મિથ્યાભિમાન રૂપ) લોખંડની બેડી કામ કરી રહી હતી માટે જ કેવળજ્ઞાનથી થોડાક સમયને માટે દૂર રહયાં છે.

" બધું તજ્યું પણ ન તજાયું, માન અને અપમાન,
અન્તરમાં અભિમાન ભર્યું ને માંગે કેવળજ્ઞાન"...

અંતે બ્રાહ્મી અને સુન્દરી નામની બે સાધ્વીના મુખેથી સાંભળ્યું કે -

"વીરા મોરા ગજ થકી ઉતરો...ભાઈલા"

કેવળજ્ઞાન મેળવવાને માટે બાહય શત્રુઓ કરતાં આન્તર શત્રુઓનું હનન આવશ્યક છે.

આ શબ્દોનું શ્રવણ કરીને બાહુબલી મુનિએ વિચાર્યું કે, મુનિઓને નમન, વન્દન કરવું એ શ્રેયોમાર્ગ છે. આવા પ્રકારની વિચારધારામાં આરૂઢ થઈને સમવસરણ પ્રતિ (તરફ) પગ ઉપાડતાં જ શાશ્વત કેવલજ્ઞાનરૂપ લક્ષ્મીને વરે છે.

## ૮ માયાપાપ

૧૮, પાપસ્થાનકોમાં, આઠમું પાપ માયા નામે છે. નર (પુરુષશરીરધારી પ્રાણી) કરતાં માદા (સ્ત્રીશરીરધારી પ્રાણી) પ્રત્યક્ષરૂપ જોરાવર જોવાય છે. વકરેલી તોફાને ચડેલી માદા ભલભલા મૂંછાળા માનવોને પણ પાણી પીતા કરી દે છે. આ કારણે જ માયાને નાગણની ઉપમા શાસ્ત્રમાન્ય છે. જીવતીજાગતી નાગણ તો કદાચ મંત્રબળે, સંગીત બળે પણ વશમાં કરી શકાય છે. પણ માયા નાગણ અપવાદ સિવાય સર્વથા દુસ્ત્યાજ્ય રહેવા પામી છે. આ કારણે જ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજને પણ કહેવું પડયું કે -

"सुत्यजं रसलाम्पत्यं, सुत्यजं देहभूषणम् ।
सुत्यजाः कामभोगाद्या, दुस्त्यजं दम्भसेवनम् ॥"

અઢાર પાપસ્થાનક ની સજ્ઝાય માં પણ કહયું

"કેશ લોચમળધારણા સુણો સંતાજી,
ભૂમિશય્યા વ્રતયોગ ગુણવંતાજી,
સકલસુકર છેસાધુ ને સુણો સંતાજી,
દુષ્કર માયા ત્યાગ-ગુણવંતાજી"।।

સારાંશ કે - દૂધ, ઘી, મલાઇ, સાકર, ગોળ, દહિ આદિની લંપટતા, શરીર પરના આભૂષણો, શણગાર, સ્ત્રીઓનો સહવાસ, માથાના વાળનો લોચ ભૂમીસંથારો, આદિ સાધકને સુકર છે. પરન્તુ માયાનો, દંભનો, માયાશલ્યનો, માયામૃષાવાદનો ત્યાગ અત્યન્ત કઠણ છે. સેવેલી-સેવાયેલી, પોષેલી, પોષાયેલી, કરેલી, કરાવેલી અને વધારી દીધેલી માટે જ નિકાચિત કરેલી કયાં ભવની માયા નૃત્યાંગનાની જેમ કયારે ભટકાશે? કેવી રીતે ભટકાશે? તેની ખબર સંસારનો એકેય નજામી (જ્યોતિષી) જાણી શકવા માટે સમર્થ નથી. તેમ મંત્ર, તંત્ર પણ કામે આવી શકે તેમ નથી.

માયાથી પરિપૂર્ણ માનવના મન-વચન અને કાયા પણ વંચક (વક્ર) હોય છે, માટે તેની ક્રિયાઓ પણ વક્ર જ બનવા પામે છે. ફળસ્વરૂપે જેની ક્રિયાઓ કે માની લીધેલા શુભાનુષ્ઠાનોમાં વક્રતા, પરવંચના, સ્વાર્થિતા અને સન્માન મેળવવાની સ્પૃહા હશે, તો મોક્ષની ઝંખના પણ વાંઝણી રહેવા પામે તે માની શકાય તેવી વાત છે. આવા શાસ્ત્રીય વચનના આધારે જ કદાચ -

"યોગાવંચક પ્રાણીઆ ફળ લેતા રીજે" એટલે કે જેમના યોગ (મન, વચન, કાયા) સરળ, પરિત્ર, શુદ્ધ કે શુભ હશે તેવાઓને મોક્ષની પ્રાપ્તિ સુલભ બનવા પામે છે. માટે જ ભગવતી સૂત્રમાં "માયાવિગેગેઇ વા" એટલે કે- સમજદારી પૂર્વક, માયાનો ત્યાગ કરવો ધર્મ છે. અને તેનું સેવન પાપ છે, અધર્મ છે. કેમકે - માયાના સેવન થી આત્માના પરિણામોમાં શુદ્ધિ આવતી નથી. પરિણામે સૌની સાથે અને ખાસ કરી પોતાના જાતિભાઇઓ, સાધર્મિક ભાઇઓ, કૌટુંબિક પરિવાર અને છેલ્લે ગુરુદેવોની સાથે પણ વિસંવાદ, કષાય, ક્લેશ, વૈર વિરોધ કરાવીને જીવન બરબાદ કરાવનાર આ પાપ છે. આત્માના અધ્યવસાયોમાં છલ, પ્રપંચ તથા મૃષાવાદિતાદિ પાપોને ઉત્પન્ન કરાવનાર, ભડકાવનાર તથા સહવાસમાં રહેનારાઓ સાથે પણ સંપીને રહેવા ન દેનાર આ પાપ છે, મહાપાપ છે. આનાથી બધાય પુણ્યકર્મોની સમાપ્તિ થાય છે. ચાલુભવને તથા આવનારાભવો ને બગાડનાર આ પાપને તીર્થંકર દેવો એ એટલા માટે જ ત્યાજ્ય, છોડવા લાયક કહયું છે.

હવે આગમીય ભાષામાં આ પાપની ભયંકરતા તપાસી લઇએ.

(૧) **स्वपरव्यामोहोत्पादकं शाठ्यं माया** (उत्तराध्ययन सूत्र २५१)

સ્વ એટલે પોતાની જાતને અને પર એટલે સામેવાળાને બીજાને વ્યામોહ ઉત્પન્ન કરાવે, તેવા પ્રકારનું શાઠ્ય, લુચ્ચાઇ, છેતરપીંડી, ઠગાઇને કરાવે તેવું જીવન માયાદેવીના કારણે થાય છે. સુધરેલી ભાષામાં પોલીટીકલ ભાષા અને જૈન શાસનમાં માયામૃષાવાદ છે. આ બંનેના અર્થમાં, પ્રકારમાં પદ્ધતિમાં વિશેષ ફરક નથી. આ પાપ ત્યાજ્ય એટલા માટે છે કે, આના કારણે ભાવઆધ્યાત્મિકતા ભાવસાધુતા (ભાવલિંગ)ની સાધના આકાશના પુષ્પની જેમ ઉત્પન્ન થઇ શકતી નથી. પોતાના જીવનમાં સારા અનુષ્ઠાનો નથી. સત્કર્તવ્યો નથી, ઉપવાસ, સ્વાધ્યાય કે ગુરુસેવા પણ નથી, તો પણ માયાવી સાધક જાણે બધુંય મારામાં જ છે - તેવી રીતે ઠાવકાઇ થઈ ઉઠબેઠ કરશે.

(૨) **सर्वत्र स्ववीर्यनिगूहनं माया** (आवश्यक सूत्र ४३)

બીજાઓને શિશામાં ઉતારવા માટે, ઠગવામાટે, તેમનું પડાવી લેવા માટે ખટપટો કરાવવી તથા બોલવાની, ચાલવાની, લખવાની ચાલાકીઓના માધ્યમથી જીવન માયાપૂર્ણ બનાવવું. તે હરહાલતમાં પણ સારૂં નથી.

(૩) **परवंचनं बुद्धिः माया** (ज्ञाताधर्मकथा २३८)

(૪) **परवंचनाभिप्रायः माया** (ज्ञाताधर्मकथा २३८)

પુત્ર, સ્ત્રી, માતા, વિશ્વાસુ, ઉપરાંત ગુરુઓને પણ ઠગવું તે માયા છે. અને જે પરને ઠગનારો છે તે પોતાના આત્માને પણ ભાવકષાયનો માલિક બનાવે છે. અનેક ભવોનાં કરેલાં, કરાવેલાં પાપકર્મોના કારણે, જીવાત્માનો સ્વભાવ જ તેવો ઘડાઈ ગયેલો હોય છે. જેનાથી વાતે વાતે બીજાઓ ને ઠગ્યા વિના ચાલતું નથી. આત્માના પ્રત્યેક પ્રદેશ પર અનન્તાનુબંધી કષાયોની તીવ્રતા એટલી જોરદાર હોય છે, જેના કારણે માયા કરવી પાપ છે, બીજાને ઠગવું પાપ છે, છેતરપીંડી કરવી પાપ છે. તેવું સાંભળ્યા અને જાણ્યા પછી પણ આ પાપને છોડવા જેટલી પણ તૈયારી તેમની પાસે હોતી નથી. બેશક! પેટ ન ભરાતું હોય તો સમજાય તેવી વાત છે, પણ પેટ, પટારા અને કમરાઓ ભરાઈ ગયા પછી પણ માયા છોડાતી ન હોય, તો સમજી લેવું જોઈએ કે તે અનન્તાનુબંધી માયા છે, જે નરકગતિ ને જ અપાવનારી છે.

વાંદરાને દાંતીયા કરવાની સર્પને ફૂંફાડા મારવાની આદત જેમ જન્મ સિદ્ધ છે, તેવી રીતે અનન્તાનુબંધી ના મિશ્રણવાળી માયા ના માલિકો, પ્રખરવકતાઓ, ના વ્યાખ્યાનો સાંભળશે, સોનાચાંદી ના વરખોથી પરમાત્મા ને પુજશે પણ અનન્તભવો ને બગાડનારી માયા ને, તેના સંસ્કારો ને છોડી દેવા માટે હરગિજ તૈયાર નથી. ગરોળી ને માખી પકડયા વિના ચેન પડતું નથી, તેમ માયાવી માનવને, મશ્કરીમાં, કુતૂહલમાં, અજાણમમાં અથવા જાણકારી માં પણ પારકાને ધક્કે ચડાવ્યા વિના ચાલતું નથી.

(૫) **मायाविषयं गोपनीयं प्रच्छन्नमकार्यं कृत्वा नो आलोचयेत्. सा माया**
(ठाणांग सूत्र १३७)

પોતાના પૂજ્યતમ માતા પિતા, ધર્મપત્ની, વિદ્યાગુરુ અને છેલ્લે જે ગુરુ પાસે દીક્ષિત થયા શિક્ષિત થયા અને ભણી ગણી ને પાંચ માણસોમાં આબરૂ પ્રાપ્ત કરી શકયા, તેઓને અંધારા માં રાખીને માયા વિષયક એટલે રોમે રોમ માં વ્યાપક બનેલી માયા-ના કારણે, અત્યન્ત ગોપનીય કોઈ અકાર્ય થઈ ગયા પછી પણ વડીલોની માફી માંગી શકતો નથી. તેમને મિચ્છામિ દુક્કડં આપી શકતો નથી. તેમાં અનન્તાનુબંધી, માયા રહેલી છે. **"अनन्तान्भवान् अनुबन्धन्ति इति**

अनन्तानुबंधनः कषायाः"  અનન્ત ભવોમાં રખડપટ્ટી કરાવે તે અનન્તાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ છે. કરેલા, કરાવેલા અને અનુમોદેલા કષાયોનું મિચ્છામિ દુક્કડં દેવું જેટલું ધાર્યું હોય તેટલું સરળ નથી જ. એક શ્રાવક ને મિચ્છામિ દુક્કડં ગૌતમસ્વામી જ આપી શક્યા છે. આપણે ગૌતમસ્વામી નથી જ. આવા પ્રકારના જીવનમાં માયા ડાકણ ના તાંડવ નૃત્ય સિવાય તમને બીજુ કંઇ દેખાયછે?

## માયા પાપના કટુફળો

નીતિન્યાય પૂર્વકનું જીવન ધાર્મિકતાનું ફળ છે, પરન્તુ માયાવી કપટી અને વક્ર માનવને કોઈપણ પ્રકારની ન્યાયની સાથે સ્નાનસૂતક હોતું નથી, કેમકે, તે માયાવી છે અને જે માયાન્ધ છે તે પૂર્ણરૂપે સ્વાર્થાન્ધ હોય છે. અને જે સ્વાર્થાન્ધ છે તે દ્રવ્યથી અથવા ભાવથી, અથવા બંને પ્રકારે હિંસક છે. આ કારણે જ આવા પ્રકારના જનોની ભાષા, વેષ, હાથ આંખના ઈશારા, અને બોલવાની ચાલાકી આદિ સર્વથા અકલ્પનીય હોય છે, જેમકે -

(૧) ધારાસભા, વિધાનસભા તથા મ્યુનિસિપાલિટીની સભામાં અગડં બગડં રાજનીતિના ભાષણો કરનારાઓ ભૂત, ભવિષ્ય અને વર્તમાનના ઈતિહાસને નજર સામે ન રાખી શકકતા હોય તો માનવાનું રહયું કે, તેઓ રાજનીતિની બારાખડી પણ જાણતા નથી.

(૨) અપ-ટુ-ડેટ વસ્ત્રોમાં શોભતો વ્યાપારી, ઓફીસ, દુકાન કે પેઢીમાં જતી વખતે તેના હૈયામાં પરમાત્માનો વાસ હશે? કે પરિગ્રહની માયાનો?

(૩) પંચોની કે સંઘોની જાજમ પર બેઠા પછી પોતાના સગાઓ અને દીન દુઃખી અનાથ ભાઇ, બેનો પ્રત્યે દૃષ્ટિકોણ બદલાઈ જતો હોય તો હૈયાના મંદિરમાં સાત ક્ષેત્રોની સેવા કરતાં પણ, સગાઓની માયા વધારે છે.

(૪) આત્મકલ્યાણને માટે મંદિર, દેરાસર, ઉપાશ્રય કે સ્થાનકના ટ્રસ્ટી બન્યા પછી પણ રાગ-દ્વેષના અખાડા રમાતા હોય, અને એકબીજાને એકબીજા સાથે લડાવીને પોતાની ખુરશી પર દીર્ઘકાલપર્યંત સ્થિર થવાનું હોય તો તેમાં માયા નાગણના ફૂંફાડાનો ચમત્કાર પ્રત્યક્ષ જોઈ શકાય છે.

(૫) રાષ્ટ્ર સેવા કરવાના વેષમાં રહેલા રાષ્ટ્ર સેવકો જ્યારે દુષ્કાલાદિ અંગે ફંડફાળો ભેગો કરે છે, ત્યારે જાણવાનું સરળ રહેશે કે, તે દ્રવ્યની અપેક્ષા રાખનારા દીનજનોના પેટમાં કેટલું? અને પોતાના સ્વાર્થ માટે કેટલું? આનો હિસાબ કોણ રાખી શકશે?

ઇત્યાદિ પ્રકારોમાં પૂર્ણ ખેલાડી એક શેઠ હતા, જે પોતાના ઘડેલા ટાઇમ-ટેબલ પ્રમાણે પૂજા-પાઠ-વ્યાખ્યાન આદિ ધર્મધ્યાનમાં સમયની પાવંદી વાળા હતાં. તથાપિ તે શેઠના ધર્માનુષ્ઠાનો, વિધિ-વિધાનો કેવળ વ્યવહાર પૂરતા અથવા સગાઓમાં માન પ્રતિષ્ઠા મેળવવા પૂરતા, તથા ધર્માચાર્યો, વિધિકારો, સંગીતકારો દ્વારા યશોગાથા મેળવવા પૂરતા જ હતાં. માટે જ આન્તરિક જીવન કોરાધાકોર જેવું હતું. તેવા જીવોની અજ્ઞાન ગ્રંથિઓનું બળ અતિશય હોવાના કારણે, તેમને આત્માના અસ્તિત્વનું પણ ભાન રહેતું નથી. તો પછી તેના શુદ્ધિકરણના પશ્ન શી રીતે ઉપસ્થિત થાય? અભિમન્યુ જેમ માતાની કુક્ષિમાંથી કોઠાઓનું જ્ઞાન મેળવીને અવતર્યો હતો તેમ, આ પ્રસ્તુત શેઠ પણ માતાની કુક્ષિરૂપ યુનિવર્સિટી માંથી બધાય દાંવપેંચનું સૂક્ષ્માતિસૂક્ષ્મ જ્ઞાન મેળવીને અવતર્યા હતાં. બાલ્યકાળ વીત્યું, યૌવનકાળ આવ્યું, અને ધીમે ધીમે પોતાના પિતાથી રમાતા દાવપેંચ એટલે કે, ગ્રાહકો સાથેની લેવડ દેવડ કેમ કરવી? તોલત્રાજ્વા કેવી રીતે તોલવા? ઇન્કમટેક્ષના ઓફીસરો ને ચોપડાઓ કેવી રીતે બતાવવાં? સોલીસિટર કે વકીલો પાસે કાળા નાણા, ધોળા કેવી રીતે કરાવવા? મૃત્યુની અન્તિમ ક્ષણો પહોંચેલા કાકા, મામા, શ્વસુરાદિની મિલકતમાંથી પોતાનો ભાગ કેવી રીતે મેળવવો? અથવા તેમના જીવન અસ્ત થયા બાદ તેમની સ્થાવર જંગમાદિ મિલકતને કેવી રીતે હડપ કરવી, ઇત્યાદિ રમતોમાં યુવાકાળ પૂર્ણ થયું અને પ્રૌઢાવસ્થામાં તો ઉપયુક્ત કર્મો દ્વારા પોતાની મિલકતને ચાર ઘણી વધારી દીધી હતી. પોતાની સ્વાર્થ સાધનાની સફલતા માટે ૨૫-૫૦ હજાર રૂ. દાનાદિ પુણ્ય ક્રિયામાં પણ વાપર્યા અને અન્તે વૃદ્ધાવસ્થા પ્રામ થતાં આજીવન કરેલાં કરાવેલાં કાળાંકર્મોનો ફલોદય થતાં, હાર્ટ એટેક, બ્લડ પ્રેશર, ડાયાબીટીશ, અને છાતીના ભયંકરતમ કેન્સરાદિ અનેક રોગોનું શરીરમાં આવાગમન થતાં, દારૂણ વેદનામાં સપડાઇ ગયા અને બોમ્બે હોસ્પીટલમાં મૃત્યુની તૈયારી સાથે એડમીટ (દાખલ) થયા ત્યારે જોયું જાણ્યું કે, કરોડોની મિલકતના માલીક, આ શેઠના, પુત્રો પ્રપુત્રો, પુત્રીયો અને જમાઇઓ પણ હાજર હતાં. પુત્રોનો વ્યાપાર ધંધો પણ ધમધોકાર હતો છતાં કાળી નાગણ જેવી, વિજળીના ચમકારા જેવી, પાણીના પરપોટા જેવી, પિપ્પલના પાન જેવી અને કાચની બંગડી જેવી સંસારની નશ્વર માયા સર્વેને માટે વિશ્વાસઘાતિની બનવા પામી છે. ભયંકરતમ રીબામણમાં શેઠ હેબતાઇ ગયા હતાં.

શરીરમાંથી નીકળતી દુર્ગંધમાં હોસ્પીટલના મહેતરો પણ પાસે આવતા ડરતા હતાં. જ્યારે કમરાની બહાર પુત્ર-પુત્રીઓ, ચા-પાણી અને નાસ્તો કરી રહયા હતા ખભા પર ખેસ મૂકીને આમતેમ ફરી રહેલા સગા સંબંધીજનો અંતિમ શ્વાસની રાહ જોતા હતાં. આવા સમયે શેઠના મસ્તક પર હાથ મૂકનાર કે દિલાસો દેનાર પણ કોણ ન હતું. ડયુટીના કારણે સીસ્ટરો આવતી-જતી રહેતી હતી. ભૂલ્યો ભટક્યો ડાકટર પણ જાણે ચેપી રોગ લાગી ન જાય તેવી રીતે કમરાની બહારથી જોઇ, પૂછપાછ કરી, ચાલ્યો જતો હતો. હીરામોતીના આભૂષણોથી સજ્જ થયેલી પત્ની, પુત્રીઓ અને પુત્રોને પણ, કમરામાં આવતાં જાતા ડર લાગતો હતો, ત્યાં બીજાની વવાત શું કરવી? આવા પ્રકારની સંસારની માયા સર્વ કોઇને આજે કાલે કે વર્ષો પછી પણ નડતરભૂત થવાની છે.

જે શેઠે પુત્રાદિ પરિવાર માટે કે પોતાની પ્રાણપ્રિય પત્નીને શણગારવા માટે, એક વાતે પણ કમી રાખી નથી તે શેઠનું આજે કોઇ નથી. અન્તે પરસેવો પાડીને કે એરકન્ડીશનમાં બેસીને કરોડોપતિ બનેલા શેઠની માયા જેમ હતી તેમ રહી. સ્વર્ગસદૃશ સુખોનો અનુભવ કરાવે તેવા પ્રકારના આધુનિક તમામ ભૌતિક સાધનો દ્વારા ભૌતિક સુખમાં ડુબેલા આ શેઠે જીવનની અંતિમ ક્ષણ સુધા રોગાતિશયથી પીડાતા અને દુઃખના દાવાનળમાં તપતા તપતા છેલ્લો શ્વાસ પૂરો કર્યો અને આ ભવ દરમ્યાન કરેલા પાપકર્મોનો ભારો શિર પર લઇને દુનિયામાંથી સદાને માટે વિદાય થયા.

આ પ્રમાણે માયામાં ફસાયેલો આત્મા જૂઠપ્રપંચ કરતા વાર લગાડતો નથી. પણ ...છેલ્લે શું? માનવમાત્ર ગમે તેવા પોઝીશનમાં હોય તો પણ એટલો મંત્ર જ યાદ રાખે કે "છેલ્લે શું? અન્તિમમાં શું? પીછે ક્યા? પછી શું?"

**માયા પ્રકરણ પૂર્ણ**

## ૯ લોભ પાપ

૧૮, પાપસ્થાનકોમાં નવમું પાપ લોભ છે. જેને શાસ્ત્રકારોએ રાક્ષસ ની ઉપમાં આપી છે. યદ્યપિ ક્રોધ, માન, માયા કષ્ટસાધ્ય છે. છતાં અમુક જીવવિશેષને સુસાધ્ય પણ બની શકે છે. પરન્તુ સંસાર વર્તી રાક્ષસ કરતાં પણ લોભ નામનો રાક્ષસ અત્યન્ત દુર્જેય મનાયો છે. આપણું ગુણસ્થાનક ચોથું, પાંચમું કે છઠ્ઠું ધારી લઈએ જ્યારે આપણ કરતાં ઉત્કૃષ્ટતમ તપશ્ચર્યા, સંયમ, મનોનિગ્રહ, ઈન્દ્રિયનિગ્રહ અને લગભગ નિસ્પૃહતાની ચરમ સીમામાં પહોંચી ગયેલા મુનિરાજને પણ સત્તામાં લોભ નામનો રાક્ષસ પડયો હોવાથી. તેની એકાદધારાને લઈ અગ્યારમા ગુણસ્થાનકથી નીચે પટકાઈ જાય છે. મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિઓમાં પણ લોભની વ્યાપકતા માન્યા વિના છુટકો નથી. જેમકે, " લોભાત્ ક્રોધઃ સંજાયતે" ક્રોધ થવાના કારણોમાં લોભ પ્રચ્છન્ન રૂપે રહેલ છે. ક્રોધ થી માન, માન થી માયા, હાસ્ય રતિ, અરતિ, ભય શોક. જુગુપ્સા ઉપરાન્ત પુરુષવેદ સ્ત્રીવેદ અને નપુંસકવેદ ના ઉદય કાળમાં કયાય આત્માના એકાદ ખુણામાં લોભ કષાય છુપાઈ રહેલો હોય છે. માટે સર્વવ્યાપક અને સર્વગુણ ભક્ષક લોભને રાક્ષસની ઉપમાં યથાર્થ છે. મળેલી કે મેળવેલી ગમે તેટલી ધનરાશિથી પણ જેનું પેટ ન ભરાય તે ભૂખડી બારશ જેવા લોભ માં સંસાર ભરની લક્ષ્મી તેના પેટમાં નાખી દઈએ તો પણ ભૂખ્યોને ભૂખ્યો જ રહેવા પામે છે. પાપનો બાપ લોભ હોવાથી બધાય દુર્ગુણો અપરાધો, પ્રપંચોનો સમુદાય લોભના કારણે છે.

શાસ્ત્રની ભાષામાં લોભની ભયંકરતા -

(૧) **लोभो गाध्र्यलक्षणः** (जीवाभिगम सूत्र १५) ।

(२) **लोभः मूर्च्छाः** (प्रश्नव्याकरण १५)

(३) **लोभः चित्रमोहनम्** (प्रश्न व्या. ९७)

(४) **लोभः तृष्णापरिग्रहपरिणामः** (आचारंग १७०)

(५) **लाभनं अभिकांक्षणम्** (ठाणांग सूत्र १७३)

(६) **द्रव्याद्यभिकांक्षालोभः** (उत्तरा. २५१)

(७) **लोभः अभिष्वंगः** (दशवैकालिक १०७

(८) **लब्ध वस्तु गृद्धयात्मकम्** (भगवतीसूत्र ८०४)

હૃદયના ખુણામાં ગમે તે બાબતની મૂર્ચ્છા ભરાઇ ગયેલી હોય ત્યારે અવસર આવ્યે તે તે વિષયોને મેળવવામાં, વધારવામાં, સુરક્ષિત રાખવામાં માનવનું મન લાલચું બને છે અને પોતાની સમ્પૂર્ણ શકિત લગાવીને પણ અથવા ગમે તેવા ખોટાખરા કાવા દાવા દ્વારા પણ પરિગ્રહ વધારવા માટે કમર કસીને તૈયાર થાય છે, અને અન્તે મધના વાટકામાં પડેલી માખીની જેમ પોતાની ઉભી કરેલી પરિગ્રહની માયામાં એટલો બધો ફસાઇ જાય છે કે, તેમાંથી બહાર નીકળવું લગભગ અશકય છે. કેમકે - અરિહંતોના શાસનની સંયમ દોરડીથી, તેમના આત્માનો એક પણ પ્રદેશ સંયમિત હોતો નથી. ફળસ્વરૂપે વધારે માલ ભરેલા જહાજ (સ્ટીમર)ની જેમ દશા થાય, તેના કરતાં પણ ભૂંડામાં ભૂંડી દશા પરિગ્રહધારીની થયા વિના રહેતી નથી. કેમકે - તેવા ઓને માટે ૧૮, પાપસ્થાનકોના દ્વાર ઉઘાડા જ હોય છે.

અનુભવીઓ તો ત્યાં સુધા કહે છે કે - લોભ, પાપ તો છે જ પણ પાપનો બાપ પણ લોભ જ છે, મતલબ કે સસાંર ભરના જે પાપો છે, તેમાં મૌલિક કારણ લોભ છે, જેમકે,

(૧) પૂર્વભવના કરેલા પુણ્યકર્મોના કારણે ધન-ધાન્યના કોઠારો અને તિજોરીઓ ભરેલી હોય તે પણ તેની નાપાક નજર પોતાની પુત્રવધુ, પોતાના પિતાના ઘેર થી નકકી કર્યા પ્રમાણેનો કરિયાવર (દહેજ) લાવી છે કે નહી? અન્યથા, નિઃસહાય બનેલી ઉગતી કળી જેવી તે બીચારીને મારવી, ફટકારવી, ગાળોભાંડવી અને અવસર આવ્યે કેરોસીનના પ્રયોગ થી મારી નાખવી. આવા પ્રકારના વ્યકિત અને સમાજ ઘાતક ભયંકર પાપોના મૂળમાં લોભ રાક્ષસ સાફ સાફ દેખાઇ રહયો છે.

(૨) સમાજને સુધારવા માટે કે કમાણી વિનાના સીદાતા સ્વામી ભાઇઓને પગભર કરવા માટે કરેલા, કરાવેલા સુધારાઓને તોડી નખાવવાનું પાપ સૌથી પહેલા શ્રીમંતાઇના નશામાં ચકનાચૂર બનેલા શ્રીમંતો કરે છે. માટે મહિલા મંડળો, યુવક મંડળો, કે ધર્મસ્થાનો, નામ માત્રના જ રહી જાય છે અથવા સમાજ માં ભાગલા પાડી શ્રીમંતોને પાપપૂર્ણ, સ્વાર્થપૂર્ણ, તોફાન મસ્તી કરવા પૂરતા જ રહી જાય છે.

(૩) કબૂતરોને દાણા, કૂતરાઓને રોટલા અને ગાયોને ઘાસ નાખવાની દ્રવ્ય દયા કરતાં પણ, મરવાની અણી પર આવેલા અથવા પોતાના કર્મોના દોષોને લઇ સાવ ઘસાઇ જઇને હજારો પ્રયત્ને પણ ઉંચા નહી આવનારા સ્વામી ભાઇ તથા જાતિભાઇને મદદ કરવી અને તેમને જીવિત દાન દેવું, એ સર્વ શ્રેષ્ઠ ઉપાદેય માર્ગ હોવા છ્તાં. તેનું અમલીકરણ નહી થવા દેવામાં પરિગ્રહધારી જ કારણી

ભૂત બને છે. અન્યથા કાગળના બનાવટી ફૂલ જેવી મિથ્યા પ્રતિષ્ઠાની પાછળ કરોડો રૂપિયા ખર્ચનારો શ્રીમંત ૨-૪ ગરીબ કુટુંબોને જીવિતદાન દેવામાં બેદરકાર, સર્વથા બેદરકાર શી રીતે બને?

(૪) સાધારણ સ્થિતિના જાતિભાઈઓ પોતાના ઘરે અવતરેલી પુત્રીઓને પરણાવવા માટે લાખો કરોડો રૂપીઓ કયાંથી લાવશે? આટલી પણ ભાવદયા જેના હૃદયમાં નથી તેવા શ્રીમંતો પોતાના પુત્ર પુત્રીઓના લગ્નમાં લાખો કરોડો રૂપિયા ખર્ચતા હોય. ત્યારે આવા પ્રસંગોમાં પરિગ્રહના પાપના નશા સિવાય બીજુ ક્યું કારણ?

(૫) સગી નજરે જોઈને આપણે સૌ એકજ ભાષાનો ઉપયોગ કરી રહયાં છીએ કે, અમુક શ્રીમંતની છોકરી મુસલમાન, મહારાષ્ટ્રીયન, સ્કૂલના માસ્ટર, (ટીચર), રિક્ષાચાલક અથવા ઘરની મોટરના ડ્રાઈવર, ઘાટી કે વોચમેન સાથે ભાગી ગઈ છે. આવી પરિસ્થિતિમાં સમાજને સુધારવા માટેની સર્વે દિશાઓનું ધ્યાન રાખ્યા વિના એક જ દિશામાં લાખો કરોડો રૂપીયાઓનો દાન પ્રવાહ આપણને સૌને મશ્કરી જેવું ન લાગતું હોય તો સમજવાનું સરળ છે કે, કયાંયને કયાય આપણે સૌ મોટામાં મોટી ભૂલ કરી બેઠા છીએ, અને તે ભૂલોને સુધારવાનો નહી પણ વધારવામાં જ સૌને રસ છે. માટે નિર્ણય કરવાનો રહેશે કે, દાન પ્રવાહની દિશા નહી બદલવામાં મૂળ કારણ શું છે?

(૬) વ્યવહારને રાજી રાખવા માટે અથવા સમાજમાં મિથ્યા પ્રતિષ્ઠા મેળવવાની ગણતરીએ કરેલા દાન પુણ્ય વ્યવહાર પુરતાં જ રહેવા પામે છે. આનાથી પુણ્યાનુબંધી પુણ્યની આશા રાખવી જબરદસ્ત અજ્ઞાન છે, મોહ છે, જ્યારે ગરીબ માનવની ભૂખ માંગે, રોગીઓ રોગ મુકત બને, વિધવા બનેલી વિધવાઓને કે ત્યકતાઓને કંયાય પણ હાથ લાંબો કરવાનો અવસર ન આવે તેવી રીતે પોતાના ગામ કે એરીયા પૂરતી વ્યવસ્થા કરવા જેટલી ક્ષમતા પણ શ્રીમંત ન કેળવી શકે. તો જાણવાનું સરળ છે કે, આમાં પરિગ્રહની ભૂતાવળ કામ કરી હોય છે.

(૭) હોટલોમાં સૌની સાથે ચા-પાણીની મોજ કરશે પણ પોતાના વડીલો સાથે, પુત્રો સાથે, કે પોતાની પ્રાણપ્યારી ધર્મપત્ની સાથે ભોજન કરવાનો સમય લોભાંધ અને સ્વાર્થાંધને કયાંથી મળવાનો?

આ પ્રમાણે આ ચારે કષાયો, માનવની માનવતાને, દયાળુની દયાળુતાને, સત્કર્મીઓની સત્કકર્મિતાને, સાધુની સાધુતાને બગાડી દેનાર છે. માટે સર્વથા ત્યાજ્ય છે. અન્યથા દુર્ગતિમાં જવાની યોગ્યતાવાળા જીવો કષાયોમાં જન્મે છે. મોટા થાય છે અને કષાયોમાં જ છેલ્લા શ્ર્વાસ પૂર્ણ કરી મૃત્યુને પામે છે.

## લોભ પાપનાં કટુફળો

તીર્થંકર પરમાત્માઓએ લોભને આકાશ, રાક્ષસ, પાપોનો બાપ, કાળ, મહાકાળ અને પ્રલયકાળના ઉપમા આપેલ છે. જેવી રીતે આકાશનો અંત નથી, તેમ લોભદશાનો પણ અંત નથી જેમ રાક્ષસનું પેટ કયારેય ભરાતું નથી તેમ લોભ કયારેય સંતોષ પામતો નથી. જમીનમાં ઝાડ-વૃક્ષાદિનાં મૂળિયાં રહયાં હોય તો અંકુરોત્પત્તિ થતાં વાર લાગતી નથી તેમ સંસારભરમાં જેટલાં પાપો છે, પાપોના અધ્યવસાયો છે તેના મૂળમાં લોભ કામ કરી રહયો છે માટે તેને પાપનો બાપ કહયો છે; માનવ જીવનને પ્રાપ્ત કરેલાં માનવોની સદ્બુદ્ધિ, સધર્મ - ને બગાડવા માટે લોભ કાળસ્વરૂપ છે. માનવતા, સહૃદયતા અને ધાર્મિકતાનો છેહ દેવામાં મહાકાળ સ્વરૂપે લોભ છે. અને જ્યારે ઘણા લોભાન્ધો ભેગા મળે છે ત્યારે વ્યકિત, કુટુમ્બ, સંપ્રદાય, સમાજ કે દેશ માટે લોભ એ પ્રલયકાળ જેવો છે.

લોભની અગાધ શકિત માટે કહેવાયું છે કે દેવોની સહાયતાથી મોટી નદીને કે સમુદ્રને મર્યાદિત કરી શકાય છે પણ લોભને મર્યાદિત કરવો અપવાદ સિવાય સૌ કોઈના માટે હાડકાંમાં પરસેવો લાવવા જેવું અત્યંત કઠિણ કાર્ય છે.

એક નાનું મજાનું સુંદર ગામ હતું. લોકો ભલા-ભોળા ને ભદ્રિક સંપીને હળીમળીને રહેતા હોય છે. ગામમાં સાધુસંતોની અવર-જવર વધારે હોવાથી, ગામના લોકોમાં દયાવૃત્તિ વધારે હતી, લોકો દાન-દયાની રૂચિવાળા હતા - જેવી રીતે પાંચે આંગળીઓ સરખી હોતી નથી, તેવી જ રીતે પુણ્યપાપના કારણે માનવ સંખ્યામાં પણ પુણ્યપાપનું તારતમ્ય હોવાથી ગામના લોકોમાં પણ એક બ્રાહ્મણ ગરીબ હતો, દીનમાં દીન હતો. એકાદ પણ શુભ પ્રવૃત્તિ તેના ભાગ્યમાં ન હોવાથી, ભિક્ષા માંગી તેના કુટુમ્બનું ભરણપોષણ કરવું એજ તેના ભાગ્યમાં લખાયેલું હતું. રોજ સવાર પડે ને ખભા પર ઝોળી લટકાવે તેમાં બે લોટા ને બે પ્યાલા મૂકે ને ભગવાનનું નામ લઈને આ ભૂદેવ ભિક્ષા માંગવા નીકળી પડે!

પૂર્વભવનાં કરેલાં પાપ-રૂપ કર્મો ઉદયમાં આવે ત્યારે નાનામાં નાના કીટાણુથી લઈને તે કરોડો દેવોના અધિપતિ ઈન્દ્રમહારાજને પણ નીચું મોઢું રાખીને - કરેલા કર્મો ભોગવવાં જ પડે છે. સ્વાભિમાન સર્વેને પ્રિય હોવા છતાંય દુર્ભાગ્યોદયે કે પાપના ઉદયને લઈને સ્વાભિમાનને દેશવટો દઈને - ફગાવીને, પેટની ક્ષુધાને પૂરવા બીજા પાસે હાથ લાંબો કરવો પડે છે તેવી જ રીતે આ બ્રહ્મણ પણ નિત્ય જુદા

જુદા ભગવાનોનાં નામો લઈને ગામમાં ભિક્ષા માંગવા નીકળી પડે છે કે જે કાંઇ પણ મળે એમાંથી એનો તથા એની પત્નીનો જીવનનિર્વાહ વીતાવતો હોય છે.

ગામના લોકોમાં ધાર્મિક સંસ્કારો સારા હોવાના લીધે, ભીખ્ માંગવી એ અપરાધ હોવા છ્તાંય આ વિપ્રને ભિક્ષા માંગવામાં ખાસ મુશ્કેલી પડતી ન હતી, કારણ સદાકાળને માટે કે અમુક કાળને માટે ભીખ માગનારાઓનો અભાવ થવાનો નથી કેમકે દયાળુ માનવો યથાશકય, યથાપરિસ્થિતિનુસાર પોતાની પાસે રહેલ અર્ધી રોટલીમાંથી પણ અડધી યા કાંઇક ભિક્ષુ કે યાચકને આપીને દાનધર્મ કરતાં જ હોય છે.

આ ગામમાં એક શેઠ રહેતા હોય છે. તેમનું નામ દયાળભાઈશેઠ. નામ પ્રમાણે જ ગુણોના તેઓ માલિક હતા. શેઠ ખૂબ જ દયાળુ અને પરગજુ હતા. દાનધર્મમાં માનતા હતા. તેમના આંગણેથી - ઘરેથી કોઈ પણ યાચક કદાપિ ખાલી હાથે ગયો ન હતો.

એક દિવસ આ વિપ્ર દયાળશેઠ પાસે ભિક્ષા માંગવા જાય છે. યાચકના દેદાર જોઈને દયાળશેઠને એની ઉપર દયા આવે છે. તેઓ વિચારે છે કે પૂર્વભવની કમાણી સ્વરૂપ મળેલી શ્રીમંતાઇ - સુખ સાહેબીને શાંતિને આગામી ભવોમાં સાથે લઈ જવા હોય તો દાનધર્મની આરાધના જ હિતકારી છે. શાસ્ત્રોમાં પણ લખ્યું છે કે રાજાઓને, કવિઓને, સજ્જનોને, આચાર્યોને રાજી રાખવા માટે અથવા તેમના આશીર્વાદ લેવા માટે પણ દાન-ધર્મ શ્રેષ્ઠ છે. ઉપરાંત જીવનમાં આધિ-વ્યાધિ ને ઉપાધિથી દૂર રહેવું હોય તો તથા ભવાન્તરમાં શરીરનું સૌંદર્ય, સુન્દર પુત્રાદિપરિવાર, રમ્ય પત્ની તેમજ નિરોગી જીવન મેળવવાની ભાવના હોય તે, સર્વ સંપત્તિના મૂળ કારણરૂપ દાનધર્મની આરાધના જ ઉપાદેય છે.

શેઠે પૂછ્યું, "મહારાજ, તમારે શા માટે ભિક્ષા માંગવી પડે છે?"

બ્રાહ્મણે વિનમ્ર ભાવે કયું, " શેઠ, હું તથા મારાં પત્ની એમ બે જણાનો જીવનનિર્વાહ ચલાવવો મુશ્કેલ પડતો હોવાથી, હું ભિક્ષા માંગીને જીવન વ્યતિત કરું છું"

શેઠને વિપ્રની વાત સાંભળી નવાઇ લાગી! શેઠે ભિક્ષુક બ્રાહ્મણને કહયું, " હે વિપ્ર,ગામની ઈજ્જત બગડે, નગરના રાજાજીની અપકીર્તિ થાય અને માનવધર્મ લજવાય માટે હે ભૂદેવ ! તમે રોજ બે જણાનું શીધુ-સામાન મારે ત્યાંથી લઈ

જજો પરંતુ ભીખ માંગવાનું બંધ કરી દો !"

બ્રાહ્મણ તો વાત સાંભળી ખુશ ખુશ થઇ ગયો ને શેઠને પ્રણામ કરીને પોતાના ઘર તરફ ગયો.

રોજ સવાર પડે છે ને બ્રાહ્મણ શેઠને ઘરે જાય ને ભિક્ષા લઇને ઘરે આવે. મહેનત કરવાની નહીં ને ભિક્ષા મળી જાય. બ્રાહ્મણને તો લીલાલહર થઇ ગઇ. આમને આમ ઘણા દિવસો ને મહિનાઓ વિતી ગયાં. બ્રાહ્મણની પત્ની ગર્ભવતી બની. બ્રાહ્મણના આનંદનો પાર ન રહયો. સાથોસાથ એને ચિંતા પણ સતાવવા લાગી તે દયાળશેઠે ૨ જણાની ભિક્ષા આપવાનો પ્રબંધ કર્યો છે તો હું હવે આ ત્રીજા જીવને કઇ રીતે ખવરાવીશ? ભૂદેવ તો ચડયા વિચારોના ચગડોળે. માનવીના જીવનની આથી વધારે વિચિત્રતા શી હોઇ શકે કે ગમે એટલું સુખ અત્યારે ભોગવી રહયો હોવા છતાંય ભવિષ્ય માટે નહીં મળે એની કલ્પનામાં રાચીને જીવનને નિરર્થક મહેનત - છળકપટ, કાવાદાવામાં વેડકી નાખી સમય વ્યતિત કરી નાખે છે!

જન્મ જન્મના ફેરા ફરતાં કરાયેલા કર્મોનો ફળાદેશ ઘણો જ અકલ્પનીય હોવાથી માનવીનો સ્વભાવ પણ તેવી જ રીતે ઘડાઇ જાય છે. જેના લીધે મનુષ્યની આંતરવૃત્તિઓ અને બાહય વૃત્તિઓમાં તથા પ્રવૃત્તિઓમાં એક સમાનતા જોઇ શકાતી નથી યા પરમાત્મા સિવાય એને કોઇ જોઇ શકતો નથી. માટે જ કહયું છે કે -

**બારે કોશે ખોલી બદલે, તરુવર બદલે શાખા !**
**બુઢાપામાં કેશ બદલે, પણ લક્ખણના બદલે લાખ !**

આવા જીવાત્માઓને જે સંસ્કારો મળ્યા છે તેની અસર અવસરે પણ કાયમ રહેતી હોય છે ! જેવી રીતે ઉંદરને તાકયા વિના બિલાડીને ચેન પડતું નથી એવી જ રીતે લાભ થતો હોય, તેની સંભાવના અને શકયતા દેખાતી હોય ત્યારે ઉપકારીને પણ અંધારામાં રાખીને પોતાના લાભને માટે પ્રયત્ન કર્યા વિના રહેતો નથી.

ત્રીજાને શું ખવરાવીશની ચિંતામા ભૂદેવ અડધા થઇ જાય છે. તેના માટે કાંઇક ભેગું કરવું પડશે એમ વિચારી બ્રાહ્મણ પોતાના જાતિસ્વભાવને લીધે ફરીથી ભિક્ષા માંગવા ગામના શેરીઓમાં પ્રયાણ કરે છે.

અજ્ઞાનાવસ્થામાં ફસાયેલો માનવ ક્યારેય એવું વિચારી નથી શકતો કે

સંસારના પ્રત્યેક જીવોના કર્મો જુદા જુદા હોવાથી પુત્રપરિવારાદિ માટે ઉપાર્જિત ધન કદાચ એમના કામમાં આવે પણ ખરું ને પણ આવે છતાંય અજ્ઞાનજન્ય પાપ સંસ્કારોના વશથી માનવમાત્ર પોતાના કુસંસ્કારોનો ત્યાગ કરવા તૈયાર થતો નથી.

એક દિવસ દયાળશેઠે બ્રાહ્મણને ભિક્ષા માંગતાં જોઇને તેમને આશ્ચર્ય થયું કે મારા ઘરેથી બે જણાની ભિક્ષા લઇ જવાનો પ્રબંધ કર્યો હોવા છતાંય આ ભૂદેવ શીદને ભિક્ષા માંગે છે?

શેઠના પૂછવા પર બ્રાહ્મણે જવાબ આપ્યો "શેઠ, તમે બે જણાની ભિક્ષા માટે પ્રબંધ કર્યો હતો પરંતુ મારી પત્ની અત્યારે ગર્ભવતી છે, બાળક અવતરશે માટે એના માટે પણ કાંઇક ભેગું તો કરવું જ જોઇએને? માટે ફરીથી ભિક્ષા માંગવા નીકળ્યો છું."

બ્રાહ્મણની વાત સાંભળી શેઠ તો અવાક્ બની ગયા. વિચારવા લાગ્યા કે જે હજુ જન્મ્યો નથી, જન્મ્યા પછી જીવશે એની ખાત્રી નથી, ઉપરાંત એનું પણ તો શુભાશુભ કર્મ બંધાયેલ હશેના? છતાંય આ ભૂદેવને ફરીથી ભિક્ષા લેવા નીકળવું પડે છે તે કેટળું બધું નિંદનીય કહેવાય.

શેઠે બ્રાહ્મણને કહયું, પંડિતજી, કાલથી ત્રણ જણાની ભિક્ષા લઇ જશો પરંતુ ભીખ માંગશો નહી.

ભૂદેવ ફરીથી ખુશ થતાં થતાં ઘરે આવે છે. હવેથી રોજ એને ત્રણ જણાની ભિક્ષા મળવાથી ભૂદેવ ફરી પાછા પૂર્વવત્ ખુશખુશાલ પત્ની સાથે રહે છે.

એક દિવસ દૈનિક પત્ર વાંચતા એક સમાચાર પર એમની દષ્ટિ પડે છે એમાં લખ્યું હોય છે કે એક સ્ત્રીને બે સંતાન જન્મે છે.

બ્રાહ્મણ ફરીપાછો વિચારે ચડે છે કે કદાચ મારી પત્નીને પણ એક સાથે બે સંતાન અવતરે તો? શેઠે તો ત્રણ જણા માટે ભિક્ષા આપવાનો પ્રબંધ કર્યો છે તો ચોથા માટે, મારે શું કરવાનું ?

આમ લોભ-લાલચના સાતમા આસમાને બિરાજમાન થયેલો બ્રાહ્મણ ફરીથી ખભે ઝોળી લટકાવીને ભીખ માંગવા નીકળી પડે છે.

ફરી પાછા શેઠની નજર આ ભિક્ષુક પર પડે છે ને બ્રાહ્મણને પૂછ્યાં ભૂદેવ

જણાવે છે કે " શેઠ, આપે તો ત્રણ જણાની ભિક્ષા માટે પ્રબંધ કર્યો એનો ઘણો ઘણો આભાર! પરંતુ મારી ગર્ભવતી પત્ની કદાચ બે જોડ્યાં બાળકોને જન્મ આપે તે ? અને ચાર જણા થઈને માટે એ ચોથી વ્યકિત માટે, મારે કંઈક તો ભેગું કરવું પડેને? એટલે જ ભિક્ષા માટે નીકળી પડ્યો છું."

બ્રાહ્મણની લોભવૃત્તિ ઉપર શેઠ ધિક્કાર વરસાવે છે. વિચારે છે કે "આ બિચારો બ્રાહ્મણ ! સારો વ્યાખ્યાતા ને પાઠક હોવા છ્તાંય પોતાના દુર્ગુણોના લીધે લોભ ને લોભમય ભયંકર ખરાબ વિચારધારામાંથી મુકત થઈ શકતો નથી."

માટે જ કહેવાયું છે કે

"पंडित भये मशालथी, बातों करे बताय
ओरोंको उजाला करे आप अंधेरे जाय
काम क्रोध, मद लोभकी जब लग घर में खाण
क्या पंडित क्या मूर्ख, सबही एक समान !"

જ્યારે લોભ માનવીને પકડે છે ત્યારે પંડિત કે મૂર્ખ બન્નેય એક સમાન છે માટે જ કયું છે કે લોભ રાક્ષસ કરતાં અને કાળા નાગ કરતાં વધારે ભૂંડો છે.

જીવમાત્રને રહેવાની શિબિરો બે છે.

ચાલવાની, ફરવાની, કરમાવાની, વિકસિત થવાની, જીવવાની, મરવાની, હસવાની, રોવાની, ખાવાની, પીવાની, ગત્યન્તર કરવાની કે નહી કરવાની આદિ ક્રિયાઓ જેમાં વિદ્યમાન હોય તે ચૈતન્ય સ્વરૂપી જીવાત્મા કહેવાય છે.
અનન્તાનન્ત જીવોને ઉત્પન્ન થવાના ૮૪ લાખ સ્થાનો શાસ્ત્રમાન્ય છે એટલે કે - આ સ્થાનોમાં સૂક્ષ્મ નિગોદ - સૂક્ષ્મબાદર, પૃથ્વી - પાણી - અગ્નિ - વાયુ અને બાદર સાધારણ વનસ્પતિ, પ્રત્યેક વનસ્પતિ આદિ એકેન્દ્રિય જીવો, બે - ત્રણ - ચાર ઈન્દ્રિયોવાળા વિકલેન્દ્રિય જીવો, ચારપગા - બે પગા - આકાશમાં ઉડનારા, છાતી અને હાથ વડે ચાલનારા પંચેન્દ્રિય તિર્યંચ જીવો, સંજ્ઞી અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય જીવો ગર્ભજ પંચેન્દ્રિય તથા સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય મનુષ્યો, દેવો અને નારકાદિ જીવો, પોત-પોતાના કરેલા કર્મોના કારણે સુખ-દુઃખ, સંયોગ-વિયોગ, જન્મ-મરણ આદિનેં ભોગવતાં સ્ટેશનના એક પ્લેટફોર્મથી બીજી પ્લેટફોર્મ ઊપર અને બીજાથી ત્રીજા પ્લેટફોર્મના ઊપર જેમ રખડપટ્ટી કરી રહયાં છે તેનું કારણ શું? અને તેમાંથીજ મુકત થવાનું કારણ શું? આનો નિર્ણય કરીએ તે પહેલા જાણવાનું જરૂરી રહેશે કે -

નન્તાનન્ત જીવો અનાદિકાળથી બે શિબિરોમાં બહેંચાઈ ગયા છે (૧) મોહરાજાની છાપણી (શિબિર) (૨) વૈરાગ્યરાજાની છાવણી આ શિબિરો (છાવણી) અનાદિકાળની છે કેમકે, કોઈનાથી પણ ઉત્પત્તિ વિનાનો સંસાર જ્યારે અનાદિકાળનો છે, માટે જ સર્વથા અને સર્વદા શાશ્વતી સન્તાને ભોગવનાર જીવોને સંસારમાં રખડવાનું અનિવાર્ય છે. અને જ્યારે જીવો અનાદિકાળના છે તો મોહરાજા અને વૈરાગ્યરાજાની છાવણીઓ પણ અનાદિકાળની હોય તેમાં શંકા શાની? મોહરાજાની છાવણીમાં અનન્તાનન્ત જીવો છે તો વૈરાગ્યરાજાની છાવણીમાં અનન્ત જીવો પોતાના ચરમલક્ષ્યને પ્રાપ્ત કરી સિદ્ધશીલામાં બિરાજમાન છે અને અનેક જીવો ૧૨ - ૧૩ મે ગુણસ્થાને બિરાજમાન છે. કદાચ કોઈને કહેવાનો સમય આવે કે, મોહરાજાની છાવણીમાં જ્યારે અનન્તાનન્ત જીવો છે, તો તે છાવણી સારી અને શ્રેષ્ઠ હશે? આના જવાબમાં જાણવાનું કે શિકારી ને પ્રત્યક્ષ થયેલા શિકારને ફસાવવાને માટે જીભ માંસના, રોટીના ટુકડા, તથા લોહી ભરેલા પ્યાલાઓને મૂકે છે, અને જીવોને ફસાવે છે, તેવી રીતે, વિનય વિવેક વિનાના, સદ્‌જ્ઞાન તથા બ્રહ્મજ્ઞાન રહિત ઈન્દ્રિયો મન તથા શરીરના પૂર્ણ ગુલામ બનેલા, ભોગાન્ધ, કામાન્ધ, સ્વાર્થાન્ધ, લોભાન્ધ, ઈર્ષ્યાન્ધ, ક્રોધાન્ધ, માનાન્ધ ઉપરાન્ત, સંસારની માયામાં પોતાના અન્ધત્વના કારણે લાચાર બનેલાઓને પોતાની છાવણીમાં પ્રવેશ કરાવવાને માટે એને પ્રવેશ કરેલાઓને કામ તથા ભોગોની સુવિધાઓ આપી સ્થિર કરવાને તથા પોતાના પક્ષમાં રહેવા વાળાઓને માટે માંસભોજન, શરાબપાન, જુગાર, શિકાર, રાત્રિભોજન અનંતકાય અને સભક્ષ્ય ભોજન, પરસ્ત્રી તથા વેશ્યાગમન, લાંગ - ગાંજો - ચરસ - બ્રાઉન સુગરાદિ - અફીણ આદિના સેવનની પૂર્ણ છુટ આપી છે. જીવાત્માને જે ગમે, જે રીતે ગમે અને જ્યારે ગમે ત્યારે બધાય કાર્યો કરવાની છૂટ છે. ખાઓ, પીઓ, નાચો, કૂદો, રાસ-ગરબા અને ડિસ્કોની પધ્ધતિથી નૃત્ય વ્દારા ખુશ રહો. આ પ્રમાણે મનફાવતી બધી છૂટછાટો હોવાના કારણે જીવાત્માને મોહરાજાની છાવણી પ્રથમ તબક્કે ગમી જાય છે, પરન્તુ માંસાદિના લોભના કારણે પાંજરામાં, જાલમાં, ફસાયેલા માછ્લા, કબૂતરા, પોપટ, મયૂર, ચકલા,ચકલી, દેવચકલી, હરણ, સસલા, કૂતરા, ઉંદરડા, બીલાડા, વાઘ, વરુ, દીપડા, સિંહ આદિ જાનવરોને જ્યારે પોતાની આંખોની સામે કસાઈની છરી દેખાય છે, ત્યારે-તેમને ભાન આવે છે કે - માંસાદિના લોભના પાપે વિનાકાળે મૃત્યૂના મુખમાં જવાનો સમય અમારા મસ્તક પર આવ્યો છે તેવી રીતે શરાબપાનાદિના નશામાં, વેશ્યા કે પરસ્ત્રીની શેતાન જાલમાં ફસાઈ ગયા પછી જ માનવમાત્રને પણ સ્પષ્ટ દેખાઈ આવે છે કે અમારી મોહાન્ધતા, અજ્ઞાનતા, ઉપરાન્ત, જીભ અને

સ્પર્શેન્દ્રિયની સુંવાળી જાલમાં ફસાઈને અને સર્વથા બેહાલ થઈ ગયા છીએ. કેટલાક વૃધ્ધો, વૃધ્ધાવસ્થામાં સાધ્ય, અસાધ્ય, કષ્ટ સાધ્ય રોગ, મહારોગ, બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, ઉદારસ, મોટી ઉદરસ, દમ, ડાયાબીટીસ ઉપરાન્ત હાડકા, લોહી, ફેફસા, ગળા, સ્તનના કેન્સર જેવા મહાભયંકર રોગોમાં ફસાઈને આખોમાંથી આંસુ ટપકાવતા કહેતા પણ હોય છે કે - આવી ચોરાની દુષ્ટબુદ્ધિ અમને ક્યાંથી સુઝે? આ પ્રમાણે-આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં બેમોતે મરતાં કેટલાક નરકગતિના અને કેટલાક તિર્યંચગતિના મહેમાન બનવા પામે છે, ત્યાં પરમાધર્મિઓ અને યમદૂતોનો માર ખાતા અને સર્વથા અસહય ભૂખ - તૃષા - ઠંડી - ગરમી ને સહન કરતાં કહેતા હોય છે કે - હે પ્રભો ! અમને એકવાર ફરીધી મનુષ્યાવતાર મળી જાય તો હમેશાને માટે મોહરાજાની છાવણીનો ત્યાગ કરીશું અને વૈરાગ્યરાજાની છાપણીમાં પ્રવેશ કરી અનન્ત દુઃખોથી પૂર્ણ આ સંસારનો છેદ કરનારા બનીશું. આવી રીતે દુઃખગર્ભિત ભાવના કરતો જીવ પુનઃ માનવાવતારને મેળવવા માટે ભાગ્યશાળી બને છે પણ જ્યાં સુધી મૂંછના વાળ આવતા નથી ત્યાં સુધા જ સીધો-સાદો અને કંઈક ધર્મપ્રેમી પણ બને છે. પરન્તુ જેમ જેમ ઉમદમાં આગળ વધે છે, તેમ તેમ પૂર્વભવના આચરિત પાપ-સંસ્કારોના ચકરાવે ફસાઈને મૈથુન અને પરિગ્રહ સંજ્ઞાની ગુલામી સ્વીકારતો જાય છે અને જેમ જેમ મૈથુનકર્મ (સેકસ) નો રંગ ચોલમજીઠિયો થતો જાય છે તેમ તેમ ચૌર્યકર્મપૂર્વક પરિગ્રહ વધારવાની ધૂનમાં ને ધૂનમાં, જંગલો કપાવવાના, કોલસા પડાવવાના, મોટામોટા ઉદ્યોગો સ્થાપવામાં, મગફળી - તલ અને કપાસીઆ પીલવાની મીલો ઉભી કરવાના, જીવતાં પશુઓને માર્યા પછીના મુલાયમ ચામડાના લાયસન્સ લેવાનાં, બિલ્ડર બની મોટી મોટી બિલ્ડીંગો બાંધવાના, પરદેશથી ચરબી મંગાવી ખાવાપીવાની ચીજોમાં સેળભેળ કરવાનાં, આદિ વ્યાપારોમાં પૂર્ણ મસ્ત બનીને અગણિત જીવોની હત્યા કરનારો માનવ મરીને ફરીથી દુર્ગતિનો અતિથિ બને છે જ્યાં દુઃખોની પરમ્પરા ઉત્તરોત્તર વધારે હોય છે અને આ પ્રમાણે દુર્ગતિ (નરકગતિ અનં તિર્યંચગતિ) ના અનેક ભવોમાં અકલ્પનીય અકથનીય અને અશ્રાવ્ય પાપકર્મોને ભોગવતા જીવાત્માની દશા અત્યન્ત અદર્શનીય બનવા પામે છે.

**"परिवर्तिनि संसारे को नाम स्थिरो भवेत्"** — પ્રતિસમય ભવાન્તર અને ભાવાન્તરશીલ સંસારમાં કોઈપણ જીવ એકેય ગતિમાં સ્થિર રહી શકતો નથી આ ન્યાયે નરકગતિના ઘણા જ લાંબા આયુષ્યને તથા તિર્યંચગતિના ગણિત અગણિત આયુષ્યને પૂર્ણ કરી લાખો કકરોડો ભવો પછી પણ ફરીથી માનવાવતારને પ્રાપ્ત કરે

છે ત્યાં માતાપિતાઓના સુસંસ્કારોને લઇ ધર્મની ભાવના રહે છે, સાધુ મુનિરાજ ગમે છે, તેમને ભાત પાણી (ભિક્ષા) દેવાના ભાવ રહે છે, પ્રતિક્રમણાદિ અનુષ્ઠાનોને મનની સ્થિરતા અને શ્રદ્ધાપૂર્વક કરે છે સાથોસાથ વ્યાપાર રોજગારમાં પ્રમાણિકતા અને નીતિમત્તા રાખે છે તથા પરણેતર જીવનપવિત્રતમ બનાવવા માટે ભાવનાશીલ છે તેમ છતાં પણ અપુનંર્બધક અવસ્થા સુધી નહી પહોંચેલા જીવોને ક્રિયાનુષ્ઠાનોમા માનસિક થકાવટ, શ્રદ્ધામાં ઉણપ અને ફળમાં સંદેહ બન્યો રહેતો હોવાથી, પરમાત્માની ભવ્યાતિભવ્ય પ્રતિમા સામે બેઠેલો હોવા છતાં મનમાં ધૈર્ય નથી, આત્મામાં ગાંભીર્ય નથી, શરીરમાં સ્થૈર્ય નથી, માળાના મણકા ફરે છે પણ મનજીભાઈ દુકાનમાં, બેંક, ઓફીસ, વ્યાપાર, ચાપાણી તથા નિરર્થક વાર્તાલાપ આદિમાં અને આગામી ભવોમાં જેની સાથે લેશમાત્ર લેવા દેવા નથી, તેવા મહેમાનોની આગતા સ્વાગતામાં પૂર્ણ મસ્ત બન્યો રહે છે. ગુરુદેવોના વ્યાખ્યાન, પ્રવચનનના શ્રવણથી આંશિક જાગૃતિ અને સાવધાની આવે છે. પરન્તુ પૂર્વભવના ઉપાર્જિત કરેલા રાગ -દ્વેષ -મોહ- માયા- લોભ- પ્રપંચ આદિ મોહરાજાના સૈનિકો તે જીવાત્માને પોતાની માયાનો ચમત્કાર તેવી રીતે બતાવી દે છે જેનાથી ધર્મનો રાગ ઘટે છે અને પૌદગલિક રાગ સીમાતીત વધે છે. આ પ્રમાણે અનન્ત કાળચક્રોમાં અનન્ત ભવો પૂર્ણ કર્યા છે. પરન્તુ જન્મ-મરણના ફેરામાંથી મુકત થાય કે થવાય તેવો પુરુષાર્થ જીવને પ્રાપ્ત થયો નથી માટે કર્મોની માયા જાલમાં ફસાઇ ગયેલો જીવ ફરીફરીથી શરીરધારી બને છે.

અરુપી આત્મા કર્મોનો ભોગવટો કઇ રીતે કરશે

કોઇને શંકા થાય કે - આત્મા સ્વયં અરૂપી છે અને કર્મો રૂપી છે તો અરૂપી આત્મા રૂપીકર્મોનો ભોગવટો શી રીતે કરતો હશે? જવાબમાં જાણવાનું કે - ભવ ભવાન્તરોમાં કરેલા કર્મોની વર્ગણાનો સંબંધ અરૂપી આત્મા સાથે ક્ષીરનીરની જેમ આત્માના પ્રતિ પ્રદેશે, નિકાચિતરૂપે થયેલો હોવાથી કરેલા, કરાવેલા આને અનુમોહેલા કર્મોને ભોગવવા સર્વથા અનિવાર્ય છે.

કાર્મણ શરીર (નિકાચિતરૂપે થયેલી કર્મોની સત્તા) રૂપી છે, તેની સત્તામાં ફસાયેલા આત્માને પણ અપેક્ષાએ રૂપી માનવામાં વાંધો નથી તે કાર્મણ શરીરમાં શરીર જાતિનામકર્મ પણ છે. તેને શુભ કે અશુભ જે રીતે ઉપાર્જ્યુ હશે તે રીતે શરીરની પ્રાપ્તિ તેવા પ્રકારે જ થવા પામશે. તેમ છતાં બારી બારણા વિનાના મકાનની ઉપમાને ધારણ કરતું શરીર કર્મોના ભોગવય માટે સર્વથા અકિંચિત્કર છે માટે ઈન્દ્રિયજાતિ નામકર્મને લઇ જીવાત્માને શરીરની રચના સાથે જ દ્વાર સમાન ઈન્દ્રિયોની

પ્રાપ્તિ પણ સુલભ બને છે જે સંસારભરના ઈન્દ્રિયોની મર્યાદા માં રહેસા પ્રત્યેક વિષયનું જ્ઞાન આત્માને કરાવવા માટે પૂર્ણ સમર્થ છે, એટલે કે મકાનમાલિક ઉઘડેલી બારીમાંથી પદાર્થોને જેમ ભણી લે છે, તેવી રીતે આત્મા પણ શરીર સાથે લાગેલી ઈન્દ્રિયોના માધ્યમથી જ્ઞાન પ્રાપ્ત કરવામાં સમર્થ બને છે. વિષયને ગ્રહણ કરવાની શકિત નિયત હોવાથી પ્રત્યેક ઈ ન્દ્રિય પોતપોતાના વિષયને ગ્રહણ કરે છે.

કામભોગ એટલે શું?

પાંચે કર્મેન્દ્રિયોનો સમાવેશ જૈનશાસને સ્પર્શેન્દ્રિયમાં કરેલો હોવાથી આત્માને પ્રત્યેક પદાર્થોનું જ્ઞાન કરાવે, અનુભવ કરાવે તે જ્ઞાનેન્દ્રિયો પાંચની સંખ્યામાં જ છે. અને સંસારભરમાં જેટલા પૌદગલિક પદાર્થો છે. તેમાં કેટલાક પદાર્થો ચક્ષુરિન્દ્રિય (આંખ) નો વિષય બને છે એટલે કે તે પદાર્થોમાં રહેલા રૂપનું ગ્રહણ આંખ દ્વારા જ થશે કેટલાક શ્રવણેન્દ્રિય (કાન), કેટલાક ઘ્રાણેન્દ્રિય (નાક) અને કેટલાક સ્પર્શેન્દ્રિયના વિષય બને છે. કર્મસત્તા બલવાન હોવાથી વિષયોને ગ્રહણ કરવામાં ઈન્દ્રિયોનો ક્રમ કયારેય બદલાતો નથી. જીવ અનાદિકાળથી પુદગલોમાં રચયો પચયો હોવાથી જેમ જેમ ઉમ્રનો પરિપાક થશે તેમ તેમ પુદગલોનો સહવાસ પણ કરતો જશે વધારતો જશે. અને તેમાં મસ્ત બનતો જશે. ચક્ષુરિન્દ્રિયથી જોવાયેલા અને શ્રવણેન્દ્રિય થી સાંભળેલા પદાર્થો આંખ કે કાન પાસે આવતા નથી તેમ છતાં જીવને પૂર્વભવોનો તેવો જ અભ્યાસ હોવાથી જોયેલા અને સાંભળેલા પદાર્થોની કામની ઉતપત્તિ થશે એટલે કે તે પદાર્થોથી માયા લાગશે, વધશે, વધારશે અને પછી તો **"ध्यायतो विषयान् पुंसः संगस्तेष्वुपजायते."** આ કારણે જોયેલા અને સાંભળેલા પદાર્થોને ભોગવવા માટે ની આશા, તૃષ્ણા, માયા લાગશે. અને નાક, જીભ અને સ્પર્શેન્દ્રિયથી તે પદાર્થોને ભોગવશે. આમાં ઈન્દ્રિયવરણીય કર્મોના ક્ષયોપશમ જેટલા પ્રમાણમાં થયેલો હશે તેટલી માત્રામાં ઈન્દ્રિયો પોતાના વિષયોને ગ્રહણ કરશે.

જીવ અને કર્મો અનાદિકાળથી સાથીદાર છે. છતાં પરસ્પર આપ અને નોળિયાની જેમ કટ્ટર વૈરી પણ છે. આ પ્રમાણે બંનેના ખેલ તમાશામાં કોઈક સમયે કર્મોને હરાવીને જીવ આગળ વધે છે ત્યારે તેની ક્ષયોપશમની શકિત પણ વધે છે. આ કારણે જ ક્ષયોપશમ, ચૈતન્યરૂપી આત્માનો ધર્મ છે. જ્યારે શરીર, ઈન્દ્રિયો, મન અને જડાત્મક મતિજ્ઞાનાવરણીય કર્મના કારણે પ્રાપ્ત થયેલી દુર્બુદ્ધિ જડ છે આ પ્રમાણે કરેલા કર્મોના વિપાક (ફળાદેશ) ને ભોગવવા ને માટે ઈન્દ્રિયોના માધ્યમથી આત્મા સમર્થ બનવા પામે છે. અને સુખ દુઃખ નો અનુભવ કરે છે મતલબ કે

સુખ દુઃખનો અનુભવ જડાત્મક ઈન્દ્રિયોને નહી પણ આત્માને થાય છે જેમકે - શ્રીખંડના વાસણમાં પડેલા ચમચાને તેના રસ સાથે કંઈપણ સંબંધ નથી તેવી રીતે ઈન્દ્રિયોના માધ્યમથી કર્મો ભલે ભોગવાય. તો પણ સુખદુઃખનો અનુભવ ઈન્દ્રિયોને નહી પણ આત્માને થાય છે. તે સૌને અનુભવમાં ઉતરી જાય તેવી વાત છે. આ પ્રમાણે મોહરાજાની છાપણી (શિબિર) માં ફસાઇ ગયેલો જીવ ફરી ફરી કર્મોને કરે છે. ભોગવે છે.

નવા બંધાતા કર્મોમાં મૂળ કારણ શુ?

તત્વાર્થ સૂત્રમાં, મિથ્યાદર્શન - અવિરતિ - પ્રમાદ - કષાય અને મન - વચન - કાયા ની વક્રતા. આ પાંચ કારણો કહયાં છે, જે પરસ્પર એકબીજાના કાર્યકારણ રૂપમાન્ય છે. જેમકે - જ્યાં મિથ્યાદર્શન છે, ત્યા અવિરતિ, પ્રમાદ, કષાચ અને યાંગ રહેલા જ છે. વિપરીત ક્રમે પણ જ્યાં મન - વચન અને કાયામાં વક્રતા છે ત્યાં કષાયોની હાજરી શી રીતે નકારી શકાશે? કષાયોની ઘેનમાં ભાનભૂલેલો આત્મા પ્રમાદી હોય જ અને પ્રમાદીને માટે ૧૮ પાપસ્થાનકોના દ્વાર ઉઘાડા રહે છે. અને જે અવિરતિવાળો છે. તેના ભાગ્યમાં સમ્યકત્વ, સમકિત ક્યાંથી હોય? કદાચ પ્રાપ્ત થયેલું હોયતો તેનું વમન થતાં કેટલી વાર લાગશે? માટે જ આત્મોન્નતિ, આત્મકલ્યાણ, મોક્ષની પ્રાપ્તિ આદિ માટે અવિરતિનો ત્યાગ કરવો ઉપાદેય માર્ગ છે. કેમકે, જેમ જેમ પાપોના માગ બંધ થતા જશે, તેમ તેમ, આત્મામાં સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ વધશે અને આવી દશા મેળવ્યા પછી તેના કષાયો, પ્રમાદ અને વક્રતા ધામા પડતાં જશે. આ કારણે ૧૮, પાપસ્થાનકો જાણવા, સમજવા અને ત્યાગકરવા, આનું નામ સમ્યક ચારિત્ર છે. પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા અને લોભને સમજી લીધા પછી હવે આગળ વધીયે.

## ૧૦ રાગ પાપ -

૧૮ પાપસ્થાનકોમાં દશમું પાપ રાગ નામનું છે જેના પ્રશસ્ત અને અપ્રશસ્ત રૂપે બે ભેદ છે. પંચ મહાવ્રતધારી, તપસ્વી, ઈન્દ્રિયદમન કરનાર અને જીવમાત્રના હિતેચ્છુ ગુરુદેવો પ્રત્યે, અરિહંત પરમાત્માઓ પ્રત્યે, અહિંસા, સંયમ,અને તપોધર્મની આરાધના કરવાવાળાઓ પ્રત્યે, જે રાગ હોય તે પ્રશસ્ત રાગ કહેવાય છે, આનાથી વિપરીત જે રાગ છે, તે અપ્રશસ્ત કહેવાશે. યદ્યપિ ઉપર પ્રમાણેના બંને રાગો કેવળજ્ઞાન મેળવવા માટે બાધક જ છે. તો પણ જ્યાં સુધા આત્મામાં અપ્રશસ્ત રાગને છોડી દેવાની ભાવના, અને તેનો ત્યાગ કરવાનો પ્રયત્ન પ્રારંભ કરવામાં ન

આવે ત્યાં સુધી પ્રશસ્ત રાગનો ત્યાગ કરવામાં, જેની પૂર્તિ ન કરી શકાય તેવી હાનિનો આત્માને સામનો કરવો પડશે.

આઠે કર્મોમાં મોહનીયકર્મની શકિત અતીવ જોરદાર હોવાથી, પ્રચ્છન્ન કે પ્રગટરૂપે પણ મોહકર્મના નશામાં જીવમાત્ર ફસાયેલો હોવાથી શુદ્ધ, શુભ કે વ્યવહાર ને સામે રાખી કરાતી ક્રિયાઓમાં પણ મોહકર્મની ચેષ્ટાઓ ચમકયા વિના રહેતી નથી. આ કર્મને શરાબપાનની ઉપમા હોવાથી, તેનું શાસન, દેવ - દેવેન્દ્ર, નાગેન્દ્ર, બ્રહ્મેન્દ્ર, વાસુદેવ, પ્રતિવાસુદેવ અને ભાવસંચયની મર્યાદામાં પ્રવેશ ન પામેલા મુનિરાજો, તપસ્વીયો, ધ્યાનિયો - યોગી - મહાયોગી - હઠયોગી આદિ વિશિષ્ટ વ્યકિતઓમાં પણ સૌને પ્રત્યક્ષ છે. આ મોહકર્મને રાગ અને દ્વેષ નામે પ્રચંડ શકિત સમ્પન્ન બે સેનાપતિઓ છે. ક્રોધ - માન - માયા - લોભ નામે દુર્જેય સુભટો છે. જે વૈરાગ્યરાજાની છાવણીમાં પ્રવેશ કરી ગયેલાઓને, પાછા પોતાની છાવણીમાં લાવી મૂકે છે.

સ્ત્રી સૈનિકો પણ અત્યન્ત બળવન્તા હોવાથી ગમે તે રીતે પણ સાધકને ચલાયમાન કરી, 'ઈતો ભ્રષ્ટઃ તતો ભ્રષ્ટઃ' કરી દેવામાં સમર્થ છે. ૧૧ મે ગુણસ્થાનકે કાળી નાગણ કરતાં પણ, ભુંડામાં ભુંડી જે મોહકર્મની ૨૮ પ્રકૃત્તિઓ છે તેમાંની એકાદ પ્રકૃતિ પણ જીવાત્માને ચલાયમાન કરતાં આંખના પલકારે નીચે પટકી દેવામાં વાર કરે તેમ નથી તથા ગુરૂકૃપા વિનાના, સ્વાધ્યાય અને તપ વિનાના વૈરાગીની દશા દયનીય બનાવી છે આવી રીતે મોહરાજાના સૈનિકોએ કોઈ. ને ક્રોધમાં, ક્રોઈને અભિમાનમાં, એકાદને માયામાં, લોભમાં, રાગમાં, દ્વેષમાં, જ્યારે અમુકોને વેદોદયમાં, બીજાઓને હાસ્ય, ભય, શોક, જુગુપ્સામાં તો ક્રોઈને જાતિ, કુળ, ઐશ્વર્ય આદિ મદસ્થાનોમાં, કોઈને સ્નેહ રાગ, કામરાગમાં તો બીજાને દષ્ટિરાગમાં એવી રીતે ફસાવી દીધા છે કે તેમાંથી બહાર નીકળવું પણ સુદુષ્કર છે.

ચંડકૌશિક નાગરાજને ક્રોધમાં બેભાન બનાવ્યા છે.

બાહુબલિજીને અભિમાનના ચક્રાવે ચડાવી મૂકયા છે.

કંડરિક મુનિને જીભના સ્વાદમાં લપટાવ્યા છે.

કામ ગજેન્દ્રને વેદોદયમાં, ઈલાચીપુત્રને રાગમાં અને જમાલિને કદાગ્રહમાં ફસાવી મૂકયા છે. આ કારણે જ, રાગ નામનો સુભટ અને તેનો પરિવાર, જીવમાત્રની ચારે તરફથી છિદ્રો ગોતવામાં ઉભે પગે તૈયાર છે. જેટલી શકિત રાગની છે તેટલા

પ્રમાણમાં દ્વેષની પણ છે, તેમ છતાં, દ્વેષ કરતાં રાગ વિશેષ બળવાન હોવાથી, ગમે તેવા વૈરાગી ને, વૈરાગ્યની ભાવનાવાળાને, કોઈને દ્રવ્યથી, કોઈને ભાવથી, અને કોઈને દ્રવ્ય ભાવ ઉભયથી પણ ચલાયમાન કરી નાખે છે.

રાગની વ્યાખ્યા આ પ્રમાણે છે

"रजति आत्मानं मोहोदयो मोहोदीरणा चेति रागः
रज्यति वाऽऽत्मा स्वयमेव पूर्वकृतकर्मोदयेनेति रागः"

સારાંશ કે, શરાબના નશા જેવા મોહકર્મના ઊદયથી અને તેની ઊદીરણાથી પણ આત્મામાં રાગના અંકુરા ઉત્પન્ન થાય છે. અથવા પૂર્વભવના કરેલા કર્મોના ઉદયથી. આત્મામાં જે ચંચલતા આવે છે, તે રાગ છે પૌદગલિક પદાર્થો વડે તથા તે પદાર્થોને મેળવવાને માટે આત્મામાં જે ભાવ તથા વિકૃતિ જાગે તે રાગ છે. સ્થિર થયેલા પાણીના ઘડાને (કુંભને) થોડી ઠોકર વાગતાં પણ પાણી ડોળાઈ જાય છે. તેમ સ્થિર સ્વભાવી આત્મામાં જે ચંચલતા, અસ્થૈર્યતા દેખાય છે તેનું મૂળ કારણ રાગ છે.

દશાસ્ત્રીય ભાષામાં રાગની વ્યાખ્યા નીચે પ્રમાણે છે.

(૧) રાગઃ રક્તા (જીવાભિગમસૂત્ર ૧૯૩)

સ્ફટિક પત્થરની મૂર્તિ સ્વચ્છ અને સફેદ છે જે તેનો સ્થાયી ભાવ છે. પરન્તુ તેની પાછળ ગમે તે રંગનું પુષ્પ મૂકીએ તો સ્ફટિકમાં પણ તે રંગ સ્પષ્ટ દેખાઈ આવે છે. જે વૈકારિક ભાવ કહેવાય છે. વસ્તુમાત્રનો સ્થાયી ભાવ સ્થિર નહી રહેવામાં નિમિત્ત કારણો પણ શકિત સમ્પન્ન હોય છે. તેવી રીતે શુદ્ધ, નિર્મલ, નિરંજન, નિરાકાર આદિ સ્વરૂપ, અનન્ત શકિતના માલિક આત્માને પણ જુદી જુદી લેશ્યાઓનો, વિચારધારાઓનો, માનસિક પરિણામોનો, રંગ લગાડનાર રાગ છે. આનાથી સ્થૈર્ય - ધૈર્ય - ગાંભીર્ય - ઔદાર્ય, શૌર્ય્યાદિ સ્થાયીભાવો ચિરસ્થાયી બની શકતા નથી જેમ આકાશમાં રહેલા વાદળો, હવાના કારણે બદલાઈ જતા વાર લાગતી નથી. તેમ પૂર્વકૃત ઋણાનુબંધ, માયાનુબંધ આદિના કારણે માતા-પિતા, ભાઈ-ભાભી, પુત્ર પરિવાર અને મિત્રમંડળી આદિની પ્રાપ્તિ પણ તેવા પ્રકારની થતી હોવાથી આત્મા પોતાના સ્થાયી ભાવનેટકાવી શકતો નથી. અન્યથા સમાધિસ્થ અને સામાયિક ભાવમાં સ્થિર થવાની ભાવનાવાળો સાધક, પોતાની સાધના અવસ્થામાં આંખના ડોળા શામાટે ફેરવતો હશે? બોલવાની ચેષ્ટા કે બીજાને સાંભળવાની કે સંભળાવવાની

ચેષ્ટા, હાથપગના ઈશારા, સંકેત અથવા વિના કારણે પણ, હાથપગ ઉંચા-નિચા કરવાના ભાવ શામાટે રાખતો હશે? સારાંશ, કેવળ ૪૮, મિનિટને માટે, અતિ ઉચ્ચસ્થાનને પ્રાપ્ત કરાવનારી સામાયિક (દેશવિરતિ ચારિત્ર) ને અરિહંત, સિદ્ધ અને ગુરુદેવની સાક્ષીએ સ્વીકાર્યા પછી પણ સાધકને બોલવામાં, જોવામાં, સાંભળવામાં તથા ઔદા ચિક ભાવમાં સરકી જવામાં રાગ વિના બીજુ કારણ કયું? માટે જ ચંચલ નેત્રને, કાનને, જીભને કે મનજીભાઈને સામાયિક દરમ્યાન મૌન આપી શકતો નથી. ધર્મધ્યાનના ઉંડામાં ઉંડા તત્વો જાણે છે. ચર્ચે છે, ઉપદેશે છે પણ પોતે અમલમાં મૂકી શકતો નથી. ચર્ચામાં બીજાને હરાવી શકે છે પણ પોતે પોતાના દોષોને હરાવી શકતો નથી, ભગાડી શકતો નથી. આમાં દૂધમાં ચાની માફક આત્મા ના પ્રતિપ્રદેશે વ્યાપક બનેલા રાગનો આ પ્રભાવ છે, તેને માન્યા વિના છુટકો નથી.

(૨) **रूपाद्याक्षेपजनितर्ग्रीनविशेषो रागः** (आवश्यक सूत्र - ९२)

આત્માને જ્ઞાન પ્રાપ્ત કરાવે તે જ્ઞાનેન્દ્રિયોની સંખ્યા પાંચની છે. કર્મેન્દ્રિયોનો સમાવેશ, જૈનશાસને સ્પર્શેન્દ્રિયમાં કર્યો છે. અન્યથા, તેમની સંખ્યાનું પ્રમાણ રહેવા પામશે નહી. જ્ઞાનેન્દ્રિયોના વિષયો સર્વથા નિયત હોવાથી કોઈપણ જાતની ગરબડ અનાદિકાળના સંસારમાં થઈ નથી. અને પુરુષ વિશેષ ના હજારો પ્રયત્નો કરવા છતાં પણ થવાની નથી લૌકિક કે લોકોત્તર માનવોને, તથા ઈન્દ્ર-ઈન્દ્રિયણીઓ, દેવદેવિઓને પણ શીત-ઉષ્ણ-સ્નિગ્ધ-રુક્ષ, ગુરૂલઘુ, મૃદુ અને કઠોર આદિ પ્રકારના સ્પર્શનું જ્ઞાન સ્પર્શેન્દ્રિય વિના મધુર, આમ્લ, કટુ, કષાય અને તિકત આદિ રસોનું આસ્વાદન રસનેન્દ્રિય વિના, દુર્ગન્ધ અને સુગન્ધનું જ્ઞાન ઘ્રાણેન્દ્રિય વિના શ્વેત, નીલ રક્ત હરિત અને પીત આદિ વર્ણોનું જ્ઞાન ચક્ષુરિન્દ્રિય વિના તથા સચિત્ત, અચિત્ત અને મિશ્ર શબ્દોનું જ્ઞાન શ્રવણેન્દ્રિય વિના થવાનું નથી જ આ પ્રમાણે કામ અને ભોગોના વિષયો ૨૩, ની સંખ્યામાં છે. મતલબ કે વિશ્વભરમાં શબ્દ-રસ-ગંધ અને સ્પર્શ વિનાનો એકપણ પુદગલ, પરમાણુ કે સ્કન્ધ નથી. તેમજ સમસ્ત પુદગલોને ગ્રહણ કરવા માટે પાંચે જ્ઞાનેન્દ્રિયોથી બીજી એક પણ ઈન્દ્રિય નથી. તેથી કરેલા પુણ્ય અને પાપકર્મોના ભોગવટામાં આ વિષયો જીવાત્માને સ્પર્શ કરનારા બનવા પામે છે.

બારી બારણા વિનાનું મકાન જેમ કોઈને પણ કામમાં આવતું નથી, તેમ ઈન્દ્રિયો રૂપી બારીઓ વિનાનું શરીર પણ શા કામનું? **"भोगायतनं शरीरम्"** આમાં શરીર એટલે સ્પર્શેન્દ્રિય સમજવું. જન્મજન્મના ફેરા ફરતા જીવાત્માએ જે

શુભાશુભ કર્મો કર્યા છે. તે ભોગવ્યા વિના બીજો માર્ગ નથી, માટે ઈન્દ્રિય જાતિ નામકર્મને લઈ જીવમાત્રને ઈન્દ્રિયોની પ્રાપ્તિ થાય છે, અને ઈન્દ્રિયાવરયણીય કર્મોના ક્ષયોપશમના કારણે જ્ઞાન પ્રાપ્ત કરવાની અલ્પાધિક શકિત પ્રાપ્ત થાય છે મતલબ કે ઈન્દ્રિયો જ્ઞાન પ્રાપ્ત કરવામાં કરણ છે, સાધન છે, જ્યારે જ્ઞાનની પ્રાપ્તિ જીવ સ્વયં જ સ્વકીય ક્ષાયોપશમિક શકિત વડે કરનાર છે. તેમાં પણ આંખથી દૃષ્ટ પદાર્થો અને કાનથી શ્રુત શબ્દોથી, કામની ઉત્પત્તિ થતાં જીવને તે તે પદાર્થો પ્રત્યે રાગ વિશેષ રાગ અને તેમને મેળવાની તીવ્રેચ્છા થાય છે. પરન્તુ દૃષ્ટ પદાર્થોનાં અને સાભળેલા શબ્દોના ભોગમાં બંને ઈન્દ્રિયો અકિંચિત્કર છે. કેવળ જીવને તોફાને ચઢાવી. આધ્યાત્મિક ધ્યાન, જાપ, પૂજા અને કાયોત્સર્ગથી ચલાયમાન કરી જોયેલા અને સાંભળેલા પૌદ્ગલિક પદાર્થોને ભોગવટામાં લેવા માટેનો તીવ્રનુરાગ ઉત્પન્ન કરાવવામાં, આ બંન્ને આંખ અને કાન ઈન્દ્રિયો પૂર્ણ સકળ બને છે. હવે તે કામોને ભોગવવા માટે નાક, જીભ અને સ્પર્શેન્દ્રિયો પોતપોતાના કામે લાગી જાય છે. આ પ્રમાણે ઈન્દ્રિયોના ૨૩ વિષયોના ભોગોથી આત્મા સુખદુઃખ નો અનુભવ કરે છે. તેમ છતાં પાપકર્મોનો ઉદય વધારે હોય તો પાંચે ઈન્દ્રિયો ના વિષયો, અણગમતા અને પુણ્યકર્મોનો ઉદય વધારે હોય તો, મનગમતા સ્પર્શો, રસો, ગન્ધો, વર્ણો અને સ્પર્શોની પ્રાપ્તિ થાય છે. અનાદિકાળના સંસાર માં અનન્તાનન્ત કર્મોથી આવૃત આત્માને કરેલા કર્મોથી ઉત્પન્ન થયેલા કામો અને ભોગોની રમણતા જ કર્મવિપાકનો ફળાદેશ છે જેને ભોગવ્યા વિના બીજો માર્ગ નથી.

એક ભવનો ત્યાગ કરી બીજે શરીરાવતાર પ્રાપ્ત કરવા માટે જે સમયે જીવાત્મા માતાની કુક્ષિમાં આવે છે ત્યારે પણ, કામો અને ભોગો સત્તામાં રહેલા જ હોય છે. પરન્તુ તેને ભોગવવા માટે ઈન્દ્રિયોમાં સશકતતા પ્રાપ્ત થયેલી ન હોવાથી આત્મા અસમર્થ બને છે, અસમર્થ એટલે કામભોગોની માયાનો અભાવ નહીં પણ તેના ભોગવટાંમા ઈન્દ્રિયોની અસમર્થતા જાણવી ઉમ્ર વધવાની સાથે જેમ જેમ ઈન્દ્રિયોમાં કામભોગની શકિત વધતી જાય છે તેમ તેમ પાંચે ઈન્દ્રિયોના વિષયો પ્રત્યે રાગ વધતો જાય છે. એટલે કે રૂપ, રસ, ગન્ધ, સ્પર્શ અને શબ્દોથી ઉત્પન્ન થયેલી પ્રીતિ, પ્રેમ, સ્પૃહા, ઝંખના ના પરિસ્પંદો આત્મામાં થાય છે તે રાગનું જ પરિણામ છે ફળ છે. આ રાગ સર્વથા નવો જ થાય છે. તેમ નથી, પરન્તુ આત્માના પ્રત્યેક પ્રદેશમાં મોહકર્મના સ્કન્ધો અનાદિકાળથી વિદ્યમાન છે. તેમાં રાગની વિદ્યમાનતા પણ નકારી શકાય તેમ નથી આ કારણે જ બે માસનો, બે વર્ષનો બાલુડો આંખ ખુલ્લી રાખીને સંસારને, સંસારની માયાને ટગર ટગર જોતો જ હોય

છે. તેમાં પૂર્વોપાર્જિત રાગનો જ ચમત્કાર સૌને પ્રત્યક્ષ છે.

(૩) **राग: रागानुभूतिरूपत्वात् अस्य अब्रह्मणो विशंतितमनाम भेद:** (प्रश्न. व्या. ६६)

અર્થાત્ દ્રવ્ય અને ભાવના ભેદથી મૈથુનકર્મના બે ભેદ છે. દ્રવ્ય મૈથુન (સંભોગ મૈથુન) માટેની અનુકૂળતા પ્રાપ્ત થાય કે ન પણ થાય પરન્તુ પાંચે ઈન્દ્રિયોના વિષયોના ભોગવટામાંથી ઉત્પન્ન થયેલો અને વધેલો રાગ સ્વયં ભાવમૈથુન છે પ્રશ્નવ્યાકરણ આગમમાં મૈથુનના જે પર્યાયો વર્ણવ્યા છે તેમાં વીસમો (વિશતિતમો) પર્યાય રાગ છે. માટે જ પકખીસૂત્રમાં **"सद्दारूवारसा गंधा फासाणं पवियारणा:"** ઈન્દ્રિયોના વિષયમાં ઉત્કૃષ્ટ રાગ તેને પ્રવિચારણા કહે છે. એટલે કે ભોગાતિરેક ભાવમૈથુન છે, તત્વાર્થ સૂયત્રમાં જેને પ્રવિચાર કહયો છે.

(૪) **पित्रादिषुस्नेहो राग:** (प्रश्नव्याकरण १३७)

આધ્યાત્મિક દષ્ટિએ આત્માના એકાન્ત શત્રુ સદશ રાગના કારણે સાધક આત્માને માતા-પિતા અને પુત્ર પરિવાર પર, સ્નેહની અતિરેકતા થાય અને અવસર મળતા આ રાગ, અમુક વ્યકિત સાથે કામરાગ અને અમુક સાથે દષ્ટિરાગ કરાવીને જ્ઞાનાત્માને પણ જ્ઞાનમાર્ગથી નીચે પાડી દે છે .... **"ज्ञानस्य फलं विरति:"** આવું જ્ઞાન અને તેનું પાપોના દ્વાર બંધ કરવા રૂપ સમ્યક્ચારિત્ર, આત્મામાં પરિપકવ થતું નથી કે, પરિપકવતા લાવવા દેતું નથી, તેમાં મૂળ કારણ રાગ છે. કામરાગ અને સ્નેહરાગ કરતાં દષ્ટિરાગ ભયંકરમાં ભયંકરપે ખરાબમાં ખરાબ એટલા માટે છે કે કામરાગ અને સ્નેહરાગ તો ધાર્મિકતા ના કારણ પણ બની શકે છે. પરન્તુ દદૃષ્ટિરાગ કદાપિ કોઈના માટે પણ ધર્મોત્પાદક બનતો નથી. માટે જ **"कामरागस्नेहरागौ ईषत्करनिवारिणौ"** અર્થાત્ જે વ્યકિતમાં કામરાગ કે સ્નેહરાગ થયા હોય તે યદિ ધાર્મિક હશે કે ધર્મની ભાવનાવાળો હશે તો આપણને પણ ધર્મના માર્ગે લઈ જવા સમર્થ બનશે. પરન્તુ દષ્ટિરાગમાં ધર્મ નથી, ધાર્મિકતા નથી, માટે આવા રાગને પાપ કહયુ છે. **"दृष्टिरागस्तु पापीयान्"** ઉપરના વિવેચનથી સ્પષ્ટ જણાઈ આવે છે કે આત્માનો પરમ શત્રુ રાગ છે. માટે, તેનો ત્યાગ કરવો એ ધર્મ છે.

**"રાગ પાપ સમાપ્ત"**

## ૧૧ દ્વેષ પાપ

૧૮ પાપસ્થાનકોમાં ૧૧ મું પાપ દ્વેષ નામે છે. ધાતુપાઠના બીજા ગણના **"દ્વિષાંક્ અપ્રીતૌ"** ધાતુથી દ્વેષ શબ્દ બનવા પામ્યો છે.

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર તથા તેમના ભેદાનુભેદો જ સચ્ચિદાનન્દ આત્માની અનન્ત શકિત કહેવાય છે. છતાં - મિથ્યાજ્ઞાન - મિથ્યાદર્શન અને નિથ્યાચારના કારણે દબાઇ ગઇ છે. આ શકિતના આચ્છાદક મિથ્યાત્વને ઉપશમિત કરવા માટે, બંદુક (રિવોલ્વર) અથવા આધુનિક વૈજ્ઞાનિકો દ્વારા શોધાયેલા અણુબોંબ આદિ સર્વ વિનાશક શસ્ત્રો હાથમાં રહેવા છતાં શરીરનો એક પણ પુરુષાર્થ, આત્મશકિતના એક અંશને પણ પ્રાપ્ત કરાવી શકે તેમ નથી કેમકે શરીર અને આત્મા સર્વથા ભિન્ન ભિન્ન છે. અનાદિકાળથી જન્મ-મરણ કરતાં કરતાં, નરકગતિમાં સંખ્યાત - અસંખ્યાત ભવ દરમ્યાન પરમાધામી યમદૂતોનો પેટ ભરીને માર ખાતા ખાતા કૃતકર્મો જેમ જેમ નિર્જરિત થતાં જાય તેમ તેમ ગુરુકૃપા અને મનન શકિતની સાથે સાથે સાત્વિક ભાવ પણ ઉત્પન્ન થાય છે, વધે છે. તેના કારણે જીવનના છેલ્લા શ્ર્વાસ સુધા સાથે રહેનારા, માટે જ આત્માના હાડવૈરી બનેલા અનન્તાનુબંધી ક્રોધ - માન - માયા અને લોભ પણ થોડા ઘણા અંશે ઉપશમિત થાય છે. જે સમ્યગ્ દર્શનની પ્રાપ્તિનું (સમ્યગ્ દર્શન પ્રગટ થવામાં મૂળ કારણ છે અનન્તાનુબન્ધા કષાયનો ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષય થવાથી અનુક્રમે ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક સમ્યકત્વરૂપ આ ત્રણે શકિતઓ જે આત્માના મૂળ ખજાનારૂપ છે તેનો પ્રાદુર્ભાવ આત્માની પુરુષાર્થ શકિત વડે થાય છે. આઠે કર્મોમાંથી મોહનીય કર્મને છોડી ને શેષ કર્મોનો ઉપશમ થતો નથી પરન્તુ ક્ષય કે ક્ષયોપશમ થાય છે. જ્યારે અજબ ગજબ શકિત સમ્પન્ન મોહકર્મની ઉપશમ જૈનશાસનને માન્ય છે. મતલબ કે જાગૃત આત્મા પોતાની અદમ્ય ઔપશમિત શક્તિના માધ્યમથી તોફાને મહાતોફાને ચઢેલા, ચઢાવેલા મોહકર્મને પણ દખાવી શકે છે, ઉપશમિત કરી શકે છે. ગુરુકુળવાસ સ્વાધ્યાય, તપ અને ત્યાગના સુસંસ્કારો આત્મમામાં જેમ જેમ વધે છે, વધારાય છે તેમ તેમ મોહકર્મનું જોર ઘટે છે મંદ થાય છે. અને પ્રાણાતિપાત (હિંસાના સંસ્કારો, મૃષાવાદ (જૂઠ પ્રપંચના સંસ્કારો) અદત્તાદાન (ચોરી કરવાના સંસ્કારો) મૈથુન (અધાર્મિક સજાતીય કે વિજાતીય કુકર્મના સંસ્કાર) અને દ્રવ્ય તથા ભાવ પરિગ્રહના મોટા પાપો પણ વધતા જાય છે. અથવા પોતે જ યથાશકિત અલ્પાંશે કે સર્વાંશે ખસેડી દે છે. ત્યારે સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર સ્વરૂપ સૂર્ય પણ પૂર્ણકળાએ

વિકસિત થતાં કેવળજ્ઞાનની ભૂમિકામાં જીવાત્માનો પ્રવેશ સુલભતમ બને છે.

પરન્તુ ઉપર પ્રમાણોની આત્માની શકિતનો વિકાસ સધાયો ન્ હોય ત્યારે મિથ્યાત્વનું જોર વધે છે અને આત્માને પોતાના ચક્ષુમાં ફસાવી દે છે, અને ચીકાસમાં ફસાયેલી માખીની જેમ, આત્મારામ પણ કિંકર્તવ્યવિમૂઢ બનીને સંસારની માયામાં ફસાય છે, ત્યારે માનવમાત્રનું મન, હૃદય, ઈન્દ્રિયો, અને બુધ્ધિ પણ સ્વાર્થપૂર્ણ થાય છે.

(નોંધ) અત્યારના વ્યવહારમાં સ્વાર્થ નિન્દનીય અર્થમાં ઉપયુકત થાય છે. જેથી આત્મા આદિનો કુત્સિત, નિન્દનીય, પરવંચક, દ્રોહાત્મક, ઘાતક અને મારક અર્થમાં વ્યાપાર કરવો તેને સ્વાર્થ કહેવાય છે. જે સંસારવૃધ્ધિનું મૂળ કારણ છે. જ્યારે સ્વાર્થનો અર્થ સ્વ આત્માના હિતસાધક પુરુષાર્થને સૂચિત કરનાર સ્વાર્થ છે. માટે ભૌતિકવાદના અર્થને સાધવામાં જ્ઞાનરહિત આત્મા સ્વાર્થાન્ધ કહેવાય છે. આવી વ્યકિતના રોમેરોમમાં સ્વાર્થી ભાવનાનું પ્રાચુર્ય હોવાથી તેની લેશ્યાઓ, વિચારધારાઓ અને પરિણતિઓ કયારે પણ સ્થિર રહેતી નથી. પરિણામે, તેનું મન એક જ વ્યકિત કે પદાર્થમાં સ્થિર નહીં રહેતા, આજના ગમતા વ્યકિતઓ અને પદાર્થો આવતી કાલે શત્રુતુલ્ય લાગશે. અને ગમે તે સદષ્ટ કારણે થયેલા આજના શત્રુઓ, તથા અણગમતા પદાર્થો, આવતી કાલે ગમતા થઇ જશે અથવા, એક જ વ્યકિતની અમુક વાતોમાં રાગલાવે છે, તો તેની બીજી વાતોમાં દ્વેષ પણ છે આવી રીતે રાગ અને દ્વેષના ચકરાવે ચડેલા માનવને કઇ વ્યક્તિ કયારે ગમશે? અને કયારે નહીં ગમે? તેનો નિર્ણય કરવો મુશ્કેલ છે. અથવા પૂર્વકૃત કર્મોને લઇ એક વ્યકિત પ્રત્યે રાગ છે અને તેનાથી પોતાનો સ્વાર્થ સદાઇ ગયા પછી, તેના પ્રત્યે દ્વેષનો પ્રાદુર્ભાવ થતાં પાર નથી વ્યકિત એક જ છે, પણ પોતાના સ્વાર્થના કકારણે ભાવો બદલાતા રહે છે. પાંચ મિનિટ પહેલા માનસિક જીવનમાં એનાથી સ્વાર્થ સાધવાનો હતો ત્યારે રાગ આવ્યો અને મિત્રતાનું, આત્મીયતાનું, પ્રદર્શન કરી તેનાથી સ્વાર્થ પૂર્ણ થતાં જ આંખમાં દ્વેષના પરમાણુઓ ભરાઇ જાય છે. આ કારણે જ રાગ અને દ્વેષ, આત્માના સ્થાયીભાવ બની શકતા નથી પરન્તુ વૈકારિક ભાવો હોવાથી, તેટલા સમય પૂરતુ સદ્જ્ઞાનનું પરિણમન અસદ્જ્ઞાનમાં થઈ જાય છે અથવા, તેમાં યદિ અનન્તાનુબંધના રસનું મિશ્ર ણ થઇ જાય, તો મહાપુરુષાર્થે પ્રાપ્ત થયેલા સમ્યગ્જ્ઞાન સાથે સમ્યગ્ દર્શન પણ હાથ તાલી દેતાં વાર લગાડે તેમ નથી.

ગળામાં પહેરેલી સોનાની ચેનમાં યદ્યપિ બધી કડીઓ જૂદી જ હોય છે,

તો પણ સોની (સુવર્ણકાર)ના પ્રયોગ વિશેષથી તે બધા એક ચેનમાં સમાઇ જાય છે. પણ તેમાંથી એક જ કડી નીકળી જાય તો આખી ચેનને ખોવાઇ જતાં વાર લાગતી નથી. તેવી રીતે મોહમિથ્યાત્વના પ્રયોગ વિશેષથી આત્માએ પણ ૧૮, પાપસ્થાનકોને ઉપાર્જન કર્યા છે માટે તે પાપસ્થાનકોમાં રાગ અને દ્વેષ નામના બે પાપોની સત્તા પણ સ્વીકાર્ય છે. કેમકે - તે બંને લંગોટિયા મિત્ર છે. આ કારણે જ જ્યાં રાગ હોય ત્યાં પ્રકારાન્તરે પ્રત્યક્ષ કે પ્રચ્છન્ન રૂપે પણ દ્વેષ હોય જ છે. અને આ બંનેની હાજરીમાં ક્રોધ - માન - માયા અને લોભ પણ નકારી શકાય તેમ નથી સાથે સાથે પ્રાણાતિપાતાદિ પાપો પણ અલવિદા થઇ શકતા નથી. તેથી રાગ જેમ પાપ છે તેમ દ્વેષ પણ પાપ છે, મહાપાપ છે જે માનવ જીવનના સત્કાર્યોને, સ્વાધ્યાયને તપ ત્યાગને નિષ્ફળ બનાવી દે છે.

શાસ્ત્રકારો દ્વેષની વ્યાખ્યા નીચે પ્રમાણે કરે છે.

**૧ દ્વેષોડપ્રીતિ લક્ષણ:** (આવશ્યક સૂત્ર ૮૪૮)

આવશ્યક સૂત્રમાં દ્વેષને અપ્રીતિલક્ષણ કહયો છે. જ્યારે ત્યારે પણ સાધકમાં સામેવાળી વ્યકિત કે ભૌતિક પદાર્થો પ્રત્યે અપ્રીતિ - નફરત, ઘૃણા, અણગમો આંખમાં લાલાસ અને જીભમાં કડવાશ દેખાય તો સમજી લેવું સરળ રહેશે કે - તે સાધક અત્યારે ધર્મના કે વ્યવહારના વેષમાં હશે તો પણ તે સમય પૂરતો દ્વેષનો માલિક બને છે. અહીં અપ્રીતિનો અર્થ અનભિલષણીયતા હોવાથી. અણગમતા શબ્દ, રસ, ગન્ધ તથા સ્પર્શ પ્રત્યે અનભિલષણીયતા એટલે કે જે શબ્દો સાંભળવાથી, રસાસ્વાદ કરવાથી, ગંધથી અને સ્પર્શથી માનવના નાકનું ટેરવું વાતે વાતે ચઢી જાય, જીભમાંથી કડવાસ ભરેલા શબ્દો નીકળે, આંખમાં ઘૃણા દેખાય આ બધાય ખેલ તમાસા કે નખરાં દ્વેષ નામના પાપના સમજવા, અન્યથા પોતાના સ્વાર્થ પૂરતી અમુક વાત સાંભળી અથવા પોતાની પ્રશંસા પર્યંતની વાત સાંભળી, ત્યાં સુધી સાંભળનારની આંખમાં ચમક, પ્રસન્નતા અને રાગ સમ્પન્નતા પ્રત્યક્ષ દેખાઇ જાય છે અને પછીથી બીજી વાત અથવા પોતાની ગરજ વિનાની વાત સાંભળતાં જ ઊંઘનાં ઝોકાં આવે, બગાસાં આવે આ બધા લક્ષણ દ્વેષના છે. સંભળાવનાર તો તેનો તે જ છે ત્યારે સાંભળનારના જીવનમાં દ્વેષની માયા સિવાય બીજી કલ્પના કંઇ કરવાની-? અમુક રસવતી (ભોજન) જમતા મનજીભાઇ ઘણા જ રાજી થયા અને જ્યાં અણગમતી દાળ કે શાકનું નામ સાંભળે છે ત્યાં ભાઇસાબનો ટેસ્ટ જયસિયારામ થઇ જાય છે. આમ થવામાં દાલ શાક તો બિચારા સ્વતઃ જડ હોવાથી દ્વેષરહિત છે ત્યારે ખાનાર જ દ્વેષપૂર્ણ છે. તેમ માનવામાં કોઇને પણ વાંધો આવે તેમ નથી.

યદિ સાધકને થોડું ઘણું સમ્યકજ્ઞાન હશે તો જાણી શકશે કે પેટમાં કંઈક નાખવું તે સાધ્ય છે અને જુવાર બાજરી, મકાઈ કે ગહુના રોટલા કે રોટલી, તુવર, અડદ કે મગની દાળ, ભીંડા, કારેલા, પાપડી, ચટણી, પાપડ આદિ સાધન છે. સાધ્ય ગમે તે સાધનોથી સિધ્ધ થતું હોય તો જડાત્મક પદાર્થો પ્રત્યે રાગદ્વેષમાં તણાઈને મારા આત્માને દુર્ગતિગામી શા માટે બનાવવો? સંસારમાં લાખો કરોડો માનવો જુવાર-બાજરી કે મકાઈ ખાતા મરી નથી ગયા અને ઘઉની પાતળી રોટલીઓ ખાનાર અમર થયા નથી. જે શાક - દાળ મને નથી ગમતાં તેને હજારો-લાખો માણસો ટેસ્ટથી ખાય છે. ઈત્યાદિ પાંચે ઈન્દ્રિયોના કામભોગોમાં મારા આત્માને માટે કયું શિક્ષણ મોક્ષદાયી બનશે? તેનો નિર્ણય કરવો એ સમ્યગ્ જ્ઞાન અને તેવી રીતનું જીવન બનાવવું તે સમ્યક્ચારિત્ર છે જે મોક્ષદાયક છે, મોક્ષમાર્ગ છે. અન્યથા **"सम्यग् दर्शन ज्ञान चारित्राणि मोक्षमार्गः"** આ સૂત્રનું રટણ, કેવળ રટણ જ રહેવા પામશે. માટે અનાદિકાળના સાથીદાર દ્વેષ પાપને દેશવટો આપવો જ હોય તો, પાંચે ઈન્દ્રિયોના ૨૩ વિષયોમાં રાગ તથા દ્વેષ વિનાનું જીવન શ્રેયસ્કર છે.

(૨) **दोषः मालिन्यकारिणी चेष्टा** (जीवाभिगम सूत्र २७७)
(૩) **दोषः मालिन्यकारणम्** (औपपातिक सूत्र १६)

અહીં દ્વેષ શબ્દ દ્વેષનો પર્યાય સમજવો બંને સૂત્રોનો અભિપ્રાય એક જ છે કે સારામાં સારા નિમિત્તો મળવા છતાં, અને પવિત્રતમ સ્થાનોમાં બેઠેલા હોઈએ ત્યારે પણ અમુક નિમિત્તો મળતા, આપણે માનસિક અને આધ્યાત્મિક જીવનમાં જે મલીનતા, કલુષિતતા, ચંચલતા, ઉગ્રતા અને કઠોરતા આદિનો પ્રવેશ થાય છે, તેમાં દ્વેષ ભાવ જ કામ કરી રહયો છે. સામેવાળી વ્યકિત જ્યારે આપણી વાતને માનવા તૈયારી ન બતાવે, આપણી સત્તાને પડકારે, આજ્ઞાવિરુદ્ધ કાર્યો કરે, ત્યારે માનવનું મન દ્વેષ સંજ્ઞાવાળું થઈને લેશ્યાઓમાં ખરાબી લાવ્યા વિના રહેતું નથી. નાનાભાઈને માટે મોટોભાઈને માટે નાનોભાઈ, ધર્મપત્ની, પુત્રપરિવાર પણ જ્યારે આપણી વાત માની લેતા હોય ત્યારે, તેઓની પ્રશંસાનો હિમાલય ઊભો કરી દઈએ છીએ અન્યથા દ્વેષભાવની ગમે તેવા દાવપેંચ, કાવાદાવા કરવામાં પુરુષાર્થનો દુરુપયોગ કરી લેતા હોઈએ છીએ.

માનવજીવનમાં માનવતા, સજ્જનતા, અને પ્રશંસનીયતા યદિ પ્રાપ્ત કરવાની ભાવના હશે તો, માનવમાત્ર વિચાર કરશે કે - પુણ્યકર્મોની ચરમસીમા જેમના ચરણોમાં સમાપ્ત થાય છે, તેવા મહાવીરસ્વામીને પણ, મોટાભાગના ઘણાં માનવોએ

જોયા નથી તેમ જ સમવસરણમા આવીને સાંભળ્યા પણ નથી તેમ વર્તમાનમાં પણ તેમના કલ્યાણકારી સિધ્ધાંતોને ઘણા લોકો માનવા તૈયાર નથી. ચક્રવર્તી - વાસુદેવોનાં પણ દુશ્મનો હતા. કૃષ્ણને અમુક માણસો ભગવાન માને છે, જ્યારે કંસ-દુર્યોધનાદિ તેને ગોવાળ પુત્રરૂપે માનતા હતા. જ્યારે આવા પુણ્યપનોતાઓની વાતો પણ માનનારા હોતા નથી, તો પછી આપણા જેવા અલ્પપુણ્યવંતોની વાત સૌ કોઈ માને, અથવા સારામાં સારા, સામાજિક સુધારાઓને કોઈ માને આવું શી રીતે બનશે? બસ! આટલો જ નિર્ણય કરવો સમ્યગ્ જ્ઞાન છે અને આપણા જીવનમાંથી રાગ-દ્વેષની માત્રાને ઘટાડવા માટેનો પ્રારંભ કરવો સમ્યક્ ચારિત્ર છે. આપણી સર્વ વાતો સમાજને, સંઘને, કુટુંબને મનાવવા કરતાં, તે વાતો આપણા જીવનમાં જ ઉતારી લેવાનો પ્રારંભ કરવો તેનું નામ માનવતા, સજ્જનતા, દયાળુતા કહેવાય છે.

**(૪) क्रोधमानस्वरूपमप्रीतिमात्रं द्वेषः** (भगवती सूत्र ८०)

ચેતન કે અચેતન પદાર્થો પ્રત્યે થતાં દ્વેષના મૂળમાં પ્રચ્છન્ન પણે રહેલા ક્રોધ તથા માનની હાજરી, નકારી શકાતી નથી, જે કારણે સાધકની સામે અણગમતી (મેટર) વાત આવે છે, ત્યારે આન્તર જીવનમાં છુપાઈ ગયેલો ક્રોધ પોતાના દાવપેંચ રમવાની શરુઆત કરે છે અને અભિમાનનો સહકાર મળતાં જાણે અગ્નિમાં ઘી હોમાયું હોય એવી અવસ્થા થતાં રોમેરોમમાં બીજાનું કાટલું કાઢવા માટે આર્તધ્યાન થયા વિના રહેતું નથી અને બેકાબુ થયેલું આર્ત્તધ્યાન યદિ રૌદ્રધ્યાનમાં પ્રવેશ કરે તો કોઈની કે કોઈના ગુણઠાણાઓની પણ શરમ રાખ્યા વિના અધોગતિમાં ધકેલી મારે છે. સાધુ-સાધ્વીને પણ બાહય પૌદ્ગલિક પદાર્થોના નિમિત્તો જ્યારે મળે છે, ત્યારે તેમની શ્રદ્ધા, જ્ઞાનમાત્રા અને સ્વીકૃત વ્રતો પર મોહમાયાનો પડદો પડે છે, ફળસ્વરૂપે આન્તરજીવન કલુષિત મલિન બને છે. આ કારણે જ છઠ્ઠે ગુણસ્થાનકે કષાયોની તથા આર્ત્તધ્યાનની પ્રમુખતાને શાસ્ત્રકારો એ નિષેધી નથી. સારાંશ કે આત્મિક દૃષ્ટિએ ગૃહસ્થો કરતાં ઉંચ સ્થાને બિરાજમાન મુનિઓને પણ, આર્ત્તધ્યાન છોડવા માટે તૈયાર નથી.

**(૫) अन्यथा ऽवस्थितं हि वस्तुन्यन्यथाभाषणं दोषः** (प्रज्ञापना सूत्र २५५)

આત્માના પ્રદેશોમાં, રોમરોમમાં, લોહીના બિંદુબિંદુમાં, જાતિવાદ, કુળવાદ, ધર્મવાદ, સમ્પ્રદાયવાદ, ગચ્છવાદ, ક્રિયાકાંડવાદ, સંઘાડાવાદ, ગુરુવાદ આદિ મોહકર્મજન્ય વાદોની પરંપરાઓએ જ્યારે પોતાની સત્તા જમાવી દીધી હોય છે,

અથવા શાસ્ત્રોનો કે પ્રકરણાદિ ગ્રન્થોનો અભ્યાસ, લાયકાત વિનાના પંડિતો પાસે કરેલ હોય ત્યારે જીવનમાં ધાર્મિકતાના સ્થાને ધર્મનો કેફ ચડે છે અને સ્વકીય સિવાયના બીજા સંઘાડાના મુનિઓ બહુશ્રુત હોય, તપસ્વી હોય, સંયમમાં-સ્થિર હોય, તો પણ તેમના અમુક દોષોને, પ્રમોદોને છેવટે તેમની ગુરુપરમ્પરાના દેષોને, યાદ કરી તેમની નિંદા, અપભ્રાજના, તિરસ્કાર, અવહેલના આદિ કરાય છે તેમાં દ્વેષ નામનું પાપ જ કામ કરી રહયું હોય છે.

કેવળજ્ઞાન મેળવવા માટેના બાધક તત્ત્વો કયાં?

દીક્ષા સ્વીકારી તપશ્ચર્યારૂપી અગ્નિમાં ચાર ઘાતિકર્મોનો ક્ષય કર્યા પછી કેવળજ્ઞાનના માલિક બનેલા, દેવાધિદેવ શ્રી તીર્થંકર પરમાત્માઓએ, જીવમાત્રના કલ્યાણાર્થે કહયું કે - હે ભાગ્યશાળીઓ! તમને યદિ કેવળજ્ઞાને પ્રામ કરવાની ચાહના, ઝંખના, ઉત્સુકતા, અભિલાષા હોય તો, સર્વપ્રથમ કેવળજ્ઞાનના બાધક તત્ત્વોને જાણવાની અત્યન્ત આવશ્યકતા છે.

રામતત્ત્વની ઓળખાણ વિનાનો પોપટ, ભલે રામરામ બોલતો હોય, અથવા 'બીલાડી આવે તો ઉડી જા' શબ્દનું રટણ કરતો હોય, પરન્તુ રામ કોણ? બીલાડી કોણ? તે આવે, અને હું ન ઉડું, તો મારી દશા શી થાય? આવી વાતોથી સર્વથા અજ્ઞાન પોપટ બીલાડીના મુખમાં ચવાઈને અકાળ મૃત્યુ પામશે તો ભૂલ કોની? કેમ કે રામ અને બીલાડી તો બંને સત્ય તત્ત્વ છે, પણ જાણકારી મેળવવામાં બેદરકાર રહેલો પોપટ મૃત્યુ દશા સુધી પહોંચી જાય, તેમાં વાઁક પોપટનો જ રહેવા પામશે.

તેવી રીતે -

૧. પાપસ્થાનકો કેવા છે? અને કેટલા છે?

૨. તે ભૂંડામાં ભૂંડા શા માટે છે?

૩. તેના સેવનથી મારી દશા ધોબીના કૂતરા જેવી શી રીતે થઈ?

૪. તે પાપો કેટલી બધી શકિતને ધરાવનારા છે?

૫. મારો આત્મા આટલો બધો મડદાલ કોના કારણે થયો?

આનો વિચાર કર્યા વિના, ધર્મના નામે ફાંફાં મારવાનો અને સમજુતિ વિના કૂદાકૂદ કરવાનો અર્થ શો?

અનાદિકાળના સંસારમાં ક્યારેય પણ અલબ્ધતત્ત્વ (જેને કોઈ સમયે પણ ન મેળવી શક્યા હોઈએ) કેવળજ્ઞાન સિવાય બીજું એક પણ નથી. તો પછી આત્માના મૂળભૂત કેવળજ્ઞાન સ્વરૂપ ખજાનાને પ્રાપ્ત કરવા માટે સાધક તત્ત્વો ક્યાં? અને બાધક તત્ત્વો ક્યાં? અત્યારે સાધક તત્ત્વોની વાત ન કરતાં બાધક તત્ત્વોની વાત જ પ્રસ્તુત પ્રકરણ સાથે સંબંધિત હોવાથી તેની ચર્ચા સર્વપ્રથમ કરી લઈએ, અથવા બાધક તત્ત્વોનો સમ્પૂર્ણરીતે નાશ કર્યા વિના કેવળ સાધક તત્ત્વોની આરાધનાથી કોઈએ પણ કેવળજ્ઞાન મેળવ્યું છે? મેળવી શકાય છે? કોઈ મેળવી આપનાર છે? તીર્થંકર પરમાત્મા મહાવીરસ્વામી પણ રાગ નામના બાધક તત્ત્વને દૂર કર્યા વિનાના બાહુબલીજીને કેવળજ્ઞાન આપી શક્યા છે? ઈન્દ્ર ને પરમાત્માએ કહયું કે, કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં કોઈની સહાયતા પણ કામમાં નથી આવતી. સારાંશ કે, બાધક તત્ત્વ એટલે નવા પાપોના દ્વાર બંધ કરવા અત્યાવશ્યક છે. કેમ કે મોહ-મિથ્યાત્વ, કષાય અને વિષય વાસનાના કારણે જીવમાત્ર, કેવળજ્ઞાનના બાધક તત્ત્વોમાં જ રચ્યો પચ્યો હોવાથી કેવળજ્ઞાનનો માર્ગ (સડક) પણ પ્રાપ્ત કરવા માટે સર્વથા અસમર્થ રહયો છે.

આઠ પ્રકારના મદસ્થાનો જ કેવળજ્ઞાનના બાધક છે.

ગ્રામાન્તરે જતાં વચ્ચે મોટામાં મોટો પર્વત આવે ત્યારે, શરીરના અસાધારણ પુરુષાર્થ દ્વારા તેનું ઉલ્લંઘન કર્યા વિના આગળનો માર્ગ કદાપિ કોઈપણ હસ્તગત કરી શકતો નથી. તે પ્રમાણે કેવળજ્ઞાનની પ્રાપ્તિ માટે ઘાતિકર્મોરુપી પહાડનું ઉલ્લંઘન યદ્યપિ દુઃસાધ્ય છે તો પણ સુસાધ્ય બની શકે છે. તથાપિ, અભિમાન કષાયરૂપી પર્વતના અષ્ટમદ સ્થાનીય શિખરોનું ઉલ્લંઘન અપવાદ સિવાય વિશિષ્ટ કોટિના સાધકોને માટે પણ સુદુસ્ત્યાજ્ય જ રહેવા પામે છે. જાતિમદ, કુળમદ બળમદ, રૂપમદ, તપમદ, ઐશ્વર્યમદ, શ્રુતમદ અને લાભમદ નામના આઠ સંખ્યામા. મદસ્થાનો શાસ્ત્રમાન્ય છે. જે એક-એકથી ચઢિયાતા અને દુર્લભ્ય છે. ગૃહસ્થાશ્રમમાં રહેલા શ્રાવક-શ્રાવિકાઓની વાત રહેવા દઈએ, પણ પ્રશંસનીય વૈરાગ્યપૂર્વક મહાવ્રતોનો સ્વીકાર કર્યા પછી ગુરુકુલવાસમાં રહીને તપ, ત્યાગના સંસ્કારોને પ્રાપ્ત થયેલા મહાવ્રતધારીને પણ, સંઘાડાનો, ગચ્છનો, તથા ગચ્છાધિપતિની પદવીનો મદ, તપશ્ચર્યા અને સંયમનો મદ, શિષ્યસમ્પત્તિનો લાભનો મદ, વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલા બળનો મદ, જ્ઞાનવરણીયકર્મના ક્ષયોપશમથી લબ્ધ જ્ઞાનનો મદ, ઈત્યાદિ મદસ્થાનો મહાવ્રતધારીને શા માટે હો.ય? અને હોય તો, શાસન તથા સમાજની દશા કેવી થવા પામશે? વ્યકિતગત દૂષણથી સમાજને હાનિ પહોંચે તેવું જીવન નર્યો માયામૃષાવાદ છે. ફળસ્વરૂપે મેરૂપર્વત ઢંકાય, તેટલા ઓઘા મુહપત્તિના વેષમાં,

એક મીંડુ વધારી દેવા સિવાય, બીજો ફળાદેશ કયો?

જૈનેતર સમાજમાં કેવળ બ્રાહ્મણ સંસ્થાએ તો જાતિવાદ, કુળવાદ ઉપર જ પોતાનું સંસ્થાન દઢ કરેલું હોવાથી, તેઓ કહી શકે છે કે, - બ્રાહ્મણ સિવાય બીજો એકપણ વર્ણ કે જાતિ, ખાનદાન કે ઉચ્ચ નથી જ તેના સિવાય કોઇ પવિત્ર નથી, શાસ્ત્રોનો, વિધિ-વિધાનોનો અધિકાર બ્રાહ્મણ વિના કોઇને નથી. રાજનીતિ, ધર્મનીતિ ઉપરાન્ત જ્યોતિષ, મંત્ર-તંત્રનો અધિકાર પણ બ્રાહ્મણ સિવાય બીજાને નથી. બીજાને આપવા માંગતા પણ નથી. સ્ત્રીઓને તાડન તર્જન કરવાનો અધિકાર દેનાર પણ, બ્રામણ છે. યાવત્ પરમાત્માને મેળવી અપાવનાર પણ બ્રામણ છે, ઇત્યાદિ કથનોથી સુન્દર અને સ્વાદુફળો કેટલા મળ્યાં તે પરમાત્મા જાણે! જ્યારે આપણે તો જૈનશાસનને માનનારા હોવાથી, બ્રાહ્મણો જેવી વાતો કરીએ, તો તીર્થંકરની વાણીનો દ્રોહ કર્યો કહેવાશે, સ્યાદ્વાદ, અહિંસાવાદ અને સંયમવાદની ક્રૂર મશ્કરી જેવું થશે અને પરિણામે ભારતદેશમાં જાતિવાદ, સમ્પ્રદાયવાદ, ભાષાવાદ, પ્રાન્તવાદ અને સત્તા પ્રાપ્તવાદોની પરમ્પરાના ચક્કરમાં, ધર્મવાદ કેવળ જીભ પર બોલવા પૂરતો જ રહેવા પામશે, રૂપીયાના અવમૂલ્યન પછી પણ, તેના થોડા ઘણા પૈસા તો આવે જ છે, પણ ધર્મવાદ, અહિંસાવાદ, કેવળ સૌ કોઇને સ્વાર્થસિધ્ધિ સિવાય, અન્ય એકપણ કામમાં આવી શકે તેમ નથી. આ કટુ છતાં પણ સત્યકથન સૌ કોઇને માનવામાં તથા અનુભવમાં આવે છે. પણ તેનો ત્યાગ અતિ દુષ્કર હોવાથી, કોઇક જ માઇનો લાલ આવા વાદોથી પોતાના આત્માને જુદો રાખશે. આ બધા ખેલ તમાશા દ્વેષના છે. માટે જ શાસ્ત્રકારોએ કહયું કે - અન્યથારૂપે રહેલી વાતને અન્યથારૂપે પલટાવીને કહેવી તેમાં દ્વેષ નામનું પાપ સ્પષ્ટ દેખાય છે.

પ્રસ્તુતસૂત્રની સ્યાદ્વાદની દષ્ટિએ બીજી વ્યાખ્યા -

હવે આ સૂત્રની વ્યાખ્યા બીજી રીતે પણ જાણી લઇએ, જેમકે - દેવાધિદેવ ભગવાન મહાવીરસ્વામીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું ત્યારે પણ, ૩૬૩ પાંખડીઓ, ઉપરાન્ત શૂન્યવાદ, ક્ષણિકવાદ, માયાવાદ, અનીશ્વરવાદ, ઇશ્વર કર્તૃત્વવાદ, દ્વૈત અને અદ્વૈતાવાદ, નિત્ય અને અનિત્યાદિ વાદોની પરમ્પરાઓ જોરદાર ચાલુ હતી. તે સમયના રાજા મહારાજાઓ અને શ્રીમંતો પણ પોતાને પસંદ વાડા બંધી (પક્ષપાત)માં પૂર્ણરૂપે ફસાઇ જઇ ધર્મ-સંપ્રદાય અને જાતિઓના કારણે વાતે વાતે તોફાન-મસ્તી અને છેવટે નાના-મોટા રણમેદાનો પણ ખેલાઇ જતાં હતાં જે ઇતિહાસ પ્રસિદ્ધ છે. મીઠા-મધુરા દૂધપાકમાં ખટાશનો સંયોગ થવાથી તેમા વિકૃતિ આવ્યા વિના રહેતી

નથી, તેવી રીતે, અપેક્ષાએ સાચી વાતને પણ 'એવમેવ' 'જ' લગાડીને બોલીએ તો, સમાજ, દેશ અને સમ્પ્રદાયમાં કયારે પણ શાન્તિ-સમાધિ પ્રાપ્ત થતી નથી. પરિણામે માનવજીવનને અમૃતમય બનાવવું જોઇતું હતું તેના બદલામાં વિષસદશ બનાવી દેવામાં આવે છે, જે ભણતર, ગણતર, વાક્પટુતા અને વિદ્વતાની કરુણતા છે. આવી પરિસ્થિતિમાં ધાર્મિકતાના નામે બગડી ગયેલા દેશને સુધારવામાટે ચક્રવર્તિઓ કે વાસુદેવો પણ શું કરી શકવાના હતાં? કારણકે ધર્મો કે તત્ત્વોના ઝઘડાઓમાં શંખ, ચક્ર, ગદા, બાણ આદિ શસ્ત્રો પણ અકિંચિત્કર જ રહેવા પામે છે. તેથી આ બધા જટિલતમ ધર્મોના અખાડા ચલાવનાર, ભગવા, પીળા, લાલ કે કત્થાઇ વસ્ત્રોને પરિધાન કરનારા તથા ટીલા ટપકાઓમાં સજ્જ થયેલા સાધુસંતોની અજ્ઞાનગ્રન્થિઓ છેદવા માટે. સર્વસ્વત્યાગી, મિત્ર-શત્રુ પ્રત્યે રાગ-દ્વેષ વિનાના, તીર્થંકર અરિહંત-પરમાત્માઓ જ પૂર્ણ સફળ બને છે. જે પોતે રાગ-દ્વેષથી મુકત હોય, તપસ્વી હોય, તે જ બીજાઓને રાગ-દ્વેષ છેડાવી શકે છે અને ભોગૈષણા અને લોકૈષણાનો ત્યાગ કરાવનાર બને છે.જ્યારે ચક્રવર્તિઓ, વાસુદેવો સ્વયંભોગવિલાસી છે. માટે જ, ૬૪ કે ૧૬ હજાર રમણીઓના સહવાસમાં રહીને જીવન પૂર્ણ કરનારા છે તથા પોતાની સત્તા કાયમ રહેવા પામે તે માટે રણમેદાન ખેલનારા છે, અને હરતાં ફરતાં કયાંય પણ કામણગારી કન્યાને જોતાં જ વિષયાંધ બની, અવસર આવે તો ઝનુની બનીને પણ લાખો માણસને યમસદનમાં મોકલી આપનારા છે. માટે સંસારમાં ઘણી સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે સર્વસ્વત્યાગની આવશ્યકતા સૌને સ્વીકાર્ય છે.

**"यदा यदा हि धर्मस्य ह्रासो भवति भारते ।**
**तदा तीर्थंकरोत्पत्तिः निःसंशय भवत्येव ॥"**

આ ન્યાયે તીર્થંકર અરિહંત પરમાત્મારૂપે અવતરિત, ત્રિશલાનન્દન ભગવાન મહાવીરસ્વામીએ દીક્ષા લીધી એટલે બાહય અને અભ્યન્તર પરિગ્રહનો સમ્પૂર્ણ ત્યાગ કર્યો, સર્વથા અદ્વિતીય કેવળજ્ઞાન પ્રાપ્ત કરનારા અરિહંત સિવાય બીજા કોઇ નથી. સમગ્રવિશ્વમાં રહેલા ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળમાં વિદ્યમાન સર્વે જીવાદિ દ્રવ્યો અને તેમાં રહેલા સર્વે ગુણો અને પર્યાયોને અરિહંત પરમાત્મા જાણે છે તથા આત્માદિક દ્રવ્યોમાં કોની લાયકાત કેટલી છે? અને કામક્રોધાદિ પર્યાયોમાં ફેરફાર થઇ શકશે કે કેમ? તેમનો વિચાર કરી, ધાર્મિકતાનો ત્યાગ કરી ધર્માન્ધતાને પ્રાપ્ત કરેલા હઠાગ્રહીઓ, કદાગ્રહીઓ તથા અસત્યચારોમાં રહેલાઓને સમજાવવા માટે સ્યાદ્વાદ ભાષા વિના બીજી ભાષા કામ આવે તેમ નથી.બોલનાર, માનનાર કે

લખનારની વાત એક અપેક્ષાએ સત્ય હોઇ શકે, પણ તે સત્ય શા કામનું? જેનાથી ઘટવા જોઇતા ક્લેશ કંકાસો વધવા પામે અને એક-બીજાના હાડવૈરી બનીને મનઘડંત સિધ્ધાન્તોના નામે અખાડા રમવા માટેનું મેદાન ઉદઘાટિત થવા પામે.

સ્યાદ્વાદ પોતે ધર્મ નથી, પણ સાપેક્ષરૂપે બોલાતી ભાષાને જ સ્યાદ્વાદ કે અનેકાન્ત વાદના નામે જાણવી. નિરપેક્ષનો અર્થ થાય છે કે, દ્રવ્યમાં રહેલા બીજા પર્યાયોનો (ધર્મોનો) અપલાપ કરી ભાષા વ્યવહારમાં 'હું માનું છું તે જ સાચું છે, મારાં શાસ્ત્રો અને મારા ગુરુ જ સાચા છે.' આમ 'જ' લગાડીને ભાષા બોલવી, જેમ કે 'જીવ નામનો પદાર્થ છે જ નહીં' છે તો પરમાત્માનો બનાવેલો જ છે, તે નિત્ય જ છે, અનિત્ય જ છે, ક્ષણિક જ છે, શરીરને છોડી બીજો જીવ નથી જ, જીવ અને જીવની માયા મિથ્યા છે. તે સર્વ વ્યાપી છે. ઇત્યાદિ ભાષા નિરપેક્ષ હોવાથઈ અસત્ય ભાષા છે. જેનાથી સંસારને વૈરવિરોધ અને વાતે વાતે વિતંડાવાદની બક્ષીસ મળવા પામી છે. આ કારણે જ 'વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહયો' ગુણો અને પર્યાયોનો અનુભવ સ્પષ્ટરૂપે સૌને થઇ રહયો હોય ત્યાં પોતાની અજ્ઞાનતાને કારણે, બીજા પર્યાયોને છુપાવી, પોતાની વાતને સાચી કરવા તે ચાહે ગમે તેવી પાંડિત્ય - પ્રદર્શક, તર્કકર્કશ, સંસ્કૃત, પ્રાકૃત કે વેદાન્ત ભાષા હોય તે ભાષા મિથ્યા છે.

હવે આપણે સત્યાર્થ સમજીને જે આત્મ દ્રવ્યના સદભાવી જ્ઞાનાદિ ગુણો અને ક્રમભાવી રાગ-દ્વેષ હર્ષાદિ પર્યાયો પ્રત્યક્ષ, પરોક્ષ કે અનુમાનથી પણ સ્પષ્ટરૂપે જણાતાં હોય તેવા અનેકાએક આત્માઓનું અસ્તિત્વ સૌ કોઇને માન્ય રહે છે.મોહમિથ્યાત્વના કારણે ઉપાર્જિત કરેલા કર્મોને લઇ જીવ સ્વયં પોતાની મેળે જ ચારે ગતિઓમાં ભ્રમણ કરે છે. જો જીવ નિત્ય જ હોય તો આપણે બધાય જેનું કોઇ બનાવનાર નથી તેવી ચારેગતિઓમાં શામાટે રખડપટ્ટી કરીએ છીએ? કેમ કે જે વસ્તુ (પદાર્થ) સર્વથા નિત્ય જ હોય. તેમાં પરિવર્તન થતું નથી એવું માનનારાઓના મતે નિત્ય પદાર્થમાં પરિવર્તનનો અવકાશ જ નથી. માટે - જીવ નિત્ય જ છે, આવું આત્મામાં અપેક્ષાએ રહેલા અનિત્યાદિ ધર્મનું અપલાપ કરતું વચન તે અસત્ય વચન છે. જીવ યદિ અનિત્ય કે ક્ષણિક જ હોય તો અમે-તમે ૫૦ - ૬૦ વર્ષો સુધી કેવી રીતે જીવતા રહયાં? કેમકે તમારા મતે પદાર્થ માત્ર નિરન્વય ક્ષણિક હોવાથી પ્રતિક્ષણે નાશ પામે છે. માટે જ જૈન દર્શનકારોએ વિશ્વના જીવાજીવાદિ પદાર્થમાત્રને અપેક્ષાએ નિત્યાનિત્ય માન્યા છે. આત્મા સ્વયં ચૈતન્ય સ્વરૂપી હોવાથી અજરઅમર છે. જ્યારે શરીર પૌદ્‌ગલિક છે માટે જ વિનાશી હોવાથી પૂર્વના શરીરનો ત્યાગ કરી ભવાન્તરમાં બીજું શરીર ધારણ કરે છે. અને આજે ધારણ કરેલું શરીર ક્રમે કરી

વૃધ્ધિ પામે છે. અને માતાની કુક્ષિમાં વૃધ્ધિ પામેલું શરીર ઇશ્વરની સહાયતા વિના જ અપાનવાયુની મદદથી બહાર આવે છે જેને વ્યવહારની ભાષામાં જન્મ થયો તેમ બોલીએ છીએ.

આ પ્રમાણે શરીર અને જીવની માયાને મિથ્યા માનનારાઓની માન્યતા જૂઠી છે. વ્યવહારમાં તેની સંગતિ કઇ રીતે બેસશે? સંસારમાં રહેતા અને ભોગ-વિલાસોને ભોગવતા તથા સંતાનોના માત-પિતા બનતા જીવમાત્રને સંસાર સત્ય સ્વરૂપે જણાઇ રહયો હોય ત્યારે જગન્મિથ્યાની કલ્પના હાસ્યાસ્પદ જેવી લાગ્યા વિના રહેતી નથી. જીવ યદિ સર્વવ્યાપી હોય તો તેના જ્ઞાનાદિ ગુણો સર્વત્ર દેખાવા જોઇએ પણ કોઇને પણ દેખાયા નથી, દેખાતા નથી. માટે આત્માને સર્વવ્યાપી માનવા કરતાં શરીર વ્યાપી જ માનવો જોઇએ. આત્મા પોતાના કરેલા કર્મોનો ભોકતા છે - આ વાત તો નાના બાલકને પણ સમજાય તેવી છે. જે કર્મ કરશે તે ભોગવશે, માટે કર્મયુકત આત્મા આ ભવનું નાટક પૂર્ણ કરી બીજા સ્થળે જન્મ ધારણ કરે છે. અને તેમ કરવું સર્વથા અનિવાર્ય છે માટે જીવ પાણીના પરપોટા જેવો નથી.

ઉપરની બધી વાતો સત્યસ્વરૂપે હોવા છતાં તેને મિથ્યારૂપે માનવી, તે હઠાગ્રહ છે, કદાગ્રહ છે. મિથ્યા અને ભ્રમ જ્ઞાન છે. પરમાત્માની વાતો સત્યરૂપે યથાર્થ હોવાથી સર્વથા અકાચ્ય બ્રાહ્મણ વિદ્વાનો પરમાત્માનાં ચરણસેવક બન્યા, રાજાઓએ મિથ્યાજ્ઞાનને છોડી સત્ય સમજ્યાં અને કામદેવના ઝુલણામાં ઝુલતી રાજાઓની તથા શ્રીમંતોની છોકરીઓ ચન્દનબાળાની ઉપાસિકાઓ બનવા પામી છે.

ઇત્યાદિ કારણે ભાષા વ્યવહારમાં -પણ- લગાડીને વાત કરવી. -વચન વ્યવહાર સાપેક્ષ સાચો' એટલા કે વસ્તુમાં (દ્રવ્યમાં, પદાર્થમાં) રહેવા અનન્ત પર્યાયો (ગુણધર્મો)નો અપલાપ કરી, એક જ પર્યાયને માનવો તે ઠીક નથી. પરન્તુ જો સાપેક્ષવાદનો સ્વીકાર કરીએ તો સંસાર અને સંસારની માયા જેવા સ્વરૂપે છે તેવા સ્વરૂપે સૌને પ્રત્યક્ષ થશે. આ વિષયની વિસ્તૃત વ્યાખ્યાઓ મારા, વિવેચનપૂર્વક લખેલા 'ભગવતીસૂત્ર સંગ્રહ', 'પ્રશ્નવ્યાકરણ' અને 'અનુયોગદ્વાર સૂત્ર' ગ્રંથોથી જાણવી. પૂર્વભવોમાં કરેલાં કર્મોને સાથે લઇને જ જીવમાત્ર બીજો અવતાર ગ્રહણ કરે છે. તે સમયે ઇન્દ્રિયાવરણીય કર્મો અને મતિજ્ઞાનાવરણીયકર્મોનો ક્ષયોપશમ જેટલા અંશમાં થયો હશે તેટલા અંશમાં તે જીવને જ્ઞાનની માત્રા પ્રાપ્ત થશે. મતિજ્ઞાનમાં અવગ્રહ, ઇહા, અવાય અને ધારણાનો સમાવેશ હોવાથી અવગ્રહમતિજ્ઞાન દ્વારા યદ્યપિ જાતિ ગુણ અને આકાર રહિત વસ્તુની સત્તાનો બોધ થાય છે. ત્યાર

પછી વિષયને સ્પષ્ટ જાણવા માટે જિજ્ઞાસા થતાં જ અવગ્રહજ્ઞાન નો વિષય બનેલી પ્રત્યક્ષ દેખાતો પદાર્થ 'પુરુષ હશે કે સ્ત્રી' આ પ્રમાણે સંશય અને શંકા થયા પછી "આ પુરુષ હોવો જોઇએ" આ પ્રમાણે ઇહા થયા પછી "આ પુરુષ બ્રાહ્મણ જાતિનો, શ્યામ, ઊંચો, યુવાન અને ભારતદેશનો છે" આ પ્રમાણે જાતિ આદિનો નિશ્ચય કરાવનારું જ્ઞાન, તે અવાયરૂપ મતિજ્ઞાન છે. ઉપરોકત જણાવેલા અવગ્રહાદિ મતિજ્ઞાનના ભેદો છે. આ રીતે જૈનશાસનની પ્રરૂપણા સત્ય હોવા છતાં શાંકરભાષ્યમાં શંકરાચાર્ય જેવા અકાટય્ વિદ્વાને પણ સ્યાદ્વાદને સંશયવાદ કહયો છે: જેમાં એકપણ કોટિનો નિર્ણય હોતો નથી, જ્યારે અવગ્રહજ્ઞાન પછી થનારી ઇહામાં વસ્તુનો નિર્ણય થઇ જ જાય છે. મહાવીરના સ્યાદ્વાદને ન સમજવાના કારણે અથવા ધર્મ-દ્વેષ, સમ્પ્રદાય દ્વેષ અથવા જાતિદ્વેષના કારણે અન્યથારૂપે રહેતી વસ્તુને અન્યથારૂપે કહેવામાં દ્વેષ-પાપને નકારી શકાતું નથી.

(૫) **दूषयति विशुद्धभव्यात्मानं विकृतिं नयतीति दोषः** (उत्तराध्ययन ३७३)

પરમપવિત્ર મહાપુરુષોને પણ દૂષિત કરી, વૈકારિક-વૈભાવિક, તામસિક, રાજસિક આદિ ઔદયિકભાવમાં ખેંચી જાય, તેને દ્વેષ કહેવાય છે. મહોપાધ્યાય યશોવિજયજી મ. પણ કહી ગયા છે કે 'ઉગ્રવિહારીને તપજપકિરિયા, કરતાં દ્વેષ તે ભવમાં હે ફરીયા.' ઉગ્રવિહાર કરનારા, તપ-જપને આરાધનાઓના મન, યદિ સ્વથી અતિરિકત પરપ્રત્યે ચાહે ગમે તે પ્રકારે પણ દ્વેષવાળા હશે તો તેમના માટે પણ ૮૪ લાખના ચકકર અને ૯૯ ના ફેરા લખાયેલા છે. કેમ કે આઠે કર્મોમાં મોહકર્મ ખતરનાક અને શરાબપાનની ઉપમાને ધારણ કરનાર છે. એકવાર બાંધેલું મોહકર્મ ઉત્કૃષ્ટ રીતે ૭૦ કોડાકોડી સાગરોપમની મર્યાદાવાળું છે. આ કર્મ એક દિવસમાં એક વર્ષમાં કે સંપૂર્ણ જીવન દરમ્યાન, આયુષ્ય કર્મની જેમ એક જ વાર બંધાય છે, તેવું માનવાની ભૂલ કરશો નહીં. પ્રતિસમયે જૂદી જૂદી રીતે બંધાતું આ કર્મ આત્મ પ્રદેશો સાથે બધ્ધ-નિધત્ત અ.ને નિકાચિત પણ થઇ શકે છે. કોઇક સમયમાં ક્રોધના કારણે, બીજા સમયે સ્વાર્થના કારણે, ત્રીજા સમયમાં વિષયરાગમાં અંધ બનવાના કારણે, અને કોઇક સમયે હિંસા-જૂઠ-ચોરી, બદમાશી અને પરિગ્રહના પાપે પણ સેંકડો, હજારો, લાખો, કરોડો પ્રાણિઓ સાથે વેર બંધાતા હોય છે. મારકાટ થતી હોય છે. ઇત્યાદિ અસંખ્યપ્રકારે મોહકર્મ બંધાય છે મતલબ કે અરિહંત પરમાત્માના શાસનનો એકપણ પ્રકાશ જીવનમાં ન રહયો તો, ૨૪ કલાકમાં, ૨૪ હજારવાર પણ મોહકર્મને બાંધતા વાર લાગતી નથી. હવે ઉપરોકત પ્રકારે બંધાયેલાં બધાં કર્મો, પોતપોતાના જઘન્ય કે ઉત્કૃષ્ટ અબાધાકાળને છોડીને, ઉદયમાં આવતા, જીવાત્માને પુનઃ પુનઃ રાગ-દ્વેષમાં

ખેંચતો જશે, તાણતો જશે અને જેમ જેમ આત્મા તણાતો જશે તેમ તેમ કરોળીયાની જેમ પોતાની જાળમાં ફસાઇ જશે. આ રીતે રાગ-દ્વેષમાં પૂર્ણરૂપે ફસાયેલો તે માનવ લાખો ઉપાયો કરવા છતાં પણ તેની માયાને છોડવા તૈયાર થઇ શકે તેમ નથી. બેશક! શકય હશે તો, સર્વપ્રકારના લીલા શાકભાજીનો ત્યાગ કરી શકશે, પૂજા-પાઠ આદિમાં ૧-૨ કલાક વિતાવી શકશે પણ, સંસારની, વિષયવાસનાની, લાખો કરોડો, અબજો રૂપીઆની, નાટક-ચેટક, ખેલ-તમાશા પ્રત્યેની, પુત્રો અને પુત્રીયોની, તથા પુત્ર-પુત્રીઓના સંતાનોની લાગેલી માયા પ્રત્યેની, મોહકર્મ, રાગ-કર્મ અને દ્વેષકર્મનો ત્યાગ કરી શકે તેમ નથી. અને ઉપર પ્રમાણેની રાગ-દ્વેષની માયામાં મસ્તાન બનેલા જીવાત્માઓને પાંચે ઈન્દ્રિયોની ગુલામીની માયા ઓછી હોતી નથી જેમકે ...... સરસ રીતે પાકી ગયેલી કેરી (આમ્રફળ) હાથમાં આવતાં જ સર્વ પ્રથમ ઘ્રાણેન્દ્રિય દ્વારા સુંઘીને ફરીફરીથી સુંઘીને તથા સ્પર્શેન્દ્રિય દ્વારા તેની મુલાયમતાના સ્પર્શ સુખનો અનુભવ કરશે. દડાની જેમ એક હાથથી બીજા હાથમાં લેશે. આ પ્રમાણે રાગ નામના પાપના ચકરાવે પૂર્ણરૂપે ચડયા પછી દ્વેષ નામનો દૈત્ય તૈયાર જ છે. તે સમયે જીભ લપકારા મારશે અને ઠંડા પાણીની ડોલમાં તે કેરીઓને ડૂબાડી દેશે. ત્યાર પછી ધારદાર ચપ્પુ હાથમાં લઇ તેની છાલ ઉતારતો જશે અને એક-એક ટૂકડો મોઢામાં મૂકતો જશે. અને છેવટો કેરીને નિર્દય રીતે મસળતો જશે, નરમ કરતો જશે અને ફળના રગેરગમાંથી રસ કાઢી તેનું પાન કરશે. ઈત્યાદિ કાર્યો દ્વેષ વિના થતાં નથી. વનસ્પતિમાં જીવતત્ત્વની સિધ્ધિ સર્વેધર્મોના શાસ્ત્રો ઉપરાંત આજના વૈજ્ઞાનિકોને પણ માન્ય છે. મતલબ કે, ઈન્દ્રિયો, રાગ-દ્વેષની સહચારિણી છે. પછી તે સ્પર્શેન્દ્રિયનો ભોગ-વિલાસ હોય કે રસનેન્દ્રિયનું (જીભનું) ચાટકાપણુ હોય. ઘ્રાણેન્દ્રિય નાકથી સૂંઘવાનું કે ચક્ષુરિન્દ્રિય - આંખથી જોવાનું અને શ્રોત્રેન્દ્રિય - કાનથી બીજાઓને સાંભળવાનું હોય. આ રીતે ઈન્દ્રિયોના ૨૩ વિષયો પૈકી કેટલાક રાગાધીન અને કેટલાક દ્વેષાધીન છે, માટે જ શાસ્ત્રકારોએ કયું કે, ઈન્દ્રિયોને બળજબરીથી મારી નાંખવા કરતાં તેનાં કામો અને ભોગોમાં રાગ-દ્વેષનો પ્રવેશ ન થાય તે માટે સતત પ્રયત્નશીલ અને જાગૃત રહેવું તે શ્રેયસ્કર છે. કેમ કે સર્વાંશે કે અલ્પાંશે ઈન્દ્રિયોને અધીન કર્યા વિના હરહાલતમાં પણ કષાયોને કોઇએ પણ જીત્યા હોય તેવું એકપણ કથાનક કંયાય પણ જોવા - સાંભળવામાં આવ્યું નથી.

મોહકર્મથી ભારભૂત થયેલા આત્માઓને સર્વપ્રથમ, પરકીય વસ્તુઓને કે વ્યકિતઓને સ્વવશ કરવા માટેનો લોભ ઉત્પન્ન થાય છે અને જેમ જેમ લાભ થતો જાય તેમ તેમ લોભ નામનો રાક્ષસ વકરી જાય છે અને ઈચ્છિત લાભ ન થતાં

ક્રોધ નામનું ભૂત અને તેની ચેલીચાપટીઓ રીસ અને ઈર્ષ્યા જીવમાત્રના ચારે તરફ આંટા મારતી જ હોય છે. શકય હોય તો સાધકને મૃત્યુના દ્વાર સુધી પણ લઇ જવા માટેનું તેમાં સામર્થ્ય છે.

પાંડવો અને કૌરવો પિતરાઈ ભાઇઓ છે. પાંડવોની સંખ્યા પાંચની અને કૌરવોની સંખ્યા સોની છે. નાની ઉમ્રમાં હતાં ત્યારે સંપીને રહેવાવાળા તથા એકબીજાની મર્યાદા સાચવવાવાળા હતાં. પરન્તુ જેમ જેમ મોટા થતાં ગયા તેમ તેમ હસ્તિનાપુરની રાજ્ગાદીનો લોભ લાગ્યો, વધ્યો, તેમાં એક પઠી એક (**One by one**) નિમિત્ત કારણે મળતાં ગયાં. ગાદીના વારસદાર પાંડવો હતા પણ, "लोभात् क्रोधः मंजायते" આ ન્યાયે પરસ્પર ક્રોધની આડમાં મોહકર્મ પણ વધ્યું અને મોહરાજની હાજરીમાં મતિભ્રંશ, બુધ્ધિનાશ, કિંકર્ત્તવ્યમૂઢતા આદિની પ્રવેશ પણ સુલભતમ હોય છે. જન્મ-જન્મના ફેરા ફરતા કેટલાક જીવો વૈરાગ્ય પ્રધાન હોય છે અને કેટલાક છ્લ-પ્રપંચમાં ઘણા જ પાવરધા હોય છે. રાજ્યગાદી પર પાંડવો બેસી ન જાય માટે કૌરવોએ છળ, પ્રપંચ, પોલીટીકલ (માયામૃષાવાદ) આદિનો આશ્રય લઇ પાંડવોને જુગાર માટે તૈયારી થઇ અને જુગાર ખેલતાં (રમતા) પાંડવો હાર્યા, પરાજિત થયા. શરત પ્રમાણે ૧૨ વર્ષ પર્યંત વનવાસ ભોગવવા માટે પહેરેલ વસ્ત્રે નગરીથી બહાર નીકળી ગયા. માતા કુંતી અને ધર્મપત્ની દ્રૌપદી પણ વનવાસમાં સાથે હતાં. અંતે દ્વૈતવનમાં આવીને પાંડવોએ સ્થિરવાસ કર્યો. કોઈપણ પ્રકારે તેમને અપમાનિત કરવાના દાવપેંચની રમત રમવા માટે કૌરવો (દુર્યોધનાદિ) નિમિત્તો ગોતવા લાગ્યા. સંસારની સ્ટેજનો આ ચમત્કાર છે કે, કોઈને નિમિત્તો ગોતવા પડે છે, જ્યારે કોઈને ગોત્યાવગર નિમિત્તો મળી જાય છે. કેમકે — જૈસે કો તૈસા મિલે— આ ન્યાયે એકદા ઋષિ મહર્ષિના વેશમાં પણ ક્રોધ-કષાયના સાગરસમા, મુનિવેષમાં આશીર્વાદ આપવાના સ્થાને શાપ દેવામાં પ્રસિધ્ધિ પ્રામ દુર્વાસા નામના મહાત્મા પોતાના હજારો શિષ્યો સાચે દુર્યોધનના અતિથિ બન્યા. ભોજનપાણીથી સ્વાગત કર્યા પછી, કરબધ્ધ પ્રાર્થના કરતાં દુર્યોધને કયું કે — મહાત્મન! આપશ્રી મારી વિનંતીને માન્ય કરી બપોરના સમયે જ્યારે દ્રૌપદી પાસે રહેલું સૂર્યપાત્ર શકિતહીન બની જાય ત્યારે, દ્વૈતવનમાં પધારી પાંડવોનું આતિથ્ય સ્વીકાર કરો, જેથી અમે કૃતકૃત્ય બનવા પામીયે. સમ્યગ્જ્ઞાનનો અભાવ હોય ત્યારે ત્યાગી, તપસ્વી મહાત્માઓ પણ નિર્ણય કરી શકતા નથી કે આ રાજાની પ્રાર્થના પાછળ કયો હેતુ સમાયેલો છે? વિનંતીનો સ્વીકાર કરી દુર્વાસા ઋષિ પોતાના શિષ્યો સાથે પાંડવોને ત્યાં આવ્યા. દ્રૌપદીએ હાથ જોડી નમ્રભાવે આવવાનું કારણ પૂછ્યું. તેઓએ જવાબમાં

કહયું કે - સાયંકાળનું ભોજન તમારે ત્યાં કરીશું તે ઈરાદાથી અમે આવ્યા છીએ.આ સાંભળીને પાંડવો દિગ્મૂઢ બન્યા અને દ્રૌપદી કિંકર્તવ્યમૂઢ બનવા પામી. કારણકે દ્રૌપદીના સતીત્વના પ્રભાવથી પ્રસન્ન થયેલા સૂર્યનારાયણે એક અક્ષય દાનપાત્ર આપતાં કહયું હતું કે બપોર સુધી તારા આંગણે જેટલા અભ્યાગતો આવશે, તેને આ પાત્રથી ભોજન કરાવી શકાશે અને ત્યારપછી તે પ્રભાવહીન થશે. આ કારણે જ પરેશાન હતી. શું કરવું? કેવી રીતે ઋષિઓને ભોજન કરાવીશ? તે ચિંતામાં પડેલી દ્રૌપદીને ચારો તરફ અન્ધકાર પધરાયેલો દેખાતો હતો. નદીએ સ્નાન કરીને દુર્વાસા પાંડવોના આંગણે આવવાની તૈયારીમાં હતા. બરાબર તે સમયે જ ભગવાન કૃષ્ણ પધાર્યા અને કહયું કે, દ્રૌપદી! મને અતિશય ભૂખ લાગેલી હોવાથી કંઈક ખાવા માટે આપ. નીચું મોઢું કરી ઊભેલી દ્રૌપદીને કૃષ્ણે કહયું કે, થોડીવારને માટે તારું સૂર્યપાત્ર મને આપ. દ્રૌપદીએ આપ્યું. તેમાં ભાજીનું એક પાંદડું ચોટેલું હતું. કૃષ્ણજીએ ખાધું અને શિષ્યો સાથે દુર્વાસા ઋષિ તૃપ્તિ પામ્યાં અને કહયું કે, હવે

અમને ભૂખ નથી માટે તારું આતિથ્ય સ્વીકાર કરી શકીએ તેમ નથી. એમ કહીને ઋષિજી પોતાના આશ્રમસ્થળે જવા લાગ્યા. પાંડવો પરમાત્માનો ઉપકાર માન્યો અને દ્રૌપદીએ મનોમન રાજી થઈને પરમાત્માની સ્તુતિ કરી. સારાંશ એટલો જ છે કે - પાંડવો પ્રત્યે સીમાતીત ઈર્ષ્યાવશ બનેલા દુર્યોધનાદિ કૌરવોએ પાંડવો શાપિત થાય અને સાથે સાથે શકિતહીન બને તે માટે ઋષિઓને ઉશ્કેર્યા.

પરમાત્માનો વાસ કયાં હોય છે?

ઘર આંગણે રાજાદિને આમંત્રિત કરવા હોય ત્યારે, શેરી, સોસાયટીનું કમ્પાઉન્ડ અ.ને ઘર આદિને જામેલા કચરાદિ ગંદા પદાર્થોને દૂર કરી સ્વચ્છ, નિર્મળ અને પવિત્ર બનાવવા પડે છે, તો પછી વિકારી મન, રાગ-દ્વેષ અને ક્રોધાદિકષાયોથી દૂષિત આત્મા અને મલીન ચિત્તને પાવન કર્યા વિના લોકાત્તમ સેવા પરમાત્માની પધરામણી આપણા હૈયામાં શી રીતે થશે? જે લોભાન્ધ, ક્રોધાન્ધ, વિષયાન્ધ, ઈર્ષ્યાન્ધ આદિ પાપતત્ત્વોના માલિક હોય તેમનાથી ભગવાન હજારો માઈલ દૂર રહેવા પામે છે.

**"क्रोध लोभ मद मान न मोहा शेष क्षोभ न राग न द्वेषा**
**जिन्हे के कपट दम्भ नहीं माया तिन्हेके मन बसहुं रघुराया "**
(तुलसीदास रामायण)

માટે જેનું જીવન, સીધું, સાદું, સરળ, વક્રતાની ગાંઠ વિનાનું હોય તેવા

ભાગ્યશાળીયો પર પરમાત્માનો પ્યાર ઊતરતાં વાર લાગતી નથી. સત્યહૃદય ભક્તોની ચારે તરફ ભગવંત હમેશા ચક્કર મારતા જ હોય છે. કૌરવો તેવા ન હતા માટે પરમાત્માની કૃપાદૃષ્ટિ ક્યારે પણ મેળવી શકયા નથી. પરિણામે વિના મોતે માર્યા ગયા છે. (મહાભારત રાજગોપાળાચાર્યના શાબ્દિક ફેરફાર સાથે).

રાગ અને દ્વેષ મીઠુ અને કડવું ઝેર (વિષ) હોવાથી અનન્તભવોના ઉપાર્જિત રાગનો ઉદય, ઉદીર્ણા, અથવા તેનો અતિરેક જ્યારે થાય છે ત્યારે ઈચ્છિત અને મનોગમ્ય પદાર્થોના સંયોગ પ્રાપ્ત કરી, શરીર તંત્ર અને ઈન્દ્રિય તંત્ર દ્વારા મોજ માણતાં અને હર્ષવિભોર બની આત્મા સમયને પસાર કરે છે. અને દ્વેષનો ઉદય, ઉદીર્ણા અને તેનો જ્યારે અતિરેક થઇ જાય છે ત્યારે માનવના સ્વભાવમાં ક્રૂરતા, કૃષ્ણ, નીલ અને કાપોત લેશ્યા વધી જતાં આંખમાં લાલાશ, જીભમાં કડવાશ, હોઠોમાં ધ્રૂજારી (આંખમાં રક્તતા, જીભમાં કટુતા, ઓષ્ઠીમાં કંપન) આવે છે, વધે છે અને વારવાર મુઠ્ઠીઓને વાળી સામેવાળા પ્રતિસ્પર્ધાને મારવા સુધીની ધમકી આપે છે. હાથમાં ડંડો, તલવાર કે છરો હોય તો મારી પણ નાખે છે. કાન તેની નિંદા સાંભળવામાં, આંખો તેના છિદ્ર ગોતવામાં અને જીભ બરાડા ઉપર બરાડા પાડીને ગમે તેવી ભાષાનો ઉપયોગ કરવામાં લાગી જાય છે. ઇત્યાદિ કારણોને લઇ જિનેશ્વર દેવોએ રાગ અને દ્વેષને આત્માના હાડવૈરી કહયાં છે.

મોહકર્મનો ઉપશમ જિનેશ્વરદેવોએ માન્ય રાખ્યો છે તો પછી **"ज्ञानस्य फलं विरतिः"** આ સિધ્ધાન્તને માન્ય રાખીને થોડો પુરુષાર્થ કેળવીએ, આત્માનું પળ વધારીએ તો મોહકર્મને દબાવી શકીએ છીએ, અર્થાત્ ઉદયમાં આવતાં મોહકર્મને દબાવી દેવું, તેનું નામ જ સમ્યક્ ચારિત્ર છે.

## દ્વેષપાપના કટુફળો

૧. સંસાર મહાસાગરની યાત્રા કરનારા ચક્રવર્તિઓ, વાસુદેવો, બલદેવો, નારદો, બ્રહ્મા આદિ દેવો, દેવેન્દ્રો ઉપરાન્ત નરક કે તિર્યંચગતિમાં રહેલા જીવો અમર નથી, પરન્તુ પોત પોતાના આયુષ્ય કર્મની બેડી તૂટતા જ વર્તમાન ભવયાત્રા પૂર્ણ કરી બીજા ત્રીજા આદિ અવતારો ગ્રહણ કરે છે.

૨. કોઈપણ જીવને અમરપટ્ટો દેનાર કોઇ નથી અથવા તેને આપનાર પોતે જ અમર રહયો નથી. માટે જ સંસારનું સંચાલન કર્મરાજાની સત્તા પાસે છે.

૩. સદ્બુદ્ધિ ને સદ્વિવેકની પ્રાપ્તિ માનવાવતારને છોડી બીજે નથી. માટે લાખો કરોડો

અવતારો પૂર્ણ કર્યા પછી લબ્ધ (મેળવેલ) માનવાવતારમાં રાગ અને દ્વેષનો ત્યાગ જેટલા પ્રમાણમાં કરવામાં આવશે તેટલા પ્રમાણે સુખ-શાન્તિ, આઝાદી અને આબાદી ને પ્રાપ્ત કરતો માનવ ભવાન્તરોમાં સુખી બનવા પામશે.

૪. ભૌતિક પદાર્થોના કારણે વધારેલા રાગ-દ્વેષ કોઈને પણ સુખ-શાન્તિ આપી શકે તેમ નથી માટે જ સર્વસ્વનો ત્યાગ માર્ગ શ્રેષ્ઠ ધર્મ છે, તે કદાચ ન બની શકે તો અલ્પાંશનો પણ ત્યાગ કરી સામેવાળાને શત્રુ બનાવશો નહી કારણકે ભવયાત્રા હજી લાંબી છે.

૫. તમારા કામભોગોને, ઐવર્યને તથા શરીરની મુલાયમતાપણાને મર્યાદિત કરવાના પ્રયત્ન કરશો તો લાખો કરોડો માનવો સાથે મૈત્રીભાવ બાંધવાના હકદાર બની શકશો !

જૈન મહાભારત પ્રમાણે શૂરવીર, ધીર ને ઈન્દ્રિય વિજેતા રાજા ઉગ્રસેન મથુરા નગરની રાજ્યગાદી શોભાવી રહયા હતા. ત્યાં માનવો પણ ઉદારતા, દાન પ્રેમ તથા સત્યધર્મના પક્ષપાતી હતાં. સ્ત્રિયો પણ સ્વમર્યાદા પ્રમાણે શિયળધર્મ, સદાચાર ધર્મ તથા ખાનદાની ધર્મને શોભાવનારી હતી પ્રજા પણ ધર્મપ્રેમી, અહિંસક તથા નીતિન્યાયમાં પૂર્ણ શ્રદ્ધાવાળી હતી. એક દિવસ પ્રસિદ્ધિપ્રાપાત માસખમણને પારણે માસખમણ કરનાર તપસ્વી, તાપસ સાધુ મથુરામાં પધાર્યા - રાજા ઉગ્રસેને પણ તેમને વન્દન કરવાપૂર્વક, ચાલી રહેલા માસખમણનું પારણું મારે ત્યાં થાય તેવી ઇચ્છા દર્શાવી રાજાની વિનંતીને માન્ય કરી યથાસમયે તાપસ રાજમહેલમાં આવ્યો પણ .... સંસારના માયા ચક્રનો આ જ ચમત્કાર છે કે, આજ સમયે (પ્રસંગે) શારીરિકાદિ વિપત્તિને કારણે બેધ્યાન બનેલા રાજાને પારણાનો ખ્યાલ ન રહેવાથી પારણું કર્યા વિના જ તાપસ પોતાના આશ્રમમાં આવ્યો અને પુનઃ બીજા માસક્ષમણનો પ્રારંભ કર્યો ભવિતવ્યતાના યોગે બીજા અને ત્રીજા માસક્ષમણનું પારણું પણ રાજા ન કરાવી શકયો હવે તાપસની જ્ઞાનગ્રન્થિઓ, ક્રોધાવેશના કારણે અતિશય શિથિલ બનતાં નિદાનગ્રસ્ત બનેલા તાપસે આગામી ભવમાં રાજાને કોઈપણ રીતે મારનારો બનું. (મારવો) આ રીતે મકકમતાપૂર્વક રાજા ને દ્વેષ ગ્રન્થિરૂપ બંધનથી બાંધી લીધો અને તાપસ ભવ પૂર્ણ કરી બાંધેલા નિયાણાને સફળ કરવા - રાજા ઉગ્રસેનની ધારિણી રાણીની કુક્ષિમાં અવતરિત થયો. પૂર્ણમાસે જન્મતાની સાથે જ પિતાના ઘાતક સ્વપ્નાઓના આધારે જાત સંતાનને કાંસાની પેટીમાં મૂકયો અને તે પેટી યમુના નદીમાં પ્રવાહિત કરી તે સમયે કિનારે આવેલા વણિકે પેટીને બહાર કાઢી, ખોલી અને સૂર્યની જેમ ચમકતાં શિશુને હાથમાં લઇ સ્વપત્નીને સોંપી દીધો.

પરમાત્માની ભેટ સમજીને વણિક દંપતિએ જન્મોત્સવ કર્યો. અને કંસ ના નામે જાહેર કર્યો. બીજના ચંદ્રની જેમ મોટો થતો ગયો પૂર્વભવીય મારકાટના સંસ્કારોને કારણે સાથે ક્રીડા કરનારા બાળકોને મારવા, કૂટવા આદિ તોફાનોના કારણે કંટાળી ગયેલા વણિકે કંસને લઇ સમુદ્રવિજય રાજાના ચરણોમાં મૂકીને કહયું કે આ મારો પુત્ર તમારા લઘુભ્રાતા વસુદેવ સાથે ક્રીડા કરતાં કરતાં કાંઇ શિક્ષા પ્રાપ્ત કરશે પછી તો ભવિતવ્યતાના યોગે વસુદેવ અને કંસની જોડી જામી ગઇ.

જન્મતાં જ કંસના મનમાં પોતાના પિતા રાજા ઉગ્રસેન પ્રત્યે જન્મથી મનમાં રોષ રાખનાર કંસનો રોષ વધતો ગયો. પરન્તુ કોઇને પણ અસરકારક નિમિત્તો ન મળે ત્યાં સુધી સામેવાળાનું કંઇ પણ કરવાની ક્ષમતા આવતી નથી. બન્યું એવું કે સરહદના રાજાને સ્વાધીન કરી લાવવા માટે, પ્રતિવાસુદેવ જરાસંધે સમુદ્ર વિજય રાજાને આજ્ઞા આપી પરન્તુ ભવિતવ્યતાના યોગે સમુદ્રવિજયના બદલે વસુદેવ, કંસને સાથે લઇ ગયા અને યુદ્ધ કરતાં કંસના હાથે સરહદનો રાજા પરાજિત થયો. પ્રતિજ્ઞાબદ્ધ પ્રતિવાસુદેવે સ્વપુત્રી (સ્વ આત્મજા) જીવિતયશાને કંસ સાથે પરણાવી અને મથુરા નગરીની રાજગાદી પણ દહેજમાં આપી દીધી રાજ્યગાદી પર આવતાં જ સર્વ પ્રથમ પોતાના પિતા રાજા ઉગ્રસેનને કારાવાસમાં ધકેલી દીધો દ્વેષકર્મના ઉદયકાળમાં માનવની દૃષ્ટિ તથા દિલ અને દિમાગ આદિ માં સર્વથા પરિવર્તન આવી જાય છે.

(નોંધ) તીવ્રાતિતીવ્ર પુણ્યકર્મોનો ઉદય પણ સાથે જ હોવાથી પ્રતિ વાસુદેવની પુત્રી જીવિતયશા જે રૂપરૂપની અંબાર હતી, લાવણ્યવતી અને મદમાતી હતી, છતાં પણ વિષકન્યા હતી. વિષકન્યા બનવામાં, ગતભવોમાં જીવિતયશ એ કરેલા નિકૃષ્ટતમ દ્વેષ આદિ પાપો જ અસાધારણ હેતુભૂત છે. એટલે કે વિષકન્યાપણુ પ્રાપ્ત થવામાં પૂર્વના ભવોમાં કરેલ નિકૃષ્ટતમ દ્વેષ આદિ પાપો જ અદ્વિતીય કારણ છે. વિષકન્યાઓ પણ ઘણા પ્રકારની હોય છે.

૧. અંગારા ઝરતું શરીર જેનો સ્પર્શ પુરુષને માટે અસહય બને છે.

૨. અત્યન્ત દુર્ગન્ધ શરીર જેની ગંધ જ અતીવ ખરાબ હોવાથી રૂપવન્તુ શરીર હોવા છતાં કોઇને પણ ગમતું નથી.

3. અત્યન્ત બેડોલ શરીરને પસન્દ કરનાર કોઇ મળતો નથી.

૪. તે ઉપરાન્ત કન્યાના જન્મ સમયે બીજ, બારસ કે સાતમ તિથિ હોય, રવિવાર,

મંગળવાર કે શનિવાર હોય અને કૃતિકા, આશ્લેષા કે શતભિષા નક્ષત્ર હોય, તો તે વિષકન્યા જાણવી. આવી વિષકન્યા પૂર્વે કરેલા પુણ્યકર્મોને કારણે હીરામોતી આદિના આભૂષણોથી શણગાર કરી શકશે અને હસ્તમેળાપ કરનાર પુરુષને પણ પ્રાપ્ત કરશે છતાં પણ આવી કન્યાઓ પિતા અને શ્વસુર એમ ઉભયકુળનો નાશ કરનારી બને છે. આવા વિષયોગો ઘણા છે, તેના નિરોધક યોગો પણ હોય છે. મૂળ વાત એટલી જ છે કે - સમ્યગ્જ્ઞાનની ધારા પ્રાપ્ત થઈ ગઈ હોય તો - ગ્રાહસ્થ જીવનનાં સર્વકાર્યોમાં અને વિશેષે કરીને ભોગવિલાસોમાં જે વ્યકિતને ઉતાવળ હોતી નથી, માટે જ અમુક નક્ષત્રો, તિથિઓ અને વારોમાં, પર્યુષણ, ઓળી અને કલ્યાણક આદિ પર્વના પવિત્ર દિવસોમાં એમ. સી. ના (મેન્સીસના) દિવસોમાં, તથા પોતાની પત્નીના નાદુરસ્ત અવસ્થામાં, મૈથુનક્રિયા (કામક્રીડા-રતિક્રીડા) નો ત્યાગ કરશે. અન્યથા વિષકન્યા અથવા માતપિતાની આબરૂને કલંકિત કરે તેવા પુત્રો ભાગ્યમાં રહેશે.

સંસારની માયામાં અત્યન્ત આસકત જીવ પોતાના અહં ને પુષ્ટ કરવા માટે સામેવાળાને મૃત્યુના ઘાટે ઉતારે છે. અથવા સામેવાળાના હાતે સ્વયં ઘાટે ઉતરે છે. માટે જ જમીન, જોરૂ અને વધારે પડતો પરિગ્રહ આગામી ભવોને પણ બગાડનાર છે. આ ન્યાયે સંસારની સ્ટેજ પર ગમે તે કારણે મરનાર કે મારનાર આવતાં ભવે પણ અજબ ગજબની શારીરિક શકિત સમ્પન્ન હોય છે. તેથી વાસુદેક્ અને પ્રતિવાસુદદેવ કટ્ટર વૈરી બને છે. મર્યાદાબદ્ધ સંસારમાં ૨૪ તીર્થંકરો, ૧૨ ચક્રવર્તિઓ, ૯ વાસુદેવો, ૯ પ્રતિવાસુદેવો, ૯ બળદેવો અને ૯ નારદો હોય છે. આ ન્યાયે લક્ષ્મણ અને રાવણ જેમ આઠમા વાસુદેવ પ્રતિવાસુદેવ હતા, તેમ કૃષ્ણ અને જરાસંધ નવમાં વાસુદેવ પ્રતિવાસુદેવ હતાં.

કંસરાજાને સત્યભામા (કૃષ્ણની મુખ્ય રાણી) અને રાજીમતી (નેમિનાથ પરમાત્માની વાગ્રદત્તા) નામે બે બેનો હતી અને દેવકી પણ બહેન હતી. અને અતિમુકતક નામે નાનો ભાઈ હતો. દેવકીના લગ્ન થયા તો પહેલા અતિમુકતક મુનિના કહેવાથી જ્યારથી કે કંસે જાણ્યું કે દેવકીનો સાતમો ગર્ભ મારા ખાનદાનનો ઘાતક છે, ત્યારથી ચિંતાતુર બનેલો કંસ, દેવકીના સાતે સંતાનોને જન્મતાની સાથે જ સ્વાધીન કરવા માટે કૃતનિશ્ચયી બનીને, ગમે તેવા છલપ્રપંચ, કાવાદાવા, દગાબાજી, માયામૃષાવાદ જેવા પાપચરણનું આચરણ કરવા લાગ્યો અને તમામ પ્રકારે પૂર્ણ ખેલાડી આ કંસ પ્રાતઃ કાલે (પ્રભાત સમયે) હસતો, કૂદતો વસુદેવ પાસે આવ્યો અને બનેવી વસુદેવ સાથે મીઠી મજાકો પૂર્વક અનેક પ્રકારની અલક મલકની વાતો કરતાં કરતાં માયાવી કંસે કપટજાળ વાપરવા પૂર્વક વાસુદેવ પાસે યાચના (માંગણી)

કરી સર્વથા ભોળા ભદ્રિક વસુદેવે, કંસની માંગણી સંબંધી વાતો માન્ય કરતાં વચનબદ્ધ બની કહયું કે દેવકીના સાતે ગર્ભો તમને આપીશ. જન્મેલા સંતાનો મારે ત્યાં કે, પોતાના મામાને ત્યાં મોટા થાય. વસુદેવની વાત સાંભળ્યા પછી કંસ ખૂબ જ રાજી થયો. દંભી ભવતિ વિવેકી પ્રિયવકતા ચ ભવતિ ધૂર્ત જનઃ

મર્યાદાથી બહાર (મર્યાદાતીત) વિવેક બતાવનાર દંભી છે અને બેહદ મિષ્ટભાષી ધૂર્ત હોય છે. પરન્તુ સંસારની માયાને જ જ્યારે ગમતું હોય ત્યારે માનવો તો કઠપુતલી જેવા છે. ગર્ભવતી દેવકીના મકાનની ચારે તરફ કંસના ચોકીદારો ગોઠવાઇ જતા હતાં અને પ્રસૂતિ થતાં જ તત્કાળ જન્મેલું સંતાન કંસને સોંપી દેવામાં આવતું હતું. ધોબી જેમ વૃસ્ત્રને પત્થર પર પટકે છે તેમ અતિક્રૂર પરિણામી કંસ, દેવકીના સંતાનને પગથી પકડી પત્થર પર પટકાવી દેતો હતો અને હર્ષાવેશમાં આવીને કહેતો હતો કે મારા એક દુશ્મનને મૃત્યુના દ્વાર બતાવી દીધા. સાતમી વખત જ્યારે દેવકી ગર્ભવતી બને છે ત્યારે તેની કુક્ષિમાં અવતરિત કૃષ્ણના પુણ્યાતિશયથી હજારો દેવો પ્રતિક્ષણે તેની રક્ષા માટે તૈયાર હતાં. પોતાના છ સંતાનોને જન્મતાની સાથે જ ઘાત કરનાર કંસના કાળા કૃત્યોને જાણી ગયેલી દેવકીએ, સાતમા સંતાનને સુરક્ષિત રાખવા માટે, વસુદેવને બોલાવીને કહયું કે, મહેરબાની કરીને હવે જન્મ લેનાર મારું સાતમું સંતાન મરવા ન પામે તેવા પ્રકારનો પ્રબંધ કરો. અન્તે કહયું કે, મથુરા નગરીની પાસે યમુના નદીની પેલે પાર ગોકુલો છે ત્યાં રહેલા નંદ અને યશોદાને ગમે તેમ કરીને પણ, પાલન પોષણાર્થે પુત્રને સોંપી દેશો ! સુસ્વપ્નો આવેલા હ વાથી, મને વિશ્વાસ છે કે, પરમાત્મા સૌની રક્ષા કરશે ! દેવકીના કથનાનુસાર જન્મેલા સાતમા સંતાનને ટોપલામાં મૂકી વસુદેવ ઘરથી બહાર નીકળ્યા. તે સમયે કંસના ચોકીદારો નિદ્રાધીન હતાં. મુખ્ય દ્વાર પાસે જ કારાવાસ હતો. તેમાં આ સમયે પણ ઉગ્રસેન જાગતાં હતાં. વસુદેવને ઓળખતા વાર ન લાગી અને બંને સમદુઃખી હોવાથી વાતો કરી અને નદીને પાર ગયા. યશોદાના ખોલામાં સંતાનને મૂકી વસુદેવે કહયું કે, મારા સંતાનને તમારા પ્રાણ કરતાં પણ અધિક સમજી તેનું જતન કરવાનું છે. યશોદાએ હાપાડી અને વાસુદેવ પોતાના મહેલમાં આવ્યા જ્યોતિષી દ્વારા કંસે જ્યારે જાણ્યું કે દેવકીનું સાતમું સંતાન બાલક રૂપે કયાંક સંતાઇને રહે છે, ત્યારથી કૃષ્ણને મારવા માટે, કંસે ઘણાં પ્રયત્નો કર્યા અને કૃષ્ણે જ્યારે જાણ્યું કે મારા છ ભ્રાતાઓને રહેંસી નાખનાર કંસ છે. ત્યારથી કૃષ્ણે પણ ભયંકરતમ દ્વેષ લેશ્યામાં પ્રવેશ કરી, અવસર પ્રામ થતાં કંસને યમરાજાનો અતિથિ બનાવવો જ એવો હઠ નિર્ણય કર્યો. આ પ્રમાણે દ્વેષાનલમાં (દ્વિષાગ્નિમાં) બળતા બન્ને જાણાં સમય પસાર

કરે છે અને એક દિવસે કૃષ્ણે, હજારો માનવોની મેદની વચ્ચે કંસને પકડી યમસદનમાં પહોંચાડી દીધો. પછી તો જરાસંધ સાથે યુદ્ધ કરતાં, તેને ચક્રથી મારી, સમગ્ર પૃથ્વીના પૃથ્વીપતિ (રાજા) બન્યા.

નેમિનાથ પરમાત્મા અને કૃષ્ણ બંને ભાઈઓ હતાં અને આજથી ૮૦ હજાર વર્ષો પહેલા અવનીતળ પર અહિંસાનું સામ્રાજ્ય સ્થાયી સદાને માટે અમર બન્યા છે.

આ પ્રમાણે દ્વેષમાં આવી કંસ દુર્ગતિભાજન બન્યો માટે દ્વેષ પાપ છે, મહાપાપ છે.

## ૧૨ કલહપાપ

૧૮ પાપસ્થાનકોમાં 'કલહ' નામના પાપનો નંબર બારમો આવે છે. વ્યાવહારિક ભાષામાં જેને કલેશ, કંકાસ, કજીઓ, અને જીભાજોડા કહેવાય છે. દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય નામે મોહનીય કર્મના બે પ્રકારો છે. અનન્ત સંસારમાં, ચર્મચક્ષુવાળાને માટે સર્વથા અકલ્પનીય અને અદશ્ય એવા પદાર્થો પણ છે, જે વધારે પડતાં ધુમ્મસમાં ચક્ષુ હોવા છતાં પણ દષ્ટિપથમાં આવતા નથી, જ્યારે અમુક સ્થાનના આકાશ પ્રદેશોમાં તેવા પ્રકારનો ધુમ્મસ (તમસ્કાય) હોય છે જેનું ઉલ્લંઘન દેવોને પણ ભયાનક લાગે છે. તે સ્થાને વૈજ્ઞાનિકોના વિમાનો હર હાલતમાં પણ જઈ શકે તેમ નથી, માટે જ કેવળી ગમ્ય તેવા પણ પદાર્થો, પર્વતા, નદીઓ, જંગલો, સમુદ્રો ઉપરાન્ત માનવોની તથા પશુઓની જુદી જુદી આકૃતિઓ અને ક્રૂરતાઓ આપણને કે વૈજ્ઞાનિકોને પણ દષ્ટિ ગોચર બનશે જ નહીં. તેવી રીતે આત્માના સર્વપ્રદેશો મિથ્યાત્વ મોહનીયરૂપ ગાંઢ અન્ધકારથી જ્યારે આવૃત્ત થઈ ગયેલ છે, ત્યારે આત્માનું અસ્તિત્વ છે? આત્મા કેવો હશે? તેનું સત્ય સ્વરૂપ કેવું હશે? પુનર્જન્મ હશે? નરકગતિ અને દેવગતિ હશે? તેમાં જાવાવાળા જીવો હશે? જીવને એક ભવનો ત્યાગ કરાવી, બીજો ભવ આપનાર કોણ? ઈત્યાદિ વાતો જાણવાની કે સાંભળવાની ઈચ્છા પણ આત્માને થતી નથી, કદાચ કોઈક સમયે ગુરુગમ દ્વારા આત્માનું અસ્તિત્વ સ્પષ્ટ કે અસ્પષ્ટરૂપે જાણીએ છીએ તો પણ ચારિત્ર

મોહનીય કર્મના કારણે, આત્માના શુદ્ધિકરણ માટે સર્વથા બેધ્યાન, બેભાન જ રહીએ છીએ. આ કારણે જ, શ્રાવકધર્મને યોગ્ય બાર વ્રતોનો સ્વીકાર કરવા જેટલો પુરુષાર્થ પણ થઇ શકતો નથી. કેવળ પોપટની જેમ સંસાર અસાર છે. પાપો ભયંકર છે. સંસાર તજવા લાયક છે. હવેથી મારે પાપો આચરવા નથી. દુર્ગતિમાં જવું નથી. રાગ-દ્વેષ કરવા નથી ઇત્યાદિ શબ્દોનું ઉચ્ચારણ જરૂર કરે છે પણ તેનું અમલીકરણ કરવા માટે કયારે પણ શકિતનો ઉપયોગ કરતો નથી. મોહકર્મોનાં તોફાનોને દબાવવા માટે, કલેશ કંકાસના વર્જન માટે, તથા સંસારની માયામાંથી મુકત થવા માટે સમર્થ થતો નથી. ઊલટું તે કર્મોને વધારવા માટે જ પ્રયત્નશીલ બની, સંસારની સ્ટેજ પર બેફામ વર્તે છે.

મિથ્યાત્વના પ્રગાઢ અન્ધકારમાં અટવાયેલા માનવનું શરીર, તેના અંગોપાંગ, ઈન્દ્રિયો, મન આદિના પ્રતિપ્રદેશે અકલ્પનીય, અશોભનીય અને અકથનીય કુસંસ્કારો નિકાચિત થયેલા હોવાથી, અનન્ત શકિતના માલિક આત્માનો પુરુષાર્થ કામે આવતો નથી. મોહરાજાના સૈનિકોની માયાજાળમાં ફસાયેલો બિચારો આત્મા કરે પણ શું? આ બધા પાપોમાં કલહ નામનું પાપ પણ જબરદસ્ત શકિત ધરાવનારું છે. વાતે વાતે બીજા સાથે કલહકંકાસ, જીભાજોડા (દંતકલેશ) કરવાના સ્વભાવવાળા આ પાપને જિનેશ્વર દેવોએ મહાપાપ કહયું છે. યદ્યપિ કલહ પાપના મૂળમાં અન્ય પાપોના સંસ્કારો નકારી શકાતા નથી તો પણ પ્રાયઃ કરીને ક્રોધની વિશેષ મુખ્યતા હોય છે, જે અનુભવથી જાણી શકાય છે અને ક્રોધના મૂળમાં જુદા જુદા વિષયોનો લોભ હોય છે જે આપણે લોભના પ્રકરણમાં જોઇ ગયા છીએ. ખાનપાન, રહેણીકરણી અને વ્યાપાર-વ્યવહાર આદિમાં સામેવાળા સાથે જ્યારે ફાવી શકાતું નથી, ત્યારે ક્રોધ આવે છે અને જ્યારે ક્રોધ પણ કામે લાગતો નથી ત્યારે કલહ પાપને સેવવાનું મન થાય છે. કેમ કે ક્રોધાતિશયમાં કાં તો મુખમાંથી થુંક ઊડે છે અથવા જીભાજોડીના માધ્યમથી અસત્ય ભાષાનો પ્રયોગ થાય છે. તરવાર ધારીયું કે લાકડી લેવાની તાકાત ગુમાવી બેસનારના ભાગ્યમાં જોરજોરથી રાડો પાડવી, ગમે તેમ અને ગમે તેવી ભાષામાં બકવાદ કરવો આદિ કલહ કરવાનું સુલભ બને છે. પરિણામે આનાથી માનવમાત્ર આન્તરિક જીવનમાં સુખ-શાન્તિ અને સમકિતને તિલાંજલી આપે છે. સાથે સાથે લક્ષ્મી સરસ્વતીની પ્રસન્નતા પણ ગુમાવી બેસે છે.

લક્ષ્મી દેવીનો વાસ કયાં હોય છે?

તેનાં જવાબમાં અનુભવીઓએ કહયું કે -

"गुरवो यत्र पूज्यन्ते धान्यं सुसंस्कृतं भवेत् ।
अदन्तकलहो यत्र तत्र शक्र वसाम्यहम् ।।"

સારાંશ કે, ઈન્દ્ર મહારાજના પ્રશ્નના જવાબમાં લક્ષ્મીદેવીએ કહ્યું કે

(૧) વડીલોનું આદરમાન, સન્માન અને સત્કાર સચવાતા હોય

(૨) રસોઇ (ભોજન) જીવજંતુ, વાળ, માટી, કાંકરા આદિ વિનાની હોય

(૩) અને જે કુટુંબ, સમાજ કે દેશ દંતકલેશ-દાંતોની લડાઇ રહિત હોય

લક્ષ્મીદેવી કહે છે કે આવા ઉપર જણાવ્યા મુજબના ત્રણ સ્થાનોમાં મારો વાસ છે. આનાથી દંતકલેશ (કલહ) કેટલું ભયંકર પાપ છે તે જાણવાનું સરળ રહે છે.

પરંપરાથી ચાલતી ખાનદાનીના અધઃપતનમાં ક્યું કારણ?

(૧) જેની ખાનદાનીમાં, તેના નાના મોટા મેંબરોમાં ગુપ્તરૂપે એટલે કે કોઈને કોઈની પણ ખબર ન પડે તેવી રીતે, સજાતિય, વિજાતિય, કૃત્રિમ કે અકૃત્રિમરૂપે પણ વ્યભિચાર, દુરાચાર આદિ કુકર્મોનું સેવન થતું હોય તો સમજી લેવાનું કે તેના બાપદાદાઓની ચાલતી પેઢી, ઓફીસ કે કારખાનાઓને ધીમે ધીમે ધસારો લાગતો જશે. અને એક દિવસે દેવાળું કાઢવાનું ભાગ્યમાં રહેશે.

સહિષ્ણુતાના અભાવે સાસુ-વહુ, નણંદ-ભાભી, દેરાણી-જેઠાણી, ભાઇ-ભાઇ, બાપબેટાઓમાં પરસ્પર વધીં ગયેલ કલેશ-કંકાસના કારણે ખાનદાની ખેદાનમેદાન થશે. વ્યાપાર, રોજગાર, ઉઘરાણી આદિની હાનિ થતાં બજારમાં જામેલી વર્ષો જૂની પેઢીને ખંભાતી તાળા લાગશે. આ કારણે જ અનુભવીઓ કહે છે દંતકલેશ જેવું પાપ બીજું નથી.

ભારતદેશની દયનીય દશા શાથી?

૪૦ - ૫૦ વર્ષોથી સ્વતંત્રતા પ્રાપ્ત ભારત દેશમાં ચારિત્રનું, સદાચારનું આધ્યાત્મિકતાનું, સંપ અને સંગઠનનું, તથા વિદ્યા પ્રાપ્ત કરવાનાં સરસ્વતીનાં સ્થાનો (વિદ્યાલયો, કોલેજો, યુનિવર્સિટીઓ) નું તથા ન્યાયાલયોમાં સત્યાચારનું અવમૂલ્યન છેલ્લી કોટીએ થયેલા અવમૂલ્યનમાં શરાબપાન, માંસભોજન, વેશ્યા કે પરસ્ત્રીના સેવનના તથા ગુપ્ત કે જાહેરમાં થયેલા કલેશોના પાપે દેશ પાયમાલ થઇ રહયો છે,

અથવા થઇ જવાની તૈયારીમાં છે. સોનાનાં ઇડાં મૂકનારી ચકલી જેવા ભારતદેશને પરદેશથી અનાજ મંગાવવું પડે, તેલ મંગાવવું પડે, છેવટે લાખો, કરોડો અ.ને અબજો રૂપિયા મંગાવવા પડે તે દિવસોને સૌ કોઇ અનુભવી રહયાં છે. આના કારણે જળના ભંડાર સદશ નદીઓમાં તથા સરહદોના કારણે આન્તરિક કલેશો, ભાષા તથા પ્રાન્તના ઝગડાઓને પતાવી દેવાની ક્ષમતા, સમતા પણ સત્તાધીશો પાસે નથી રહી. આ વાત વીશમી શતાબ્દીના ઉત્તરાર્ધની છે. કલહપાપની વ્યાખ્યા શાસ્ત્રકારોની ભાષામાં આ પ્રમાણે છે -

(૧) **कलहो राटिः** (प्रज्ञापना ४३८ जीवाभिगम १३८)

(२) **कलहोवचन राटिः** (भगवती सूत्र १९८)

ઉપરના ત્રણે આગમોથી કલહ શબ્દનો અર્થ સ્પષ્ટ થાય છે કે, ઉતાવળમાં આવી આગળપાછળનો વિચારકર્યા વિના જ રાડો પાડીને, ઘાંટા કાઢીને બકવાદ કરવો, સામેવાળા પ્રત્યે ઈર્ષ્યા અદેખાઇના કારણે અને પૂછ વિનાની વાતો જોરજોરથી કરવી તે કલહ નામના પાપને આભારી છે. આનાથી સામેવાળાને હાનિ થશે કે નહીં તે ભગવાન જાણે પણ કલહ કરવાવાળાના મસ્તિષ્કમાં ઉષ્ણતા વધશે અને ઠંડુ મગજ પણ ગરમ થતાં વાર લાગશે નહીં. અનન્ત, અસંખ્ય કે સંખ્યાત જીવો સાથે સામાન્ય કે વિશેષ રૂપે, પ્રગટ કે અપ્રગટરૂપે દ્વેષ. વૈર, વિરોધ કર્મોના નિયાણા બાંધેલા હોવાથી સામેવાળાની સાથે વાતો કરવાનો અવસર આવે અથવા ગમે ત્યાં તેની વાતો ચર્ચાય ત્યારે તડ કે ફડ કરી સામેવાળાનું પાણી ઉતાર્યા વિના માનવ રહેતો નથી. ઘણા માનવો સ્વમુખે જ કહેતા ફરે છે કે "હું તો તડ ને ફડ કરનારો છું" "કોઇની પણ શરમ રાખે તે બીજા" આવી સ્થિતિમાં જૈનશાસન તેવાઓને હિતબુદ્ધિથી સમજુતિ આપતાં કહે છે - ભાઇ! આ સંસાર તારો નથી, તેનું સંચાલન કરવા તું અવતર્યો નથી, તેમ સંસારનું આધિપત્ય તને કોઇએ સોંપ્યુ નથી, માટે તડ અને ફડ કરવાનું છોડીને સમાધિસ્થ બન. કેમ કે સંસારના જીવો પોતપોતાનાં કરેલાં કર્મોને આધીન થઇ પોતપોતાનું નાટક રમી રહયાં છે, તેમાં વિષ ઘોળીશ મા આગ લગાડીશ મા અને વાતે વાતે તડફડ કરવાની તારી પાપભાવનાને જ કંટ્રોલમાં કરી લેજે; માની લઇએ સંસારનું કંઇપણ બગડવાનું નથી. આજ સુધી તડફડ કરનારાઓની જીવનયાત્રા એવી રીતે પૂર્ણ થઇ છે કે, ઇતિહાસના પાના પર તેમને યાદ કરનારા પણ મળતા નથી.

(३) **वाचिकाविगह** (उत्तराध्ययन सूत्र ३४७)

દેવાધિદેવ, ભગવાન મહાવીર સ્વામીની અન્તિમ દેશના ઉત્તરાધ્યયન સૂત્રમાં સંગ્રહાયેલી છે જેમાં, બીજા જીવોની સાથે ઝગડો કરાવનાર કલહને પાપ માનવામાં આવ્યું છે. સ્વાર્થાન્ધ બનીને ગમે તેની સાથે ગમે તેવી ગંદી ભાષાનો વ્યવહાર કરી, લેવાદેવા વિનાનુ શાબ્દિક યુદ્ધ રમવાની આદત, જીવાત્માને પડેલી છે. તે આદતોને બદલી નાખવા માટે સૌથી પ્રથમ શિક્ષણ લેવું જોઇતું હતું, પણ અહંકાર સંજ્ઞાના પાપે, ક્રોધ આવ્યા વિના રહેતો નથી અને જ્યાં ન પહોંચાય ત્યા, શાબ્દિક ઝગડાઓના વ્યૂહમાં ગોઠવાઇ જાય છે. ફળસ્વરૂપે, આર્ત્તધ્યાન ભાગ્યમાં શેષ રહે છે. આવી સ્થિતિમાં પોતાનું આધ્યાત્મિક અધ:પતન સ્વહસ્તે જ સ્વીકારી લે છે.

**वचनविग्रहो लक्ष्मी नाशक:** (जैनागम)

અર્થાત્ શબ્દોના ઝગડા, દંતયુદ્ધ, બોલાબોલી આદિ અશુભ તત્ત્વો લક્ષ્મીનો નાશ કરાવનારા છે. જેનાથી ચક્રવર્તિઓના પણ માટલાનું પાણી સુકાઇ જાય છે. તો પછી અલ્પ પુણ્યવાળા તમારા અમારા માટે શું કહેવાનું હોય?

**(૪) प्रेमहासादि प्रभवं युद्धं कलह** (भगवती सूत्र ५७३)

પ્રેમ-પ્યાર, હાસ્ય, મશ્કરી, કુતૂહલ, ખેલકૂદ, તમાશા આદિ ક્રિયાઓથી ઉત્પન્ન થયેલો કલહ પણ જીવનમાં યુદ્ધની રણમેદાનનું કારણ બને છે. કેમકે - માણસમાત્રનું આત્મિક, માનસિક જીવન સ્વાર્થપૂર્ણ હોવાથી, પોતાની પ્રેમપાત્ર વ્યકિત પાસેથી જ્યારે સ્વેચ્છિત્ર સ્વાર્થ સધાતો નથી ત્યારે પ્રેમઆદિમાંથી પ્રારંભમાં વાચિક કલહનો ઉદ્ભવ થાય છે, વધે છે અને અંતે પ્રેમ પ્રકરણમાં યુદ્ધ જામી જાયછે. ફળસ્વરૂપે આગામી ભવોને માટે, આ ભવના પ્રેમપાત્ર બંને વ્યકિતઓ હાડવૈરી બની જાય છે. અને બંધાયેલા વૈરબંધનમાંથી જ્યાં સુધી મુકત થાય નહી ત્યાં સુધી કેવળજ્ઞાનની પગદંડી પણ અશકય બની જાય છે.કલ્પસૂત્રમાં પ્રતિવર્ષ આપણે સાંભળીએ છીએ કે, ભગવાન મહાવીર સ્વામી, ૨૭ ભવોની અપેક્ષાએ ૧૮મા ભવે ત્રિપૃષ્ઠ વાસુદેવના અવતારમાં હતા ત્યારે તેમને ૧૬ હજાર પત્નીઓ હતી. તેમાંથી એક પત્ની વાસુદેવના પ્રેમપાત્ર બનેલી નહીં હોવાથી યદ્યપિ તે ભવમાં પોતે સમ્પૂર્ણ અશકત હોવાથી વાસુદેવને (પોતાના પતિને) કંઇ પણ હરકત કરી શકી નથી. પરન્તુ ૨૭ મા ભવે સંયમિત થયેલા મહાવીરને વ્યંતરીરૂપે બનેલી તે અણમાનિતીએ અત્યન્ત અસહય થઇ ઉપસર્ગ કર્યો ત્યારપછી વ્યંતરી વૈરમુકત બનવા પામી છે. મીઠા, મધુરા દામ્પત્ય જીવનમાં પણ કોઇક સમયે અણગમતો કલહ થઇ જાય તો પણ તત્કાળ તેને શમાવી દેવામાં જ શ્રેય છે.

હાસ્ય એટલે સામેવાળાની અણઆવડત, ચાતુર્યનો અભાવ, ભોળપણ આદિને કારણે, હાસ્યની આદતને કારણે પરસ્પર કલહ ઉત્પન્ન થયા વિના રહેતો નથી. રાગ-દ્વેષ વિનાના નિર્દોષ હાસ્ય માટે પ્રશ્ન નથી તો પણ જીવનમાં સુર્વેક્ષણે નિર્દોષ હોય તેવું કહેવું અને માનવું કઠિન છે. માટે બીજાની હાંસી મશકરીમાંથી ગમે ત્યારે પણ કલહનો ભડકો થવાની સંભાવના નકારી શકાતી નથી. એક સમયે એકજ વાસણમાં ભોજન કરનારા, તાસ પાનાં (પ્લેઈંકાર્ડ) રમનારા, ઓટલા-કલબ પર બેસી અલકમલકના ગપ્પાંસપ્પાં મારનારાઓના જ્યારે, પરસ્પર કરાતી મશ્કરી મોટા રૂપમાં બદલાઈ જાય છે ત્યારે એકબીજાના કટ્ટર વૈરી બની ગયેલાઓને પ્રત્યક્ષ જોઈ શકાય છે. આવા કારણે લઈ માનવમાત્રને પરહિતેચ્છુ તીર્થંકર પરમાત્માઓએ પ્રેમ - હાસ્ય - મશ્કરી અને કુતૂહલની પાપવર્ધક આદતો છોડી દેવાની ભલામણ કરી છે જે સર્વથા સત્ય છે, કેમકે જીવનમાં પડેલી ખોટી આદતોમાંથી કલહને ઉત્પન્ન થતાં વાર લાગતી નથી.

હાસ્યમશ્કરીની ભયાનકતા -

દશરથ રાજાના પુત્ર રામ અને લક્ષ્મણમાં અગાધ અને અકાટ્ય પ્રેમ હતો તે ઈતિહાસપ્રસિદ્ધ વાત છે. તો પણ બે દેવોને તેમના પ્રેમની પરીક્ષા કરવાની વિચારણા થઈ. જે સમયે કામ પ્રસંગે લક્ષ્મણજી બહાર ગયા હતા, તે સમયે પોતાની દેવમાયાથી રામચન્દ્રજીના મૃત્યુની વિકુર્વણા કરી અને, સીતાજી - વનમાલાજી આદિ સ્રીવર્ગને કલ્પાન્તપૂર્વક રૂદન કરતાં દેખાડવામાં આવ્યા. લક્ષ્મણે ઘેર આવતાની સાથે જ પરિસ્થિતિ જાણી લીધી અને હાય મારા રામ ! કહેતા જ, રામ પ્રત્યે અગાધ પ્રેમ ધરાવતા લક્ષ્મણના પ્રાણ શરીરને છોડી નીકળી ગયા. અર્થાત્ લક્ષ્મણજી મૃત્યુને શરણ થયા.. આવી ઘટનાને જોઈ દેવોને જબરદસ્ત અફસોસ થાય છે. મશ્કરીના કારણે કેવું ભયંકર સ્વરૂપ સર્જાય છે તેનો ખ્યાલ આવતાં જ સંતાપનો પાર રહેતો નથી. અને અફસોસ કરતા દેવો પોતાને સ્થાને ગયા. (જૈન રામાયણ)

**(૫) महता शब्देनान्योन्यं असमंजसभाषणं कलहः** (भगवती ५७२)

વ્યકિતગત દ્વેષ, સ્વાર્થ, હઠાગ્રહ ઉપરાન્ત પોતાના જીદ્દી સ્વભાવને વશ થઈ સમાજમાં, કુટુમ્બમાં, મંડળમાં, સંઘની કે પંચોની મિટિંગમાં અથવા બીજી કોઈ સંસ્થાની બેઠકમાં અશાન્તિ વધે, તે રીતે મોટે મોટેથી બરાડા પાડવા, તોફાનો કરવા, સમાજના કે શાસનના હિત માટેના પવિત્ર કાર્યોના ઠરાવોને પાસ થવા ન દેવા માટે અસમંજ્સ એટલે અસભ્યતાનો વ્યવહાર કરવો અને મિટીંગ (મિટીંગ) ને

નિષ્ફળ બનાવવી. તેમાં કલહ કરવાની પોતાની ભવભવાન્તરની પાપવાસના જ મુખ્ય કામ કરી રહી હોય છે જે પાપ છે, મહાપાપ છે.

સત્ય હકીકતને પ્રગટ કરવામાં કયાં વાંધો?

તમારી વાતને કદાચ માની લઈએ, પરન્તુ તમારા જીવનમાં સમ્યગ્ જ્ઞાનનો સદ્ભાવ હોય તો તમને સમજાયેલી સત્ય વાતને પણ કહેવામાં દ્રવ્ય - ક્ષેત્ર - કાળ અને ભાવની અપેક્ષા પણ સ્વીકારી લેવી જોઈએ. કેમ કે બરાડા પાડીને જે વાત તમે કરવા માંગો છો તે વાત સાચી છે કે ખોટી? અને જો સાચી હોય તો તેને કહેવા માટે ક્ષેત્રની પસંદગી પણ કરવાની રહેશે. પંચોની કે સંઘની જેમના ક્ષેત્રને પસંદ કરવામાં કોઈક સમયે સંઘની, શાસનની કે સાતે ક્ષેત્રોની મોટામાં મોટી આશાતના થવાનો ભય માથા પર રહેવાથી પુણ્યાનુબંધી પુણ્ય બાંધવાના સમયે પાપાનુબંધ પાપ અથવા પાપાનુબંધી પુણ્યના પોટલા બંધાઈ જશે. કાળનો નિર્ણય પણ કરવો જોઈએ જેમ કે જ્યારે બહુમતિ સધાઈ ગઈ હોય તો ગમે તેવી સાચી વાત કહેવાનો સમય નથી. તેમ સમજીને મૌન રહેવું હિતાવહ છે. જ્યારે બહુમત એક પક્ષમાં હોય તો તમારી સાચી વાત પણ કોણ માનશે? તેવી રીતે ભાવનો નિર્ણય પણ કરવો આવશ્યક છે. જેમ કે જે રીતે હું બરાડા પાડું છું, ઉતાવળમાં અસત્ય ભાષા બોલું છું તે કારણે મારો અને બીજા મેંબરોનો આત્મા કલુષિત થશે. માટે મારા કદાગ્રહને જ છોડી દેવી ઠીક છે. ઇત્યાદિ પ્રકારે વિચાર કરતાં ભવભવાન્તરની કલહ કરવાની પાપી આદત મર્યાદામાં આવશે.

સમ્યગ્જ્ઞાનના અભાવમાં હિંસા, અસત્ય, સ્તેય, મૈથુન અને પરિગ્રહને પાપરૂપે સ્વીકારવા છતાં પ્રાયઃ કરી રાગ-દ્વેષ. કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, પરપરિવાદ, માયામૃષાવાદ અને મિથ્યાત્વશલ્ય જેવા અતિભયંકર અને દુષ્-પ્રતિકાર્ય પાપો ધ્યાનમાં નહીં આવવાના કારણે માનવનિ પોતાની જૂની આદતો છૂટતી નથી, તેમ જ છોડવાનો પ્રયત્ન પણ કરી શકતો નથી. માટે - પદ્મવિજયજી કૃત સિદ્ધચક્રના સ્તવનમાં કહેવાયું કે - **"અવર અનાદિની ચાલ નિત નિત તજીએજી -"** એટલે કે અનાદિકાળની પડેલી, પોષેલી, વધારેલી ખોટી આદતોને સમજવી અને યથાશકય, યથાપરિસ્થિતિ, તેનો પ્રવેશ રોકવો તે અરિહંત પરમાત્માના શાસનનો ફલિતાર્થ છે.

## ૧૩ અભ્યાખ્યાન પાપ -

૧૮ પાપસ્થાનકોમાં "અભ્યાખ્યાન" નામનું પાપ ૧૩ મી સંખ્યાનું છે. સામાન્ય કે વિશેષ વ્યકિતમાં કોઈપણ જાતની ખરાબ વૃત્તિ કે પ્રવૃત્તિ ન હોય તો પણ તેના પ્રત્યે રહેલા અંગત રાગદ્વેષથી પ્રેરાઈને ગમે તે રીતે ગમે ત્યાંથી પણ ગોતીગોતીને દોષારોપણ કરવું તેને અભ્યાખ્યાન કહેછે જેને વ્યવહારમાં કલંક કહેવાય છે. જે આ ભવને નિંદનીય બનાવવા ઉપરાન્ત ભવિષ્યના ભવોને બગાડનાર મહાપાપ છે.

પુણ્ય પવિત્ર મહાપુરુષો, શકિતસંપન્ન શૂરવીરો, તપસ્વીઓ અને શીયળવતી કુમારિકા-સધવા કે વિધવા સ્ત્રીઓને કલંકિત કરવી, વ્યવહારમાં પણ જઘન્યતમ પાપ છે.

દેવો દેવેન્દ્રોથી પણ વિશેષ ગુણોને ધારણ કરાવનાર, અથવા વિશિષ્ટ પુરુષાર્થથી સદ્ગુણોને ઉત્પન્ન કરાવવાની ક્ષમતાપૂર્ણ મનુષ્યાવતારમાં પરિણતિ અને પ્રવૃત્તિ એક સમાન બનાવવાનો પ્રયત્ન સૌથી પ્રથમ કરવો જરૂરી હતો, પરન્તુ સમ્યગ્જ્ઞાનના અભાવમાં તેમ કરવા સમર્થ ન બનવાથી જીવનમાં એક પછી એક વિસંવાદોની હારમાળા થતી ગઈ અને વધતી ગઈ. તે કારણે ધર્મધ્યાનના માર્ગે ગમન (ગતિ) ન થતાં આર્ત્તધ્યાન તથા રૌદ્રધ્યાનમય જીવન બનવા પામ્યું છે. જે જીવનની ભણતર-ગણતરની, હોશિયારી અને ચાલાકીની કરૂણતા જ કહેવાય છે. ગમે તે પ્રકારે શ્રીમંત અને સત્તાધીશ બનવા માટે, તથા કોરાધાકોર જેવા જીવનમાં મફતની મિથ્યા પ્રતિષ્ઠા મેળવવાને માટે પ્રાપ્ત કરેલું જ્ઞાન પણ, સમ્યગ્જ્ઞાન કહેવાતું નથી. માટે જ માનવ પોતાની પરિણતિ અને પ્રવૃત્તિમાં સત્યદેવના દર્શન પ્રાપ્ત કરી શકતો નથી. પરિણતિનો સીધેસીધો સંબંધ આત્મા અને અંતઃકરણ સાથે હોય છે. તથા પ્રવૃત્તિનો સંબંધ શારીરિક ક્રિયાઓ સાથે મનાયો છે. સભાન (સાવધાન) ડ્રાઈવ્હર પોતાની ચતુરાઈથી પોતાને, મોટરમાં બેસનારાઓને તથા મોટરને પણ એકસીડન્ટમાંથી બચાવી લે છે, તેવી રીતે સમ્યગ્ દર્શનના માલિકે પોતાની પરિણતિ (અધ્યવસાય) ને સુંદરતમ બનાવી દીધી હોવાથી શરીરની પ્રત્યેક પ્રવૃત્તિને પણ તે સુંદર, સ્વચ્છ અને અહિંસક બનાવ્યા વિના રહેતો નથી. આનાથી અતિરિકત સમ્યગ્જ્ઞાનનો ફળાદેશ

બીજો કયો? સૂત્રકારોએ પણ કહયું કે "ज्ञानस्य फलं विरतिः" પરન્તુ વિરતિ એટલે શું? દ્રવ્યલિંગમાં, (બનાવટી સાધુતામાં) સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રનો પ્રાયઃ કરી અભાવ મનાયો છે. કેમકે - નવા પાપોની નિવૃત્તિ (વિરતિ) પ્રાયઃ ત્યાં હોતી નથી. માટે તેને દ્રવ્યલિંગી કહેવાય છે. જ્યારે ભાવલિંગનો માલિક દ્રવ્યલિંગીથી સર્વથા વિપરીત હોવાથી જેમ જેમ તેના ચારિત્ર પર્યાયો આગળ વધતા જશે, તેમ તેમ તેની પરિણતિ (જ્ઞાનનો વિપાક) શુદ્ધ બનતાં તેની પ્રત્યેક પ્રવૃત્તિ જેવી કે ગમન, ભ્રમણ, ભોજન, રહેણી-કરણીમાં અથવા સમાજલક્ષી કરાતી કોઇ પણ પ્રવૃત્તિમાં નિર્મમતા, નિર્લોભતા, નિઃસ્પૃહતા, પરોપકારિતા અને સર્વથા અનાસકત ભાવોની પરમ્પરા ચમકયા વિના રહેવાની નથી તેમ જ તેમની ગમે તેવી પ્રવૃત્તિ પણ ખૂલ્લા (ઉઘડેલા) પુસ્તકની જેમ સર્વ કોઇને માટે શંકા વિનાની હોય છે. જ્યારે દ્રવ્યલિંગની સર્વ પ્રવૃત્તિઓ શંકાસ્પદ બને છે. કેમકે, સંયમ સ્વીકારતાં પહેલાં પોતાના જીવનમાં રહેલી ભોગૈષણાનો ત્યાગ જરૂરી હતો, પરન્તુ આત્મિક પરિણામોમાં સમ્યગ્જ્ઞાન અને ચારિત્રની રૂપરેખા પણ ન હોવાથી, ભવભવાન્તરોના આશ્રવ સંસ્કારોને કારણે રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દોની માયામાં જીવ લપટાઇ જાય છે. પરિણામે, સારા રૂપો જોવામાં, મનોગમ્ય રસવતીમાં (ભોજનમાં) સુગંધી પદાર્થોમાં, પ્રિયપાત્રોના કર્ણપ્રિય શબ્દોના શ્રવણમાં પણ કરી શકતા નથી માટે જ તેમનું આત્મરૂપી વસ્ત્ર આશ્રવના પાપોથી મલીન થયેલું હોવાથી કંયાય પ્રશંસનીય બનતું નથી. તેથી કેવળજ્ઞાન પ્રતિ (તરફ) પ્રસ્થાન કરવાની ગરજ હોય તો મલીન વસ્ત્રને જેમ નિર્મળ કરવા માટે ધોબીની સહાયતા અનિવાર્ય છે, તે જ પ્રમાણે આશ્રવ દ્વારા પ્રવેશ થતાં પાપોથી મલીન થયેલાં આત્મરૂપી વસ્ત્રને સ્વચ્છ અને નિર્મળ કરવા માટે સંવર તત્ત્વની આરાધના પણ અનિવાર્ય રૂપે કરવી જરૂરી છે. ક્રોધ, માન, માયા અને લોભથી કરેલા, કરાવેલા અને અનુમોદેલા પાપોથી અત્યન્ત વજનદાર બનેલો આત્મા અનન્તકાળ પર્યન્ત સંસારના રણમેદાનમાં ભ્રમણ કરતો રહયો છે. જ્યાં અસહ્ય ક્ષુધા - તૃષા - ઠંડી - ગરમી - ડાંસ - મચ્છર અને ગંદગી આદિ ભયંકરતમ કષ્ટો સહન કરવા પડ્યા છે. માટે પુનઃ એકવાર મળેલા મનુષ્યાવતારમાં પાપોને સમજવા સમજીને ત્યાગવા જેથી આવનારા ભવો બગડવા ન પામે.

વંદિતુ સૂત્રમાં જગહિતકારી, ભાવદયાળુ, પરમાત્મા શ્રી મહાવીર સ્વામીએ ફરમાવ્યું કે - "સહસા રહસ્સદારે"- એટલે કે હે સાધક ! બીજાના કે, તારા દુશ્મનના પણ, પ્રત્યક્ષ જોયેલા કે સાંભળેલા પાપોને જીભ પર લાવીશ નહીં, કેમકે સુખશાન્તિ અને સમાધિના ચાહક આત્મા માટે આનાથી અનન્ય પવિત્રતમ માર્ગ અન્ય કોઇ

નથી. સત્યુગ હોય કે કલિયુગ હોય, સંસાર પાપ અને પાપીઓથી ભરેલો છે, માટે તીર્થંકર દેવોએ, દોષાધીન બનીને પારકાઓના (પરકીય) દેષોનું ઉદ્‌ઘાટન કરવું તેને પાપ કહયું છે. તેમાં પણ ગુણીજનના ગુણોનો અપલાપ કરી તેના દોષોને જાહેર કરવા તે સારો માર્ગ નથી.

જૈનાગમોમાં અભ્યાખ્યાનનું સ્વરૂપ કેવું છે?

(૧) **अभ्याख्यानमसदभियोगः** (आचारांग सूत्र ४४)

(२) **असद्दोषारोपणम्** (ठाणांग सूत्र २६)

દ્વાદશાંગીમાં પ્રથમ અને બીજા નંબરે બિરાજમાન આ બંને આગમોનો ભાવાર્થ એક જ છે કે, સમ્યગ્જ્ઞાનથી રહિત માનવના મનમાં જ્યારે લોભ, ક્રોધ, ઈર્ષ્યા, દ્વેષ આદિના વિકારી ભાવો ઉદ્‌ભવે છે, ત્યારે બીજાઓમાં, સંઘના તટસ્થ અને પુણ્યવંત ગૃહસ્થોમાં, તપસ્વીઓમાં, ત્યાગીઓમાં અને જે આપણા માનેલા ગચ્છના, સમુદાયના કે સંઘાડાના નથી તેઓમાં પોતાના કલુષિત મનથી કલ્પેલા દોષોનું આરોપણ કરી, અપમાનિત અને નિંદિત કરવા આદિમાં, સ્વકીય જીવનના ખૂણામાં પ્રચ્છન્નપણે રહેલા દોષો જ મૂળ કારણ છે. સામેવાળા ત્યાગી, તપસ્વી આદિ આપણા ધાર્યા પ્રમાણે ખરાબ નથી હોતા. પરન્તુ મિથ્યાત્વ તથા ભ્રમજ્ઞાનના કારણે જ બીજાઓમાં અસદ્દોષોનું આરોપણ અને તેમને માટે અસભ્ય શબ્દોનું ઉચ્ચારણ કરવાના આપણામાં સ્થિત વૈકારિક ભાવો જ કામ કરે છે. કેમકે - જીવનમાં જ્યારે અભ્યાખ્યાન નામના પાપની આગ ભડકે બળે છે ત્યારે આત્માના અણુઅણુમાં પ્રતિપ્રદેશે કૃષ્ણ, નીલ અને કાપોત લેશ્યાનું બળ (પાવર) વધે છે. અને સામેવાળાને મારવાની કે ગુંડાઓ દ્વારા મરાવવાની વાતો જ્યારે સાંભળીએ છીએ ત્યારે આ પાપની ભયંકરતા સ્પષ્ટ્ણે દેખાઈ આવે છે.

બીજી વ્યકિતના યશઃ, કીર્તિ, સત્તા, વ્યકિતત્વ, વકતૃત્વ ઉપરાંત ચારિત્રાદિ ગુણો જ્યારે પ્રત્યક્ષ અનુભવાતા હોય ત્યારે અસહિષ્ણુ બનીને રોષના આવેશમાં તેમને દુષિત કરવા તે અભ્યાખ્યાન પાપ કહેવાય છે. જે સૌને માટે ત્યાજ્ય છે, છોડવા લાયક છે.

## ૧૪ પૈશુન્ય પાપ

૧૮ પાપસ્થાનકોમાં ૧૪ મું પાપ પૈશુન્ય છે. "**पिशुनस्य भावः पैशुन्यम्**" એટલે કે, પોતાની જાતને, પોતાની આદતોને તેમ જ સ્વ પર હાનિ કરનારા દોષોન પંડિત-મહાપંડિત-તપસ્વી અને ત્યાગી પણ ન જાણી શકે તેવું આ પાપ છે, બીજાની ચાડી ખાવી (दूसरों की चुगली खाना) આગળ પાછળનો વિચાર કર્યા વિના બીજાની વાતોને બીજા-ત્રીજા-ચોથાના કાનમાં નાખવી તે પૈશુન્ય કહેવાય છે. આજે પણ તેવા ભાઈ બહેનોને આપણે જાણીએ છીએ કે, તેમના કાને પડેલી વાતોને, જ્યાં સુધી બીજાને ન કહે ત્યાં સુધા તેમને કરેલા ભોજનનું પાચન પણ થતું નથી. અનાદિકાળના મોહમિથ્યાત્વ અને અનન્તાનુબંધી કષાયોના કારણે આત્મપ્રદેશોમાં છુપાયેલા પાપકર્મો અને તેના કારણે પડી ગયેલી ખોટી આદતો તથા અપરાધોની પરમ્પરાનું સર્જન થતાં, પારકાના દોષોને જોવાની અને બોલવાની આદતોથી લાચાર બનેલા જીવોને મોહરાજાને આધીન રહેવું અનિવાર્ય બને છે.

શાસ્ત્રીય ભાષામાં પૈશુન્ય એટલે શું ?

(૧) **पिशुनं परदोषाविष्करण रूपम्** (प्रश्नव्याकरण ३५)

પોતાના જીવનમાં પડી ગયેલી તેવા પ્રકારની આદતોને કારણે જ્યારે ને ત્યારે બીજાઓને માટે ખરાબ શબ્દોના પ્રયોગ કર્યા વિના રહેતા નથી તેવી રીતે પોતાના જીવનમાં વખાણવા લાયક એક પણ ગુણનો સદ્‌ભાવ ન હોવા છ્તાં પોતાની આપબડાઈની વાતો કર્યા વિના પણ રહેતા નથી. આપબડાઈની વાતોનો અર્થ એટલો જ છે કે - જે કંઈ છે તે મારામાં જ છે. બીજાની પાસે જ્ઞાન નથી, ચારિત્ર નથી, ક્રિયાકાંડ નથી, દાન નથી, દયા નથી. આ પ્રમાણે પોતાની પ્રશંસા કરવા પાછળ બીજાઓને હલકા દેખાડવાનો ભાવ હોય છે. મતલબ કે, પોતાના દોષોનું પ્રાગટય મહાન સદ્‌ગુણ છે અને પારકાને માટે ખરાબ બોલવું મોટામાં મોટુ પાપ છે.

(૨) **पिशुनः पुष्टिखादकः** (दशवैकालिक २५१)

સામેવાળી વ્યકિતની જ્યારે વિદ્યમાનતા ન હોય ત્યારે તેમના છ્તાં અછ્તાં દુર્ગુણોની અપરાધોની અને સ્વભાવોની રામાયણ કરવી કનિષ્ઠતમ પાપ છે, અક્ષમ્ય અપરાધ છે. વાઘ - વરૂ અને સિંહાદિ પશુયોનિના જીવાત્માઓ પણ માણસની સામે આવીને શિકાર કરે છે, અને લોહી - માંસ ખાય છે. તે હજી નિંદનીય નથી કેમકે - ભૂખ્યા પેટ માટે તેમ કરવું પડે છે, જ્યારે માનવ યોનિ પ્રાપ્ત માનવ જેવો માનવ,

બીજાની પીઠ પાછળ વાંકું બોલે છે ત્યારે પશુ કરતાં પણ ખરાબ છે, તેમ માન્યા વિના બીજો માર્ગ નથી, માટે હિંસક જાનવરોથી માનવસમાજને જે હાનિ થઇ હશે, તેના કરતાં અધિકતમ હાનિ બીજાઓની ચાડી ખાવાવાળા અથવા બીજાઓને માટે આડું અવળું બોલવાવાળાઓથી થઇ છે. આ કારણે જ ભારતદેશની, સમાજની, સમ્પ્રદાયની એક પણ સમસ્યા સુધરવા પામતી નથી. તેમાં મુખ્ય કારણ ચાડીઆઓ, નિંદકો તથા નારદ સ્વભાવવાળા દુર્જનો છે. માટે જ મહાવીરસ્વામીએ કહયું કે - હે સાધક ! તારા ધર્મકાર્યો અને ખાનદાની ધર્મો યદી નિંદિત ન કરવા હોય અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાની પગદંડી પ્રાપ્ત કરવાની ઇચ્છા જ હોય તો, હૈયાના ખુણામાં અનાદિકાળથી પોષાયેલા પૈશુન્ય પાપને છોડી દેવાનો પ્રયત્ન કરજે. બીજાને માટે કંઇ પણ બોલવું તેના કરતાં મૌનભાવમાં રહેવું અથવા રજાઇ ઓઢીને સૂઇ જવું વધારે શ્રેષ્ઠ છે. સારાંશ કે, પુણ્યોદયથી મળેલી જીભને, પારકાની ચાડી ખાવામાં, નિંદા કરવામાં અને બીજાની ગમે તેવી અવહેલના કરવામાં ઉપયુકત કરવા કરતાં મૌનાચરણ સર્વશ્રેષ્ઠ ધર્મ છે.

મૌનધર્મ શામાટે શ્રેષ્ઠતમ છે?

આઠે કર્મોમાં મોહનીય કર્મની જેમ પાંચે ઈન્દ્રિયોમાં રસનેન્દ્રિય અધિકતમ ખતરનાક છે. તેને યદિ સ્વવશ કરવા માટેની ટ્રેનિંગ ન લઇ શકયા તો મર્યાદાથી બહાર ગયેલી જીભને શું બોલવું? કેટલું બોલવું? કયારે બોલવું? આદિમાં વિવેક રહેશે નહી, ફળસ્વરૂપે ભોજન કરવામાં અને બોલવામાં અનેક જીવો સાથે લડાઇ, ઝગડા, વૈરવિરોધ કરી લેશે. જેનાથી આગામી ભવોમાં મનુષ્યભવ તો દૂર રહયો પણ જીભઈન્દ્રિય પણ મળવી મુશ્કેલ બનશે. એકેન્દ્રિય અવતારને પ્રાપ્ત થયેલા અનન્તાનન્ત જીવોને જીભ નથી હોતી. તો પછી નાક, આંખ અને કાનની વાત જ કયાં કરવાની? નરકગતિ તો હજી પણ એટલા માટે સારી છે, જ્યાંથી ૩૩, સાગરોપમ પછી પણ બહાર નીકળી શકાય છે. સમ્યકત્વને પ્રાપ્ત કરી શકાય છે અને નરકગતિમાંથી નીકળી મનુષ્યભવ પામીને તીર્થંકર, કેવળજ્ઞાની અને મનઃપર્યવજ્ઞાની (ચાર જ્ઞાની) પણ બની શકાય છે. જ્યારે એકેન્દ્રિય જીવોને, સંખ્યાત, અસંખ્યાત અને અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણીઓ સુધી, ત્યાંથી બહાર નીકળવાનું અને સમ્યકૃત્વ મેળવવાનું પણ, ત્યાં શકય છે જ નહીં. ૮૪ લાખ જીવાયોનીના અનન્તાનન્ત જીવોમાંથી પર (બાવન) લાખ જીવાયોનિના જીવો એકેન્દ્રિય અવતારમાં છે. આ કારણે જ તીર્થંકર દેવોએ કહયું કે હજીય એકેન્દ્રિયાવતાર પ્રાપ્ત ન કરવો હોય તો

૧૮ પાપસ્થાનકોના અને વિશેષ કરીને પૈશુન્ય પાપના દ્વાર બંધ કરવા માટે સતત પ્રયત્નશીલ બનજે. અને આની શકયતા મૌન વિના નથી.

(૩) **पिशुनः छेदभेदकर्त्ता** (दशवैकालिक ७५४)

માનવસમાજને, ભિન્નભિન્ન જાતિઓને, સમ્પ્રદાયોને, ધર્મોને તથા પંડિતો મહાપંડિતોને પણ એકીકરણની સ્ટેજ પર નહીં આવવા દેવામાં આ પાપનો ચમત્કાર જેવો તેવો નથી. કેમકે, ગમે તે રીતે પણ બીજાની પાર્ટીઓ, સંઘો, મંડળો સંસ્થાઓ તથા સંઘસત્તાને પણ તોડાવવામાં, લડાવવામાં અને વિભાગીકરણ કરાવવામાં તથા એકબીજાની સાથે વેરઝેર કરાવવામાં, કયાંય ગુપ્તરૂપે તો કંયાય પ્રગટ રૂપે પૈશુન્ય પાપ જ જવાબદાર છે. માનવને માનવજાત સાથે છેદનભેદન કરાવનાર આ પાપને કંટ્રોલમાં કરનારો અથવા વ્રતવિશેષના માધ્યમથી મૌનની આરાધના કરવા પૂર્વક છોડનારો ભાગ્યશાળી કહેવાશે. સૌને વંદનીય, પૂજનીય અને સત્કરણીય બનશે.

(૪) **पिशुनः खलः** (प्रश्नव्याकरण ४६)

પારકાનું લોહી પીવામાં 'મચ્છર' ની હોશિયારીને તમે જાણો છો? તે સીધે સીધો માણસને કરડતો નથી પણ સૌથી પહેલા માણસના કાન પાસે આવીને મધુર ગુંજન કરે છે તેવી રીતે પિશુનકર્મ એટલે બીજાની ચાડી ખાનાર પણ ખલ કહેવાય છે. જે બેહદ મિષ્ટભાષી, ખુશામત કરનારો અને બીજાને છેતરનારો તથા એકબીજાની વાત એકબીજાના કાનમાં બહું જ ચાલાકીથી કરનારો હોય છે, જેનાથી સાંભળનાર વિશ્વાસુ ભદ્રિક માણસને કંઈપણ ખબર પડતી નથી. આ કારણે જ આવા માણસોના અભિશાપે ભારતદેશમાં કયાંય પણ એકીકરણ નથી, સમાનાધિકરણ નથી. પૈશુન્યકર્મને કરનાર ચાડીયાને નારદ પણ કહેવામાં આવે છે. યદ્યપિ સત્યુગમાં પણ નારદજી જન્મતા હતાં પણ, આજના કલિયુગના નારદો જુદી જાતના જ હોય છે. અને પ્રત્યેક જાત, નાત, પંડિત, મહાપંડિત, આચાર્ય, સંઘ, ટ્રસ્ટી, મહિલામંડળ ઉપરાન્ત ઓસવાલ, પોરવાલ, દશા, વિશા, હાલારી, ઝાલાવાડી, ઘોઘારી, ગુજરાતી, મારવાડી આદિ પંચોના જુદાજુદા નારદો આજે પણ વિદ્યમાન છે. જેમના કારણે, ધર્મદેવો પણ એક આસને બેસી શકતા નથી ભોજન પાણી પણ એક મંડળીમાં કરી શકતા નથી તો પછી બીજી સંસ્થાઓ માટે કહેવાનું કયાં રહયું? માટે જ સંઘમાં, વીતરાગ પરમાત્માના મંદિરોમાં સંપ નથી, સંગઠન નથી. આવી પરિસ્થિતિમાં અહિંસા, સંયમ, પ્રતિક્રમણ, પશ્ચાતાપ આદિ અનુષ્ઠાનોમાં સત્વ પણ શી રીતે આવે?

(૫) **पिशुनः सूचकः** (उत्तराध्ययन सूत्र ५४८)

સૂચક એટલે ચાડીઓ (કર્ણેજપ) બીજાના કાનમાં ફૂંક શી રીતે મારવી તેમાં તેઓ પૂર્ણરૂપે સાવધાન હોય છે. પોતાના ભોજનપાણી કલાક બે કલાક પછી કરશે તો પણ તેમને વાંધો નથી. પરન્તુ પારકા ઘરની ભાંજગડ કરવામાં અતિ નિપુણ બનેલા, અથવા પૂર્વભવથી પૈશુન્ય નામના પાપનો ભારો મસ્તક પર લઈને અવતરેલા, જ્યાં સુધી પોતાના પેટનો ઉભરો બીજાની આગળ ઠાલવે નહીં ત્યાં સુધી તેમને કોઈ કાળે યાવત્ ખાવામાં, પીવામાં, હસવામાં, કૂદવામાં કે ધર્માનુષ્ઠાનોમાં પણ મજા પડતી નથી. યદ્યપિ આવા જનોના હાથમાં કંઈ પણ આવતું નથી, તો પણ કોઈની વાત (મેટર) તેઓ પોતાના પેટમાં અંધરી શકતા નથી. આ કારણે જ માનવજીવનમાં અત્યન્ત ઉપાદેય 'ગાંભીર્ય' નામનો ગુણ મેળવી શકતા નથી. વ્યવહારાધીનતાના કારણે પ્રાપ્ત થયેલા આ ગુણને ટકાવી શકતા નથી. અલ્પ સમયને માટે કદાચ ટકાવે તો પણ ચિરસ્થાયી બનાવી શકતા નથી. વિષભરેલો નાગ (સર્પ) કોઈને કરડે અને તે મરી જાય તો પણ તેનું માંસ કે લોહી સર્પના ભાગ્યમાં નથી રહેતા. પરન્તુ માનવની હત્યાનું પાપ જ તેના ભાગ્યમાં શેષ રહે છે. તેવી રીતે કાળા નાગની ઉપમાને ધારણ કરતો ચાડીઓ બીજાની ચાડીઓ ખાઈ ખાઈને ભલે રાજી થાય તો પણ તેના શિર પર બીજાઓને લડાવવાના, મરાવવાના, વેરઝેર વધારવાના પાપ સિવાય બીજું કંઈ પણ રહેવાનું નથી. માટે જ દયાનિધિ ભગવાન્ મહાવીરસ્વામીએ ચાડી ખાવાના પાપને મહાપાપ કહ્યું છે. કેમકે - બીજાને લડાવવું, ચિડવવું, ભૂખે મારવું, રોવડાવવું, આદિ કર્મો આન્તરિક જીવનમાં સંગ્રહાયેલી હિંસાના ફળો છે. અને આવો હિંસક માનવ પોતાના ભવિષ્યના ભવોને માટે કંટક પાથરે છે. કાળા નાગની જેમ ચાડી ખાનારને પણ બે જીભ હોય છે. જેને લઈ એકની સામે અમુક વાત અને બીજાની સામે બીજી વાત કરી પોતાના બાહય મનને રાજી રાખી લેશે પરન્તુ ભાવ અધ્યાત્મનો માલિક બની શકતો નથી. પોતાના આન્તરિક જીવનમાં સ્થિર રહેવું તે અધ્યાત્મ છે, જે માનવાવતારમાં સુલભતમ છે. તો પછી પારકાની ભાંજગડનો ત્યાગ કરી આવું આધ્યાત્મિક જીવન શા માટે ન જીવી શકીએ, મરીને દેવ થવાની મિથ્યા કલ્પનામાં રાચવું તેના કરતાં જીવતાં જ દેવ થવું શ્રેષ્ઠ છે.

## ૧૫ રતિ - અરતિ પાપ

૧૮ પાપસ્થાનકોમાં આ પાપ પંદરમું છે. અનન્ત શકિતસંપન્ન આત્માના પ્રદેશોમાં સત્તા જમાવીને બેઠેલી મોહરાજાની માનિતી ચેલી (શિષ્યા) દાસી અને પોતાના અત્યન્ત દુર્જેય, મહાસુભટ કામદેવની પત્નીને રતિ કહેવાય છે. મતલબ કે

સંસારની કૂડકપટની ભરેલી માયામાંથી વૈરાગ્યાંશને પ્રાપ્ત કરેલા જીવાત્માઓને વૈરાગ્યરાજાની છાવણીથી ભ્રષ્ટ કરવાને માટે રતિની શકિત અમાપ છે. છેવટે અગ્યારમે ગુણસ્થાનકે પહોંચી ગયેલા મહાપુરુષોને પણ ચલિત અને પતિત થવામાં મોહરાજાના પુરુષ સુભટો અને સ્ત્રી સુભટો ઉભે પગે તૈયાર જ છે. અમુક વ્યકિત તથા ભોગ અને ઉપભોગ માટેના મનોરમ્ય યોગ્ય પદાર્થો પ્રિય લાગે, નયનાદિ આદિ ઈન્દ્રિયોને ગમી જાય તેને રતિ કહેવાય છે. તેનાથી વિપરીત અરતિ છે. આ બંનેને પાપસ્થાનકોમાં આશ્રય આપવાનો આશય એટલો જ છે કે, આનાથી માનવની લેશ્યાઓ, અધ્યવસાયો, માનસિક પરિણામો કે વિચારધારાઓ કયારે પણ એક સમાન રહેવા પામતા નથી. શરાબપાનના નશાના કારણે માનવનો મિજાજ જેમ એક સમાન રહેતો નથી, તેવી રીતે, રતિ અને અરતિના મૂળમાં મોહકર્મ કામ કરે છે. નાટકના થિએટર પર જુદાજુદા રૂપ વેષ અને ભાષા આદિને ધારણ કરનારા નટની જેમ, મોહનીય કર્મના ઉદયમાં માનવનું મન એક પણ પદાર્થ પર સ્થિર રહેતું નથી. માટે જ પાંચ મિનિટ પહેલા વ્યકિત, અથવા ભોગ્ય, ઉપભોગ્ય પદાર્થો પ્રત્યે રતિ, પ્રેમ, ઝંખના, ચાહના થઈ હતી, પાંચ મિનિટ પછી તે પદાર્થો પ્રત્યે અણગમો, અરતિ, અપ્રેમ અને નફરત થાય છે. તેમાં કારણ શું? પદાર્થો તો તેના તે જ છે, ત્યારે ફેરફાર શામાં થયો. શરીર ઈન્દ્રિયો અને મન તો જડ છે. આમા ફેરફારની શકયતા રહેતી નથી. ત્યારે શરીરમાં વ્યાપી રહેલા આત્માને માન્યા વિના બીજો માર્ગ નથી. અને તે આત્મા પૂર્વકૃત કર્મોની બેડીમાં જકડાયેલો છે. આત્મા જેમ અનન્ત શકિતનો માલિક છે તેમ કર્મસત્તા પણ અનન્ત શકિતસંપન્ન છે. આ કારણે આત્માને દુર્બુદ્ધિ દેનાર ઈશ્વર નથી, પણ કર્મસત્તા છે.

### દુર્બુદ્ધિ દાતા કોણ?

જવાબમાં જાણવાનું કે એકેંદ્રિયથી લઈ પંચેન્દ્રિય સુધીના અનન્તાનન્ત જીવો અને તેમના શરીરો પોતપોતાના કરેલા કર્મોના કારણે સર્વથા જુદા જુદા છે. માટે કોઈનો કોઈની સાથે સંબંધ નથી. આવી સ્થિતિમાં સૌ જીવોને દુર્બુદ્ધિ દેવાનું

કામ ઈશ્વર પરમાત્માનું હોઈ શકે નહીં, કેમકે - સર્વ ધર્મ સમ્મત ઈશ્વરના વિશેષણો સૌને એક સમાન જ માન્ય છે. જેમકે -

(૧) નિરંજન, રાગદ્વેષાદિ પરમાણુઓ સર્વથા નિર્મૂળ થયા હોવાથી, ઈશ્વરને કોઈના પ્રત્યે રાગદ્વેષ ન હોવાથી માન કે અપમાન પ્રત્યે સમભાવી છે.

(૨) નિરાકાર - શરીરની રચનામાં કામે આવે તેવા કર્મોની શકિત પણ સમામ થઈ ગયેલી હોવાથી, શરીરધારી થવાનું પ્રયોજન હવે રહયું નથી. "સિધ્ધાણં નત્થિ દેહો" આ સૂત્રથી તેમને શરીર હાથ - પગ અને મસ્તકાદિ હોતા નથી માટે નિરાકાર છે. તેવી રીતે ઈન્દ્રિયો પણ નથી અને મન પણ તેમને નથી.

(૩) સર્વજ્ઞ - શરીર વિનાના હોવાથી ચર્મચક્ષુનો સર્વથા અભાવ હોય છે. છતાં અનન્તજ્ઞાનના માલિક હોવાથી પૂરા બ્રહ્માંડના જીવોને જ્ઞાનદૃષ્ટિથી જોઈ શકે છે. મતલબ કે પરમાત્મા અનન્તજ્ઞાનના માલિક છે.

(૪) શુદ્ધસ્વરૂપી - અશુદ્ધ સ્વરૂપી અને સંસારવર્તી લૌકિક દેવોને, સંસારના જીવો સાથે સંબંધ હોય છે, જ્યારે પરમાત્મા, પરમેશ્વર, દેવાધિદેવ સર્વથા શુદ્ધસ્વરૂપી હોવાથી સંસારમાં જન્મ લેવાનો, લીલાઓ કરવાની, રાસલીલા રમવી, માખણની ચોરી કરવી તથા તલાવમાં નિર્વસ્ત્ર ગોપીઓના વસ્ત્રોને હરણ કરવાની લીલાઓ શુદ્ધસ્વરૂપી પરમાત્માની હોઈ ન શકે !

(૫) તીર્થંકરો - ગમે તેવા વિલાસોની મોઝ માણવાવાળાઓની જમાત ભેગી કરવવી તે સૌને માટે સુલભ હોઈ શકે છે. પરન્તુ કરણ - કરાવણ અને અનુમોદનથી ક્રોધ, માન, માયા અને લોભથી - હિંસા, અસત્ય, સ્તેય, દુરાચાર અને પરિગ્રહ આદિ પાપોના અણુઓને પણ સંયમથી સ્વાધીન કરનારા, પંચ મહાવ્રતધારી, સાધુ-સાધ્વી તથા ગૃહસ્થાશ્રમની મર્યાદામાં રહી સત્ય-શિયળ આદિ ગુણોને ધારણ કરનારા શ્રાવક-શ્રાવિકા રૂપ તીર્થને - સંઘને સ્થાપન કરનારા તીર્થંકરો સિવાય બીજાની શકિત નથી.

(૬) અર્હન - નાગદેવ, બ્રહ્મદેવ, વાયુદેવ, વાસુદેવ, બલદેવ, ચક્રવર્તિ રાક્ષસ, બ્રહ્મ રાક્ષસ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, કાલિકા, મહાકાલિકા આદિ જગદમ્બાઓથી જેમના ચરણકમલો સેવાય છે, પૂજાય છે, તે અર્હન્, અરિહંત, અરૂહંત, અરહંત જ દેવાધિદેવ પરમાત્મા છે.

(૭) મહાદેવ - આત્માના કોઈપણ પ્રદેશમાં રાગ-દ્વેષ-મોહ-માયા, જન્મ-મરણ, શાપ-આશિર્વાદ ઉપરાન્ત પુનઃ પુનઃ અવતાર ધારણ કરવાના માર્ગ જેના બંધ થઈ ગયા હોય તે મહાદેવ છે. જે અરિહંત સિવાય બીજો કોઈ નથી. ઈત્યાદિ

વિશેષણોથી, જાણવાનું સરળ રહેશે કે - સંસારિઓની એક પણ વાતમાં ઈશ્વરની સાક્ષી નથી. તેમ કોઈને દુર્બુદ્ધિ દેવાનું કામ પણ ઈશ્વરનું નથી. ત્યારે જૈનશાસન માન્ય આઠે કર્મોમાં મતિજ્ઞાનાવરણીયાદિ કર્મોના કારણે જ માનવને દુર્બુદ્ધિ, અસદ્વિવેક આદિ વૈકારિક ભાવો થતા રહે છે.

શરીરધારી શામાટે બનવાનું?

કર્માધીન આત્માને પોતાનાં શુભાશુભ કર્મોને ભોગવવાને માટે હરહાલતમાં પણ શરીરને ગ્રહણ કર્યા વિના બીજો એક પણ માર્ગ નથી. ઈન્દ્રિયો વિનાનું એકલું શરીર પણ શાકામે આવશે? માટે શરીરની રચનાની સાથે જ ઈન્દ્રિયોની રચના પણ થઈ જાય છે ત્યારે -

આત્મારૂપી શેઠ છે, શરીરરૂપી રથ છે, મનરૂપી સારથી છે, ઈન્દ્રિયોરૂપી અશ્વો (ઘોડાઓ) છે અને સદ્‌બુદ્ધિ તથા દુર્બુદ્ધિરૂપી બે લગામ છે. આવો આત્મારૂપી શેઠ યદિ સંતસમાગમ દ્વારા સમ્યગ્જ્ઞાનની ધારા સ્વીકારે તો મન પણ (મનરૂપ સારથી પણ) આત્માધીન બની, સદ્‌બુદ્ધિરૂપ લગામ વડે ઈન્દ્રિયોરૂપી ઘોડાઓને અંકુશમાં (મર્યાદામાં - કંટ્રોલમાં) વ્યવસ્થિત રાખી શકશે. અન્યથા આત્મા, મોહકર્મરૂપ નશામાં મૂઢ બનશે તો મુનીમરૂપ મન પણ મૂઠ બનીને દુર્બુદ્ધિ નામની લગામ હાથમાં રાખી ઈન્દ્રિયોરૂપ ઘોડાઓને વશમાં રાખી શકશે નહીં. આ પ્રમાણે બેધ્યાન થયેલા આત્માનો બાહય અભ્યન્તર વૈભવ નાશ પામશે, અને સમગ્ર જીવન, પાપકર્મોને ઉપાર્જન કરવામાં પૂર્ણ કરશે.

પાપકર્મો શા માટે ઉપાર્જન કરશે?

જવાબમાં જાણવાનું કે જીવાત્મા જ્યારે મોહમિથ્યાત્વના ગાઢ અંધકારમાં ભ્રમિત થઈ, દિગમૂઢ, મોહમૂઢ, વિચારમૂઢ, જ્ઞાનમૂઢ અને કર્તવ્યમૂઠ બની ભ્રમણ કરી રહયો હોય છે ત્યારે મોહરાજાની આજ્ઞામાં રહેનારી સશકત બનેલી રતિ અને અરતિ નામની બંને ચેલીઓ પણ શામાટે પોતાનો અવસર ચૂકશે? આ કારણે જ અમૂક શાક, દાળ, વસ્ત્ર, પુત્રાદિ ગમ્યા અને અમૂક ન ગમ્યા, ઈત્યાદિ ભાવમાં જીવને લાવી મૂકયા પછી રાગ અને દ્વેષ નામના બે સુભટો તૈયાર થઈને બેઠા હોય છે. તેઓ જીવાત્માને પોતાના સકંજામાં તેની રીતે ફસાવી દે છે જેથી છુટકારો પામવો અતીવ દુષ્કર છે. આ કારણે જ જિનેશ્વર દેવોએ રતિ અને અરતિને પાપસ્થાનકોમાં ગણ્યા છે. જેને લઈને સુંદરમાં સુંદર અનુષ્ઠાનોમાં, વીતરાગ પ્રભુના ગભારામાં, મુનિરાજોના ચરણમાં, તથા આયંબીલ, એકાસણા, સમયે પણ મનજીભાઈનું

સ્થિરીકરણ થવા પામતું નથી. ફળસ્વરૂપે કર્મોની, નિર્જરામયી લેશ્યાઓ પ્રાપ્ત થતી નથી. કદાચ આ વાતને ધ્યાનમાં લઇ મહોપાધ્યાય પૂ. શ્રી યશોવિજયજી મં રચિત **"જ્ઞાનસાર"** પુસ્તકમાં "સ્થૈર્યેષ્ટક" લખાયું હશે? જો ભાગ્યશાળી, ઓ **અષ્ટકને** હૃદયંગમ્ય કરશે, નિદિધ્યાસન કરશે. તેમના વૈકારિક અને તામસિક ભાવોની સમાપ્તિ થતાં કેવળજ્ઞાનની સડક સામે દેખાશે.

શુભલેશ્યાઓ શામાટે ટકતી નથી?

તત્વાર્થસૂત્રનું વચન છે કે, વિગ્રહગતિ કે ઋજુગતિથી ભવાન્તર કરતાં જીવાત્માને સૂક્ષ્મશરીર (તૈજસ અને કાર્મણ) અવિચ્છિન્ન રૂપે અનાદિકાળથી સાથે જ હોય છે. કાર્મણ શરીર એ "કર્મણાં સમૂહઃ" હોવાથી લાખો કરોડો ભવોના નિકાચિત, અર્ધનિકાચિત રૂપે કરેલા કર્મો જીવના પ્રતિ પ્રદેશે પોતાની સત્તા જમાવી ને બેઠા છે. જ્યારે કાર્મણ શરીર છે તો ભાવ મન (સૂક્ષ્મ મન) અને ભાવેન્દ્રિયો (લબ્ધિઉપયોગાત્મક ઇન્દ્રિયો) પણ તેમની સાથે રહેલી જ હોય છે. અન્તિમ શ્વાસ પછી શરીરની સાથે સ્થૂલ ઇન્દ્રિયો અને સ્થૂલ મન પણ પૌદ્‌ગલિક હોવાથી ભસ્મીભૂત થાય છે. સૂક્ષ્મ મન જે સીમાતીત ક્લિષ્ટ કર્મોનું ઘર છે, તેની અજબગજબની શકિત હોવાથી ગમે તેવા શુભ અને શુદ્ધાનુષ્ઠાનોમાં પણ આત્મા સ્થિર થઇ શકતો નથી. અને શુદ્ધ લેશ્યાઓને ટકાવી શકતો નથી. એક બાજુ હાથ ઉપર રહેલી કિંમતી માળાના મણકા ફર્યા કરશે અને બીજી બાજુ, રાત્રિ હોય કે દિવસ, સુષુપ્ત અવસ્થા હોય કે જાગૃત અવસ્થા, વનમાં કે નગરમાં, આકાશમાં અને પાતાલમાં, મુંબઇ અને મદ્રાસમાં, ભૂખ્યા પેટે કે ભર્યા પેટે છેવટે ગુરુ ભગવંતો સમીપે બેઠેલા હોઇએ ત્યારે પણ સૂક્ષ્મ મન અવિરતપણે રખડપટ્ટી કરતું હોય છે. જ્યારે દ્રવ્ય મન (સ્થૂળ મન) તો વ્યવહાર કે સમાજની શરમના કારણે ૫-૨૫ મિનિટ પર્યન્ત પણ કાબૂમાં રહે છે. પણ બેશરમ માણસની જેમ, ભાવમન, સર્વથા, સર્વદા અને સર્વત્ર બેશરમ હોવાથી સાધકને પણ બેધ્યાન, બેકરાર, બેદરકાર બનાવતું હોવાથી અનન્ત શકિતનો માલિક આત્મા અધઃપતન ના માર્ગે જતાં વાર લગાડતો નથી. આ માટે જ સાધકે પોતાના ભાવમનને જ શિક્ષિત કરવાની ટ્રેનિંગ લેવી જોઇએ. જે સ્વાધ્યાય, ગુરુકુળવાસ ત્યાગ, તપ આદિના માધ્યમથી શકય બનવા પામે છે. શાસ્ત્રીય ભાષામાં જેને યોગ કે યોગસાધના કહે છે.

## ૧૬ પરપરિવાદ

૧૮ પાપસ્થાનકોમાં સોલમી સંખ્યાનું આ પાપ છે. આમાં પર + પરિ + વાદ ત્રણ શબ્દોનો સમાસ થયો છે.

(૧) પર એટલે લખનાર કે બોલનાર જે વ્યક્તિ હોય તેનાથી વ્યતિરિક્ત પર કહેવાય છે.

(૨) પરિ એટલે વ્યક્તિમાત્ર ગુણ અને દોષોથી પૂર્ણ છે. પરન્તુ બોલનાર કે લખનારની આંખોમાં વૈર-ઝેર-વિરોધ હોય, હૃદયમાં બુરી લાલસા હોય, સામેવાળાનું કંઇ પણ પચાવી પાડવાની દાનત હોય ત્યારે ચારે બાજુથી સામેવાળાના દોષો જ નજરમાં આવે છે.

(૩) વાદ એટલે મુખેથી પારકાના દેષોને બોલવા અને કલમથી લખવા તે વાદ છે. સારાંશ કે દ્વેષપૂર્વક અન્ય વ્યક્તિના દોષોને જાહેર કરવા,

" **द्वेषबुद्धया ऽन्यस्य दुःखोत्पादनं हिंसा ।** " પરપરિવાદ એટલા માટે જ હિંસા છે, મહાહિંસા છે.

રાગ - દ્વેષ - રતિ - અરતિના પાપો જડ અને ચૈતન્ય વિષયક હોય છે જ્યારે પૈશૂન્ય, અભ્યાખ્યાન અને પ્રસ્તુત પરપરિવાદ આ ત્રણે પાપો પ્રાયઃ કરીને મનુષ્ય જાતિ સાથે સંબંધિત હોવાથી બીજાના દોષોને પ્રકાશિત કરતાં, જાહેરમાં મૂકતાં વાર લાગતી નથી.

ભાવ અધ્યાત્મનો સાક્ષાત્કાર થયો ન હોય ત્યારે જ બીજાઓની ભાંજગડ કરવી કોઠે પડી ગઇ હોય છે. માટે જ અધ્યાત્મવાદના પુસ્તકો હાથમાં હોવા છતાં પાંચ મિનિટ પહેલા કર્મોની પ્રકૃતિઓ, તેની સત્તા - ઉદય અને ઉદીર્ણાની ચર્ચામાં રોકાયેલા હોવા છતાં પણ માનસિક જીવનમાં તે વિષયોનો સ્પર્શ મુદલ ન હોવાથી બીજી મિનિટે પારકાની પંચાત્ તેના ઘરની રામાયણની વાતો શીઘ્રતાથી જીભ પર આવીને ઉપસ્થિત થઇ જાય છે. આવા પ્રકારની વૃત્તિ અને પ્રવૃત્તિને તીર્થંકર પરમાત્માઓએ પાપજનક કહી છે.કેમકે - આવા પ્રકારની વિચારધારાઓમાં ખરાબ માણસોની સોબત ચલચિત્ર (સિનેમા - ટેલીવીજન) ગપ્પા, ગોષ્ઠિઓ, કાવ્યો અને સર્વથા પ્રવૃત્તિરહિત જીવન આદિ કારણો મનાયા છે. જેનાથી સમયે સમયે લેશ્યાઓ પણ બદલાતી રહે છે. માટે જ -

" मैत्र्यादि वासितं चेत: कर्म सूते शुभात्मकम्
कषायविषया ऽऽक्रान्तं वितनोत्यशुभं पुन:
पाताल कलशा यत्र भृतास्तृष्णामहानिलै:
कषाया चितसंकल्पवेलावृद्धिं वितन्वते ॥ "

આ પ્રમાણે પાંચે ઈન્દ્રિયોના ૨૩ વિષયોમાં તથા કષાય ભાવોમાં રહેતા માનવમાત્રને પોતાની ચિંતા સતાવતી નથી, પણ પારકાની ચિંતાઓ જ સતાવતી હોય છે. 'મિયાજી ક્યોં દુબલે તો કહે પૂરે ગાંવકી ચિંતા ... 'એટલે કે પારકાની પંચાતના પૂર્ણ રસિયા હોવાથી .... તેઓ

(૧) આધ્યાત્મિક વેષમાં હોવા છતાં આધ્યાત્મિકતાને કેળવી શકતા નથી.

(૨) દયાળુગૃહે જન્મેલો છતાં નિર્ધ્વંસ પરિણામી અને હૈયાનો કઠોર બનેછે.

(૩) અરિહંત પરમાત્માઓની વાણીનું શ્રવણ કરવું ગમે છે પણ જીવનમાંથી તેર કાઠિયાઓને દૂર કરી દેવાની ભાવનાને ઉત્પન્ન કરી શકતા નથી.

(૪) ધર્મના આડંબરી બનશે પણ ધર્માનુરાગી બની શકતા નથી.

(૫) સફાઈપૂર્વકના ભાષાવાદી બનશે પણ સત્યવાદી બની શકે તેમ નથી.

(૬) લોકરંજન કરી શકશે પણ સ્વરંજન કરી શકતા નથી. પોતાના આત્માનું રંજન તેના ભાગ્યમાં નથી.

(૭) સત્તાધારી બની શકશે પણ યશસ્વી બનતા નથી.

(૮) પશુઓ પ્રત્યે વ્યવહાર પૂરતી દયા કરશે પણ માનવજાતિ પર લેશમાત્ર દયાભાવ રાખશે નહીં.

ઈત્યાદિ પ્રસંગોમાં ભાવપાપોનો ચમત્કાર સ્પષ્ટ રૂપે દેખાય છે.

શાસ્ત્રીય ભાષામાં પરપરિવાદ એટલે શું ?

(૧) **परपरिवाद: प्रभूतजनसमक्षं परदोष विकत्थनम्** (प्रज्ञापना सूत्र ४७८)

પાત્રમાં રહેલું સ્થિર જલ, પાત્રને અડતાં જ જેમ ચલિત થાય છે, તેવી રીતે પરપરિવાદ નામના પાપનો સ્પર્શ પણ, સાધકમાત્રને વિક્ષુબ્ધ કરવામાં સમર્થ

છે. વૃદ્ધિંગત આ દેષના માલિકોની જીભની ખણજ પોતાની માવડીને માટે પણ બે શબ્દો ખરાબ બોલ્યા વિના મટતી નથી. રામલાલે છગનલાલ ને કહયું કે - તારી માતા તો બહુ ધાર્મિક છે. ૨-૪ સામાયિક તો રોજ કરતી જ હોય છે. જવાબમાં છગનભાઇ કહે છે, હા! તારી વાત તો સાચી છે, મારી માતા જેવી માતા કોઇને પણ મળવાની નથી. આવી રીતે પોતાની માતાના સર્વ ગુણગાન કર્યા પછી કહેશે કે, મારી માતા બધી રીતે સારી છે પણ ઘરમાં કોઇની સાથે સંપ રાખી શકતી નથી. પુત્રવધુઓ સાથે ઝઘડયા વિના રહેતી નથી આ પ્રમાણે પરપરિવાદનો દોષ, દૂધપાકમાં ખટાશ નાખવા જેવું કરી નાખે છે. જાણવાનું સરળ રહેશે કે, જે ભાઇ પોતાની માતા માટે આવું બોલી શકે છે, તે આવતી કાલે પોતાના વિદ્યાગુરુને માટે કે દીક્ષાગુરુને માટે પણ કંઇ આડું અવળું બોલતા શી રીતે વાર લગાડશે? થોડા આગળ વધીને વિચારીએ... 'મધ્યપ્રદેશના ધાર મુકામે, એક યાત્રાળુએ ભોળા-ભાવે, મહાવીરના વેષમાં રહેલા એક ભાઇને પૂછ્યું કે ભાઇ! નેમિનાથ પ્રભુનું મંદિર કયાં છે? સામેથી જવાબ મળે છે કે, કયા નેમિનાથ? જીવતા નેમિનાથ મારા સ્થાનમાં છે અને મરેલા નેમિનાથ થોડે દૂર જૈનમંદિરમાં છે. આનાથી નિર્ણય કરવાનો રહેશે કે પરપરિવાદનું પાપ કેટલું ભયંકરતમ છે. તીર્થંકર પરમાત્માઓ માટે પણ આવા શબ્દો બોલનાર ભાગ્યશાલીઓ આજે પણ વિદ્યમાન છે.

(૨) **विप्रकीर्णं परेषां गुणदोषवचनम्** (भगवती सूत्र ८०)

કેટલાક દૃષ્ટાન્તોથી ભગવતી સૂત્રના વચનને સિદ્ધ કરીશું. જેથી ખ્યાલમાં આવી શકશે કે, પરપરિવાદ નામનું પાપ અન્ય જીવો માટે અશુભમાં અશુભ (અશુભતમ) પરિણામો કેટલા લાવી શકે છે?

૧. રાજીમતીની એક સખીએ બીજી સખીને કહયું, તને કંઇ ખબર પડી? સાંભળ ત્યારે, વરરાજા યદ્યપિ સર્વગુણ સમ્પન્ન છે, તો પણ શરીરનો વર્ણ શ્યામ છે. બસ! આનું નામ જ પરપરિવાદ છે. જેના કારણે પ્રારંભમાં સામેવાળાની સારી સારી વાતો કરી અને અંતમાં "પણ કે પરન્તુ" શબ્દ લગાડીને ગોળ ને ગોબર કરી નાખવાની આદત પરપરિવાદકોમાં રહેલી હોવાથી તે બિચારાઓને ખબર પડતી નથી કે મારા બોલવાથી કોઇના પણ જીવનમાં, કુટુંબમાં, સમાજમાં અને સંઘમાં વિવાહની વરસી થઇ રહી હોય છે.

લ્હાણી (પ્રભાવના) માં આવેલ મોદક (લાડવો) ને ૨-૩ દિવસ રહેવા દીધો અને અકસ્માત એક તપસ્વી મુનિરાજ ધર્મલાભ દઇ ગોચરી માટે પધાર્યા. ચઢતા

પરિણામે મુનિરાજીને તે લાડવો વહોરાવી દીધો. ધર્મલાભ આપીને મુનિશ્રી ગયા કે તરત જ લાકડીના ટેકે ટેકે ચાલતા એક ડોસીમાં આવે છે અને કહે છે કે પ્રભાવનાનો લાડવો ખાધો? જવાબમાં કહયું કે ખાધો નથી પરન્તુ મુનિરાજને વહોરાવી દીધો છે. આટલું સાંભળતા ડોસીમાં તાડુકયા અને બોલ્યા, ગોચરીને માટે તો મુનિરાજને હજારો ઘર પડયાં છે. આવો સરસ, સ્વાદિષ્ટ, સુગંધીદાર લાડવો વહોરાવાતો હશે? ઊભો થા અને જ્યાં લાડવો મૂકયો હતો તેની નીચેની થાલીમાં મોતીચૂર લાડવાના વિખરાયેલા બે-ચાર દાણા ચાખી જો, ત્યારે તને ખબર પડશે કે, આવો સરસ લાડવો વહોરાવીને મેં કેટલી ભૂલ કરી છે. ભાઇ ઉઠયા અને વિખરાયેલા દાણા મુખમાં મૂકતા જ પસ્તાવો કરતા મુનિરાજની પાછળ દોડે છે, પણ લાડવો ન મળવાથી અફસોસ (આર્ત્તધ્યાન) ના સાગરમાં ડુબી જાય છે. દાન દેવાના કારણે બીજા ભવે અઢલક શ્રીમંતાઇનો માલિક બને છે અને મુનિરાજજીની અવહેલનાના કારણે, બંધાયેલા પાપકર્મોના કારણે મરીને નરકગતિમાં ઉત્પન્ન થાય છે. આપણે એટલું જ જાણવાનું કે લાડવો વહોરાવનાર વહોરાવીને લાભ લે છે. પણ ડોસીના પેટમાં તેલ શા માટે રેડાયું? નવરી બેઠેલી ડોસીની જીભ ઉંધા માર્ગે જઇ જેના પાપે જીવને નરકગતિમાં જવાનો અવસર આપ્યો.

આજે શ્રાદ્ધનો દિવસ હોવાથી ઘરમાં સારામાં સારા ખાદ્ય પદાર્થોને રસોડામાં મૂકી સાસુજી બહાર ગયાં હતાં. પુત્રવધુ પાણી ભરવા કુવા કાંઠે જવા લાગી અને સન્મુખ આવતા જૈન સાધ્વીજીઓ દેખાયા એટલે મટકાને એક ઓટલા પર મૂકી સાધ્વીજીઓને વન્દન કર્યું અને કહયું કે - મારા ગૃહે પધારીને ગોચરીનો લાભ આપો. સાધ્વીજીને લઇ પુત્રવધુ પાછી ઘેર આવી અને મુકત મને ભાવાતિશયથી સુન્દરતમ (સુન્દરમાં સુન્દર) પદાર્થો વહોરાવ્યા. આ ગૃહની સમીપે તુચ્છ પેટની અને સ્વભાવે કટૂ એવી એક વૃદ્ધા રહેતી હતી, જે ઇર્ષ્યાના કારણે બીજાની વાતો કરવામાં અને ઝઘડા કરાવવામાં ભવ ભવાન્તરની ટ્રેનિંગ લઇને અવતરેલા હતાં. આદતથી લાચાર બનેલી ડોસીએ પુત્રવધુની સાસુને બધા વાત કરી દીધી. પરિણામે સીમાતીત ક્રોધમાં આવીને પોતાના પુત્રને બધી વાત કરી અને આગળ પાછળનો વિચાર કર્યા વિના પુત્રે સ્વપત્નીને ઘરની બહાર કાઢી મૂકી. કર્મવશ આવી પરિસ્થિતિ સર્જાતા પુત્રવધુ પોતાના બંને બાળકોને લઇને જંગલમાં આવી, કુવાકાઠે બેઠી આ બાજુ કોપ શાન્ત થયા પછી સાસુ રસોડામાં જોવા ગયાં. જે વાસણોમાં લાડવા આદિ જે રીતે ગોઠવ્યા હતાં તે મુજબ જ જોયા. વધારામાં લોખંડના વાસણો સુવર્ણના બની ગયા હતાં. આ જોઇ અતિહર્ષિત થયેલા સાસુએ પોતાના પુત્રને બોલાવી

કહયું કે, જંગલમાં ગયેલી તારી વહુને તેડી લાવ માતાના કહયા પ્રમાણે પુત્ર જંગલભણી ગયો (જંગલમાં ગયો) પોતાની સન્મુખ આવતા પતિને જોઈ પત્નીએ વિચાર્યું કે આના હાથે મરવું, તેના કરતાં કુવામાં પડી મરવું સારૂં છે. આ રીતે નકકી કરી નેમિનાથ પ્રભુનું શરણ સ્વીકારી, પોતાના બંને પુત્રો સાથે કુવામાં ઝંપાપાત કર્યો. પાછળથી તેનો પતિ પણ કુવામાં પડતું મૂકે છે. અને આર્ત્તધ્યાનમાં મૃત્યુ થવાથી સિંહના અવતારને પામે છે. પુત્રવધુ શુદ્ધ લેશ્યામાં મરીને દેવયોની (ગતિ) પ્રાપ્ત કરી અમ્બિકા માતા સ્વરૂપે અવતરે છે. આ પ્રમાણે પાડોસણ સ્ત્રીની જીભ ઈર્ષ્યા અદેખાઈથી પૂર્ણ હોવાના કારણે ચાર જીવો ને વિના મોતે મરવું પડે છે. એટલા માટે જ દ્રવ્યપાપો કરતાં ભાવપાપો જ ભયંકર મનાયાં છે.

શ્રેણિક રાજાના દુર્મુખ દુતના કારણે પ્રસન્નચંદ્ર મુનિરાજને સાતમી નરક સુધી પહોંચાડી શકે તેવા કર્મદલિકોને, ઉપાર્જિત કરતાં વાર લાગતી નથી. પરન્તુ, તેમની વિચારધારામાં પરિવર્તન થતાં પ્રતિક્રમણ વિધાનથી મોક્ષે ગયા છે.

નોંધ મન-વચન અને કાયાના યોગથી સંગૃહીત થયેલાં કર્મોના દલિકોમાં રાગ-દ્વેષની ચિકકાસ ન મળે તો તેને વિખરાઈ જતા વાર લાગતી નથી. અને કદાચ રાગદ્વેષના આછા પાતળા મિશ્રણથી બંધ પડે, તો પણ પાપોનું પ્રાયશ્ચિત જોરદાર હોય તો બંધ ને તૂટતા અને આત્માને કેવળજ્ઞાન પ્રાપ્ત કરતાં વાર લાગતી નથી.

ઈત્યાદિ અગણિત ઉદાહરણોથી તથા આપણા બોલવાથી બીજાઓના જીવનમાં જે ખરાબ ઘટનાઓ ઘટે તે અનુભવગમ્ય છે.

જીવમાત્રના પરમોપકારી તીર્થંકર પરમાત્માઓ પરપરિવાદને એટલા માટે જ પાપ-મહાપાપ કહે છે. ચારે ગતિમાં ભ્રમણ કરતો સંસારી આત્મા માત્ર મોહકર્મના નશામાં બેભાન હોવાથી, આવી નાની નાની કુટેવો સૌ કોઈના લક્ષ્યમાં ભલે ન આવે અથવા તેમના પ્રત્યે બેદરકાર રહેવામાં આવે તો પણ અવસર આવ્યે આંખોમાંથી જ્યારે બોર બોર જેટલા આંસુઓ ટપકે છે ત્યારે ભૂલોની ભયંકરતા ખ્યાલમાં આવ્યા વિના રહેતી નથી.

## (૧૭) માયામૃષાવાદ પાપ

૧૮ પાપસ્થાનકોમાં, ૧૭ મું પાપ માયામૃષાવાદ છે. જેમાં માયા નામના અને મૃષાવાદ નામના બંને પાપોનું મિશ્રણ છે. તેથી વિશિષ્ટતમ કોટિના સાધકોને માટે પણ આ પાપનો ત્યાગ અત્યન્ત કષ્ટસાધ્ય બનવા પામે છે. પોતપોતાના સ્થાનમાં માયા નામનું પાપ જેમ સર્વવ્યાપક છે. તેમ મૃષાવાદ પાપ પણ સર્વથા અને સર્વદા સર્વજીવ વ્યાપક જ છે. તો પછી બંનેનું મિશ્રણ સારામાં સારા સાધકો, વિદ્વાનો, તપસ્વિઓ, વકતાઓ, લોખકો, ભાષકો અને યોગી - મહાયોગિઓને માટે પણ ભયંકરતમ બનવા પામે તે સૌને માટે અનુભવગમ્ય હોવાથી તેમાં કોઈને આશ્ચર્ય નથી જ.

માયા, કપટ, છલ, ધૂર્તતા, પરવંચના, લુચ્ચાઈ, લફંગાઈ અને માનસિક જીવનની ખરાબીપૂર્વક પોતાના અંગત સ્વાર્થ માટે અસત્ય બોલવું, તે માયા મૃષાવાદ છે. આવા ભાગ્યશાળિઓના ટાંટિયા (પગ) નરક તરફ હોય છે અને જીભ પર મોક્ષ-મુકિત, કેવળજ્ઞાન અને સીમંધર સ્વામીની વાતો હોય છે. માટે જ કહેવાયું હશે કે, "મારે કહેવું છે કંઈ અને કરવું છે કંઈ એમ કરી ભવજળ તરવો છે ભાઈ!"

આ પાપ માટે આગમશાસ્ત્ર શું કહે છે?

(૧) **मायामृषा वेषान्तरकरण तो लोकविप्रतारणम्** (ज्ञाताधर्मकथा ७५)

(२) **वेषान्तर भाषान्तर करणेन यत् परवंचनम् तत् मायामृषावाद** (भगवती ८०)

સર્વોત્તમ દ્વાદશાંગીમાં આ બંને આગમોનું સ્થાન અત્યન્ત પ્રતિષ્ઠિત છે. તેનો સાર આ પ્રમાણે છે - 'બીજાઓને ઠગવા માટે, ખાડામાં કે શિશામાં ઉતારવા માટે, કોર્ટકચેરીના પગથિયે જઈને પણ બીજાઓના મકાન, હાટહવેલી ખેતર, બગીચા, આભૂષણો, આદિને પોતાના બનાવવા માટે તથા કાળા ચોપડા અને કાળા પૈસાને ઉજળા કરાવવા માટે પણ ભાષાપલટો, વેષપલટો, પક્ષપલટો કરાવવામાં સફળતા પ્રાપ્ત કરાવનાર આ પાપ છે.

અનાદિકાળીન કુસંસ્કારોના કારણે માયામૃષાવાદનો ત્યાગ અત્યન્ત દુષ્કર હોય તે માનળામાં આવે તેવી વાત છે. છતાં અનન્તશકિતનો માલિક આત્મા થોડા સમયને માટે પણ નિર્ણય કરરી લે કે 'સવ્વપાવપગાસણો ...' અર્થાત્ સમ્પૂર્ણ પાપોના ક્ષયાર્થે જ જૈનશાસસન છે માટે મારે પણ જૈનશાસનના માર્ગે જવું જોઈએ કેમકે - ભૂતપૂર્વના પાપોનો સર્વથા ક્ષય કર્યા વિના અને સામાયિક વ્રત દ્વારા નવા

પાપોને રોકયા વિના કેવળજ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કોઇના ભાગ્યમાં પણ હોતો નથી તેથી જે કર્મો કરવાથી મારું કેવળજ્ઞાનાવરણીય કર્મ દઢ થાય તેવા માર્ગો મારે જાણીબુઝીને જ છોડી દેવા જોઇએ આ પ્રમાણે વિચારીને પાપોના ત્યાગ માટે જ અભ્યાસ કરવો, વધારવો અને ફરીથી તે પાપોનો સ્વીકાર ન કરવો.

૩૨ ની સંખ્યામાં વિદ્યમાન પદ્મિની સ્ત્રિયોમાંથી એક એક સ્ત્રીને છોડવા માટેનો અભ્યાસ કરનાર શાલીભદ્રજી એક જ ચિનગારીએ સર્વ સ્ત્રિયોને એક જ ઝપાટે છોડી દેવા માટેનો પ્રબલતમ પુરુષાર્થ કરી શકયાં છે. તમે કે અમે આવો પુરુષાર્થ કરી શકીશું કે કેમ? તે ભગવાન જાણે! છતાં અલ્પ પણ સમજદારી કેળવીએ અને મક્કમ બનીએ, અથવા વર્ષે વર્ષે એક એક પાપને છોડી દેવાની કલ્પના કરી લઈએ તો, કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા માટેની સડક (માર્ગ) સૌ કોઇને આમંત્રણ આપવા માટે ઉદાર છે. પાંચમા આરામાં કેવળજ્ઞાન નથી પણ તેનો માર્ગ સૌને માટે ઉઘાડો છે. (ખુલ્લો છે)

વર્તમાનમાં કેવળજ્ઞાન નથી તો તેની ચિંતા અત્યારે શા માટે? બેશક! આ એક સત્ય હકીકત છે કે આજે ચાહે જેસલમેરના રેગિસ્તાનમાં ગરમાગરમ રેતીમાં સેકાઇ જાય કે, હિમાલયની તલેટીમાં બરફની વચ્ચે ઓગળી જાય તો પણ મોક્ષ નથી, પરન્તુ આવી કલ્પના કરનારાઓને જાણવાનું રહેશે કે - આવી કલ્પનાઓ અને તર્કો સર્વથા ત્યાજ્ય એટલા માટે છે કે માનવજન્મ, ખાનદાન કુટુંબ, ધર્મની ભાવના, ધર્માચરણ માટેની શકિત સમ્પન્નતા પુનઃ કયારે મળશે? તેની ખબર કોઇને નથી. કેમકે - દેવભવ પ્રાપ્ત કરવો સુકર છે જ્યારે માનવભવની પ્રાપ્તિ અત્યન્ત દુષ્કરરતમ છે. માટે "કર લિયાસો કામ અને ભજ લીયા સો રામ" આ ન્યાયે આ ભવમાં જ રેગિસ્તાન કે હિમાલયમાં છેલ્લો શ્વાસ લેવાની જરૂર નથી. પણ જીન્દગીમાંથી પાપના સંસ્કારો કુટેવો અને સાવદ્યભાષાઓનો ત્યાગ કરવા માટેનો પ્રયત્ન લાખોવાર કરોડોવાર જૈનશાસનને સમ્મત છે.

પૂર્વભવના વૈરાનુબંધના કારણે જેમ નાગરાજ અવસર આવ્યે ડંખ માર્યા વિના રહેતો નથી. તેવી રીતે માયામૃષાવાદના ખેલાડીઓ પણ પોતાના શિકારને કંઇ રીતે સ્વાધીન કરવો તેના દાવપેંચમાં પ્રતિસમય રચ્યાપચ્યા જ હોય છે. ત્રણ ખંડના રાજા, રૂપરૂપના અંબાર, ૧૬ હજાર કે તેથી પણ વધારે અપ્સરાઓ ને પણ શરમાવે તેવી પત્નીઓના માલિક રાવણ રાજાના કારણે સીતાજીનું નામ આવ્યું બ્રાહ્મણોના મને રાવણ વેદવેદાન્તનો પારગામી હતો. અને જૈન શાસનના મતે રાવણરાજા

સુદેવ, સુગુરુ અને દયાપૂર્ણ ધર્મનો ઉપાસક હતો! છતાં પણ પરસ્ત્રીને માયાપ્રપંચ કરીને પણ ફોસલાવવા તથા તેનું હરણ કરી શય્યાસંગિની બનાવવા માટેની દુર્બુદ્ધિથી પ્રેરાઇ રાજા રાવણ દંડકારણ્યમાં આવે છે. પરન્તુ એકાકી લક્ષ્મણની હાજરીમાં કે એકાકી રામની હાજરીમાં પણ સીતાજીને ઊપાડી જવા માટેની શકિત રાવણ પાસે ન હોવાથી માયામૃષાવાદ નામના પાપનો આશ્રય લેવાની ફરજ પડે છે. બનાવટી સિંહનાદ કરી, સીતાજીને એકલા પાડી નાખવાનો પ્રયોગ કર્યો, અને સફળ બન્યો, તો પણ સીધે માર્ગે સીતાજીનું હરણ કરવું રાવણને માટે લોખંડના ચણા ચાવવા જેવું હતું. રોમેરોમમાં વ્યાપેલી દુર્બુદ્ધિના કારણે રાવણને વિચાર આવ્યો કે - ભારતદેશની ભયંકરમાં ભયંકર કમજોરી એક જ છે કે - ગમે તેવી સ્ત્રીને બાહુપાશમાં લેવી હોય તો, સાધુમહારાજનો વેષ દોરા-ધાગા, માદળીયા, મંત્ર, તંત્ર આદિના માધ્યમથી સફળતા મળતા વાર લાગતી નથી. આવું વિચારીને રાવણે સાધુમહારાજનો વેષ લીધો તે આ પ્રમાણે...

**"ડિમ્ ડિમ્ ડિમ્ ડિમ્ ડિડિમ્ ડિમ્ ડિમતિ ડમરું વાદયન્ સૂક્ષ્મનાદં**
**વમ્ વમ્ વમ્ વમ્ વવમ્ વમ્ પ્રબલગલબલં તાલમાલમ્બ્ય તુભ્યમ્ ।**
**કર્પૂરાકલૃપ્ત ભસ્માચિત સકલતનુરુદ્રમુદ્રાસમુદ્રો,**
**માયાયોગી દશાસ્યો રઘુરમણપુર પ્રાંગણે પ્રાદુરાસીત્ ।।**

અને માયામૃષાવાદ નામના પાપનો પરમભકત બનેલો રાવણ સીતાજીને ઉપાડીને લંકામાં લઇ ગયો છે. પરિણામે સંસારને રામાયણની બક્ષીસ મળવા પામી છે. જેમાં હજારો, લાખો તથા કરોડો માણસો માર્યા ગયા છે. જેમની વિધવા બનેલી સ્ત્રીઓ અને પુત્રવિહોણી માતાઓના ગરમાગરમ અશ્રુબિંદુઓ જ ભારતદેશની ભૂમિના ભાગ્યમાં શેષ રહેવા પામ્યા છે.

(૩) **અણુમાયંપિ મેહાવી માયામોસં વિપજ્જાણ** (દશવૈકાલિક ૨-૫-૪૮)

આત્મોન્નતિને માટે પ્રવજિત થયેલા સાધકને તથા મોક્ષાભિલાષુક, વ્રતધારી, ગૃહસ્થ સાધકને પણ દશવૈકાલિક સૂત્રમાં થોડામાં થોડો પણ માયામૃષાવાદ નહીં સેવવાનો ઉપદેશ કરાયો છે. સ્થૂલ કે સૂક્ષ્મ, જ્ઞાતભાવે કે અજ્ઞાતભાવે, મશ્કરી કે કુતૂહલમાં પણ માયામૃષાવાદ સેવવો ન જોઇએ.

## ૧૮ - મિથ્યાત્વશલ્ય પાપ

૧૮, પાપસ્થાનકોમાં અન્તિમ પાપ મિથ્યાત્વશલ્ય નામનું છે. મિથ્યા એટલે અસત્ય અને મિથ્યાત્વનો અર્થ અસત્યપણું, જુઠાપણું થાય છે. પ્રત્યક્ષ દેખાતી, અનુભવાતી, સ્વસંબંધિત યથાર્થ વસ્તુને ન માનવી, અથવા, વસ્તુ જે રૂપે છે તેનાથી બીજારૂપે માનવી તેને મિથ્યાત્વ કહેવાય છે. દેવમાં દેવલક્ષણ, ગુરુમાં ગુરુલક્ષણ અને ધર્મમાં ધર્મના લક્ષણો ન ઘટતા હોય તેવાઓને દેવ, ગુરુ અને ધર્મ તરીકે માનવા એ મિથ્યાત્વ છે.

મનુષ્યેતર સૃષ્ટિની વાત ન કરીએ અને માનવાવતારને પામેલાઓની વિચારણા કરીએ તો સમજી શકાય છે કે, પૂર્વોપાર્જિત પાપકર્મો અને પુણ્ય કર્મોને ભોગવવાને માટે અવતારને ગ્રહણ કરવાની ફરજ પડે છે વિપાક (ફળાદેશો) ને દેવા માટે તૈયાર થયેલા પાપકર્મોને પુણ્યકર્મોને પુણ્યકર્મોમાં પાપકર્મને પુણ્યકર્મમાં અને પુણ્યકર્મોને પાપ કર્મોમાં પરિવર્તિત કરવા માટે દેવો પણ સર્વથા અસમર્થ છે. માનવમાત્ર જે કંઇ કરે છે તે ગતભવોના આચરેલા કર્મોનો વિપાક છે. જ્યારે કર્મસત્તામાં કોઇની દખલગિરિ કામે આવતી નથી તો પછી દેવીદેવોને વચ્ચે લાવવાની આવશ્યકતા રહેતી નથી.

લૌકિક અને લોકોત્તર રૂપે બે પ્રકારે દેવો મનાયા છે. જેમાં ચંડિકા, કાલિકા, મહાકાલિકા, અંબા, પદ્માવતી, ચક્રેશ્વરી આદિ જગદમ્બા દેવીઓ તથા ભૈરવ, મહાભૈરવ, કાળાધોળા ભૈરવ, ઘંટાકર્ણ, મણીભદ્ર, આદિ દેવો જે સ્વયં ચારે ગતિઓમાં જન્મ મરણ કરનારા છે. અને કામાચારી હોવાથી લૌકિક દેવો બ્રહ્મચારી પણ હોતા નથી માટે સંસારની માયામાં આસકત બનેલા દેવો કોઇના પણ વિશેષ કરી પોતાના ભકતોના પણ પાપનો નાશ કરાવી શકે તેમ નથી, તો પછી તે પરમાત્મા શી રીતે કહેવાશે? છતાં પણ અજ્ઞાની અને મિથ્યાત્વને વશ બનેલાઓ તેમને પરમાત્મ સ્વરૂપે માને છે તે મિથ્યાત્વ છે.

ભૌતિક પદાર્થો પ્રત્યે અત્યન્ત આસકત ભાગ્યશાળીઓને સમજવું જોઇએ કે, મારા વ્યાપારમાં મને જે કંઇ પીછેહઠ દેખાય છે તે મારા પાપકર્મોને આભારી છે. માટે તે કર્મોના નાશ માટે ઉપર પ્રમાણેના લૌકિક દેવોને માનવા, પૂજવાનો કંઇ પણ અર્થ નથી જ પરન્તુ ઉંધે માર્ગે ચઢેલી શ્રદ્ધા જ્યારે અન્ધશ્રદ્ધાનું સ્વરૂપ ધારણ કરે છે ત્યારે માનવનું મસ્તિષ્ક, હૃદય, બુદ્ધિ અને વિવેક આદિના તંત્રો પણ સીધે

માર્ગે રહેવા પામતા નથી. લૌકિક દેવો આપણી જેમ સંસારી એટલા માટે છે કે તેમની પાસે સ્વરક્ષા માટે ધનુષ્ય બાણ, તલવાર, ગદા, ચક્ર આદિ શસ્ત્રો છે. શરીરની શુદ્ધિ માટે પાણીથી ભરેલું કમંડલુ છે. સ્વમસ્તક પર પોતાથી મોટા દેવોની વિદ્યમાનતા હોવાથી રૂદ્રાક્ષ તુલસી આદિની માળાઓ છે. આવા કારણે જાણી શકાય છે કે લૌકિક દેવો પોતે મિથ્યાત્વી ન હોય તો પણ તેમને પરમાત્મા રૂપે માનવાવાળાઓને મિથ્યાત્વી કહી શકાય છે.

આ પ્રમાણે યજ્ઞ-યાગ કરનારા, નદી અને સરોવરોમાં શરીર શુદ્ધિ માટે સ્નાન કરનારા, મૃગચર્મ આદિને પવિત્ર માનનારા તથા ભક્ષ્યાભક્ષ્યના વિવેક વિનાના સંતો મિથ્યાત્વી હોવાથી તેમને ગુરુસ્વરૂપે માનનારાઓ પણ મિથ્યાત્વી છે.

માંસ, મંદિરાનું સેવન, જુગાર, શિકાર, દુરાચાર, અસત્ય, ચોરી આદિ પાપમાર્ગોનો ઉપદેશ કરનાર ધર્મ પણ મિથ્યાત્વી ધર્મ છે.

શલ્યનો અર્થ કંટક (કાંટો) થાય છે. શરીરના કોઈપણ ભાગમાં શલ્ય રહયું હોય ત્યારે શરીરતંત્રના પ્રત્યેક વિભાગમાં આકુળતા, વ્યાકુળતા વધા જાય છે. જેની સીધી અસર આત્માને થયા વિના રહેતી નથી પરિણામે ધર્મમાર્ગથી પતિત થતો આત્મા મિથ્યાત્વ શલ્યના કારણે આર્ત્તધ્યાનમાં પ્રવેશ કરે છે અને ત્યાં પણ, સમ્યગ્જ્ઞાનની જ્યોત જો બુઝાઇ ગઇ તો, રૌદ્રધ્યાનમાં પ્રવેશ થવો સુલભ બને છે. તે સમયે કૃષ્ણ, નીલ અને કાપોત લેશ્યાનો માલિક બનતો આત્મા -

(૧) સમ્યગ્જ્ઞાનમાંથી મિથ્યાજ્ઞાનમાં,

(૨) સદાચારમાંથી ભ્રષ્ટાચારમાં,

(૩) સત્યવાદમાંથી પ્રપંચવાદમાં,

(૪) ન્યાયસમ્પન્ન વૈભવમાંથી અન્યાયોપાર્જિત દ્રવ્યમાં ફસાઈ જાય છે.

ઈત્યાદિ પ્રકારોમાં આત્માના પ્રદેશો પર અજ્ઞાનનું સામ્રાજ્ય વધા જતાં સંસારની સ્ટેજને, મહાજનોના વ્યવહારને તથા ધર્મ્ય અને ન્યાયમાર્ગને પણ દુષિત કરે છે. ફળસ્વરૂપે -

પ્રદૂષણ (પર્યાવરણ) શા માટે ભયંકર છે?

એક જ વ્યકિતનું પ્રદૂષણ (પર્યાવરણ) સંસારના મોટા ભાગને પણ પ્રદૂષણના રંગમાં રંગી નાખે છે. પેટ્રોલ, ડિઝલ અને કોલસાથી ચાલનારા કે ચાલતા વાહનો,

મીલો, કારખાનાઓથી દેશનું પર્યાવરણ કેટલા પ્રમાણમાં બગડયું હશે? કે બગડતું હશે? તે ભગવાન જાણે. પરન્તુ મદ્યપાન, માંસ ભોજન, પરસ્ત્રી કે વેશ્યાગમન, તથા સટ્ટા કે શેરબજારના મર્યાદાતીત ખેલાડીઓના કારણે ઉત્પન્ન થયેલું પ્રદૂષણ માનવજાતને ભૂખે મારવાનું કામ તેજીથી કરી રહયું છે. આ કડવી છતાં સાચી હકીકત કોઈના પણ ધ્યાન બહાર નથી.

વીતરાગ પ્રભુના મંદિરમાં ધૂપ તથા અખંડ દીપ રાખવાનો આશય એટલો જ છે કે મંદિરમાં આવનારી ભકતમંડળીમાંથી, કોઈને કામદેવનું બીજાને ક્રોધનું, ત્રીજાને માયા પ્રપંચનું, ચોથાને લોભનું ભૂત વળગેલું હોય છે તે ઉપરાન્ત કેટલાય ગપ્પા સપ્પા મારવાવાળા, તોફાન મમસ્તી કરવાવાળા, નિંદા-ઈર્ષ્યા અને અદેખાઈના ભરેલા માનવોનું પ્રદૂષણ (પર્યાવરણ) તીવ્રાતિતીવ્ર હોય છે. આના કારણે મંદિર માંથી વીતરાગતા મળવી જોઈતી હતી તેના બદલો અશાંતિ-અસમાધિ ની બક્ષીસ (પ્રભાવના) ની પ્રાપ્તિ થાય છે.

વીતરાગ પરમાત્માના મંદિરો અને મૂર્તિઓની અંજનશલાકા અને પ્રતિષ્ઠાઓ ભવ્યાતિભવ્ય થઈ હોય તો પણ પ્રતિષ્ઠા પછી તે મંદિરો, રાગ-દ્વેષ, આપસી કલેશ, વૈર અને વિરોધના પ્રદૂષિતપરમાણુઓથી દૂષિત થયા વિના રહેતા નથી. આવી પરિસ્થિતિમાં ધીમે ધીમે તે મંદિરો અને મૂર્તિઓ કહેવા પૂરતી જ સારી દેખાશે, તેનાથી ચર્મચક્ષુઓ અને તેના માલિકો ભલે પ્રસન્નતાનો અનુભવ કરશે તો પણ પ્રદૂષિત પર્યાવરણની ખરાબીના કારણે તે ધર્મસ્થાનકો ધ્યાન માટે, એકાગ્રતાની સાધના માટે, કેટલા અને કેવી રીતે ઉપયુકત થશે? તે અનુભવિઓ જ કહી શકે છે. આરસના પત્થરોથી મંદિરની ભવ્યતા જેટલા પ્રમાણમાં વધતી હશે, તેના કરતા પરસ્પરના વૈરવિરોધના પ્રદૂષણોથી મંદિરોની ભવ્યતાને વધારે ફટકો લાગ્યા વિના રહેતો નથી. આ કારણે જ મંદિરોમાં દીપ-ધૂપનો પ્રયોગ કરવામાં આવે છે. તતેની જવાળાઓમાં પ્રદૂષિત હવામાન શુદ્ધ બનશે. અને સાધકને એકાગ્રતાનો અનુભવ થવા પામશે. જેનાથી થોડે ઘણે અંશે પણ વીતરાગતા તરફ પ્રસ્થાન થશે જે આદરણીય અને ઉપાદેય કર્મ છે.

પુણ્ય તથા પાપની પ્રવૃત્તિઓના સંસ્કારો કયાંથી આવ્યા?

આનો નિર્ણય કરતા પહેલા એક વાત ફરીથી જાણી લેવાની જરૂર છે કે - સંસારના કોઈપણ જાતના સંચાલનમાં અથવા માનવમાત્રની પુણ્ય કે પાપની પ્રવૃત્તિઓમાં ઈશ્વરના હસ્તક્ષેપને જૈનશાસને કયારે પણ સ્વીકાર્યો નથી. મતલબ

કે જૈન શાસનને ઈશ્વર પૂજ્ય સ્વરૂપે સ્વીકાર્ય છે. જગત્કર્તા તરીકે નહીં જ કોઇનાથી પણ ઉત્પન્ન નહીં કરાયેલા, અનાદિકાલથી કોઇની રોકટોક વિના ચાલતા સંસારમાં અનન્તાનન્ત જીવોને જ્યારે જે ક્ષેત્રમાં, જે કાલમાં, જેના સહકારથી પુણ્યપાપના ફળો ભોગવવાના હોય છે ત્યારે તે ક્ષેત્રમાં, તે સમયમાં, તે માસોમાં (મહિનાઓમાં) અને તે તે વર્ષોમાં તેવા પ્રકારના નિમિત્તો પોતાની મેળે અથવા પૂર્વભવના મિત્રો કે શત્રુઓના કારણે પણ સર્જાઇ જાય છે. જેમકે પ્રત્યક્ષ દેખાતી મુંબઇની જ વાત કરીએ. સાંભળવા પ્રમાણે એક દિવસ સમુદ્રની મર્યાદા પાયધુની સુધી હતી. જ્યાં સમુદ્રના કાદવમાં ખરડાયેલા, પગો ધોવાતા હતા માટે તેનું નામ પાયધુની ક્હેવાય છે. માનવમાત્રના પુણ્ય અને પાપ, ક્ષેત્ર તથા કાલને આધીન હોવાથી જે કાલે લાખો ઉપરાન્ત માનવોને રોજી અને રોટી આપવાનો સમય આવ્યો ત્યારે, તેવા પ્રકારની સરકાર અને તેવા જ કર્મચારીઓએ અત્યુત્કટ પુરુષાર્થ દ્વારા સમુદ્રને પૂરતા ગયા, તે ક્ષેત્ર પર આજે લાખોની સંખ્યામાં માનવો પોતપોતાના ઓછાવત્તા પુણ્યાનુસારે રોજીરોટી મેળવીને જીવન યાપન કરી રહયાં છે.હવે જ્યારે અત્યુત્કટ પાપકર્મોના ઉદયે કાલચક્ર ફરશે ત્યારે આજની મુંબઇ આવતી કાલે કેવી અને કેવડી રહેશે? તેનો નિર્ણય ભવિષ્યકાલને આધીન છે. મતલબ કે જન્મ લેનારા માનવોના ભવાન્તર કે ભાવાન્તરને કારણે દ્રવ્ય-ક્ષેત્ર-કાલ અને ભાવને પણ બદલાઈ જવા સિવાય બીજો માર્ગ નથી. જે કાલે નેમિનાથ તીર્થંકર હતાં, ૧૮ હજાર પવિત્રતમ મુનિરાજો હતાં, શિયળ શ્રેષ્ઠ સાધ્વીજીઓ હતાં, જેમની સેવામાં લાખો દેવો વિદ્યમાન રહેતા હતાં તેવા કૃષ્ણ મહારાજ અને રામ-વાસુદેવ અને બલદેવરૂપે હતાં. તેવા અત્યુત્કૃષ્ટતમ સમયમાં પણ મરીને વ્યન્તર થયેલા દ્વૈપાયન ઋષિથી બળતી જલતી દ્વારિકાનગરીને પણ કોઇ બચાવી શકયો નથી. આમાં ભૂતકાલ, વર્તમાનકાલ અને ભવિષ્યકાલમાં જન્મેલા, જન્મ લેતા અને જન્મલેનારા માનવોના પુણ્ય અને પાપકર્મો જ કામ કરી રહયાં હોય છે. અનન્ત શકિત સમ્પન્ન કર્મસત્તાના કારણે જ ધૃતરાષ્ટ્રને અન્ધત્વ, દુર્યોધનાદિ સો ભાઇઓનું મરણ, રામચન્દ્રજીની પત્ની સીતાનું અપહરણ, રાવણ અને શૂર્પણખાનું પારકા હાથે મમરણ તથા અપમાન, બુદ્ધદેવને ૯૧ ભવો પહેલાના કર્મોના કારણે કંટકપીડા, ઈન્દિરા ગાંધી, સંજય અને રાજીવ ગાંધીનું અત્યન્ત દયનીય દશામાં મૃત્યુ ઇત્યાદિ અગણિત પ્રસંગોને નજર સમક્ષ રાખીએ અને તેનું અસલી કારણ તપાસીએ તો કર્મસત્તા સિવાય બીજું કયું કારણ જડી શકે એમ છે? ઈશ્વર જો દયાનો મહાસાગર જ હોય તો એકને સદ્બુદ્ધિ અને બીજાને દુર્બુદ્ધિ દેવાના ગોરખધંધા શા માટે કરે? કોઇ કદાચ કહે કે - ઈશ્વર તો દયાલુ જ છે પણ

માનવના પુણ્ય અને પાપ જેવા હોય તે રીતે બુદ્ધિ આપે છે. સારાંશ કે, કર્મોના ફળો દેવામાં ઈશ્વરનું સ્વાતંત્ર્ય નથી પણ કર્મસત્તાને આધીન છે. માતાપિતા, તેમના વિચારો, ખોરાક પાણી અને શિક્ષા આદિ એક જ છે. તો પછી રૂપ-રંગ, ચતુરાઈ, બુદ્ધિમાં બંને ભાઈઓ જૂદા કેમ પડે છે? માટે આવા પ્રસંગોમાં આપણી બુદ્ધિનો ઉપયોગ કરીએ તો માનવું જ પડશે કે, પ્રત્યેક માનવના કરેલા પુણ્ય અને પાપકર્મો જ કારણરૂપે બને છે. જૈનશાસને સાત તત્વોમાં આશ્રવ તત્વની પ્રરૂપણા કરી છે. જેના પુણ્ય અને પાપરૂપે બે ભેદ છે. મોહ, મિથ્યાત્વ, પ્રમાદ, કષાય, અવિરતિ અને મન-વચન-કાયાની વક્રતાના કારણે તથા સમ્યક્ત્વ, અપ્રમાદ, વિરતિ, મન-વચન-કાયાની સરળતા ઉપરાન્ત દયા, દાન, મુનિસેવા, વીતરાગપૂજન આદિના કારણે ઉપાર્જિત, વર્ધિત આશ્રવતત્વના પાપ આશ્રવ અને પુણ્ય આશ્રવ રૂપે બે ભેદ પડે છે.

(૧) પાપ આશ્રવના ફળાદેશો -

દુર્બુદ્ધિ, અસદ્વિવેક, હિંસકવૃત્તિ, અસત્યાચરણ, માયાચરણ, ક્રૂરાચરણ, મિથ્યાચરણ, પાપાચરણ, વક્રાચરણ આદિ પાપઆશ્રવના ફળો છે. એટલે કે પૂર્વોપાર્જિત પાપ આશ્રવના કારણે જન્મ લેનારા જાતકના સ્વભાવ, માતાપિતા, લંગોટિયા મિત્રો, ભાઈભાભીઓ અને છેલ્લે વિદ્યાગુરુઓ - દીક્ષાગુરુઓ પણ તેવા જ મળશે. જેનાથી આવા માનવો ક્યારે પણ પાપ, પાપી ભાવના, પાપ વ્યાપાર અને પાપી ભાષાનો ત્યાગ કરી શકે તેમ નથી.

(૨) પુણ્ય આશ્રવના ફળો -

સદ્બુદ્ધિ, સદ્વિવેક, ધાર્મિક વૃત્તિ અને પ્રવૃત્તિ, સત્યાચરણ, સરળાચરણ, દયાચરણ, શિષ્ટાચરણ, ધર્માચરણ, દીન-દુઃખીઓને પ્રત્યે ભાવ દયાળુતા, સાધુ સાધ્વીજી મહારરાજના ચારિત્રશુદ્ધિ, જ્ઞાન શુદ્ધિ અને દર્શન શુદ્ધિ પ્રત્યે ખ્યાલ રાખીને યથાશકિત, યથાપરિસ્થિતિ, મુનિ સંસ્થાની સેવા વૈયાવચ્ચાદિથી પુણ્યપાપના સંસ્કારોની પ્રાપ્તિ થાય છે.

પ્રજાપતિનો સત્યાર્થ શું છે?

બોલાતી ભાષામાં ભૂમિપતિ-ભૂપતિ, નૃપતિ-નરપતિ આદિ શબ્દોમાં પતિ શબ્દનો અર્થ સર્જક નથી પણ રક્ષક થાય છે એટલે કે ભૂમિનું રક્ષણ કરે તે ભૂમિપતિ, માનવોનું રક્ષણ કરે તે નરપતિ, તે પ્રમાણે પ્રજા એટલે માનવસમૂહનું રક્ષણ કરે

તે પ્રજાપતિ, માનવમાત્ર અલ્પ મસ્ અંશે પુણ્ય અને પાપને સાથે લઇને જન્મેલો હોવાથી પોતાનું, કુટુંબનું, સમાજનું અને દેશનું રક્ષણ પોતાની બુદ્ધિશકિત, શરીરશકિત અને લાકડી, તલવાર કે બંદુક આદિ શસ્ત્રાદિની શકિતથી પેણ કરે છે, કરતો આવ્યો છે અને ભવિષ્યમાં પણ કરશે જ. કોઇક સમયે પરસ્પર ભેગા થઇને સ્વ તથા પરનું રક્ષણ કરવું પડે છે, જેમકે પ્રજાનું રક્ષણ રાજા કરે અને રાજાનું રક્ષણ પ્રજા (સૈનિકો) કરે છે. આવા કાર્યોમાં તો પરસ્પર એકબીજાનો સ્વાર્થ સમાયેલો હોય છે. તેથી પારસ્પરિક ધર્મના કારણે સૌ કોઇ સુરક્ષિત છે. આબાદ છે અને આઝાદ છે. આવા મામલાઓમાં જો બાહયદષ્ટિએ વિચારીએ તો સંસાર, માનવ, પુત્રપરિવારાદિ અને શરીર પણ વિનશ્વર છે. માટે જ આજે કે કાલે, વર્તમાન યાત્રા પૂર્ણ કરીને બીજા સ્થળે પુનઃ નૂતન યાત્રાનો પ્રારંભ કરશે, ત્યારે આગળ વધીને આભ્યન્તર દષ્ટિએ વિચાર કરીશું તો બાહય જગત કરતાં આન્તર જગત સર્વથા પૃથક્ છે. માટે આભ્યન્તર, આધ્યાત્મિક અને આન્તરિક તત્વનું રક્ષણ કરે તે જ સાચો રક્ષક છે. માનવસમૂહના આધ્યાત્મિક જીવનનું રક્ષણ કરે તે સાચો પ્રજાપતિ, ધાતા, બ્રહ્મા કહેવાય છે.

આવો પ્રજાપતિ કોણ?

સંસ્કૃત સાહિત્યમાં .... **"कविरेकः प्रजापतिः"** અર્થાત્ માનવના સ્વભાવનો ધર્મનો, વૃત્તિનો પ્રવૃત્તિનો જે રક્ષક છે તે સાચા અર્થમાં પ્રજાપતિ કહેવાય છે. અને આવો પ્રજાપતિ, કવિ સિવાય બીજો કોઇ નથી. તે કવિ પોતે જેવા રંગમાં રંગાયેલો હશે, તેવા જ રંગના છાંટણા માનવસમૂહના માનસ પર કરશે. આધ્યાત્મિકતાથી, વૈરાગ્યથી અને ચારિત્રથી ભ્રષ્ટ થયેલો કવિ પ્રજાને કેવળ ગગનવિહારી બનાવવા સિવાય અથવા શરાબપાન, વેશ્યાગમન, દ્યૂત, શિકાર આદિની બક્ષિસ આપવા સિવાય તેના કાવ્યોમાંથી બીજું કયું તત્વ મળવાનું હતું? શરાબપાનના નશામાં ચકચૂર બનેલો કવિ, કયારે પણ શરાબપાનની નિંદા તો કરવાનો નથી. ત્યારે જ **"न मद्य भक्षेन दोषो न मांसेन न च मैथुने"** ગમે તે સ્મૃતિનું આ વચન હશે. પણ તેનો અર્થ તો બાલુડો પણ સમજી શકે તેમ છે. વેશ્યાગામી કવિ કદાચ કહી શકશે કે 'આવી વેશ્યાઓ સાથેનું સુરત કર્મ પુણ્યાધીન છે. (સાહિત્ય દર્પણ) થોડા આગળ વધીએ... કવિશ્રેષ્ઠ ભવભૂતિએ ઉત્તરરામચરિત્ર નાટકમાં રામચન્દ્રજીના ગુરુ વસિષ્ઠજીને પણ ગાયોના માંસનું ભોજન કરાવી દીધું છે. હવે જાણવાનું સરળ રહેશે કે, આવા કવિઓથી માનવ સમૂહના આધ્યાત્મિક જીવનની રક્ષા કેટલી થશે? અને હાનિ કેટલી થશે? દેશનું નિરીક્ષણ કર્યા પછી સ્પષ્ટ ખ્યાલ આવશે કે ચાર્વાકની નાસ્તિકતા

કરતાં પણ જેમણા કાવ્યોથી, સ્મૃતિઓથી, પુરાણોથી, કથાનકોથી સંસારને માંસ મદિરા, વેશ્યા, પરસ્ત્રીગમન, શિકાર, જુગાર આદિની બક્ષીસ મળી છે. તેઓ ભયંકરતમ ગુપ્ત, અતિગુપ્ત, નાસ્તિક શિરોમણી છે.

ત્યારે શ્રેષ્ઠતમ કવિ કોણ?

ભક્તામરસ્તોત્રમાં માનતુંગસૂરિ પુંગવે, દેવાધિદેવ, ભગવાન આદીશ્વરની સ્તુતિ કરતાં કહયું કે, હે પ્રભો! અનન્ત સુખ સ્વરૂપ શિવમાર્ગની વિધિનું નિર્માણ કરવાના કારણે આપશ્રી જ સત્યાર્થમાં ધાતા છે, વિધાતા છે, બ્રહ્મા છે. કેમકે - પોતાના ઉત્કૃષ્ટતમ વૈરાગ્યમાં પૂર્ણ સંસારને પણ વૈરાગ્ય સમ્યગ્બુદ્ધિ, સમતા, ઉદારતા અને પવિત્રતાના માર્ગે લઇ ગયા છે. જે માર્ગ ભવ્યપુરુષોને માટે આશીર્વાદ સમાન બનવા પામ્યો છે. સૂર્યનારાયણ પર અલ્પાંશે પણ રહેલા વાદળાઓના કારણે પ્રકાશમાં પણ ફરક પડયા વિના રહેતો નથી, તેવી રીતે આત્માના પ્રદેશોમાં સત્તા જમાવીને રહેલા જ્ઞાનાવરણીય દર્શનાવરણીય, મોહનીય અને અન્તરાય નામના ઘાતિકર્મોના થોડા ઘણા પણ પરમાણુઓ રહી ગયા હોય ત્યાં સુધી કોઇ પણ જીવાત્માને કેવળજ્ઞાનની જ્યોત પ્રાપ્ત થતી નથી. તથા જ્યાં સુધી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી ત્યાં સુધી તે આત્મા છદ્મસ્થરૂપે હોવાથી સંસારના પ્રાણીમાત્રના, કર્મો તેની ગતિ આગતિઓને યથાર્થ ભાવે જોઇ શકતો નથી. માટે તેવા અધુરા જ્ઞાનના માલિકો ચાહે ગમે તેવા પંડિત, મહાપંડિત, તપસ્વી, ઊંધે મસ્તકે રહેનાર માહ મહિનાની ઠંડી રાતમાં પણ પાણીમાં રહેનાર હોય તો પણ યથાર્થ જ્ઞાનના માલિક બની શકતા નથી. જ્યારે ઋષભદેવ પરમાત્માએ ઘોરાતિઘોર તપશ્ચર્યારૂપ અગ્નિમાં કર્મોને સમૂળ બાળી નાખ્યા હોવાથી તેમને થયેલું જ્ઞાન પૂર્ણ પરિપૂર્ણ કહેવાય છે. માટે તેઓ સર્વથા ઉત્કૃષ્ટ કવિ છે, પોતાની કાવ્યમયી દેશનાથી, પોતાના સર્વોત્કૃષ્ટ પુણ્યથી જીવો બોધ પામ્યા છે. આજે પણ તે તીર્થંકર પરમાત્માઓનું જ્ઞાન આગમગ્રંથીયોમાં સુરક્ષિત છે. મતલબ કે યથાર્થ જ્ઞાની પરમાત્માના આગમ ગ્રન્થો આજે પણ વિદ્યમાન છે.

જ્યારે તેમનાથી ઉતરતા એટલે કે કેવળજ્ઞાન વિનાના આચાર્ય ભગવંતો જેઓ ઉત્કૃષ્ટતમ વૈરાગ્યથી દીક્ષીત થયા છે અને ગુરુસેવાના માધ્યમથી લખેલા ગ્રંથો, સંસારની અસારતા, મોહરાજની વિડંબના અને કામદેવની શેતાની ધંધાના ખ્યાલો આપે છે. ફળસ્વરૂપે, આજે પણ વૈરાગી આત્માઓ ભરજુવાની અવસ્થામાં સંસારને લાત મારી સંયમી જીવન જીવી રહયાં છે. તેમના લખેગા ગ્રન્થો, ભાષ્યો, ચૂર્ણિયો,

ટીકાઓ, નિર્યુક્તિઓ, કથાનકો, રાસાઓ, સ્તવનો આદિ સંસારને વૈરાગ્યનો રંગ આપવામાં પૂર્ણ સમર્થ છે.

જ્યારે ગૃહસ્થાશ્રમના ભોગવિલાસોમાં મસ્ત બનેલા, સંસારની માયાના રંગમાં પૂર્ણરૂપે રંગાયેલા, મદ્યપાન, માંસાહાર ને કરનારા, ભાંગ, ગાંજા, અફીણ અને ચરસના હિમાયતી રાસ, ગરબા, કૃષ્ણલીલા અને ડિસ્કોના ઉત્તેજક પંડિતો દ્વારા રચિત ગ્રન્થો કાવ્યો નાટકો મહાકાવ્યોથી સંસારને -

(૧) વૈરાગ્યના બદલે ભોગવિલાસો,

(૨) અહિંસાની આડમાં હિંસાચાર,

(૩) સદાચારની આડમાં ભ્રષ્ટાચાર,

(૪) નૈતિક જીવનના સ્થાને અપ્રમાણિકતા આદિ વધ્યા છે.

ઇત્યાદિ કારણોને લઇ મિથ્યાત્વને ગાઢતમ અન્ધકારની ઉપમા આપેલી છે. માટે જ ૧૭ પ્રકારના પાપોમાં જીવાત્માને પ્રવેશ કરતાં વાર લાગતી નથી.

૧૭ પાપોના મૂળમાં મિથ્યાત્વનું જોર વધારે મનાયું છે. માટે જ આત્મોન્નતિ માટે સદ્‌બુદ્ધિપૂર્વક વિચાર કરી અને આત્માને હિતકારી હોય તેવા માર્ગ પર ચાલવું.

## પન્યાસ શ્રી પૂર્ણાનંદવિજયજી નાં પુસ્તકો

૧. ભગવતી સૂત્ર સાર સંગ્રહ ગુજરાતી ભાગ ૧,૨,૩,૪

૨. ભગવતી સૂત્ર સાર સંગ્રહ હિન્દી ભાગ ૧,૨,૩,૪

૩. પ્રશ્ન વ્યાકરણ

૪. અનૂયોગ દ્વાર

૫. બ્રાર વૃત ગુજરાતી હિન્દી

૬. ભગવાન મહાવીરનૂ દિવ્ય જીવન હિન્દી

૭. જીવન સૂખી કેમ બને ભાગ ૧, ૨ ગુજરાતી

૮. જીવન સૂખી કેમ બને હિન્દી ભાગ ૧, ૨

૯. જીવન સૂખી કેમ બને ભાગ ઇનગલીશ

૧૦. કેવલજ્ઞાન ની પગદંડી

૧૧. સિદ્ધશિલાના સોપાન

૧૩. નળ દમયન્તી હિન્દી

# ઉત્થાનિકા

આજથી, ૩૨ વર્ષ પહેલા એટલે વિક્રમ સં.૨૦૧૬ નો ચાતુર્માસ, નડિઆદ અને કપડવંજ ની વચ્ચે મહુધા ગામે હતો. ત્યારે વીશા નેમા જૈન મહાજન તરફ થી વિદ્યાર્થીઓને ધર્મોત્સાહ દેવા માટે અમુક વિષયોના નિબંધો લખાવવાનો નિર્ણય લેવાયો તેમાં ૧૮, પાપસ્થાનકનો વિષય પણ હતો. તે સમયે એક બાલક મારી પાસે આવ્યો અને સંક્ષેપમાં મેં નિબંધ લખી આપ્યો જોગાનુજોગ હશે, મારા હાથે લખાયેલા નિબંધમાં તે બાળક સારા માર્ક લાવ્યો અને વિદ્યાર્થી ખુબ પ્રસન્ન થયો. એક કોપી મેં મારા સંગ્રહમાં રાખી લીધી તે સમયે મારા મનમાં થયું કે અનુકુલ સમયે, ૧૮, પાપસ્થાનકો પર વિસ્તારથી વિવેચના કરવી પરંતુ તે સમય મારા માટે લેખનકાલનો ન હતો. છતાં પણ આદત મુજબ તેને સંગ્રહમાં ગોઠવી દીધો. સમય બદલાતો ગયો. અમદાવાદ ઉજમફઈની ધર્મશાળામાં હતો ત્યારે સરસ્વતી પુસ્તક ભંડારના માલિકે મને "બાર વ્રત" પર કંઈક લખવાનું કહયું અને પુસ્તક તૈયાર થયું. ભૂરાભાઈને આપ્યું. તેમને છપાવી પણ લીધું, આજે તો ગુજરાતીમાં સાત સાત આવૃતિઓમાં પણ પ્રકાશિત થયું. મુંબઈ આવ્યો અને નમિનાથ ઉપાશ્રયે, શાન્તમૂર્તિ, પુજ્ય આચાર્ય શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ. ના સાન્નિધ્યમાં ભગવતીસૂત્રના યોગોદ્વહન દરમ્યાન પૂનમચંદભાઈ પંડિતજીના આગ્રહથી "જૈનશાસનમાં ઉપયોગની મહત્તા" ઉપર નિબંધ લખી આપ્યો ગુરુદેવની કૃપાથી મારો નિબંધ પરીક્ષકોએ પ્રથમ નંબરે પાસ કર્યો. ત્યાર પછી તો, અથથી ઈતિ સુધી ભગવતી સૂત્રના ચાર ભાગો તૈયાર થયા અને 'ભગવતીસૂત્ર સાર સંગ્રહ' ના નામે હિન્દી તથા ગુજરાતી ભાષામાં પ્રકાશિત થયા આ પ્રમાણે પ્રશ્નવ્યાકરણ (દશમાંગ) અને અનુયોગદ્વાર સૂત્રના દલદાર ગ્રન્થો પ્રકાશિત થયા. તેનાથી મારો આત્મા આનંદવિભોર બન્યો, પરંતુ દીક્ષા લીધા પછી, ગુરુદેવની સારણા-વારણા, પડિચોયણાના કારણે, નવરો નહીં બેસી રહેવાની આદતવાળો હોવાથી કંઈક લખવું એ મારો ખોરાક છે એમ માનનારા મને, સંગ્રહિત ફાઈલોમાંથી ૧૮ પાપસ્થાનકના પાના મળતા સ્મૃતિ તાજી થઈ. ગુરુદેવને ભાવવન્દના કરીને લખવા માટેનો નિર્ણય કર્યો. તેના માટે માનસિક જીવનમાં નકશો તૈયાર થયો તે પ્રમાણે લખવાનો પ્રારંભ કર્યો. બાળજીવો, સમજદાર જીવો અને જ્ઞાનપ્રૌઢ જીવો પણ સરળતાથી સમજી શકે તેવી રીતે લખવું જોઈએ જેથી સૌ કોઈ પાપોને, પાપદ્વારોને ઓળખી શકે, જ્યારે આગમકારોએ તથા ટીકાકારોએ પ્રત્યેક વિષયોને

મોઘમ રાખ્યા વિના સ્પષ્ટ કર્યા છે. તેથી આગમકારો અને ટીકાકારોના માર્ગે જ મારે ચાલવું એ ઉચિત જ છે. ઘણા પ્રસંગોમાં આગમીય વચનોનો પણ ઉપયોગ કર્યો છે અને તેના પર વિવેચન પણ ટીકાકારોના આશયને લગતું જ કર્યું છે. બેશક! શબ્દો મારા છે, ભાવ મારો છે અને વિષયની સ્પષ્ટતા પણ મારી છે, મારી એટલે ટીકાકારોને અનુકુલ બનીને જ વિવેચના કરાઈ છે.

લખવા માટે પાપસ્થાનકોનો વિષય પસન્દ કરવાનો આશય એટલો છે કે, આગમશાસ્ત્રોનો કિંચિત્ પ્રકાશ પ્રાપ્ત કર્યા પછી મારા હૃદય મંદિરમાં એક વાત સ્પષ્ટરુપે ઠસી ગઈ છે કે- જૈનશાસન અને તેની આરાધના પુણ્યના ભંડારો ભરવા માટે નથી. પણ "સવ્વપાવપ્પણાસણો" એટલે કે - અનાદિકાળના સેવેલા પાપોનો નાશ કરવા માટે જ જૈનશાસન છે, કેમકે સરવાળે જોવા જઈએ તો, પાપ-કર્મો જાણ્યા, તેના દ્વાર બંધ કર્યા અને જૂના પાપોનો ક્ષય કર્યો એટલે પુણ્યકર્મોનો ઉદ્દયકાળ જ શેષ રહેવાનો છે, જ્યારે આનાથી વિપરીત જોવા મળશે કે, પુણ્ય કર્મોને કમાવવા માટે પૂજા-પાઠ, તપ-જપ આદિ કાર્યો કરવા છતાં પણ તે ભાગ્યશાળીઓ, પોતાના વ્યાપારમાં, વ્યવહારમાં, હીસાબ ખીતાબ કરવામાં, વ્યાજવટાના સરવૈયા કાઢવામાં અને છેલ્લે અઢળક દ્રવ્યોપાર્જનની લાલસામાં, ગમે તેવા અને ગમે તેટલા આરંભ સમારંભો કરતાં જ હોય છે, ફળસ્વરુપે પાપકર્મોનો ભારો વધી જશે, અને પુણ્યકર્મો દબાઈ જશે અને પરિણામે આવા જીવોને સંસારચક્રમાંથી મુક્ત થવા માટે હજી ઘણાઘણા કાલચક્રો પૂરા કરવા પડશે જ્યારે પાપોના દ્વારોને બંધ કરનારાને બધા વાતે સરસાઈનો અનુભવ કરવાનો રહેશે.

ઉપરના મારા વિચારોમાં કદાચ હું ભૂલતો પણ હોઈ શકું છું. ગમે તે હોય, અંતે તો એક વાત સાચી જ રહેશે કે, જ્યારે આ જીવાત્માની ભવિતવ્યતાનો પરિપાક થશે, તથા કેવળજ્ઞાનને મેળવવાની દિશામાં આગળને આગળ વધશે ત્યારે પાપોના નાશનો જ નકશો સામે દેખાશે, તો પછી સમજણ કેળવીને, પુરુષાર્થનો સથવારો મેળવીને, મક્કમતાપૂર્વક સર્વપ્રથમ પાપોને ઓળખીએ, તેના દ્વારોને બંધ કરીએ તો ખોટું શું છે? આચારાંગ સૂત્રમાં ભગવાન મહાવીરસ્વામીએ કહયું કે - સાધક! તારે જો મોક્ષ તરફ (પ્રતિ) પ્રસ્થાન કરવું જ હોય તો, સૌથી પ્રથમ પાપોને ઓળખી લેવાનો પ્રયત્ન કરજે અને જ્યારે પાપસેવનનો પ્રસંગ આવે ત્યારે, જીવનમાં પાપનો પ્રવેશ થવા દઈશ નહી.

પાપોને ઓળખવા ધાર્યા પ્રમાણે સરળ નથી જ, અથવા પોપટની જેમ, તેમને (પાપોને) બોલવા માત્રથી, પાપોની મુક્તિ થઇ જશે, તેમ માનવામાં પણ, મતિજ્ઞાનની અલ્પતા સમજવી જોઇએ. મતલબકે પ્રતિસમયે પાપાશ્રવના દ્વાર ઉઘાડા જ છે. હાથ-પગ ઈન્દ્રિયો અને શરીરને મૌન આપવા માત્રથી આશ્રવમાર્ગ બંધ થઇ શકતો નથી. માટે જ કહેવાયું છે કે - પુણ્યમાર્ગોની ઓળખાણ અને આરાધના સરળમાં સરળ છે પરંતુ પાપમાર્ગોની ઓળખાણ અને વર્જન (ત્યાગ) સાધનાપંથથી ચ્યૂત કરી અધઃપતન કરાવવામાં સવિશેષ ભાગ ભજવે છે. ચારેગતિમાં ભ્રમણ કરવા જીવમાત્રના અસંખ્ય પ્રદેશો પર અનેકાનેક ભવોમાં, કૃત, કારિત અને અનુમોદિત પાપક્રિયા દ્વારા ઉપાર્જિત કાર્મણવર્ગણાના સ્કન્ધો (કર્મપરમાણુઓના જથ્થા) તેવી રીતે ચોંટેલા છે. જેના પરિણામે, સમજદાર અને મુનિઓના ચરણોમાં રહીને જ્ઞાનમાત્રા પ્રાપ્ત કરેલા સાધકો પણ ,સામાયિકના ૪૮, મિનિટ દરમ્યાન પણ ઈન્દ્રિયો અને મનને વશમાં રાખી શકતા નથી. તો પછી તે પાપોને છોડવા માટે સફળતા શી રીતે પ્રાપ્ત કરી શકવાના હતાં?

આ બધા વિચારોના કારણે જ, તથા ભવભવાન્તરમાં, મારા આત્મા પર પડેલા પાપ સંસ્કારો સર્વથા નાબૂદ થાય (પાપ સંસ્કારોનો સર્વાંશે - સંપૂર્ણ રુપે ક્ષય થાય) અને વર્ત્તમાન ભવમાં તેવા પ્રકારના પાપબંધનથી (પાપસંસ્કારથી) વિરમી) પાપસંસ્કારથી સર્વથા વિરામ પામી મારા આત્માને કેવલ દ્રષ્ટારૂપે રાખવાનો પ્રયાસ કરવાની ટ્રેનિંગ મને પ્રાપ્ત થાય, તેવા આશયથી, આ પાપસ્થાનકોને, મેં મારા સ્વશ્રેયાર્થે જ (સ્વકલ્યાણ માટે જ) જાણીબુઝીને વિસ્તારથી લખ્યા છે, સંભવ છે કે, મારા મતિજ્ઞાનાવરણીય કર્મના કારણે ક્ષતિ રહી ગઈ હોય તો તે અંગે હું ક્ષન્તવ્ય છું.

નોંધ - "પુણ્યકર્મોનો વધારો કરવા માટે જૈનશાસનનો ઉપયોગ ન કરવો". આ કથનનો આશય એટલો જ છે કે, પૂર્વભવની આરાધનાના તારતમ્યને લઇ, કેટલાક ભાગ્યશાળીઓ, એક ઝાટકે જ ગુરુકુળવાસમાં રહીને પાપોના દ્વાર બંધ કરી લે છે, તે સમયે તેમની દષ્ટિ કર્મોની નિર્જરા પર હોય છે. કેમકે - પુણ્ય અને પાપકર્મોનો સમૂળ ક્ષય કર્યા વિનાનો કોઇ પણ સાધક ચાહે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ્યો હોય તો પણ મોક્ષ મેળવવા માટે લાયક બની શકતો નથી. માટે તેમની તપશ્ચર્યા, બ્રહ્મચર્યની કડક આરાધના આદિનું લક્ષ્ય જ મુક્તિ પ્રતિ હોય છે. તેનાથી ઉતરતી કક્ષાના ભાગ્યશાળિઓ, પુણ્ય અને પાપકર્મોને તથા તેના ફલાદેશોને

જાણે છે, તો પણ, દ્રવ્યોપાર્જન અને ભોગૈષણા (વિષયવિલાસ) ના પરમોપાસક હોવાથી તેઓ અન્યાયોપાર્જન કે ન્યાયોપાર્જનમાં વિવેક રાખી શકતા નથી માટે જ આડસાઇઝમાં અનિચ્છનીય હોવા છતાં પણ પાપમૂળક આરંભ સમારંભો કરવા તેમને કોઠે પડી ગયા હોય છે. કેમકે પૂર્વભવની આરાધના કરતાં પણ વિરાધના જોરદાર હોવાથી, તેમ કરવા માટેની ભવભવાન્તરની આદત પડી ગઇ હોય છે. યદ્યપિ તેમના હૃદયમાં આરંભ સમારંભથી કરાયેલા પાપો પ્રત્યે નફરત હોવાથી પ્રતિક્રમણમાં ૧૮ પાપસ્થાનકનું સૂત્ર સ્પષ્ટ રીતે બોલે પણ છે. પરંતુ વિચારવાનું રહે છે કે તેમ કરવા માત્રથી પાપોનું વિમોચન થઇ શકશે? અથવા હજારો કે લાખોનું દાનપુણ્ય કરવામાત્રથી પાપમુકત થવાશે? બેશક! દાનાદિ શુભ ક્રિયા દ્વારા સ્વર્ગલોકની પ્રાપ્તિ થઇ શકે છે, પરન્તુ તે દેવલોકો તો આપણા આત્માએ અનન્તવાર પ્રાપ્ત કરી લીધા છે. અને મનુષ્યાવતારમાં લીધેલા પાપ સંસ્કારો યદિ, દેવલોકમાં પણ સાથે આવી ગયા તો? ત્યાંથી મરીને પુનઃ એકેન્દ્રિયાવતાર જ શેષ રહેશે. આવી પરિસ્થિતિમાં સંત સમાગમ કર્યા પછી સદ્બુદ્ધિ અને સદ્વિવેકની પ્રાપ્તિ થઇ હોય તો, પ્રથમ પાપકર્મોને સમજી, તેના દ્વારો યથા પરિસ્થિતિ બંધ કરવાનો પ્રયત્ન કરી લઇએ તો મોક્ષમાર્ગ સુલભ્ય બનશે. માટે જ, સર્વપ્રથમ પાપકર્મોનો સૂક્ષ્મતમ અભ્યાસ કરવો અત્યાવશ્યક છે. આનાથી હીનતર અવસ્થાના માલિકો પાસે તો પુણ્ય અને પાપકર્મોનો નકશો પણ હોતો નથી. તો પછી બીજો પ્રશ્ન રહેતો જ નથી. પાપકર્મોનીભયંકરતા અને તેના કટુતમ ફળાદેશો પ્રત્યે પણ જેમણે આંખ આડા કાન કર્યા છે તેવાઓને માટે કંઇપણ કહેવાનું નથી જ.

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની આરાધના જ મોક્ષનો માર્ગ છે. છતાં પણ જાણવાનું સરળ રહેશે કે, સમ્યક્ચારિત્રની આરાધના વિના મોક્ષ મેળવી શકાય તેમ નથી. યદિ આ કથનને સત્ય જ માનતા હોય તો - પુણ્ય કર્મો અને પાપકર્મોની વૃદ્ધિ કરવા કરતાં હાનિ કરવામાં જ જૈનશાસનની આરાધના છે. સાથે સાથે એટલું પણ જાણી લેવાનું રહેશે કે, **મોટાભાગે** ન્યાયોપાર્જિત દ્રવ્યને છોડીને અન્યાયોપાર્જન દ્રવ્ય સાથે **જૈનશાસન**ની આરાધનાનો સંબંધ કેટલા અંશે રહેવા પામશે? તે **ભગવાન** જાણે.

અર્હતાં ગુરુણાં ચં વંશવદ :- **પં. પૂર્ણાનંન્દવિજય (કુમારશ્રમણ)**

| પેજનં. | લીટી નં. | ભૂલ | સુધારેલ |
|---|---|---|---|
| ૧ | છેલ્લી લીટી | કુમારજીમણ | કુમારશ્રમણ |
| ૧ | છેલ્લેથી રજી | પન્યાસ | પંન્યાસ |
| ૪ | ઉપરથી ૩જી | ક્ષાનખાતા | જ્ઞાનખાતો |
| ૫ | ઉપરથી ૧૧મી | આગમજ્ઞાન ઠવારા | આગમજ્ઞાન ધ્વારા |
| ૧૧ | " ૧૨મી | વી | આવી |
| ૧૩ | નીચેની રજી | કંયાચ | કયાંય |
| ૧૭ | ઉપરથી ૩જી | કૅયા | કર્યા |
| ૧૭ | ૪ થી | છીસે | છીએ |
| ૧૭ | નીચેથી ૫મી | મુદ્દા | મુદ્દલ |
| ૧૯ | ઉપરથી ૧લી | રહેલો | રહેલી |
| ૧૯ | ઉપરથી ૫મી | શાંખો | શંખો |
| ૨૩ | નીચેથી ૧લી | કાયિક | કાયિક |
| ૨૩ | " ૩જી | તીર્યંચ | તિર્યંચ |
| ૨૩ | સૌથી છેલ્લી | તીર્યંચોને | તિર્યંચોને |
| ૨૪ | ઉપરથી ૯મી | અહ્યંથી | અહિંથી |
| ૨૪ | " ૧૩મી | જુદા | જુદી |
| ૨૪ | " ૧૮મી | મોન | મોતે |
| ૨૫ | " ૮મી | જેવા | જોવા |
| ૨૫ | " ૧૫મી | આગન | આગના |
| ૨૫ | નીચેથી ૯મી | સંજય | સંચય |
| ૨૫ | " ૮મી | ફલઅઘેવ | ફલમઘેવ |
| ૨૬ | ઉપરથી ૧લી | શાપ | શ્રાપ |
| ૨૬ | " ૯મી | રહેવરનો | રહેવાનો |
| ૨૬ | " ૧૨મી | સમય્દ્માં | સમયમાં |
| ૨૬ | " ૧૭મી | વ્યજનમાં | અજન્મા |
| ૨૬ | " ૨૩મી | શર્વશકિત | સર્વશકિત |
| ૨૬ | સૌથી છેલ્લી લીટી | રોબામણ | રીબામણ |
| ૨૭ | ઉપરથી ૪થી | (બેહોશી) | (બેહોશી) |
| ૨૭ | " ૧૧મી | પૌદગલી | પૌદગલિક |
| ૨૭ | " ૧૫મી | ક્રોધ | કોઈ |
| ૨૮ | " ૧લી | આણુશસ્ત્રે | આણુશસ્ત્રો |
| ૨૮ | " છઠ્ઠી | પનીનો | પત્નીનો |
| ૨૮ | " ૧૪મી | બોંધી | બાંધી |
| ૨૯ | ઉપરથી ૧૯મી | અતપણુ | અતડાપણુ |
| ૩૦ | " ૧લી | હિંસ | હિંસ્ર |
| ૩૦ | " ૪થી | નિગ્રન્થ: | નિર્ગ્રન્થ: |
| ૩૦ | નીચેથી છઠ્ઠી | નળતત્તવોના | નવતત્વોની |
| ૩૧ | ઉપરથી ૧૬મી | હિંસ્રકર્મ | હિંસ્રકર્મ |
| ૩૩ | " ૧૧મી | એહી | અહી |
| ૩૫ | નીચેથી ૧૨મી | નમંસતી | નમંસંતિ |
| ૩૫ | ઉપરથી૧૧મી | મુહયન્તિ | મુહ્યન્તિ |
| ૩૬ | નીચેથી ૧લી | નંદોવધન | નંદીવર્ધન |
| ૩૬ | નીચેથી ૫મી | રાજાના | રાજાની |
| ૩૭ | નીચેથી ૧૩મી | ૨ રીતે | રીતે |
| ૩૭ | સૌથી નીચે | પુરિએ | પુરિસે |
| ૩૭ | " " | વેયેઇ | વેયેઇ |
| ૩૯ | નીચેથી ૩જી | અસદભિધાનમૃનૃતૃમ્ | અસદ્ભિધાનમૃનૃતમ્ |
| ૪૦ | ઉપરથી ૧લી | લૂતનિધ્નવ | ભૂતનિહ્નવ |
| ૪૦ | " ૧ લી | ગર્દા | ગર્હા |
| ૪૦ | નીચેથી ૧૫મી | ધીની | ધીની |

| પેજનં. | લીટી નં. | ભૂલ | સુધારેલ |
|---|---|---|---|
| ૪૦ | " ૧૧ મી | અ | અગ્નિ |
| ૪૦ | નીચેથી ૫ મી | પ્રક્ષ્ન | પ્રશ્ન |
| ૪૧ | નીચેથી ૯મી | સાચ્યદાનન્દ | સચ્ચિદાનન્દ |
| ૪૨ | ઉપરથી ૧મી | પ્રક્ષ્નોના | પ્રશ્નોના |
| ૪૩ | " છટ્ઠી | શબ્દોવાળા | શબ્દોવાળી |
| ૪૫ | " ૧ મી | ઘણી | ઘણી |
| ૪૬ | " ૫ મી | ખન્જો | બન્ને |
| ૪૫ | નીચેથી ૫મી | વખેત | વર્જેત્ |
| ૪૭ | નીચેથી ૧૦મી | બરાબબર | બરાબર |
| ૪૭ | " ૫ મી | સફળ પનતુ | સફળ બનતુ |
| ૪૮ | ઉપરથી ૩જી | પંદિત | પંડિત |
| ૪૮ | નીચેથી ૧૨મી | સસદ્બુદ્ધિમાં | સદ્બુદ્ધિમાં |
| ૪૮ | " ૧૨ મી | હોવીથી | હોવાથી |
| ૪૯ | " ૮ મી | એશે | અંશે |
| ૫૧ | " ૯ મી | મોળવી | મેળવી |
| ૫૨ | નીચેથી ૩જી | સચ્ચે | સવ્વે |
| ૫૫ | ઉપરથી ૧ લી | આગળા | આંગળા |
| ૫૫ | " ૮ મી | લક્ષ્મીદિવી | લક્ષ્મી દેવી |
| ૫૫ | નીચેથી ૫ મી | જઈસે | જઈએ |
| ૫૬ | ઉપરથી ૧૪મી | કયારેચ | કયારેય |
| ૫૬ | નીચેથી ૨જી | લીજા | બીજા |
| ૫૭ | ઉપરથી ૧ લી | એકેચ | એકેય |
| ૫૭ | " ૧૦મી | કપુત્ર | હેપુત્ર |
| ૬૧ | " ૨ જી | અજાતીય | સજાતીય |
| ૬૧ | નીચેથી ૨જી | કવિવાહિત | વિવાહિત |
| ૬૨ | " ૭ મી | કષાચનો | કષાયનો |
| ૬૩ | ઉપરથી ૧લી | કદાય | કદાચ |
| ૬૩ | નીચેથી ૭મી | મોહુ | મોહ |
| ૬૪ | ઉપરથી ૫મી | ચાવત | યાવત્ |
| ૬૯ | નીચેથી ૬ટ્ઠી | નાસપત્યા | નાસકત્યા |
| ૭૨ | ઉપરથી ૫મી | બઘોચ | બઘોય |
| ૭૨ | નીચેની | ઘેરઘેર | ઘેરઘેર |
| ૭૩ | નીચેથી ૧૦મી | આધી | આધી |
| ૭૪ | ઉપરથી ૫મી | સંભળીને | સાંભળીને |
| ૭૪ | " ૧૫ મી | વર્તાઓ | વાર્તાઓ |
| ૭૪ | " ૧૧ મી | અસુર્યમ્પરયા | અસૂર્યમ્પશ્યા |
| ૭૪ | નીચેથી ૧૨મી | ઘુસાપુંસા | ઘુઆંપુંઆ |
| ૭૫ | ઉપરથી ૧૪મી | ઘણી | ઘણી |
| ૭૫ | " ૩ જી | આપ્યુ કે નઆચ્યું | આવ્યું કે ન આવ્યું |
| ૭૭ | " ૧૩ મી | ગૃહણાતિ | ગૃહણાતીતિ |
| ૭૭ | " ૧૧ મી | દખાવી | દબાવી |
| ૭૭ | નીચેની | પ્રમિ | પ્રામિ |
| ૭૮ | નીચેથી ૧૬મી | પ્રતિક્રમણ | પ્રતિક્રમણ |
| ૭૮ | " ૧૪મી | ઘણઘન્નોશ્વિત્ત | ઘણઘણશ્વિત્તવત્થુ |
| ૭૮ | ઉપરથી ૪થી | સ્પ્રુય | સહ્રય |
| ૭૯ | નીચેથી ૧૩મી | પૃથ્વીકાચ | પૃથ્વીકાય |
| ૭૯ | " ૮ મી | ઘકેલા | ઘીકેળા |
| ૭૯ | " ૭ મી | સચારે | કયારે |
| ૮૦ | " ૮ મી | ઘુટકો | છુટકો |

| પેજનં. | લીટી નં. | ભૂલ | સુધારેલ |
|---|---|---|---|
| ૮૦ | ઉપરથી ૮મી | બધાચ | બધાય |
| ૮૦ | " ૧૨ મી | નિર્વહિ | નિર્વાહ |
| ૮૧ | નીચેથી ૧૦ મી | સધપાવપણાસણો | સવ્વપાવપ્પણાસણો |
| ૮૧ | નીચેથી છટ્ઠી | કયારેચ | કયારેય |
| ૮૧ | નીચેથી ૪થી | ઘેટાઓના | ઘેટાઓના |
| ૮૨ | ઉપરથી ૭મી | અભવ | અભાવ |
| ૮૨ | " ૮મી | નોટીને | નોટોને |
| ૮૨ | નીચેથી ૧૪મી | ખાડાખોડી | ખાડાખોદી |
| ૮૩ | ઉપરથી ૧લી | વિષયકષાચાદી | વિષયકષાયાદી |
| ૮૩ | ઉપરથી ૧૧મી | સત્ત્વપાવપળાસણો | સવ્વપાવપ્પણાસણો |
| ૮૩ | નીચેથી ૫મી | પ્રદત્યે | પ્રત્યે |
| ૮૪ | ઉપરથી ૧લી | ગયે | ગયો |
| ૮૪ | " ૧૪ મી | ઉઘી | ઊંઘી |
| ૮૪ | નીચેથી ૧૧ મી | આપ્યા | આવ્યા |
| ૮૫ | ઉપરથી ૮ મી | કયાંચ | કયાંય |
| ૮૫ | " ૧૦ મી | ગતભવોને | ગતભવોની |
| ૮૯ | નીચેથી ૧૫ મી | મચણે | કારણે |
| ૮૭ | ૬ ટ્ટી | ધુસાપુંસા | ધુંઆપુંઆ |
| ૮૯ | " ૯ મી | પ્રકારમાં | પ્રકાશમાં |
| ૮૯ | " ૯ મી | કદાચ | કદાચ |
| ૯૦ | " ૫ મી | કાઠે | કાઠે |
| ૯૧ | " ૯ મી | મુદ્દત | મુદ્દલ |
| ૯૩ | ઉપરથી ૧૦ મી | કદાચ | કદાચ |
| ૯૪ | ૧૨ મી | ઊધેંણોયદ્વારા | ઊદ્યોગોદ્વારા |
| ૯૪ | નીચેથી ૧૪ મી | કૃખણલેશ્યા | કૃષ્ણલેશ્યા |
| ૧૦૦ | ઉપરથી ૧૦ મી | ગુણાઘઘાતિની | ગુણોઘઘાતિની |
| ૧૦૧ | ૫મી | ફેળવેલુ | મેળવેલુ |
| ૧૦૧ | ૧૨મી | મુનેશ્ચણ્ડાલોપમ | મુનેશ્ચણ્ચણ્ડાલોપમ |
| ૧૦૧ | નીચેથી ૩જી | કરે છે | કહેછે |
| ૧૦૨ | ઉપરથી ૧ મી | કોધોડભિખાયતે | કોધોડભિજાયતે |
| ૧૦૩ | નીચેથી૫ મી | વિવેગેરુવીખવી | વિવેગેરુવીજ્વી |
| ૧૦૩ | " ૫ મી | સલ્લવિગ્વેવેવા | સલ્લવિગ્વેવેઇ |
| ૧૦૪ | ઉપરથી ૮ મી | ચંડાલતમો | ચંડાલસમો |
| ૧૦૫ | નીચેથી ૧૧ | છદમસ્થાને | છદ્મસ્થને |
| ૧૦૮ | ઉપરથી ૩જી | ડંક | ડંખ |
| ૧૦૮ | નીચેથી ૮મી | સચી | સાચી |
| ૧૧૧ | ઉપરથી ૭મી | હકાલપડી | હકાલપટ્ટી |
| ૧૧૨ | ઉપરથી ૯મી | આપ્યાના | આપવાના |
| ૧૧૨ | નીચેથી ૬ટ્ટી | ઘેનમાં | ઘેનમાં |
| ૧૧૪ | ઉપરથી ૧લી | ઘમધ્યાનાહિ | ધર્મધ્યાનાદિ |
| ૧૧૪ | નીચોથી ૧૩ મી | હેમચંદાચાર્ય | હેમચંદ્રાચાર્ય |
| ૧૧૪ | " ૫ મી | પ્રયત્ન | પ્રત્યય |
| ૧૧૫ | " ૭ મી | લાગતથી | મિલ્કતથી |
| ૧૧૫ | ઉપરથી ૩ જી | ઋષભઋષભ | ઋષભ |
| ૧૧૭ | " ૧૦ મી | સકળ | સફળ |
| ૧૧૭ | નીચેથી ૯ મી | હુંઅહું | હુંઅહં |
| ૧૧૭ | નીચેથી ૮ મી | અહંઅને અહંનેખારમો | અહં અને અહઁનેબારમો |
| ૧૧૮ | ઉપરથી ૩જી | ઘાનિ | ઘાતિ |
| ૧૧૮ | નીચેથી ૪થી | અવ્યાબાદ | અવ્યાબાધ |
| ૧૧૯ | ઉપરથી ૫મી | મારે | મારા |

| પેજનં. | લીટી નં. | ભૂલ | સુધારેલ |
|---|---|---|---|
| ૧૧૮ | નીચેથી ૪ થી | વદ્ર | વક્ર |
| ૧૨૧ | નીચેથી ૪થી | સ્વવીર્યનિગહનં | સ્વવીર્યનિગૂહનં |
| ૧૨૨ | ઉપરથી ૯મી | જોટલા | જેટલી |
| ૧૨૪ | " ૫ મી | પાવંદી | પાબંદી |
| ૧૨૫ | " ૫ મી | આપણ | આપણા |
| ૧૨૫ | **નીચેથી ૧૧ મી** | **ખધાય** | **બધાય** |
| ૧૨૬ | " ૮મી | ગાર્ધ્યલક્ષણ | ગાધ્યર્યલક્ષણ: |
| ૧૨૬ | " ૩ જી | દ્રવ્યોદ્યભિકાંક્ષા લોભ: | દ્રવ્યાદ્યભિકાંક્ષા લોભ: |
| ૧૨૭ | ઉપરથી ૧૧ | સુધા | સુધી |
| ૧૨૭ | નીચેથી ૧૫મી | હોય તે પણ | હોય તો પણ |
| ૧૨૮ | " ૧૧ મી | માંગે | ભાંગે |
| ૧૨૮ | " ૩ જી | સત્કર્મિતા | સત્કર્મિતા |
| ૧૨૮ | નીચેથી ૧૦ મી | લાંખો | લાંબો |
| ૧૨૮ | નીચેથી ૧૦ મી | ક્યાંચ | ક્યાંય |
| ૧૨૯ | ઉપરથી૨જી | પ્રલયકાળના | પ્રલયકાળની |
| ૧૨૯ | " ૭ મી | સધર્મ | સદ્ધર્મ |
| ૧૨૯ | નીચેથી ૪થી | મોડું | મોઢું |
| ૧૨૯ | છેલ્લી લીટી | બ્રહમણ | બ્રાહ્મણ |
| ૧૩૦ | ઉપરથી ૧૧મી | ઘરેથી | ઘરેથી |
| ૧૩૧ | " ૧૨ મી | વેડકી | વેડકી |
| ૧૩૧ | નીચેથી ૯મી | લાખ | લાખા |
| ૧૩૧ | " ૧૦ મી | ખોલી | બોલી |
| ૧૩૨ | ઉપરથી ૨જી | ખરું ને પણ | ખરુંને ન પણ |
| ૧૩૨ | " ૧૩ મી | હશેના | હશેને? |
| ૧૩૨ | " ૧૪ મી | કેટલું | કેટલું |
| ૧૩૩ | ઉપરથી૩જી | તે? અને ચારેજણા થઈને | તો? અમે ચારે જણા થઈએ |
| ૧૩૩ | નીચેથી ૧૫મી | કયું છે | કહયું છે |
| ૧૩૪ | ઉપરથી૧લા | નન્તાનન્ત | અનન્તાનન્ત |
| ૧૩૪ | " ૧ લી | બહેંચાઈ | વહેંચાઈ |
| ૧૩૪ | " ૨ જી | છાપણી | છાવણી |
| ૧૩૪ | " ૪ થી | સન્તાને | સત્તાને |
| ૧૩૪ | નીચેથી ૧૩મી | સભક્ષ્ય | અભક્ષ્ય |
| ૧૩૪ | " ૧૨ મી | લાંગ | ભાંગ |
| ૧૩૪ | " ૯ મી | મનફાપતી | મનફાવતી |
| ૧૩૫ | ઉપરથી ૩જી | ઉદારસ | ઉધરસ |
| ૧૩૫ | " ૫ મી | ચોરાની | ચોરીની |
| ૧૩૫ | " ૭ મી | પરમાધર્મિઓ | પરમાધામીઓ |
| ૧૩૫ | " ૯ મી | ફરીધી | ફરીથી |
| ૧૩૫ | " ૧૦ મી | છાપણીમાં | છાવણીમાં |
| ૧૩૫ | " ૧૩ મી | ત્યાં સુધાજ | ત્યાં સુધીજ |
| ૧૩૫ | " ૧૪ મી | ઉમદમાં | ઉમરમાં |
| ૧૩૫ | નીચેથી ૧૨મી | માર્ચા | માર્યા |
| ૧૩૫ | નીચેથી ૨જી | આયુખ્યને | આયુષ્યને |
| ૧૩૬ | ઉપરથી છટ્ઠી | ઉણય | ઉણપ |
| ૧૩૬ | નીચેથી ૧મી | કાળયક્રોમાં | કાળચક્રોમાં |
| ૧૩૬ | નીચેથી૮મી | અનુમોહેલા | અનુમોદેલા |
| ૧૩૬ | નીચેથી ૨જી | ભોગવય | ભોગવટા |

| પેજનં. | લીટી નં. | ભૂલ | સુધારેલ |
|---|---|---|---|
| ૧૩૬ | નીચેથી ૧૫ મી | કાળયક્રોમાં | કાળચક્રોમાં |
| ૧૩૬ | નીચેથી૮ મી | અનુમોહેલા | અનુમોદેલા |
| ૧૩૬ | નીચેથી ૨ જી | ભોગવય | ભોગવટા |
| ૧૩૭ | ઉપરથી ૭ લી | રહેસા | રહેલા |
| ૧૩૭ | " ૧૩ મી | રચચોપચચો | રચ્યોપચ્યો |
| ૧૩૭ | નીચેથી ૧૩મી | ઉતપત્તિ | ઉત્પત્તિ |
| ૧૩૭ | " ૧૨ મી | પદાર્થોપી | પદાર્થોની |
| ૧૩૭ | " ૧૨ મી | વધરો | વધશે |
| ૧૩૭ | " ૭ મી | આપ | સાપ |
| ૧૩૮ | ઉપરથી ૧૦મી | કષાચ | કષાય |
| ૧૩૮ | " ૧૧ મી | યાંગ | યોગ |
| ૧૩૮ | નીચેથી ૧૩ મી | માગ | માર્ગ |
| ૧૩૮ | " ૧૨ મી | ધામા | ધીમા |
| ૧૩૮ | " ૨ જ | સુધા | સુધી |
| ૧૩૯ | ઉપરથી ૭ મી | ભાવસંચય | ભાવસંયમ |
| ૧૩૯ | નીચેથી ૧૨ મી | આંબના | આંખના |
| ૧૪૦ | ઉપરથી ૧૧ | ઘડાને | ઘડાને |
| ૧૪૦ | " ૧૪ થી | દશાસ્રીય | શાસ્રીય |
| ૧૪૧ | ઉપરથી ૫ | ઔદાયિક | ઓદાયિક |
| ૧૪૧ | ઉપરથી૧૧મીલીટી | રુપાધાક્ષેપર્જાનિત્મીતિવિશષા | રુપાધાક્ષેપર્જાનિત્મીતિવિશેષા |
| ૧૪૧ | નીચેથી ૧૪મી | ઈન્દ્રિણી | ઈન્દ્રાણી |
| ૧૪૧ | " ૧૩ મી | ગુરુલપુ | ગુરુલઘુ |
| ૧૪૧ | " ૭ મી | યુદ્‌ગલ | પુદ્‌ગલ |
| ૧૪૧ | " ૭ મી | સ્ફન્ધ | સ્કન્ધો |
| ૧૪૨ | ઉપરથી ૧૧ | સકળ | સફળ |
| ૧૪૨ | નીચેથી ૩જી | સ્ફન્ધો | સ્કન્ધો |
| ૧૪૩ | નીચેથી ૧૪મી | સદશ | સદૃશ |
| ૧૪૪ | ઉપરથી ૫મી | નિથ્યાચાર | મિથ્યાચાર |
| ૧૪૪ | " ૧૩ મી | શ્વાસ સુધા | શ્વાસ સુધી |
| ૧૪૪ | " ૧૫ મી | પ્રમમિનું | પ્રામિનું |
| ૧૪૪ | નીચેથી ૭ મી | દખાવી | દબાવી |
| ૧૪૫ | " ૧૦ મી | સદાઈ | સધાઈ |
| ૧૪૬ | ઉપરથી ૧લી | તે બધા | તેબધી |
| ૧૪૭ | નીચેથી ૧૪મી | અહી દ્વેષ | અહી દોષ |
| ૧૪૮ | નીચેથી ૪થી | દાષ: | દોષ: |
| ૧૪૯ | ઉપરથી ૪થી | દેષોને | દોષોને |
| ૧૫૧ | " ૮ મી | બ્રામણ | બ્રાહ્મણ |
| ૧૫૨ | " ૩ જી | વિષસદશ | વિષસદૃશ |
| ૧૫૩ | " ૧૦ મી | હોવા થઈ | હોવાથી |
| ૧૫૨ | નીચેથી ૧૧મી | હાસો | હ્રાસો |
| ૧૫૪ | ઉપરથી ૧૬મી | અકાચ્ય | અકાટ્ય |
| ૧૫૪ | નીચેથી ૧૦મી | એટલા | એટલે |
| ૧૫૪ | " ૧૦ મી | રહેવા | રહેલા |
| ૧૫૫ | ઉપરથી ૯મી | સ્થાદ્વાદને | સ્યાદ્વાદને |
| ૧૫૬ | નીચેથી ૧૫ | છેવટો | છેવટે |
| ૧૫૬ | " ૯ મી | રાગધીન | રાગાધીન |
| ૧૫૬ | " ૫ મી | અધીન | આધીન |

| પેજનં. | લીટી નં. | ભૂલ | સુધારેલ |
|---|---|---|---|
| ૧૫૭ | ઉપરથી ૯મી | પઠી | પછી |
| ૧૫૮ | નીચેથી ૧૦ મી | કચરાદી | કચરાહિ |
| ૧૫૯ | ઉપરથી ૧૧મી | ધૂજારી | ધ્રૂજારી |
| ૧૫૯ | ઉપરથી ૧૨મી | પ્રતિસ્ર્પધાને | પ્રતિસ્પર્ધિને |
| ૧૫૯ | નીચેથી ૧૧મી | પળ | બળ |
| ૧૫૯ | નીચેથી ૧૦મી | દખાવી | દબાવી |
| ૧૬૦ | ઉપરથી ૮મી | ઐવર્યને | ઐશ્વર્યને |
| ૧૬૧ | " ૧૫ મી | પ્રસિદ્ધિપ્રાપાત | પ્રસિદ્ધિપ્રાપ્તિ |
| ૧૬૧ | " ૮ મી | શેષ | રોષ |
| ૧૬૨ | " ૧૭ મી | વાસુદેફ | વાસુદેવ |
| ૧૬૨ | નીચેથી ૮ મી | થયાતો | થયાતે |
| ૧૬૩ | નીચેથી ૧૨ મી | હવાથી | હોવાથી |
| ૧૬૪ | નીચેની ૯ મી | પર્વતા | પર્વતો |
| ૧૬૬ | " ૧૨ મી | ઘસારો | ઘસારો |
| ૧૬૭ | ઉપરથી ૪થી | સદશ | સદૃશ |
| ૧૫૭ | છેલ્લી લીટી | વિગહ | વિગ્રહ |
| ૧૭૨ | ઉપરથી ૧૭મી | આશ્નવના | આશ્રવના |
| ૧૭૨ | નીચેથી ૫ મી | જથી | જેથી |
| ૧૭૩ | ઉપરથી ૨ જી | દેષોનું | દોષોનું |
| ૧૭૩ | નીચેથી ૫ મી | સ્પષ્ટણે | સ્પષ્ટપણે |
| ૧૭૪ | ઉપરથી ૭ મી | સુધા | સુધી |
| ૧૭૭ | ઉપરથી ૮ મી | અંઘરી | સંઘરી |
| ૧૮૦ | નીચેથી ૪ થી | તેની રીતે | એવીરીતે |
| ૧૮૦ | " ૪ થી | ધુટકારો | છુટકારો |
| ૧૮૨ | ઉપરથી ૯ મી | દેષોને | દોષોને |
| ૧૮૪ | ઉપરથી ૧ લી | શજીમતીની | રાજીમતીની |
| ૧૮૫ | નીચેથી ૭ મી | બધા | બધી |
| ૧૮૪ | નીચેથીર જી | ગોકવ્યા | ગોઠવ્યા |
| ૧૮૭ | " ૪ થી | માનળામા | માનવમાં |
| ૧૮૭ | નીચેથી ૩જી | સવ્વપાવપગાસણો | સવ્વપાવપ્પણાસણો |
| ૧૮૮ | " ૧૩ મી | તર્ફો | તર્કો |
| ૧૮૮ | સૌથી છેલ્લી | મને રાવણ | મતે રાવણ |
| ૧૮૯ | નીચેથી પાંચમી | વિપજ્જાણ | વિયજ્જએ |
| ૧૯૦ | નીચેથી ૩જી | અન્યક્ષદ્ધાનું | અન્યશ્રદ્ધા |
| ૧૯૧ | ઉપરથી ૧૩મી | વધા જાય છે. | વધી જાય છે. |
| ૧૯૧ | નીચેથી છટ્ટી | વધા જતાં | વધી જતાં |
| ૧૯૨ | ઉપરથી ૧૨મી | બદલો | બદલે |
| ૧૯૫ | ઉપરથી ૧લી | મસ્અંશે | મહદ્અંશે |
| ૧૯૬ | સૌથી છેલ્લી | લખેગા | લખેલા |

# અન્તિમ

વિશમી શતાબ્દીનો પૂર્વાર્ધ્ય ભારતદેશને માટે ભાગ્યવન્ત બનવા પામ્યો છે. જેના કારણે જૈન શાસનમાં, શાસ્ત્રવિશારદ, જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી, શાસનસમ્રાટ નેમિસૂરીશ્વરજી, સાગરનન્દસૂરીશ્વરજી, બુદ્ધિસાગરસૂરીશ્વરજી અને કલિકાળ કલ્પતરુ વિજયવલ્લભસૂરીશ્વરજી, તથા મહાત્મા ગાંધીને અહિંસા અને સ્યાદ્વાદમાં સ્થિર કરાવનારા, શીઘ્રકવિ, અધ્યાત્મયોગી શ્રીમદ્ રાજચંદ્રજી આદિ મહાપુરુષો જનમ્યા હતાં. તે સર્વે આન્તરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરી શકયાં હતાં. તેમાં પણ સૌરાષ્ટ્રમાં આવેલા મહુવા ગામના વતની, જૈનશાસનના ચમકતા સિતારા સમાન સૂરિપુંગવ વિજય ધર્મસૂરીશ્વરશ્રીજી મ. સાહેબ ભાવનગરમાં બાલ્યકાળમાં શાન્તમૂર્તિ વૃદ્ધિચન્દ્રજી મ.સાહેબ સમીપે દીક્ષિત થયા હતાં. અકાટ્ય સુક્ષ્મતમ બુદ્ધિબળના કારણે, પૌર્વાત્યા અને પાશ્ચિમાત્ય પણ્ડિતોને સ્યાદ્વાદનું રહસ્ય અને નયનિક્ષેપાઓની અતીવ આવશ્યકતા સમજાવી, અહિંસા, સંયમ અને તપોધર્મની પ્રતિષ્ઠાને વધારનારા બન્યા છે. પરમ તેજસ્વી સૂરિરત્ન પૂ. ધર્મસૂરીશ્વરશ્રીજીના આત્માએ, સં.૧૯૭૮ માં ભાદરવા સુદ-૧૪ ને દિવસે દેવભૂમિમાં (સ્વર્ગલોકમાં) વાસ કર્યો. કેમકે, સ્વર્ગવાસી આત્માઓને સ્વર્ગ સિવાય અન્યભૂમિ પ્રિય લાગતી નથી.

તેમના શિષ્ય વિદ્યાવિજયજી અમદાવાદ જિલ્લામાં આવેલા ગામમાં જન્મ ધારીને કલકતા મુકામે દીક્ષા ગ્રહણ કરી પોતાના જીવનમાં રહેલ અજોડ વકતૃત્વ શકિત દ્વારા ભવ્યપુરુષોને પૂર્ણરૂપે વિકસિત કરી શકયા છે. આજે પણ ભારતીય જૈન શાસનદીપક, મુનિપુંગવ (મુનિરત્ન) પૂ. વિદ્યાવિજયજી મ. સાહેબની વકતૃત્વશકિતને સ્મૃતિપથમાં લાવ્યા વિના રહેતો નથી.

તેમના શિષ્ય કુમારશ્રમણના નામે પ્રસિદ્ધ, મુનિ શ્રી પૂર્ણાનન્દવિજયજી કુમારશ્રમણ મરુધર દેશની (રાજસ્થાનની) પાવનભૂમિમાં આવેલા સાધ્ડી ગામમાં દેહધારણ કરી, સિંધ કરાંચી મુકામે વિક્રમ સં.૧૯૯૪ માં માગસર સુદ-૧૦ ના દિવસે સંયમધારી બનીને વિચરી રહયા છે. બેઠા બળવાની જેમ કામ કરવાની ક્ષમતા ધારણ કરી, જીવનકાળ દરમ્યાન, ૪૫ શતક પર્યંત ભગવતી સૂત્રના ચાર ભાગ, આદ્યન્ત, પ્રશ્નવ્યાકરણ, પૂર્ણ અનુયોગ દ્વારસૂત્ર, ઉપરાન્ત

જૈનશાસનમાં ઉપયોગની મહત્તા, (પ્રધાનતા) બારવ્રત, નારી નારાયણી, નલદમયન્તી અને અન્ય પણ નાના મોટા ગ્રન્થો લખ્યા છે, જે ઉપાદેય બનવા પામ્યા છે.

અને જેમાં ૧૮ પાપસ્થાનકોનું વિસ્તૃત વર્ણન ૨૦૦ પાનામાં કરવામાં આવ્યું છે, તે આ પ્રસ્તુત ગ્રન્થ સૌ કોઈને વાંચન મનન કરવા યોગ્ય છે. વાંચન કરનારાઓને, પાપસ્થાનકોનું સેવન કરવાથી, કરાવવાથી અને અનુમોદન કરવાથી દારુણ કટુફલોની ભયંકરત ખ્યાલમાં આવે તે હેતુંથી પ્રત્યેક વિષયો આ ગ્રન્થમાં સવિસ્ત-ચર્ચાયા છે.

અન્તિમ ભાવે વિશ્વના સમસ્ત જીવોની ક્ષમાયાચના કરતો વિરામ પામું તે પહેલાં ભાષામાં સત્ય હોવા છતાં શબ્દોની કટુતા દષ્ટિગોચર થાય તો દયાલુ સ્વભાવના ક્ષમાશીલો મને ક્ષમા કરશે, તેવી ક્ષમાયાચના અસ્થાને નથી.

સૌ કોઈ પાપોનું વિરમણ અને ધર્મમાં રમણ કરી આત્મલક્ષા બને તેવી ભાવના સાથે વિરામ પામું છું.

પ્રેસદોષ. દષ્ટિદોષ આદિના કારણે ભૂલ જણાય તો 'ક્ષન્તવ્યોહં'

**પ્રકાશક - ખુશાલભાઈ જગજીવનદાસ,**
**મસાલાવાળા બિલ્ડીંગ**
**મોગલ લેન**
**માહિમ, Bombay - 400 016.**


રાગ